ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી હીરક મહોત્સવ ગ્રંથમાળા નં. ૧૫

# પૌરાણિક કથાકોષ.

(ચતુર્થ ખંડ–પૃ. ૪૪૯ થી ૫૯૨.)

કર્તા,
ડાહ્યાભાઇ પીતામ્બરદાસ દેરાસરી,
બૅરિસ્ટર–ઍટ–લૉ.,

છપાવી પ્રસિદ્ધ કરનાર,
ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી
હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ.,
આસિ. સેક્રેટરી–અમદાવાદ.

કિંમત એક રૂપીઓ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દિશાને ક્રમે દ્વારોની યોજના કરી, વ્યવસ્થા કરી સુવેલ પર્વતપર ચડયા, અને તેમણે લંકાના ઐશ્વર્યનું અવલોકન કર્યું (સ૦ ૩૭–૩૯). એ સંધીમાં રાવણ ગોપુરપર ચડયો છે; એ સુગ્રીવે જોવાથી તે ઉડીને તેની પાસે ગયો ને ત્યાં જ તેની સાથે થોડું યુદ્ધ કરી પાછો ફર્યો. (સ૦ ૪૦).

પછી રાજનીતિને અનુસરી અને વિભીષણનું અનુમોદન લઇ, રામે સામ કરવા માટે અંગદને રાવણ પાસે મોકલ્યો. ( વા૦ રા૦ યુ૦ સ૦ ૪૧). તેણે રાવણને અનેક પ્રકારનો બોધ કર્યો પરંતુ તે કાને ન ધરતાં, રાવણે ચાર રાક્ષસોને અંગદને પકડવાનો હુકમ કર્યો. તેને પકડતાં જ રાક્ષસો સાથે અંગદ અંતરિક્ષમાં ઉડયો અને શરીર ઝટકારતાં રાક્ષસો નીચે પડયા ને મરણ પામ્યા. આ વસ્તુસ્થિતિ જોઇ, એટલે રાવણના મહેલનું શિખર તોડી પાડી તે રામ તરફ પાછો વળ્યો. અને સામ થશે નહિ એવું રામને કહ્યું. આથી રામે યુદ્ધની તૈયારી કરાવી અને યુદ્ધનો આરંભ થયો.

યુદ્ધના આરંભકાળે રાક્ષસો અને વાનરોમાં કેટલાંકનાં પરસ્પર દ્વંદ્વ યુદ્ધ થયાં. અંગદનું ઇંદ્રજિત સાથે, પ્રજંઘનું સંપાતિ સાથે, (આ સંપાતિ તે વિભીષણનો અમાત્ય નહિ), હનુમંતનું જંબુમાલી સાથે, નલનું પ્રતપન સાથે, સુગ્રીવનું પ્રઘસ સાથે, એમ દ્વંદ્વ યુદ્ધ થયાં, તેમાં ઈંદ્રજિત શિવાય ઇતર રાક્ષસો પોતાના પ્રતિપક્ષીને હાથે મરાયા. લક્ષ્મણે વિરૂપાક્ષને, રામે અગ્નિકેતુ, રશ્મિકેતુ. મિત્રઘ્ન અને યજ્ઞકોપને, મૈંદે વજ્રમુષ્ટિને, નીલે નિકુંભને, દ્વિવિદે અશનિપ્રભને, સુષેણે વિદ્યન્માલીને અને ગજ વાનરે તપનને એમ યોદ્ધાઓને માર્યા. ( વા૦ રા૦ યુ૦ સ૦ ૪૩ ). આ પ્રમાણે થોડું યુદ્ધ થયા પછી સાયંકાળે યુદ્ધ બંધ રહ્યું; પરંતુ રાક્ષસોએ પુનઃ યુદ્ધનો આરંભ કર્યો. તેમાં યજ્ઞશત્રુ, મહાપાર્શ્વ, મહોદર, વજ્રદંષ્ટ્ર, શુક અને સારણ, રામ સામે યુદ્ધે આવ્યા અને પરાભવ પામી લંકા પાછા ગયા. ઇંદ્રજિત્ અંગદ સાથે યુદ્ધ કરતાં પરાભવ પામ્યો એટલે અદૃસ્ય થયો; અને તેણે રામ લક્ષ્મણને નાગપાશ વડે બાંધી લીધા. આ જોઇ દસ વાનરો તેના ઉપર ધસ્યા, પણ તે અદૃસ્ય હોવાથી ન પકડાતાં તેણે સુષેણ, નીલ, અંગદ, શરભ, દ્વિવિદ, મારુતિ. સાનુપ્રસ્થ, ઋષભ અને ઋષભસ્કંધ ઇત્યાદિ વાનરોને મૂર્છિત કર્યા; અને પોતે લંકા જઇ રાવણ આગળ પોતાના પરાક્રમનું વર્ણન કરવા લાગ્યો. ( વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪૪–૪૫ ).

રામ લક્ષ્મણ મૂર્છિત પડયા છે, તેમને સાવધ કરવા માટે વિભીષણાદિક વિચાર કરે છે, એટલામાં સ્વતઃ ગરુડે આવી તેમને સાવધ કર્યા (સ૦ ૪૬–૫૦). બીજે દિવસે યુદ્ધ થતાં તેમાં રાવણના સચિવ ધૂમ્રાક્ષને મારુતિએ માર્યો. ( સર્ગ૦ ૫૧–૫૨ ) ત્રીજે દિવસે અંગદે વજ્રદંષ્ટ્ર ઇત્યાદિને માર્યા ( સર્ગ૦ ૫૩–૫૪). ચોથે દિવસે મારુતિએ અકંપન ઇત્યાદિ રાક્ષસોને માર્યા. ( સ૦ ૫૫–૫૬ ) પાંચમે દિવસે નીલે રાવણના મુખ્ય પ્રધાન પ્રહસ્તને માર્યો. (સ૦ ૫૭–૫૮) છઠ્ઠે દિવસે અકંપન, ઇંદ્રજિત્, અતિકાય, મહોદર, પિશાચ, ત્રિશિરા, કુંભ, નિકુંભ અને નરાંતક ઇત્યાદિ મહાન મહાન રાક્ષસ યોદ્ધાઓ સાથે રાવણ પોતે યુદ્ધમાં આવતાં, વિભીષણે રામને આવેલા યોદ્ધાઓનો રાવણ સાથેનો સંબંધ કહી જાણીતા કર્યા. એ ઉપરથી તેનું ઐશ્વર્ય અને સંપતિ ઇત્યાદિ જોઈ રામને આશ્ચર્ય થયું. એટલામાં સુગ્રીવ. ગવાક્ષ, ઋષભ, જ્યોતિર્મુખ, સુષેણ ઈત્યાદિ વાનરો સૈન્ય પર તુટી પડયા. અને રાવણનું અને મારુતિનું કિંચિત્ મુષ્ટિયુદ્ધ થઇ, નીલનું પણ તેની સાથે યુદ્ધ થયું. પછી રામની આજ્ઞા લઇ લક્ષ્મણ રાવણ સાથે યુદ્ધ કરવા લાગ્યા. ઘણું ભયંકર યુદ્ધ થવા લાગ્યું. પણ લક્ષ્મણ રાવણથી ડગતો નથી એવું જોઇ ક્રોધે ભરાઇ રાવણે



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેના ઉપર બ્રહ્માએ આપેલી શક્તિ નાંખી. એને લીધે લક્ષ્મણ મૂર્છા ખાઇ પડયા, એવું દેખી તેમને ઉચકી લંકામાં લઇ જવાના ઇરાદાથી રાવણ તેમની પાસે જઇ ઉચકવા લાગ્યો, પણ તેનાથી લક્ષ્મણને ઉચકાય નહિ. એટલામાં મારુતિએ આવી રાવણને એવો તો પ્રબળ મુષ્ટિપ્રહાર કર્યો કે તે ધુંટણ ભેર ભૂમિપર પડયો. તેના મુખમાંથી લોહી પડતાં પડતાં તે મૂર્છિત થઇ પડયો. એ સંધિમાં મારુતિએ લક્ષ્મણને ઉચકી લઇને રામ પાસે આણ્યા. એ જોઇ ક્રોધે ભરાઇ રામે, રાવણ સાવધ થતાં જ તેનો મુગટ છેદી તેને ભૂમિપર પાડયો અને તેની એટલી નિર્ભર્ત્સના કરી કે તે હતદર્પ (માનભંગ) થઇ લંકામાં પેશી ગયો. (વા૦ રા૦ યુ૦ સ૦ ૫૯).

રાવણે લંકા જઈ કુંભકર્ણને જાગૃત કર્યો. તેને ઉઠીને લંકામાં રાવણની સભામાં જતો જોઇ વાનરો ભયભીત થયા. એટલામાં રામે વિભીષણને આ કોણ, એમ પુછતાં તેણે કુંભકર્ણના જન્મથી માંડી સવિસ્તર વૃતાંત્ત અને તેનું સામર્થ્ય ઇત્યાદિ રામને કહી, આ કુંભકર્ણ એમ કહેતાં જ નીલને સેનાની બરોબર વ્યવસ્થા રાખી યુદ્ધ કરવા તૈયાર થવાની આજ્ઞા રામે કરી. (સ૦ ૬૧). પછી રાવણની સભામાં જઈ તેની સાથે વાત કર્યા પછી કુંભકર્ણ યુદ્ધે ચડયો. અને તે રામને હાથે મૃત્યુ પામ્યો. (કુંભકર્ણ શબ્દ જુઓ).

સાતમે દિવસે દેવાંતક, નરાંતક, ત્રિશિરા, અતિકાય એ રાવણના ચાર પુત્રો અને મહાપાર્શ્વ ને મહોદર એ બે સાપત્ન (ઓરમાન) ભાઇ રાવણ તરફથી યુદ્ધે આવ્યા અને સર્વે યુદ્ધ કરી મરણ પામ્યા. ( વા૦ રા૦ યુ૦ સ૦ ૬૯-૭૧ ).

આઠમે દિવસે ઇંદ્રજિત્ અદૃશ્ય રૂપે યુદ્ધે ચડયો ને એક પ્રહરમાં સડસડ કોટિ વાનરોને મારી, રામ લક્ષ્મણને મૂર્છિત કરી, લંકામાં પ્રવેશ કર્યો. ( વા૦ રા૦ યુ૦ સ૦ ૭૩ ). રાત પડતાં, વિભીષણ અને મારુતિ હાથમાં બળતાં લાકડાં લઇ (ઉલ્કા) સૈન્યમાં કોણ કોણ મૂર્છિત પડયું છે, ને કોણ શુદ્ધિમાં છે તે જોવા લાગ્યા. જોતાં જોતાં જાંબવાન્ પડયો હતો તેને તેમણે જોયો. અને તેણે પણ આ લોકોને જોયા, ત્યારે જાંબવાને મારુતિને કહ્યું કે તું સત્વર હિમાલયના ઋષભ નામના શિખર ઉપર જા અને તેના ઉપરથી સંજીવની, વિશલ્યકરિણી, સુવર્ણકરિણી અને સંધાની, એ ચાર ઔષધિ લઇ આવ. મારુતિ તે લઇ આવ્યા અને તેને યોગે રામ લક્ષ્મણ અને સર્વ સૈન્ય સજીવ થયું. ( વા૦ રા૦ યુ૦ સ૦ ૭૪ ).

નવમે દિવસે સુગ્રીવની આજ્ઞાથી ઘણા વાનરો લંકામાં ઘુસી જઈ લંકાનો વિધ્વંસ કરવા લાગતાં, રાવણની આજ્ઞાથી કુંભ અને નિકુંભ (કુંભકર્ણના પુત્રો), યૂપાક્ષ, શોણિતાક્ષ, પ્રજંઘ અને કંપન ઇત્યાદિ રાક્ષસો તેમની સાથે યુદ્ધે વળગ્યા ને પરિણામે મરાયા. ( વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૭૫-૭૭ ). આ મરાયા એટલે મકરાક્ષ યુદ્ધે આવ્યો તેને પણ રામે માર્યો. (સ૦ ૭૮-૭૯).

બિજે દિવસે ઇંદ્રજિત્ યુદ્ધે ચડયો. અને ઘણા વાનરોને મારી, માયામય સીતા પ્રગટાવી વાનરોને દેખાડી તેનો વધ કર્યો. અને ત્યાંથી નીકળી, નિકુંભિલા જોડે ગુપ્ત હવનનો આરંભ કર્યો. તે વાત વિભીષણે રામને જણાવી, યજ્ઞનો ભંગ કરવા લક્ષ્મણને મોકલ્યા. ત્યાં લક્ષ્મણે ઇંદ્રજિત્‌ને માર્યો. (૧ ઇંદ્રજિત્ જુઓ) ઇંદ્રજિત્‌ના મરણ પામ્યા પછી જે વાનરો યુદ્ધમાં મરણ પામ્યા હતા તેમને અને કેટલાક મૂર્છિત થયા હતા એ સર્વેને સુષેણે (વાનરોના વૈદ્યે) પૂર્વોક્ત ઔષધિના યોગે કરીને સજીવ અને આરોગ્ય કર્યા. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૯૨). તે પછી રાવણે કેટલુંક સૈન્ય યુદ્ધમાં ઉતાર્યું, ત્યારે રાત્રે એવો ચમત્કાર કર્યો કે, રાક્ષસોને એક ક્ષણે એક અને બીજી ક્ષણે સહસ્રાવધિ રામ દેખાડયા. આ ઉપરથી રાક્ષસો શંકાશીલ બની ચકિત સરખા જોતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉભા છે એટલામાં એક મુહુર્તમાં દસ સહસ્ર રથ, અડસઠ સહસ્ર ગજ, ચૌદ સહસ્ર અસ્વાર, અને કેટલાએ પદાતિઓનો નાશ કરી ભાગી-નાઓને રણક્ષેત્રમાંથી નસાડયા. (સ૦ ૯૪).

યુદ્ધમાં ગએલા કેટલાક રાક્ષસો મરણ પામ્યા ને કેટલાક ભ્રમિષ્ટ થઇ પાછા આવેલા જોઇ રાવણ જયશ્રીના લોભે કરી ગુપ્ત રૂપે હવન કરવા બેઠો; પરંતુ તેમાં વાનરોએ વિઘ્ન નાંખ્યાથી, ક્રોધે ભરાઇ તેમાંથી ઉઠી મહોદર, મહાપાર્શ્વ અને વિરૂપાક્ષને લઇ ઘણા સૈન્ય સહીત યુદ્ધમાં ઉતર્યો. ( સ૦ ૯૫-૯૬ ). તેમાં સુગ્રીવે વિરૂપાક્ષ અને મ-હોદરને, અને અંગદે મહાપાર્શ્વને માર્યો. ( સ૦ ૯૭-૯૮ ). હવે રાવણ રામ સામો આવ્યો ને બન્નેનું તુમુલ યુદ્ધ મચ્યું. તેમાં રાવણે વિભીષણ ઉપર એક શક્તિ ફેંકી જેને અ-ધવચથી જ લક્ષ્મણે ત્રિધા ખંડિત કરી તેથી ક્રોધે ભરાઇ રાવણે પુનઃ મયાસુરની આપેલી શક્તિ વિભીષણ ઉપર છોડી, તેનું પણ નિવારણ કરવા પુનઃ લક્ષ્મણ વચ્ચે પડતાં તે મહા-ભયંકર શક્તિ તેમના વક્ષસ્થળ પર પડી ને તે ભૂમિપર પડયા. તેમને પડેલા જોઇ રાવણ લંકામાં આવ્યો. (સ૦ ૧૦૦-૧૦૧) અહીં સુષેણે લક્ષ્મણને પુનઃ સજીવ કરી, સર્વ વાનરોને પણ તેમનાં બાણ વિગેરે કહાડી દુઃખમુક્ત કર્યા. ( સ૦ ૧૦૨ ).

લક્ષ્મણ સાવધ થયા અને સર્વ વાનરો પણ શલ્ય રહિત થયા સાંભળી રાવણ નિરાશ થયો અને કુંભકર્ણ, ઇંદ્રજિત્ વિગેરે મોટા મોટા વીરોને સંભારી શોક કરવા લાગ્યો; પણ પછીથી ધીર ધરી યુદ્ધ કરવા આવી ઉભો. રણાંગણમાં આવવાનો રાવણનો આ છેલ્લો જ દિવસ છે એવું જાણી ઇંદ્રે તે દિવસે માતલિને આજ્ઞા કરી કે તું સત્વર રથ લઇ રણમાં જા અને રામને તેમાં બેસાડ. માતલિ રથ લઇને આવતાં રામ તેમાં બિરાજ્યા અને તે દિવસે તેમનું અને રાવણનું ઘોર યુદ્ધ થયું. ( સ૦ ૧૦૩ ). રાવણના સારથીએ, રાવણને રથમાં ભ્રમિષ્ટ થએલો જોઇ, રણમાંથી રથ પાછો ફેરવ્યો, આથી ક્રોધે ભરાઈ રાવણે પુનઃ રામ સંમુખ પોતાનો રથ અણાવ્યો.

**ततो द्रुतं रावणवाक्यचोदितः**
**प्रचोदयामास हयान्स सारथिः ।**
**स राक्षसेन्द्रस्य ततो महारथः**
**क्षणेन रामस्य रणाग्रतोऽभवत् ॥ २७ ॥**

**( સ૦ ૧૦૪-૧૦૫ ).**

રામ સાથે યુદ્ધ કરવા આવતાં રાવણને અપશુકનો થવા લાગ્યા તેની ગણના ન કરતાં તેણે યુદ્ધનો આરંભ કર્યો. અહિં રામે પણ માતલિને સાવધાનતાથી સારથ્ય કરવાની સૂચના કરી. ( સ૦ ૧૦૭ ). ઉભયનું યુદ્ધ આરંભાયું. રામે પ્રથમ રાવણના રથની ધજા તોડી પાડી તેનાં શિર ઉરાડવાનો આરંભ કર્યો. પરંતુ જેવું એક શિર છેદાય કે પુનઃ બીજું ઉત્પન્ન થાય, એ છેદી નાંખે કે પુનઃ પાછું ઉત્પન્ન થાય. આમ સો વાર પુનઃ પુનઃ શિર ઉત્પન્ન થતાં જોઇ રામે અગસ્ત્ય ઋષિએ આપેલા બાણનો ઉપયોગ કરી રાવણનું હૃદય વેધ્યું. અને તે વિંધાતાં જ રાવણ ગતપ્રાણ થઈ ભૂમિ પર પડયો. પડ-તાં જ સ્વર્ગમાં દુંદુભિ નાદ થવા લાગ્યો, અને રામપર દેવોએ પુષ્પ વૃષ્ટિ કરી. (સ૦ ૧૧૦)

**ततः ससर्ज तं रामः शरमप्रतिमौजसम् ।**
**रावणान्तकरं घोरं ब्रह्मदण्डमिवोद्यतम् ॥२९॥**
**मुक्तमात्रेण रामेण दूराकृष्टेन भारत ।**
**स तेन राक्षसश्रेष्ठः सरथः साश्वसारथिः ।**
**प्रजज्वाल महाज्वालेनाग्निनाभिपरिप्लुतः ॥३०॥**

**(ભાર૦ વન૦ અ૦ ૨૯૧)**

રાવણના મૃત્યુથી વિભીષણને અનિવાર દુઃખ થયું. તેનું સાંત્વન કરી રામે રાવણની ઉત્તરક્રિયા કરવાની તેને આજ્ઞા કરી. ( સ૦ ૧૧૧). એટલામાં મંદોદરી ઇત્યાદિ સ્રીઓ રણભૂમિ ઉપર આવી શોક કરવા લાગી. રામે તેમનું સાંત્વન કરી તેમને લંકા મોકલી. (સ૦ ૧૧૨-૧૧૩). રાવણનું ઉત્તરકાર્ય થઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રહ્યા પછી રામે વિભીષણને રાજ્યાભિષેક કરવાની આજ્ઞા લક્ષ્મણને કરી, અને રાવણના મૃત્યુના સમાચાર સીતાને જણાવવા મારુતિને ત્યાં મોકલ્યા. (સ૦ ૧૧૪).

મહાત્મા રામે, જેને સીતા પાસે જઇ સંદેશો કહેવાની આજ્ઞા આપી હતી એવો વાયુપુત્ર હનૂમાન, રાક્ષસોથી પૂજાતો અને જય જયના શબ્દ સાંભળતો ઉતાવળો લંકાપુરીમાં ગયો. ત્યાં જઇ વિભીષણની આજ્ઞા લઇ, જ્યાં સીતાને રાખવામાં આવી હતી, તે નાના પ્રકારનાં વૃક્ષોવાળી સુન્દર અશોકવાટિકામાં ગયો. સીતાએ જાણ્યું કે હનૂમાન આવ્યો છે. ત્યાં હનૂમાને સ્નાનાદિક સંસ્કાર રહિત, ગૃહથી પીડાતી રોહિણીની પેઠે, રાક્ષસીઓમાં બેઠેલી આનંદ રહિત સીતાને એક વૃક્ષ નીચે બેઠેલી જોઇ. તેની પાસે જઈ હનૂમાને વંદન કર્યું અને નમ્ર થઇ મસ્તક નમાવ્યું. પછી સીતાદેવી મોટા બળવાળા હનૂમાનને જોઇ બહુ આનંદ પામ્યાં, પણ હર્ષાવેશથી તેમના મોંમાંથી એક પણ શબ્દ નિકળી શકયો નહિ.

પછી સીતાનું સૌમ્ય મુખ જોઇને કપિવર હનૂમાને તેમને રામે કહેલાં વચનો કહ્યાં કે, “ હે વૈદેહિ ! લક્ષ્મણ તથા સુગ્રીવની સાથે રામ કુશળક્ષેમ છે. આજે તેમણે શત્રુને જીત્યો છે અને પોતાનો અર્થ સિદ્ધ કર્યો છે. હે દેવિ ! કપિયો અને લક્ષ્મણ તથા વિભીષણની સહાયથી રામે રાવણને માર્યો છે, એ વૃત્તાંત હું તમને પ્રસન્ન કરવા માટે કહું છઉ ‘ હે દેવી ! વળી તમારા પાતિવ્રત્યના પ્રભાવથી રામે યુદ્ધમાં મહાવિજય મેળવ્યો છે. તેમણે શત્રુને હણ્યો છે અને લંકા જેવી પુરીને સ્વાધીન કરી છે. હે સીતે ! હવે તમે પરિતાપ છોડી દ્યો; અને સ્વસ્થ થાઓ ! તમારા શત્રુનો પરાજય કરી, તમને પાછાં લાવવાની જે પ્રતિજ્ઞા કરી હતી તે આજ સફળ થઇ છે. રામે મહાસમુદ્રમાં સેતુ બાંધીને તે પ્રતિજ્ઞા સફળ કરી છે. તમે હવે શત્રુવશ છો એમ માનતાં નહિ. કારણ કે હવે તો આ લંકાપુરી તથા સર્વ ઐશ્વર્ય મહાત્મા વિભીષણના હાથમાં આવ્યું છે. હે દેવિ ! તમે શાન્ત થાઓ, આનંદ પામો અને માનો કે તમે પોતાના ઘરમાં જ છો. હમણાં વિભીષણ રાયજી પણ હર્ષ પામતા તમારૂં દર્શન કરવા આવશે.

જ્યારે ચન્દ્રમુખી સીતાને હનુમાને આમ કહ્યું, ત્યારે હર્ષથી તે ગદ્‌ગદિત થઇ ગઇ. તે કાંઇ બોલી શકી નહિ. પુનઃ કપિવર હનુમાને તેમને કહ્યું કેઃ—હે દેવિ ! તમે શો વિચાર કરો છો ? શા માટે મારી સાથે બોલતાં નથી ?

હનૂમાનનાં ફરી કહેલાં વચન સાંભળી અત્યંત પ્રસન્ન થઇ, અશ્રુ વડે ગદ્‌ગદિત થએલી વાણીવડે સીતાજી બોલ્યાં કેઃ—હે સૌમ્ય ! સ્વામીના વિજયની વાત સાંભળીને હર્ષ પામેલી જે હું, તેનાથી શી રીતે બોલાય ? માત્ર હર્ષને લીધે જ મારાથી બોલાતું નથી એમ નહિ, પણ હે હનૂમાન ! વધામણીમાં તને આપવા યોગ્ય મારી પાસે કાંઇ વસ્તુ નથી, એ વિચારથી પણ મારાથી બોલી શકાતું નથી. ઓ હનૂમાન ! હું આ પૃથ્વીમાં તને આપવા જોગ કાંઇ પણ જોતી નથી, જે આપીને તારી આ વધામણીનો બદલો વાળું. હે વીરા ! વધામણીમાં આપવા યોગ્ય તો ખરેખર મારી પાસે કંઇ જ નથી. આ સુવર્ણ, રત્ન અને ત્રિલોકનું રાજ્ય પણ, તેં આપેલી વધામણીનાં બદલામાં આપવા સારુ પૂરતું નથી.

સીતાના આ વચન સાંભળી, વાનરોમાં શ્રેષ્ઠ હનૂમાન, સીતા સામે હાથ જોડીને બોલ્યા કે—હે સુન્દરી ! સ્વામીના જ વિજયને લીધે હર્ષ પામનાર તમે, મારા ઉપર આટલા બધા સ્નેહથી જુવો છો અને આવાં સ્નેહયુક્ત વચનો કહો છો એ જ વધામણીને યોગ્ય પારિતોષિક હું માનું છઉ ? હે દેવિ ! તમારાં આવાં વચન સાંભળવાને હું ભાગ્યવંત થયો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છું, એ રત્નના ભંડાર તથા સ્વર્ગના રાજ્યથી પણ વિશેષ છે; અને શત્રુ રહિત થએલા રામને તમે સ્થિર થએલા જુઓ છો તેથી દેવરાજ્યાદિક ગુણો સ્વતઃ મને પ્રાપ્ત થયા છે, એમ જ હું માનું છઉં. પછી જનકરાયની પુત્રીએ હનૂમાનને પુનઃ શુભ વચનો કહેવા માંડયાં કેઃ--હે હનૂમાન! લક્ષણવાળાં, વ્યાકરણયુક્ત, મધુર ગુણથી અલંકૃત અને આઠે અંગવાળી ભાષાને યોગ્ય વચન બોલનારમાં તું ચતુર છે. તું વાયુનો પ્રશંસા કરવા જોગ પુત્ર છે. વળી હે હનુમાન ! બળ, શૌર્ય, શ્રુત, સત્વ, પરાક્રમ, દક્ષતા, તેજ, ક્ષમા, ધીરજ, સ્થૈર્ય અને વિનય એવા ઘણા અમુલ્ય ગુણ તારામાં વસેલા જોઈ, મને ઘણો આનંદ થાય છે.

પછી હનૂમાને, ઘણા જ વિનયથી, બે હાથ જોડી સીતા દેવીની સન્મુખ ઉભા રહી કહ્યું કે, હે દેવિ ! આ રાક્ષસીઓ, જેમણે તમને પૂર્વે ઘણાં દુઃખ દીધાં છે તેમને, જો તમે આજ્ઞા આપો તો, હું સત્વર યમને દ્વાર પહોંચાડી દઉં. હે દેવિ ! પતિને દેવ માનનાર આપને, રાવણની આજ્ઞાથી આ ક્રૂરકર્મા, દુષ્ટાચરણા, ભયંકરા, સ્વભાવથી જ ક્રૂર અને કદરુપી રાક્ષસીઓએ જે જે કઠોર વચનો કહીને અનેક વાર સંતાપેલાં છે, તે હું સારી પેઠે જાણું છઉં. માટે હે દેવિ ! આ ક્રૂરકર્મા અને તમને દમનાર રાક્ષસીઓને આજ હું મુષ્ટિપ્રહારથી, લાતથી, જંઘા અને ઘુંટણના મારથી, દાંતથી અને નખથી કચરી, કરડી નાંખીને મારી નાંખવાની ઇચ્છા રાખું છઉં.

હનૂમાનને આમ બોલતો સાંભળીને, દીન થઈ ગએલી પણ દીનવત્સલા સીતા દેવીએ, મુહુર્તભર વિચાર કરીને કહ્યું—હે કપિવર ! રાજાની આજ્ઞાને વશ થઇ રહેલી આ દાસીઓ શુભ વા અશુભ, સારૂં કે માઠું જે કાંઇ કાર્ય કરે, તેને માટે તેમના પર કોપ કરવો કેમ યોગ્ય કહેવાય ? એતો રાવણની આજ્ઞાથી જ મને દુઃખ દેતી હતી, સ્વેચ્છાથી નહિ. જે દુઃખ મને પડયાં છે, તે મારા કર્મના દોષ વડે જ પડયાં છે. મનુષ્ય પોતે કરેલાં કર્મનાં ફળને ભોગવે છે જ. હે મહાબાહો ! સર્વથી દૈવગતિ જ બળવાન્ છે. રાવણની આ દાસીઓએ મને દુઃખ દીધું છે, તે મારા કર્મના પરિપાકના ફળથી જ મને પ્રાપ્ત થયું હતું, એમ હું માનું છઉં. ઓ હનૂમાન! કાળ બળને જ બળવત્તર માનતી એવી હું, તેમના દોષને ક્ષમા કરૂ છું. હે વાયુપુત્ર ! આ રાક્ષસીઓ રાવણની આજ્ઞાથી મારો તિરસ્કાર કરતી હતી- પણ હવે રાવણ હણાયાથી તેઓ મને જરાએ તુચ્છકારતી નથી. હે કપિ ! કોઇ એક વ્યાઘ્રને કોઇ એક ઋક્ષે જે પ્રાચીન અને ધર્મયુક્ત શ્લોક કહ્યો હતો તે તું સાંભળ

**न परः पापमादत्ते परेषां पापकर्मणां**
**समयो रक्षितव्यस्तु संतश्चारित्रभूषणाः ॥**

મનને ઉદ્દેશી જે માણસ પાપ કર્મ કરે છે તેના પ્રત્યુપકારને ડાહ્યા માણસો ગ્રહણ કરતા નથી. અપકાર પર અપકાર કરવો યોગ્ય નથી; કારણ કે સદાચાર એ જ સાધુ પુરુષનું ભૂષણ છે.

હે શૂર ! પાપી, અશુભ કર્મ કરનાર અને વધ્ય ઉપર પણ દયા રાખવી એ સંતનું કામ છે; કારણ અપરાધ સૌ કરે છે એમ જાણી દયા રાખવી. હિંસા કરવી, ક્રૂર થવું, અને પાપ કરવું એતો રાક્ષસોનો સ્વાભાવિક ધર્મ જ છે. માટે તેઓ પાપ કરે, પણ તેમનું અશુભ આપણે કરવું નહિ, એ મનુષ્યનો ધર્મ છે.

સીતાદેવીનાં પરમ સારરુપ આવાં નિર્મળ વચન સાંભળી, વાક્ચતુર હનુમાને કહ્યું કે રામની ગુણવાન અને ધર્મપત્ની સીતાના મુખમાં આવાં વચન યોગ્ય જ છે. હે દેવિ ! હવે મને આજ્ઞા આપો કે હું પાછો રામ પાસે જાઉં.

સીતાએ હનૂમાનનાં વચન સાંભળી કહ્યું કે, હે હનુમાન્ ! મારા મનમાં ભક્તનું પાલન કરનાર રામભદ્રનાં દર્શન કરવાની ઇચ્છા છે. ત્યારે વાયુપુત્ર બુદ્ધિમાન્ હનૂમાન સીતાદેવીને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હર્ષ પમાડતો બોલ્યો કે જેમ શત્રુવિદારી, મિત્રને સ્થિર કરી આવેલા ઇંદ્રને શચી જુવે, તેમ જેણે શત્રુનો નાશ કરી મિત્રોને સ્થિર કર્યા છે એવા લક્ષ્મણ સહિત પૂર્ણ ચંદ્રાનન રામનાં આજ તમને દર્શન થશે. પછી વાયુકુમાર ત્યાંથી નિકળી ચાલ્યા. ( વા૦ રા૦ યુ૦ શ૦ ૧૧૩ )

સર્વ ધનુંધારીઓમાં શ્રેષ્ટ અને કમળપત્ર જેવા નેત્રવાળા રામને પ્રણામ કરીને, હનુમાને કહ્યું કેઃ–મહારાજ ! જેના નિમિત્તે સેતુબંધ અને રાવણવધાદિ ઉદ્યોગ કર્યો, તેના ફલોદયરુપ, શોક સંતાપ પામેલી સીતાને હવે મળવું આપને ઉચિત છે; કેમકે અશ્રુપૂર્ણ નેત્રવાળાં રાક્ષસીઓથી પરિવૃત્ત મૈથિલી આપનો વિજય સાંભળી આપના દર્શન સારુ ઉત્સુક થઇ રહ્યાં છે. આપનો સંદેશો લઇ હું એમની પાસે ગયો ત્યારે જ તેમણે મને કહ્યું કે હવે હું મારા સ્વામીનાં દર્શન કરવા ઇચ્છું છઉં. અને એમ કહેતાં કહેતાં તો તેઓ સજળ નેત્રવાળાં થઇ ગયાં હતાં.

જ્યારે હનૂમાને સીતાના મેળાપ પછીનું આ તેનું વર્તમાન રામને નિવેદન કર્યું, ત્યારે ધર્માચરણ કરનારાઓમાં શ્રેષ્ટ રામનાં નેત્ર પણ પાણીથી ભરપૂર જણાયાં. તો પણ ક્ષણભર વિચારમાં પડી ગયા. તેમના મનમાં આવ્યું કે, પરગૃહમાં રહેલી સિતાનો અંગીકાર કરવાથી લોકાપવાદ તો નહિ લાગે ? તેમ જો હું તે નિરપરાધીનો ત્યાગ કરીશ, તો તેનો દોષ પણ નહિ લાગે ? હવે કરવું શું, એવા વિચારથી તેઓ શાંત થઇ મૌન ધરી રહ્યા.

પછી નિશ્વાસ મૂકી નીચું જોઈ, રામે પોતાની પાસે ઉભેલા વિભિષણને, મેઘ સમાન ગંભીર વાણી વડે કહ્યુ કે, હે વિભીષણ તમે લંકામાં જાઓ અને મંગળસ્નાન કરાવી અંગરાગ ચોળાવી તથા મુંદર વસ્ત્રાલંકાર ધરાવી સીતાને મારી પાસે સત્વર તેડી લાવો.

તત્ક્ષણ વિભીષણ લંકાપુરમાં ગયો. પરિચારિકાને મોકલી સીતાને રાજમંદિરમાં બોલાવ્યાં. મહાભાગ્યશાળી સીતાના આવ્યા પછી વિભીષણે બે હાથ જોડી તેમને નમન કરીને કહ્યું કે હે સીતે ! તમારા સ્વામી શ્રી રામની મને આજ્ઞાં છે કે તમે દિવ્ય અંગરાગાદિ ચોળો, દિવ્ય અલંકાર ધારણ કરી, પાલખીમાં બેસી, રામ પાસે જાઓ. દેવિ ! તમારું કલ્યાણ થાઓ. તમારા ભર્તા તમને જોવાને ઇચ્છે છે.

સીતાએ પ્રત્યુત્તર આપ્યો કે હે વિભીષણ, હું તો સ્નાન કર્યા વગર જ સ્વામીનાં દર્શન કરવા જઇશ. વિભીષણે કહ્યું, સીતાજી ! તમારા સ્વામીએ કહ્યું છે તેમ જ તમારે કરવું યોગ્ય છે. પછી સ્વામી એ જ જેનું પરમ દૈવત છે, એવાં સીતાએ, બહુ સારુ એમ કહીને સ્નાનાદિક કર્મ કર્યા.

પછી અંગરાગ તથા અલંકાર ધારણ કરેલાં સીતાને રાક્ષસોએ સુંદર પાલખીમાં બેસાડયાં અને કેટલાક રાક્ષસો આગળ પાછળ ચાલવા લાગ્યા. આવી રીતે સીતાને લઇને વિભીષણ રામની પાસે આવ્યા.

પછી વિભીષણે ધ્યાન પરાયણ રામની પાસે જઇને નમન કરીને હર્ષથી કહ્યું "મહારાજ ! સીતાદેવી અહીં પધાર્યાં છે. પણ ઘણા દિવસ રાક્ષસોને ત્યાં રહી આવેલી સીતાને જોઈ ને રામ એકીવેળાએ જ રોષ, હર્ષ અને દીનતામાં ડૂબી ગયા. તેથી પાલખીમાં બેશીને આવેલાં સીતાને જોઇ પ્રગટમાં જરા પણ હર્ષ બતાવ્યા વિના, તે વિભીષણ પ્રત્યે બોલ્યા. હે રાક્ષસાધિપ ! મારા પ્રિયમાં પ્રીતિવાળા ! હે સૌમ્ય ! તમે સીતાને શીઘ્ર મારી પાસે આવવા દ્યો.

રામની આજ્ઞા થતાં જ ધર્મને જાણવા વાળા વિભીષણે છાવણીમાં બેઠેલા માણસોને દૂર કરવાની આજ્ઞા કરી. તુરત જ વસ્ત્રાભૂષણવાળા અને હાથમાં છડીઓ લઇને નકી પોકારનાર સેવકોએ, સર્વ યોદ્ધાઓને દૂર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખસેડવા માંડયા. ઉઠીને દુર જવાની આજ્ઞા થવાથી, ઋક્ષ, વાનર, અને રાક્ષસોમાં દોડાદોડી થઇ રહી. અને યોદ્ધાઓના ઉઠવાથી વાયુ વડે ચલિત થએલા સાગરનો જેમ ઘોષ થાય, તેમ ત્યાં સંક્ષોભ થઈ રહ્યો.

પણ યોદ્ધાઓને દૂર ખસતા તથા સંભ્રમ પામેલા જોઇને, ભક્તવત્સલ રામે પોતાની આજ્ઞા વગર તેમને ઉઠાડવા માટે વિભીષણને ઠપકો આપ્યો; અને ક્રોધથી જાણે હમણાં સૌને બાળી નાંખશે એવાં નેત્ર કરી વિભીષણને કહ્યું કે:—મારો અનાદર કરીને તમે આ સર્વને કેમ ક્લેશ પમાડો છો? આ જ ક્ષણે તમે આ સર્વના ઉદ્વેગને નિવૃત્ત કરો. તમે જાણો છો કે આ સર્વ મારા સ્વજન છે. સ્ત્રીઓને મંદિર, મેડી, ઘર કે કોટમાં, પડદેપોશ રાખવી અને આવા સ્નેહીજનને દુર રાખવા એ કાંઈ ખરો રાજસત્કાર નથી. એ કાંઇ સ્ત્રીઓનું રક્ષણ નથી. સ્ત્રીઓનું રક્ષણ તો તેમનાં સદાચરણ જ છે. આમ છતાં પણ, સ્ત્રીને જોવી એ દોષ હોય તો તેનો પણ અત્રે દોષ નથી. વ્યસન વખતે, આપત્કાળમાં, યુદ્ધને સમયે, સ્વયંવરમાં, યજ્ઞમાં, અને વિવાહકાળે સ્ત્રીઓને જોવામા દોષ નથી. સીતા દુઃખ અને વિપત્તિમાં પડેલી છે અને તેમાં એ વળી હું પોતે હાજર છું, માટે એને જોવાથી કાંઈ દોષ નથી. માટે પાલખીમાંથી ઉતરી સીતા આ બધા મારા સ્વજનો છે તેમના દેખતાં ચાલીને ભલે મારી સન્નિધ આવે.

विभीषणं महा प्राज्ञं सोपालम्भ मिदं वचः
॥ २५ ॥

किमर्थं मामनादृत्य क्लिश्यतेऽयं त्वया जनः ।
निवर्तयैनमुद्वेगं जनोऽयं स्वजनो मम ॥२६॥

न गृहाणि न वस्त्राणि न प्राकारास्तिरस्क्रिया ।
नेदृशा राजसत्कारा वृत्तमावरणं स्त्रियः॥२७॥

व्यसनेषु न कृच्छ्रेषु न युद्धेषु स्वयंवरे ।
न क्रतौ नो विवाहे वा दर्शनं दूष्यते स्त्रियः
॥ २८ ॥

सैषा विपद्गता चैव कृच्छ्रेण च समन्विता ।
दर्शने नास्ति दोषोऽस्या मत्समीपे विशेषतः
॥ २९ ॥

विसृज्य शिबिकां तस्मात्पद्भ्यामेवापसर्पतु ।
समीपे मम वैदेहीं पश्यन्त्वेते वनौकसः॥३०॥

एव मुक्तस्तु रामेण सविमर्शो विभीषणः ।
रामस्योपानयत्सीतां संनिकर्षं विनीतवत्॥३१॥

વા૦ રા૦ યુ૦ સ. ૧૧૪.

રામના વચનથી વિભીષણ જ નહિ, પણ લક્ષ્મણ, સુગ્રીવ, હનૂમાન પણ વિચારમાં પડયા અને સર્વે ઘણો ખેદ પામ્યા.

રામની આજ્ઞાથી સીતાદેવીને રામની સમીપે લાવ્યા પછી સ્વામીની આજ્ઞાને અનુસરનારી પણ લાજને લીધે સંકોચ પામતી સીતા, પાલખીમાંથી ઉતરી પડી. તેમની પાછળ વિભીષણ ચાલતા હતા. તેઓ રામની પાસે આવ્યાં અને અતિ સૌમ્યવાળાં તથા પતિને દેવતારુપ માનનારાં સીતાએ, હર્ષથી, વિસ્મય થી અને પ્રેમથી પોતાના સ્વામીના સૌમ્ય મુખનાં દર્શન કર્યા. આજે ઘણે કાળે સીતાએ પૂર્ણિમાના ચન્દ્ર જેવું પોતાના સ્વામીનું મુખ જોયું હતુ; એટલે તેનો ક્લેશ નાશી ગયો અને તેનું મુખ વિમલ શશાંક જેવું ઝળહળી રહ્યું. (વા૦ રા૦ યુ૦ સ૦ ૧૧૪).

પોતાની પાસે ઉભેલી મૈથિલીને જોઇને, રામના મનમાં જે ભાવ હતો, તે પછી પ્રગટપણે જણાવ્યો. તેઓએ સીતાને કહ્યું કે–હે ભદ્રે! સંગ્રામમાં યુદ્ધ કરી મેં શત્રુનો પરાભવ કરીને તને પાછી મેળવી અને પુરુષપરાક્રમથી જે કરવું ઘટિત હતું તે મેં કર્યું છે. આજે મારા ક્રોધનો અંત આવ્યો છે અને શત્રુનો પણ મેં આજે જ અંત આણ્યો છે. આજ મેં મારા પૌરુષને જોયું અને તે જગતના પણ જાણવામાં આવ્યું. આજે મારો શ્રમ સફળ થયો છે અને હું આનંદ પામ્યો છું. મારી ગેરહાજરીમાં ચળચિત્તવાળો રાક્ષસ તને એકલીને લઇ ગયો હતો એ દૈવકૃત દોષ, આજ મેં મનુષ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરાક્રમથી ટાળ્યો છે. જે માણસ અપમાન પામી પોતાના તેજથી તેનું માર્જન કરતો નથી તે અલ્પમતિ કદી મોટું પરાક્રમ કરે તોપણ શું થયું! રે સીતા! હનુમાને સમુદ્ર ઉલ્લંઘન કરી લંકાને બાળી, એ એનું સુકૃત આજે સફળ થયું છે. અને સૈન્ય સહિત સુગ્રીવ યુદ્ધમાં જે પરાક્રમ કરતો હતો અને તેનો મન્ત્ર, એ સૌ આજ સફળ થયાં છે. તેમ ગુણહીન ભાઈને તજી વિભીષણ મને આવી મળ્યો હતો, તેનો અર્થ પણ આજ સફળ થયો છે.

રામ જ્યારે આમ બોલતા હતા ત્યારે તેમનાં વચન સાંભળી પ્રફુલ્લ નેત્રવાળાં સીતાના લોચનમાંથી આંસુ સરી પડતાં હતાં. પોતાની પાસે આવીને ઉભેલી પોતાની પ્રિય સીતાને જોઇ રાઘવેંદ્ર રામનું મન પણ લોકાપવાદથી ખિન્ન થઈ જતું હતું. કમળ જેવા નેત્રવાળી, બાંધેલ કેશવાળી અને સુન્દરતાની સીમારુપ સીતાને કપિ તથા રાક્ષસોની વચ્ચે પુનઃ રામે આ પ્રમાણે કહ્યું:–" શત્રુએ પોતાની ધર્ષણા કરી હોય તો તેનું મનુષ્યે માર્જન કરવું જોઇએ. માનની ઇચ્છાવાળા મેં રાવણને હણીને એ માર્જન કર્યું છે. વળી તપ અને પ્રકાશિત આત્માવાળા અગસ્ત્ય ઋષિયે જેમ રાક્ષસોના ભયથી જ્યાં મનુષ્ય સંચાર કરી શકે નહિ, એવી દક્ષિણ દિશાને જીતી હતી, તેમ મેં પણ રાવણને મારીને દક્ષિણ દિશાને જીતી છે. ભદ્રે! તારૂં કલ્યાણ થાઓ. આ મહા ઉદ્યમમાં, હું જે પરિશ્રમને મારા સ્નેહીઓના પરાક્રમથી તરી ગયો છું તે મેં તારે માટે કર્યો નથી. પણ તે તો મને લાગતા અપવાદનું રક્ષણ કરવા અને મારા વિખ્યાત સૂર્યવંશને લાગતા કલંકનું માર્જન કરવા માટે જ કર્યો છે એમ જ તું માનજે. પણ જેના ચારિત્ર્યને માટે સંદેહ છે, એવી તું આજે મારી સામે આવીને ઉભી છે તો ખરી, પણ જેમ નેત્રના રોગીને દીપક પ્રતિકુળ લાગે છે, તેમ તું મને અત્યંત પ્રતિકુળ લાગે છે. હે જનક કન્યા! આજ હું તને મુક્ત કરૂં છઉં. હવે તને જ્યાં ગમે ત્યાં તું જા. દશે દિશા તારે માટે ઉઘાડી છે. મારે હવે તારૂં કામ નથી. સારા કુળમાં ઉત્પન્ન થએલો એવો કયો પુરુષ હોય કે, જે પરગૃહમાં રહેલીને, ઘણા કાળના સ્નેહને લીધે પણ, પુનઃ ગ્રહણ કરે? હે સીતા! તું રાવણના અંકમાં કલેશ પામેલી, તથા તેના કામયુક્ત નેત્રથી દોષયુક્ત થએલી છે. માટે હવે મોટા કુળના વ્યપદેશવાળો હું તને પુનઃ કેમ ગ્રહણ કરી શકું? જે માન માટે હું તને જીત્યો છું, તે મને મળ્યું છે. પણ તારા ઉપર હવે મને પ્રીતિ નથી. માટે ઇચ્છામાં આવે ત્યાં હવે તું જા!

હે ભદ્રે! સ્થિર મતિથી મારે તને કહેવાનું હતું તે કહ્યું. તને ગમે તો આ મંડળમાંના કોઈપર, જોઈએ તો લક્ષ્મણપર, જોઇએ તો ભરતપર, જેનાથી તને સુખ થાય તે પ્રતિ બુદ્ધિ કર! હે સીતે ગમે તો તું સુગ્રીવ કે શત્રુઘ્ન અથવા વિભીષણ એમાના કોઈપર તારું મન સ્થિર કર! તું દિવ્યરુપવતી છે અને મનોહર પણ છે એટલે પોતાના ઘરમાં રહેલી તને જોઇ રાવણ ઘણો કાળ એમને એમ બેશી રહે નહિ. રાવણે તારું વ્રતભંગ કર્યું હશે. માટે હું તો તને રાખી શકું એમ છે જ નહિ.

પ્રિય વચન શ્રવણ કરવા યોગ્ય સીતા, પોતાના સ્વામીના મુખથી આવાં ક્રૂર અને હૃદયભેદક અપ્રિય વચન સાંભળી, જેમ કોઇ હાથીની સુંઢથી ઉખેડી નખાયલી વેલી ટળવળે, એમ તેણે બહુ વાર સુધી તો આંસુ પાડયાં; અને અંતે ધાઢ રુદન કરી દીધું.

**(વા૦ રા૦ યુ૦ સ–૧૧૫)**

જ્યારે ક્રોધ પામેલા રામે સર્વના સાંભળતાં રુવાં ઉભાં થઇ જાય એવાં કઠોર વચનો સીતાને કહ્યાં, ત્યારે તે વચનો સાંભળીને સીતા અત્યંત ગભરાઇ ગઇ; અને સર્વની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમક્ષ કહેલાં, પોતાના સ્વામીનાં, કોઇ પણ દિવસ નહિ સાંભળેલાં વચનો સાંભળી, લજ્જાથી નીચું ઘાલી, સ્થિર ઠરી જ ગઇ. તે વખત પોતાના સ્વામીનાં વચનો સાંભળી જાણે વચનરુપી ભાલાથી વિંધાઇને પોતાના અંગોમાં પેશી જતી હોયની શું, તેમ સંકોચ પામી અત્યંત રુદન કરવા લાગી. પણ પછી તેણે અશ્રુથી ભિંજાયલું પોતાનું મુખ લુછી નાંખ્યું અને ગદ્દગદ્દ વચને પોતાના સ્વામીને આ પ્રમાણે કહ્યું. હે શૂર! કોઇ સામાન્ય મનુષ્ય પણ પોતાની સ્ત્રીને ન કહે તેવાં કાનને પીડા ઉત્પન્ન કરે એવાં વચન તમે મને શા માટે સંભળાવો છો? હું આપના સોગન ખાઈને કહું છઉં કે હે નાથ! તમે મને જેવી ધારો છો તેવી હું નથી જ. તમે જુઓ મારું સત્ચારિત્ર્ય ધ્યાનમાં રાખી વિચાર કરી, મારા ઉપર. વિશ્વાસ રાખો. તમે એકાદિ સામાન્ય સ્ત્રીના ચરિત્ર ઉપરથી આખી સ્ત્રી જાતને માટે શંકા કેમ લાવો છો? તમે જો મારી ખરેખરી પરીક્ષા કરી જ હોય, તો મારા પ્રત્યેની શંકાનો ત્યાગ કરો. હે પ્રભુ! મને રાવણના અંગોનો સ્પર્શ થયો હશે, તો તે મારું ન ચાલતાં જ થયો હશે. તેમાં માત્ર વિધિનો જ દોષ છે, મારો નથી. અને તેમાં મારી લેશ પણ ઈચ્છા હતી એમ માનશો માં. પણ, મારું હૃદય જે મારે સ્વાધીન છે, તે તો નિરંતર તમારું જ રટણ કરતું હતું. પરંતુ મારું અંગ જે મારે સ્વાધીન નહિ, તેને માટે હું **અનાથ–જેનો ધણી પાસે નહિ તેવી**–નાથ વગરની–શું કરી શકું? હે માનદ! આપણો પરસ્પરનો અનુરાગ એક જ સમયથી વૃદ્ધિ પામેલો છે અને મારો આટલો દીર્ઘ સહવાસ થયા છતાં તેટલાથી પણ જો તમે મારી પરીક્ષા કરી ન હોય, તો તમારા આટલા અવિશ્વાસને લીધે હું મુવેલી જ છું. જો એમ જ હતું તો જ્યારે હું લંકામાં હતી અને તમે હનૂમાનને સંદેશો કહેવા મોકલ્યો ત્યારે, હું તારો સ્વીકાર કરનાર નથી, એવું મને કેમ ન કહાવ્યું? હે શૂર! આપે મને પહેલેથી એમ જણાવ્યું હોત તો, હનૂમાનનો સંદેશો સાંભળી રહ્યા પછી, તમે જેનો ત્યાગ કર્યો છે એવી હું, તે કપિ સમક્ષ જ મારા પ્રાણનો ત્યાગ કરત. તમે મને પહેલેથી જ જણાવ્યું હોત, અને મેં મારા પ્રાણનો ત્યાગ કર્યો હોત તો, તમારા જીવિતને શંસયમાં નાંખી યુદ્ધ કરવાના વૃથા પરિશ્રમમાં તમારે ઉતરવું પડત નહિ. તથા તમારા આ સર્વ સુહૃદ્દજનોને યુદ્ધનો નિષ્ફળ કલેશ વેઠવો પડયો તે પણ પડત નહિ. હે નરવ્યાઘ્ર! તમે માત્ર ક્રોધને વશ થઇ, પાકૃત મનુષ્ય પેઠે, સામાન્ય સ્ત્રીને માટે જે વિચાર બાંધો તેવો વિચાર મારે માટે બાંધ્યો છે. પણ સાધારણ સ્ત્રીઓના જેવી મને ગણવી એ આપને યોગ્ય તો નથી જ. કારણ કે મારું વૈદેહી એવું નામ છે, તે કાંઇ જનકથી ઉત્પન્ન થવાને લીધે નહિ, પરંતુ તેની યજ્ઞભૂમિમાંથી ઉત્પન્ન થઈ છું, માટે જ પડયું છે. હે વ્રતજ્ઞ! તમે મારો આ પ્રમાણે ત્યાગ કરતાં, માન આપવા યોગ્ય મારા પાતિવ્રત્યને પણ ગણ્યું નથી, એ બહુ વિસ્મય ભર્યું છે. તમે બાલ્યાવસ્થામાં મારું પાણિગ્રહણ કર્યું. તેને પણ તમે પ્રમાણ કર્યું નથી. મારી આપના પ્રત્યેની ભક્તિ અને મારું શીલ એ સઘળાને માથે આજે પાણી ફેરવ્યું છે! હા દૈવ!

પછી રુદન કરતી સીતા રુદન કરતાં કરતાં ગદ્દગદ વાણીથી દીન થઈ વિચારમાં મગ્ન થઇ ગએલા લક્ષ્મણ સામું જોઈ બોલી કે હે સૌમિત્ર! આજે કૃપા કરી, આ મારા દુઃખના ઔષધરુપ ચિતા ખડકી આપો. કારણ કે મારે માથે જ્યારે આવો મિથ્યા અપવાદ આવ્યો છે, ત્યારે હવે મને જીવવાની લગાર પણ ઇચ્છા નથી,



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્યારે મારા ગુણોથી અસંતુષ્ટ થઇ મારા સ્વામીએ મનુષ્યોની વચમાં મારો ત્યાગ કર્યો છે, ત્યારે મારી છેલ્લી ગતિ જે વસુધા પ્રવેશ, તે પામવાને માટે હું અગ્નિમાં પ્રવેશ કરવા ઇચ્છું છઉં.

સીતાને આમ કલ્પાંત કરતી જોઇ લક્ષ્મણ, ક્રોધયુક્ત થઇ રામના સામુ જોઇ રહ્યા. પરંતુ રામની આકૃતિ પરથી તેમનો અંતર્ગત વિચાર જાણે જાંણ્યો હોય તેમ, તરત જ લક્ષ્મણે તેમની આજ્ઞાથી ચિતા ખડકી.

एव मुक्ता तु वैदेही परुषं रोमहर्षणम् ।
राघवेण सरोषेण श्रुत्वा प्रव्यथिता भवत्॥१॥
सा तदाश्रुत पूर्वांहि जने महति मैथिली ।
श्रुत्वा भर्तुर्वचो घोरं लज्जयावनता भवत्
॥ २ ॥
प्रविशन्ती व गात्राणि स्वानि सा जनकात्मजा।
वाक्शरै स्तैः स शल्येव भृशमश्रूण्य वर्तयत्
॥ ३ ॥
ततो बाष्प परिक्लिन्नं प्रमार्जन्ती स्वमाननम्।
शनैर्गद्गदया वाचा भर्तारमिदमब्रवीत् ॥४॥
किं मामसदृशं वाक्यमिदृशं श्रोत्रदारुणम् ।
रुक्षं श्रावयसे वीर प्राकृतः प्राकृतामिव॥५॥
न तथास्मि महाबाहो यथा मामवगच्छसि ।
प्रत्ययं गच्छ मे स्वेन चारित्रेणैव ते शपे॥६॥
पृथक् स्त्रीणां प्रचारेण जातिं त्वं परिशङ्कसे।
परित्यजैनां शंकां तु यदि तेऽहं परीक्षिता
॥ ७ ॥
यदहं गात्र संस्पर्शं गतास्मि विवशा प्रभो।
कामकारो न मे तत्र दैवं तत्रापराध्यति॥८॥
मदधीनं तु यत्तन्मे हृदयं त्वयि वर्तते ।
पराधीनेपु गात्रेपु किं करिष्याम्यनीश्वरी॥९॥
सह संवृद्धभावेन संसर्गेण च मानद ।
यदि तेऽहं न विज्ञाता हता तेनास्मि शाश्वतम् ॥ १० ॥

\+ + + + +
\+ + + + +
\+ + + + +
\+ + + + +

इति ब्रुवन्ती रुदती बाष्प गद्गदभाषिणी।
उवाच लक्ष्मणं सीता दीनं ध्यानपरायणम्
॥ १७ ॥
चितां मे कुरू सौमित्रे व्यसनस्यास्य भेषजम् ।
मिथ्यापवादोपहतानाहं जीवितु मुत्सहे ॥१८॥
अप्रीतेन गुणैर्भर्त्रास्यक्ताया जन संसदि ।
या क्षमा मे गतिर्गंतुं प्रवेक्षे हव्यवाहनम्
॥ १९ ॥

\+ + + + +
\+ + + + +

यथा मे हृदयं नित्यं नापसर्पति राघवात्।
तथा लोकस्य साक्षी मां सर्वतः पातु पावकः ॥ २५ ॥
यथा मां शुद्ध चारित्रां दुष्टां जानाति राघवः।
तथा लोकस्य साक्षी मां सर्वतः पातु पावकः ॥ २६ ॥
एव मुक्त्वा तु वैदेही परिक्रम्य हुताशनम्।
विवेश ज्वलनं दीप्तं निःशङ्केनान्तरात्मना
॥ २७ ॥
जनश्च समुहांस्तत्र बाल वृद्ध समाकुलः ।
ददर्श मैथिलीं दीप्तां प्रविशन्ती हुताशनम्
॥ २८ ॥

વા૦ રા૦ યુ૦ સ૦ ૧૧૬.

રામની આજ્ઞાપ્રમાણે લક્ષ્મણે વિભીષણને રાજ્યાભિષેક કર્યો; અને સીતાએ અગ્નિમાં પ્રવેશ કર્યો. અગ્નિમાંથી સુરક્ષિત તેમને બહાર નીકળેલાં જોઈ ઇંદ્રાદિક દેવોએ રામની સ્તુતિ કરી. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૧૧૬-૧૨૧)

રામે ઇંદ્રને આજ્ઞા કરી કે મારે કારણે કોટયાવધિ વાનરો યુદ્ધમાં મરણ પામ્યા છે તે બધાને તું અમૃતવૃષ્ટી કરી સજીવન કર. ઇંદ્રે એ સઘળાને સજીવન કર્યા એ જોઇ રામે વિભીષણને કહ્યું કે તું હવે લંકામાં સ્વસ્થ રાજ્ય કર. અને સુગ્રીવ આદિ વાનરો પોત પોતાને સ્થળે જાઓ. પરંતુ તેઓએ વિનંતિ કરી કે અમને તો અયોધ્યામાં આપનો રાજ્યભિષેક જોવાની અભિલાષા છે.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

માટે આપ અહીં મંગળસ્નાન કરી પછી અયોધ્યા જાઓ. રામે પ્રત્યુત્તર વાળ્યો કે ભરતને મુકીને હું મંગળસ્નાન કરનાર નથી. તમારી ઇચ્છા હોય તો અયોધ્યા ચાલો. વિભીષણે પુષ્પક વિમાન આણ્યું તેમાં સીતા, લક્ષ્મણ, વિભીષણ અને સઘળા વાનરો સહિત રામચંદ્ર બેઠા, ને વિમાનદેવને અયોધ્યા તરફ ચાલો, એવી આજ્ઞા કરી. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૧૨૨-૧૨૪)

વિમાન અંતરિક્ષમાં ચાલવા માંડયું એટલે રામ સીતાને આ સુવેલાચળ, આ યુદ્ધભૂમિ, આ સમુદ્રપર બાંધેલો સેતુ, આ મેં સ્થાપિત કરેલા રામેશ્વર નામના મહાદેવ, આ મહેંદ્ર પર્વત, અને આ કિષ્કિંધા નગરી એવું કહેતા જાયં ને સીતા તે જોતાં જાય. પછી સીતાની ઇચ્છા થવાથી સુગ્રીવ આદિની સ્ત્રીઓને રામે વિમાનમાં લીધી. અને વિમાન પૂર્વવત્ ચાલવા માંડયું એટલે આ ઋષ્યમૂક પર્વત, આ પંપા સરોવર, આ શબરીનો આશ્રમ, આ કબંધવધનું સ્થળ અને આ જટાયુવટ જુઓ એવું કહી, રામે સીતાને ત્યાં ત્યાં બનેલા બનાવનો ઇતિહાસ કહી સંભળાવ્યો. તે પછી પંચવટી, ગોદાવરી નદી, શરભંગ અને અત્રિ ઇત્યાદિઓના આશ્રમો, વિરાધવધનું સ્થાન, ચિત્રકૂટ પર્વત, યમુના નદી, ભરદ્વાજનો આશ્રમ, ભાગીરથી નદી શૃંગવેરપુર ઇત્યાદિ બતાવતાં બતાવતાં બોલ્યા કે જુઓ પણે દૂર અયોધ્યા દેખાવા માંડયું! આ સાંભળી સીતાએ અયોધ્યાને નમસ્કાર કર્યા (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૧૨૫).

પછી રામચંદ્ર ભરદ્વાજને આશ્રમે ઉતર્યા, અને ચૌદમું વર્ષ પુરૂં થવામાં એકાદો દિવસ બાકી હતો એટલે પોતે આવ્યા છે એ સમાચાર ભરતને સત્વર મળે માટે મારુતિને ભરત પાસે મોકલ્યા. તે પ્રમાણે મારુતિ ત્યાં ગયા અને ભરતને રામ ભરદ્વાજના આશ્રમે પધાર્યા છે અને સવારે તમને મળશે એવા સમાચાર કહ્યા. એ સાંભળતાં ભરતના હર્ષનો પાર રહ્યો નહિ. તેમણે મારુતિને આલિંગન દીધું અને શત્રુઘ્ન પાસે અયોધ્યા શણગારાવડાવ્યું. અહીઆં ભરદ્વાજના આતિથ્યનો સ્વીકાર કરી, રામ એક ક્ષણમાં નંદીગ્રામ આવ્યા.ત્યાં ભરતનો અને તેમનો મિલાપ થયો. અને પરસ્પરને જે આનંદની અવધિ થઈ તેનું વર્ણન કરી શકાતું નથી. ભરતે સુગ્રીવ, વિભીષણ ઇત્યાદિને આલિંગન દીધાં. પછી રામે કૌસલ્યાદિ માતાઓને વંદન કરી, વસિષ્ઠાદિને વંદન કર્યું.

પછી ભરતે પૂર્વે ચિત્રકૂટ પર્વતપર રત્નમય પાદુકાને રામના પગનો સ્પર્શ કરાવી સિંહાસન પર સ્થાપી હતી તે શત્રુઘ્ન પાસે મંગાવડાવી રામના પગમાં પહેરાવી અને બોલ્યા કે, જે રાજ્યનો આપે મારી ખાતર ત્યાગ કર્યો હતો તે, આપનું હું આપને અર્પણ કરૂં છું. આટલું કહી કશું બોલ્યા વગર ઉભા જ રહ્યા.

पादूके ते तु रामस्य गृहीत्वा भरतः स्वयम्।
चरणाभ्यां नरेन्द्रस्य योजयामास धर्मवित्
॥ ५३ ॥

( વા૦ રા૦ યુ૦ સ૦ ૧૨૭-૧૨૮ )

ભરતે રાજ્ય સ્વીકારવાની કરેલી વિનંતિ રામે માન્ય કરી. પછી હજામને આવેલો જોઇ રામે તેની પાસે ભરતની જટા છોડાવી, અને મંગળ સ્નાન કરાવડાવ્યું. પછી ક્રમે ક્રમે લક્ષ્મણ, સુગ્રીવ, વિભીષણ આદિ સર્વેને મંગલ સ્નાન થયા પછી રામે પોતે પણ મંગળ સ્નાન કર્યું. (અહીં સુગ્રીવ, વિભીષણ વિગેરેએ મનુષ્ય સરખું રૂપ ધારણ કર્યું હતું). રામના સ્નાન કરી રહ્યા પછી ભરતે રામ તેમ જ બીજાઓને વસ્ત્રાભરણ આપ્યાં. અને સર્વેને દિવ્ય ભોજન સમર્પણ કર્યું. પછી રામે અયોધ્યામાં પ્રવેશ કર્યો. તે વેળાએ સહસ્ત્રાવધિ સ્ત્રીઓએ પોતપોતાના મંદિરની અગાશીઓમાંથી આયુષ્યવાચન કર્યું. રામચંદ્ર રથમાં બિરાજ્યા હતા, અને સુગ્રીવ વિગેરે ગજારૂઢ થયા હતા. અયોધ્યા માંહલા મુખ્ય મંદિરમાં રામે પ્રવેશ કર્યો. પછી વસિષ્ટે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શુભ મુહૂર્ત જોઈ રામને રાજ્યાભિષેકની તૈયારી કરાવડાવી. ચાર સમુદ્રનાં અને પાંચસે નદીઓનાં જળ મંગાવી સર્વ ઋષિઓએ રામને સ્નાન કરાવ્યું. અને અલંકાર ધારણ કરાવી, સિંહાસન પર બેસાડયા. અભિષેક થતાં જ રામે લક્ષ્યાવધિ અશ્વો, ગાયો, વસ્ત્રો, અલંકારો અને ત્રીસ કરોડ સુવર્ણ મહોરોનું દાન કર્યું. આ પ્રમાણે ઉત્સવ થઈ રહ્યા પછી, છ માસ સુધી સુગ્રીવ આદિને ત્યાં રાખી, ઘણા ગૌરવથી વિદાય આપી, એટલે સુગ્રીવ કિષ્કિંધા અને વિભીષણ લંકા ગયા.

ભરતને રામે યૌવરાજ પદ પર સ્થાપ્યા. તેમણે દસ અશ્વમેધ અને પૌંડિરકાદિ અનેક યજ્ઞ કરી એવું તો નીતિથી રાજ્ય ચલાવ્યું કે, અગીયાર હજાર વર્ષના ગાળામાં કોઇનું અકાળ મૃત્યુ સરખુંએ નહિ; તેમ કોઈ સ્ત્રીને વૈધવ્ય ધરાધરી આવ્યું નહિ; ચોર, અગ્નિ, સર્પ ઈત્યાદિનો ભય કોઇને રહ્યો નહિ, અને વરસાદ પણ જે વેળાએ જેટલો જોઇએ તે વેળાએ તેટલો જ પડયા કર્યો.

( વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૧૨૮ ).

—યુદ્ધ કાંડ સમાપ્ત.—

રામચંદ્ર અયોધ્યા આવી કોસલદેશનું રાજ્ય કરવા લાગ્યા છે એવું સાંભળી અનેક ઋષિ સહિત અગસ્ત્ય ઋષિ ત્યાં આવ્યા. તેમની સાથે નીચે પ્રમાણે ઋષિઓ આવ્યા.

કૌશિક, યવક્રીત, ગાર્ગ્ય, ગાલવ, કણ્વ, રૈભ્ય અને ચ્યવન એઓ પૂર્વ દિશા તરફથી; અત્રિ, સ્વસ્ત્યાત્રેય, નમુચિ, પ્રમુચિ, સુમુખ, વિમુખ અને રિમુચ એ દક્ષિણ દિશા તરફથી; નૃષડ્ગુ, કવષી, કૌષેય, ધૌમ્ય, ઉપગુ, કામઠ, અને ધુમ્ર એઓ પશ્ચિમ તરફથી; અને વસિષ્ઠ કશ્યપ, અત્રિ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને ભરદ્વાજ એ ઉત્તર તરફથી; આ પ્રમાણે આવેલા ઋષિઓનું રામે સન્માન કર્યું અને પૂજા ઈત્યાદિ કર્યાં પછી તેઓ સ્વસ્થ થયા એટલે અગસ્ત્યે રામની સ્તુતિ કરતાં કહ્યું કે તમે રાવણનો વધ કર્યો એ મહત્કાર્ય કર્યું છે. ( વા૦ રા૦ ઉ૦ સ૦ ૧ ) તે ઉપરથી રામે પુછ્યું એટલે અગસ્ત્ય ઋષિએ પુલસ્ત્ય અને વિશ્રવા ઋષિનું ચરિત્ર કહી સંભળાવ્યું. ( સ૦ ૨–૩ ) અને સુકેશ રાક્ષસનો ઇતિહાસ પણ કહ્યો. ( સ૦ ૪–૮ ).. રાવણ, કુંભકર્ણ અને વિભીષણ એ ત્રણેની ઉત્પત્તિ, તેમણે કરેલું તપ, તેમને મળેલાં વરદાન, મેઘનાદની ઉત્પત્તિ, તેનું પરાક્રમ, તેમ જ તેનું ઈંદ્રજિત્ નામ પડવાનું કારણ, ઇત્યાદિ વૃત્તાંત સવિસ્તર કહી સંભળાવ્યું. ( સ૦ ૯–૩૦ ) આ સાંભળી રામે પ્રશ્ન કર્યો કે રાવણ કરતાં આ પૃથ્વી પર કોઇ બળવાન હતું કે નહિ? તે ઉપરથી અગસ્ત્યે સહસ્રાર્જુન અને વાલીનો ઇતિહાસ કહી સંભળાવ્યો. ( સ૦ ૩૧–૩૪) રામે ફરી પ્રશ્ન કર્યો કે જો મારુતિ બળવાન હતા તો તેમણે વાલી અને સુગ્રીવ વચ્ચેનો કલહ કેમ પતાવ્યો નહિ? અથવા કોઇને શિક્ષા પણ કેમ કરી નહિ? મારુતિને પોતાના સામર્થ્યની વિસ્મૃતિ થવાના શાપનો ઇતિહાસ ઋષિએ કહ્યો. ( સ૦ ૩૫–૩૬ ) અને તે જ પ્રસંગે વાલી અને સુગ્રીવની ઉત્પત્તિ રામને સમજાવવાના હેતુથી ઋક્ષરજાખ્યાન અને શ્વેતદ્વીપમાં રાવણનો થએલો ઉપહાસ, એ પણ અગસ્ત્ય ઋષિએ કહી સંભળાવ્યાં ( પ્રક્ષિપ્ત સ૦ ૧–૫ ).

રામના વર્તનનો નિત્યક્રમ નીચે પ્રમાણે હતો:—પ્રતિ દિવસ અરૂણોદય પહેલાં બંદીજનો આવી મંગળગાન કરી તેમને જાગૃત કરતા. જાગૃત થતાં જ લાગલા ઉઠી......હાથ, પગ, મુખ ધોઇ, સ્નાન કરી સંધ્યા ઉપાસના કરતા પછી અગ્નિહોત્ર કર્મ કર્યા પછી વસિષ્ઠ પુરોહિત અને બ્રાહ્મણોનું પૂજન કરી, મધ્યાન કાલે પુન: સંધ્યા, બ્રહ્મયજ્ઞ અને તર્પણ કરી, અતિથિ પૂજન કર્યા પછી ભોજન કરી સભામાં આવવાને વખતે લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન અને કેટલાક માંડલિક રાજા ( ચાર દેશનું એક મંડળ એવા એક મંડળનો અધિપતિ ) પોત પોતાનાં નિત્યકર્મ આટોપી, આગળથી જ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવી બે ભાગમાં ઉભા રહેતા, અને રામ આવતા એટલે તેમની સાથે ચાલતા સભામાં આવતા. અને રામ સિંહાસન પર બિરાજતા એટલે પોત પોતાને ગ્રેગ્ય સ્થળે આ લોકો બેસતા. રાજ્યકારભાર સંબંધી અને લોકો સંબંધી કાર્ય સમાપ્ત થયા પછી, કેટલોક ઇતિહાસ શ્રવણ કરી, સાયંકાળ થતાં જ સંધ્યા ઉપાસનાદિ કર્મ કરી રામ અંતઃપુરમાં જતા. (વા૦ રા૦ ઉત્તર૦ કા૦ ૩૭ )

રામના રાજ્યાભિષેકના સમારંભ સમયે સિરધ્વજ વિગેરે આપ્તજન, અને પ્રતર્દન ( ઇંદ્ર પાસેથી બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરનારો કાશીપુરીનો રાજા ) વિગેરે મિત્ર એ રાજાઓ ઉપરાંત ત્રણસે માંડલિકો આવ્યા હતા, તે ઉપરથી જો કે રામની સત્તા સમસ્ત ભરત વર્ષ પર નહિં હોય, તોપણ ભરતખંડની બહાર ઘણે દૂર સુધી હશે એવું જણાય છે. કારણ કે સો યોજન લાંબા પહોળા ભરત-ખંડમાં સાતસેં જ દેશ છે. આમ આવેલા નરેશોનું રામે સન્માન કર્યું અને રાજ્યાભિ-ષેકનો સમારંભ પત્યા પછી વિદાય કર્યા. ( વા૦ રા૦ ઉ૦ સ૦ ૩૮ ) વિભીષણે રામને આપેલું પુષ્પક વિમાન, જ્યાં સુધી તે પૃથ્વી પર રહ્યું ત્યાં સુધી રામ પાસે રહ્યું અને પછી કુબેર પાસે ગયું. ( સ૦ ૪૧ )

સીતા રામથી સગર્ભા થયાં. તેમણે ઋષિના આશ્રમે વાસ કરવો એમ નક્કી થયું. એ ઉપરથી રામે તેમને વાલ્મીકિ ઋષિના આશ્રમે મોકલ્યાં. ( કુશ લવ શબ્દ જુઓ ) ( સ૦ ૪૨-૪૮ ) ભૃગુ ઋષિની સ્ત્રીને વિષ્ણુએ મારી હતી તેથી ઋષિએ વિષ્ણુને શ્રાપ આપ્યો હતો કે, તને પણ મારા જેવો જ સ્ત્રી વિયોગ થજો, તેજ આ રામે જન્મ ધારણ કર્યો છે અને સ્ત્રી વિરહની વ્યથા ભોગવે છે, એવો પૂર્વ ઇતિહાસ સુમંત્રે લક્ષ્મણને કહ્યો. (દુર્વા-સા દશરથ સંવાદ. ) તે પછી રામે બ્રાહ્મ-ણોનાં કામ રાજાએ સત્વર કરી તેમને વિદાય કરવા જોઇએ, અને એમ ન થાય તો તેઓનો કોપ થતાં હાનિ થાય એ વિષયે, લક્ષ્મણને નૃગ રાજાનો ઇતિહાસ સંભળાવ્યો. ( સ૦ ૫૩-૫૪ ) બ્રાહ્મણોનું અપમાન થતું હોય એવું કાર્ય કરવું નહિં એ સંબધે નિમિ રાજાનો ઇતિહાસ કહ્યો. ( અ૦ ૫૫-૫૭ ) બ્રાહ્મણો કહે તેમ જ વર્ત્યા જવું, તેમની આજ્ઞા બહાર વર્તવું નહિં, જો એમની આજ્ઞાથી ઉપરવટ થઇ વર્તન કર્યું, તો હાનિ થાય એ સંબંધે યયાતિ રાજાનો ઇતિહાસ કહ્યો. ( સ૦ ૫૮-૫૯ )

રામચંદ્ર રાજ્ય કરતાં રાજ્ય એવું તો સુવ્યવસ્થિત ચાલવા માંડયું કે મહાદ્વાર પર વાદી અને પ્રતિવાદી આવ્યા એવું વરસમાં એકાદ દીવસ હોય તો હોય. હર હમેશ લક્ષ્મણ મહાદ્વાર ઉપર જઈ ત્યાં કોઇ વાદી પ્રતિવાદી નથી એવું કહેવા સભામાં પાછા આવે. આ પ્રમાણે રાજ્ય વ્યવસ્થા ચાલતી હતી. એવામાં એક વેળા એક શ્વાન ફર્યાદ કરવા માટે મહાદ્વાર પર ઉભો હતો. આ શ્વાન એક વખત માર્ગમાં ચાલ્યો જતો હતો તેવામાં સામેથી કોઇ ભિક્ષુક ( સંન્યાસી ) આવતો હતો. એ પોતાને કરડવા આવે છે એમ જાણી સંન્યાસીએ શ્વાનને દંડવડે માર્યો, એવી શ્વાનની ફર્યાદ હતી. નિત્ય નિયમ પ્રમાણે લક્ષ્મણ મહાદ્વાર પર આવ્યા ને જુએ છે તો કોઇ પણ ફર્યાદ કરનાર દેખાયું નહિ, પરંતુ આ શ્વાનને ઉભેલો દીઠો. આટલા ઉપરથી આને કાંઇ ફર્યાદ કરવાની હશે એવું અનુમાન કરી લક્ષ્મણે રામને ખબર આપી. રામ તરત જ બહાર આવ્યા અને શ્વાનને શું છે એમ પુછતાં જ તેણે મનુષ્ય પ્રમાણે બોલીને સઘળી હકીકત કહી. આ સાંભળી રામે તેને પુછ્યું કે હું ભિક્ષુને શું શિક્ષા કરૂં ? શ્વાને કહ્યું કે તેને થોડા વખત માટે કુલપતિ બનાવો એટલે બસ. કુલપતિ એટલે એકાદ નાના ગામડાનો અધિકારી. તે પ્રમાણે રામે ભિક્ષુને શિક્ષા કરી શ્વાનને વિદાય કર્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એનું તાત્પર્ય એ કે, કુલકરણીનું કામ કરવું એ ભિક્ષુને યોગ્ય નહિ, એ કરવું એ એને શિક્ષા રૂપ જ છે. ( પ્રક્ષિપ્ત સ૦ ૨ ) એવી જ રીતે એક ગીધ અને ઘુવડ વચ્ચેની તકરારને રામે નિવેડો આણ્યો હતો. (પ્ર૦ સ૦ ૩ ),

એકદા કેટલાક ઋષિઓની સાથે ચ્યવન ભાર્ગવ રામ પાસે આવ્યા. તેમનું રામે સન્માન કર્યું. તેમણે મધુરાક્ષસ લોકોને બહુ ત્રાસ આપે છે એવું રામને કહ્યું. તે ઉપરથી રામે તે રાક્ષસનો નાશ કરવા શત્રુઘ્નને મોકલ્યા. ( સ૦ ૬૦-૬૪ શત્રુઘ્ન શબ્દ જુઓ. )

એક વખત એક બ્રાહ્મણનો પુત્ર અકાળ મરણ પામતાં તેણે તેને રામના મહાદ્વાર પર આણીને નાંખ્યો. તે ઉપરથી રામને ખરાબ લાગ્યું કે હું આટલું નીતિથી રાજ્ય કરૂં છું છતાં આમ કેમ થયું ? એટલામાં તે બ્રાહ્મણ બોલી ઉઠયો કે હે રામ, પુત્ર જો ઉઠયો તો ઠીક, નહિં તો હું મારો પ્રાણ ત્યાગ કરીશ ( વા૦ રા૦ ઉ૦ સર્ગ ૭૩ ) તે સાંભળી રામની સભામાં માર્કંડેય, મોદ્ગલ્ય, વામદેવ, કાશ્યપ, કાત્યાયન, જાબાલિ, ગૌતમ અને નારદ જે આઠ ધર્મશાસ્ત્રવેત્તા મંત્રિઓ હતા તેમાંથી નારદે રામને કહ્યું કે રાષ્ટ્રમાં કોઇ પણ શુદ્ર તપ કરતો હોવો જોઇએ; માટે તેની શોધ થવી જોઇએ. (સ૦ ૭૪ ) તે ઉપરથી રામે પુષ્પક વિમાનમાં બેસી ચારે બાજુ જોતાં જોતાં ચારે દિશાએ શોધ કરતાં એક સંબુક નામનો શુદ્ર તપ કરતો તેમની દૃષ્ટિએ પડયો. તેને રામે તત્કાળ મારી નાખ્યો. તેને અહિં મારી નાંખતાં જ અયોધ્યામાં મરી ગએલો બ્રાહ્મણ પુત્ર સજીવંત થયો. (સંબુક શબ્દ જુઓ )

પછી એમ જ ફરત્તાં ફરતાં એકદા રામ અગસ્ત્ય ઋષિના આશ્રમે ગયા. ત્યાં એમણે રામનો સત્કાર કરી એક અપૂર્વ રત્નમય કંકણ રામને આપ્યું. અને એ કોનું અને ઋષિ પાસે શી રીતે આવ્યું ઇત્યાદિ વૃત્તાંત રામે પુછતાં તેમણે મૂળ ઇતિહાસ કહી સંભળાવ્યો. ( ૩ શ્વેત શબ્દ જુઓ ) પછી રામે અશ્વમેધ કર્યો જેમાં અનેક ઋષિઓ આવ્યા હતા. તેમાં વાલ્મીક પણ હતા. તેમની સાથે. કુશ લવ આવ્યા હતા. પ્રત્યેકે વીસ સર્ગ, એ પ્રમાણે સમગ્ર રામાયણ કાવ્ય, વાલ્મીકિએ તેમની પાસે ગવડાવી, રામને સંભળાવ્યું. તે એ બન્ને કુમારોએ તંત્રી સહિત અને તાલયુક્ત મધુર સ્વરથી એવી તો ઉત્તમ રીતે ગાયું કે રામે તેમને પ્રસન્ન થઇ અરાડ હજાર સુવર્ણ મુદ્રા આપવાની આજ્ઞા કરી. પરંતુ તેમણે તે દ્રવ્ય લીધું નહિ. આ અશ્વમેધનું વર્ણન જૈમિની અશ્વમેધમાં વિસ્તારથી આપ્યું છે તેથી અહિં ટુંકવી નાખ્યું છે. (કુશ લવ શબ્દ જુઓ.) સીતાનું પૃથ્વીમાં સમાઇ જવું. રામ નિજધામ ગયા તે પૂર્વે જ અદૃશ્ય થવાં, એ બધું થયું.

तथा शापन्त्यां वैदेह्यां प्रादुरासीत्तदद्भुतम् ।
भूतलादुत्थितं दिव्यं सिंहासनमनुत्तमम् ॥१७॥
ध्रियमाणं शिरोभिस्तु नागैरमितविक्रमैः ।
दिव्यं दिव्येन वपुषा दिव्यरत्नविभूषितैः॥१८॥
तस्मिंस्तु धरणी देवी बाहुभ्यां गृह्य मैथिलीम् ।
स्वागतेनाभिनन्द्यैनामासने चोपवेशयत् ॥१९॥
तामासनगतां दृष्ट्वा प्रविशन्तीं रसातलम् ।
पुष्पवृष्टिरविच्छिन्ना दिव्या सीतामवाकिरत्॥२०॥

( વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૯૭ )

કાળાંતરે કૌશલ્યા, સુમિત્રા, અને કૈકેયીએ સ્વર્ગવાસ કર્યો. ( સ૦ ૯૯ ).

પછી યુધાજિતના કહેવાથી શૈલૂષ ગંધર્વના ત્રણ કરોડ વંશજોનો પરાભવ કરાવડાવી ભરત પાસે સિંધુ દેશ સર કરાવડાવ્યો, અને ત્યાં ભરતના પુત્ર તક્ષ અને પુષ્કરને રાજ્યાભિષેક કર્યો. લક્ષ્મણના પુત્ર અંગદ અને ચંદ્રકેતુને કારૂપથ દેશમાં સ્થાપ્યા. ( ૫. ભરત સબ્દ જુઓ. )

રામચંદ્રે અગીઆર હજાર વર્ષ રાજ્ય કર્યું. પછી બ્રાહ્મણ વેશે કાળે તેમની પાસે આવી. મારે તમારી સાથે કાંઇ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એકાંતમાં વાત કરવી છે એવું કહ્યું, તે ઉપરથી રામે લક્ષ્મણને દ્વાર પર ઉભા રાખ્યા અને એવી આજ્ઞા કરી કે હું હમણાં એકાંતમાં છું અને તે એકાંતમાં જો કોઈ પણ ત્રીજું માણસ આવશે તેને હું મારી નાંખીશ. આટલું કહી રામ આવેલા બ્રાહ્મણ સાથે એકાંતમાં ગયા. તે બ્રાહ્મણે પ્રાર્થના કરી કે પૃથ્વી પર આપને જે જે કાર્ય કરવાનાં હતાં તે સર્વ આપ કરી ચુક્યા છો તો હવે આપ સ્વધામ પધારો. તેની એ સૂચના રામે માન્ય કરી અને હું હવે ઉતાવળે ત્યાં આવું છું. એમ કહી એને વિદાય કરવાની તૈયારીમાં જ હતા એટલામાં લક્ષ્મણે અંદર આવી રામને વિનતિ કરી કે બહાર દુર્વાસા ઋષિ આવ્યા છે અને આપને મળવાની ઇચ્છા કરે છે. તે સાંભળતાં જ રામે બ્રાહ્મણ રૂપી કાળનો સત્કાર કરી તેને વિદાય કરતાં, તે અંતર્ધાન થયો, એવું જોતાં જ પોતે બહાર પધારી દુર્વાસાનાં દર્શન કર્યાં. અને તેમને યથેચ્છ અન્નનું ભોજન કરાવી રસ્તે પાડયા—એટલે તેમને પોતે કરેલી પ્રતિજ્ઞાનું સ્મરણ થયું તેથી લક્ષ્મણ સંબંધે તેમને અનિવાર દુઃખ થયું.

અમારા એકાંતમાં કોઈ પણ ત્રીજું આવશે તેને હું મારી નાંખીશ એવી રામની લક્ષ્મણને સ્પષ્ટ આજ્ઞા છતાં તેઓ અંદર ગયા તેનું કારણ નીચે પ્રમાણે ઉપસ્થિત થયું હતું:—

રામની ને બ્રાહ્મણરૂપી કાળની વાતો ચાલતી હતી તે વેળા લક્ષ્મણ દ્વાર પર ઉભા હતા; એટલામાં ત્યાં દુર્વાષા ઋષિ આવ્યા, અને કહેવા લાગ્યા કે રામ કયાં છે તે મને જલ્દી બતાવ. લક્ષ્મણે વિનંતિ કરી કે રામ એકાંતમાં છે. માટે તમે ક્ષણભર થોભો. અથવા કાંઇ આજ્ઞા હોય તો મને ફરમાવો. દુર્વાસાએ કહ્યું કે તું મને સત્વર રામ કયાં છે તે બતાવે છે કે હું રઘુવંશ બાળીને ભસ્મ કરૂં ? આ વાકય સાંભળતાં જ લક્ષ્મણે વિચાર કર્યો કે સમસ્ત રઘુવંશનો ક્ષય થાય તેના કરતાં હું એકલો જ મરૂં એ વધારે સારૂં. એમ ધારી એ મના છતાં રામના એકાંતમાં ગયા. રામે વસિષ્ઠને પોતાની પ્રતિજ્ઞાની વાત કરી, એટલે તેમણે તોડ કહાડી રામને કહ્યું કે તમે લક્ષ્મણને કટુ-વાક્ય કહી તાડન કરો એટલે તેનો વધ કર્યા બરોબર જ થયું. રામે તેમ કરતાં જ લક્ષ્મણ અયોધ્યાથી નીકળી સરયૂતીરે આવ્યા ને ત્યાં યોગ ધારણા કરી સ્વર્ગે ગયા..

स गत्वा सरयूतीरमुपस्पृश्य कृताञ्जलिः ।
निगृह्य सर्वस्रोतांसि निःश्वासं न मुमोच ह
॥ १५ ॥
अनिःश्वसतं युक्तं तं सशक्राः साप्सरोगणाः ।
देवाः सर्षिगणाः सर्वे पुष्पैरभ्यकिरंस्तदा ॥१६॥
अदृश्यं सर्वमनुजैः सशरीरं महाबलम् ।
प्रगृह्य च लक्ष्मणं शक्रस्त्रिदिवं संविवेश ह ॥
॥ १७ ॥

વા૦ રા૦ ઉત્તર૦ (સ૦ ૧૦૪–૧૦૬)

લક્ષ્મણનું નિધન સાંભળી રામ અત્યંત ઉદાસ થયા, ને ભરતને રાજ્ય આપવા માંડયું. પણ તે સંબંધી વાત સાંભળતો જ નથી, એવું જોઈ કુશને અયોધ્યાનું રાજ્ય આપી, લવને શ્રાવસ્તી નગરી આપી. પછી અહીં બનેલું વૃતાંત્ત શત્રુઘ્નને કહેવા દૂતને મોકલ્યો. એટલે લાગલા જ મથુરાનું રાજ્ય પુત્રને સોંપી શત્રુઘ્ન અયોધ્યા આવ્યા. તે જ પ્રમાણે અંગદને રાજ્ય સોંપી કિષ્કિંધાથી સુગ્રીવ આવી પહોંચ્યો અને લંકાથી વિભીષણ પણ આવી પહોંચ્યા. તેમને જોઇ રામે, વિભીષણ અને મારુતિને કહ્યું કે તમે કલ્પ સમાપ્ત થતા સુધી પૃથ્વી પર રહેજો, એટલું કહી તેમને જવાની આજ્ઞા આપી. અને વસિષ્ઠ પાસે પોતાનો અગ્નિહોત્ર સરયૂને તીરે મોકલાવ્યો. પછી પોતે હાથમાં દર્ભ લઈ અયોધ્યાના માણસો સહિત સરયૂ તીરે આવ્યા. અને ત્યાં આવેલા વિમાનમાં બેસી નિજધામ સિધાવ્યા.

(વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૧૦૭–૧૦૯).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રામ પછી અયોધ્યામાં કોઈ રહ્યું જ નહોતું એવું લખાણ મળે છે. પરંતુ તે સત્ય ભાસતું નથી. કારણ કે જો એમ હોય અથવા એવું થનાર હોય તો રામ કુશને અયોધ્યાના રાજ્ય પર શું કરવા બેસાડે? એ ઉપરથી એક અનુમાન કરી શકાય કે થોડી ઘણી વસ્તી પણ ત્યાં રહેલી હોવી તો જોઇએ જ. કદાચિત્ રામના નિજધામ ગયા પછી કુશને ત્યાં ચેન પડયું નહિ હોય, તેથી તેણે અયોધ્યાનો ત્યાગ કર્યો હશે. આથી ઘણા કાળ સુધી તે ઉદ્દસ્ત રહ્યું હશે; પછી ઋષભ રાજાએ ફરીથી વસ્તી વાસી હશે.

રામની આકૃતિ ભવ્ય હતી. તેમના હાથ હાથીની સુંડ જેવા, મુખ ચંદ્ર જેવું સ્વચ્છ અને નેત્રો મોટાં ને રાતાં હતાં. અંગની કાંતિ, ગૌરવર્ણમાં સ્હેજ કૃષ્ણવર્ણની છાયા એવી શ્યામવર્ણની હતી. તેવા જ સરળ રીતે ઉભા રહ્યા હોય ત્યારે હાથ ઢીંચણની નીચે સુધી જતા હતા. એવા તે આજાનબાહુ હતા.

युवा श्यामो लोहिताक्षो मातंग इव युथपः ।
आजानुबाहुः सुमुखः सिंहस्कंधो महाभुजः ॥ ६० ॥

( ભાર૦ શાંતિ૦ અ૦ ૨૮ )

એમને સીતા નામનાં એક જ પત્નિ હતાં. તે શિવાય બીજી સ્ત્રીઓને તેઓ માતા સમાન ગણતા. તેઓ જગમશહૂર એકપત્નિવ્રતધારી હતા. તે જ પ્રમાણે એકવચની પણ હતા.

એઓ વિષ્ણુના અંશ હોઇ અલૌકિક સામર્થ્યવાન પણ હતા. વાલ્મીકિએ ભાખેલી ભવિષ્યવાણીની મર્યાદામાં જ તેઓ રહ્યા, તેથી તેમનું વર્તન સામાન્ય મનુષ્ય જેવું જણાતું, ને તેથી જ લોકોમાં તેમને મર્યાદાવતાર કહેવાની પૃથા પડી.

એમનું અધ્યાત્મ વિષયનું જ્ઞાન કેટલું અગાધ અને નિશ્ચયાત્મક હતું, તેમ જ વાણીની પ્રૌઢતા કેવી હતી, તે રામગીતા વાંચીએ ત્યારે જ લક્ષમાં આવે. આટલું છતાં નિત્યકર્મમાં તથા ઇશ્વરોપાસનામાં તેઓ અતિશય લક્ષ રાખનારા હતા. ઇશ્વરોપાસના કરવા સંબંધે તેમણે અગસ્ત્ય ઋષિ પાસેથી શૈવીદીક્ષા લીધી હતી. શૈવીદીક્ષા એટલે આનંદરૂપ પરમાત્માની ઉપાસનાની દીક્ષા.

એમણે અગીઆર હજાર વર્ષ રાજ્ય કર્યું.

दशवर्षसहस्राणि दशवर्षशतानि च ।
अयोध्याधिपतिर्भूत्वा रामो राज्यमकारयत् ॥ ६१ ॥

( ભાર૦ શાંતિ૦ અ૦ ૨૮ )

તે પૂર્વે તેમનું વય સુમારે ચાલીસ વર્ષનું હોય એમ જણાય છે. તેમની પછી રાજ્ય કરનાર અને વંશની વૃદ્ધિ કરનાર લવ અને કુશ નામના બે પુત્રો હતા. ઉપર આ બન્નેનાં નામો પરોક્ષ રીતે આવી ગયાં છે.

**રામ (૩).** બલરામનું બીજું નામ.

**રામ (૪).** વસુદેવને રોહિણીની કુખે થએલો પુત્ર. ( બળરામ શબ્દ જુઓ )

**રામક પર્વત**—સુરભીપત્તનની દક્ષિણે આવેલો પર્વત. અંહિ પાંડવોના વખતમાં તિમિંગલ રાજા હતો.

कृत्स्नं कोलगिरिं चैव सुरभीपट्टनं तथा ।
द्वीपं ताम्राह्वयं चैव पर्वतं रामकं तथा ॥७०॥

( ભાર૦ સભા૦ અ૦ ૩૨ )

**રામકૃષ્ણ.** દાશરથિ રામ અને કૃષ્ણ, કિંવા બળરામ અને કૃષ્ણની સંજ્ઞા.

**રામઠ.** દેશ વિશેષ. અહીં હિંગ પુષ્કળ થતી હશે એમ જણાય છે, અને તે ઉપરથી આ દેશનું એ નામ પડયું હશે. ( रामठ = हिंग )

द्वारपालं च तरसा वशे चक्रे महाद्युतिः
रामठान्हारहूणांश्च प्रतीच्याश्चैव ये नृपाः॥१२॥

( ભાર૦ સભા૦ અ૦ ૩૫ )

**રામતાપિની.** અથર્વણ વેદોપનિષત્.

**રામતીર્થ.** તીર્થ વિશેષ. ( વ૦ ૮૨-૭૨ ).

**રામ રહસ્ય.** અથર્વણ વેદોપનિષત્.

**રામહ્રદ.** જામદગ્ન્યરામે ક્ષત્રિયોને મારી તેમના રુધિરથી ભરેલું સરોવર, પાંડવોના વખતમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આની ગણના તીર્થમાં હતી. ( ૨ કુરુક્ષેત્ર શબ્દ જુઓ ).

ततो महेन्द्रमासाद्य जामदग्न्यनिषेवितम्।
रामतीर्थे नरः स्नात्वा वाजिमेधफलं लभेत्
॥ १६ ॥

( ભાર૦ વન૦ અ૦ ૮૩ )

**રામસીર.** ભારતવર્ષીય દેશ.

**રામાધિવાસ.** તીર્થ વિશેષ.

**રામેશ્વર.** સેતુબંધ પાસેનું તીર્થ વિશેષ.

**રાવણ.** પ્રસ્તુત ચાલતા વૈવસ્વત મન્વન્તરમાંના બ્રહ્મમાનસપુત્ર પુલસ્ત્ય ઋષિનો પૌત્ર, અને વિશ્રવા ઋષિને પુષ્પોત્કટા નામની ભાર્યાની કુખે થએલા ત્રણ પુત્રોમાં સહુથી મોટો. એ જન્મ્યો ત્યારથી તેને દશ માથાં હતાં તેથી એનું મૂળ નામ દસકંધર હતું, પછી રાવણ પડયું. ( વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૯)

पुष्पोत्कटायां जज्ञाते द्वौ पुत्रौ राक्षसेश्वरौ।
कुम्भकर्णदशग्रीवौ बलेनाप्रतिमौ भुवि ॥७॥

(ભાર૦ વ૦ અ૦ ૨૭૫-૨૭૬)

વૈવસ્વત મન્વન્તરની અગીઆરમી ચોકડીમાં આનો જન્મ થયો હતો ( લિંગ૦ પુરાણ ). એને ઘેર સર્વ દેવો કામ કરતા હતા, એ સંબંધી વાલ્મીકિ રામાયણમાં કાંઇ ઉલ્લેખ નથી.

દશગ્રીવ થોડો મોટો થયો, એવામાં એકદા એનો ઓરમાન ભાઇ વૈશ્રવણ, પોતાના પિતા વિશ્રવા ઋષિના દર્શણે આવ્યો, તે વખતે કૈકસીએ તેને ( વૈશ્રવણને ) ઓળખાવી દશગ્રીવને કહ્યું કે તું વૈશ્રવણ જેવું ઐશ્વર્ય સંપાદન કર. તે ઉપરથી રાવણ તથાસ્તુ કહી, કુંભકર્ણ અને વિભીષણ એ બન્ને ભાઇઓને સાથે લઇ, ગોકર્ણક્ષેત્ર આવી, ઘોર તપ કરવા લાગ્યો. તે તપ એણે દસહજાર વર્ષ પર્યંત એવી રીતે કર્યું કે એક સહસ્ત્ર વર્ષ તપનાં પૂર્ણ થતાં પોતાનું એક મસ્તક છેદી, તેને અગ્નિમાં નાંખી હોમ કરે. આ પ્રમાણે નવ હજાર વર્ષમાં નવ મસ્તક હોમ્યાં. બીજાં હજાર વર્ષ પુરાં થતાં બાકી રહેલું એક મસ્તક પણ છેદી હોમ કરવા જતો હતો ત્યારે બ્રહ્મદેવ પ્રત્યક્ષ થઈ બોલ્યા કે તારી ઇચ્છા હોય તે વર માગ. આણે વિનતિ કરી કહ્યું કે આપ કોઇને અમરત્વ તો આપતા નથી, તો મને એટલું આપો કે દેવ, દૈત્ય, દાનવ, યક્ષ, સુપર્ણ ઇત્યાદિ કોઇના પણ હાથે મારું મૃત્યુ ના થાય. મનુષ્યને તો હું તૃણવત જ ગણું છું. બ્રહ્મદેવ તથાસ્તુ કરી બોલ્યા કે તારું માગેલું મેં તને આપ્યું. તેં જે તારાં મસ્તકો છેદ્યાં છે તે પૂર્વવત્ થાઓ. એ ઉપરાંત તુ કામરૂપધર ( તારી ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર ) થઇશ. આટલું સાંભળી અને બ્રહ્મદેવને અંતર્ધાન થએલા જોઇ, વરદાન પામેલો એ, ઉભય ભાઇઓ સહિત, તેમને લઇ, શ્લેષ્માતક વનમાં પિતા પાસે આવ્યો.

एवं लब्धवराः सर्वे भ्रातरो दीप्ततेजसः ।
श्लेष्मातकवनं गत्वा तत्र ते न्यवसन्सुखम् ॥
॥ ४९ ॥

( વા૦ રા૦ ઉ૦ સર્ગ ૧૦ ).

આપણા દૌહિત્ર ( દિકરીનો દિકરો ) દશગ્રીવ, કુંભકર્ણ અને વિભીષણ, બ્રહ્મદેવ પાસેથી વરદાન પામી બલાઢ્ય થયા છે એવું સાંભળતાં જ સુમાલી રાક્ષસ, મારીચ, વિરૂપાક્ષ, પ્રહસ્ત અને મહોદર, તેમ જ કેટલાક બીજા રાક્ષસો સાથે લઈ, આ લોકોને આવી મળ્યો અને ઉપદેશ કરવા લાગ્યો કે વૈશ્રવણ પાસે જે લંકા છે, તેને તેના ઐશ્વર્ય સહિત કોઈ પણ ઉપાયે તું લઈ લે. પરંતુ રાવણે કહ્યું કે જયેષ્ટ ભ્રાતા પિતા સમાન હોઇ એવી અમર્યાદા શી રીતે થાય? એ ઉપરથી પ્રહસ્તે તેની બુદ્ધિમાં મોહ ઉત્પન્ન કર્યો. એથી એની મનોવૃત્તિ બદલાઇ અને એણે પ્રહસ્તને જ દૂત કરી, વૈશ્રવણ પાસે લંકા માગવા મોકલ્યો. વૈશ્રવણ પિતાનું અનુમોદન લઇ તરત જ ત્યાંથી નીકળી હિમાલયના કૈલાસ નામના શિખર ઉપર જઇ રહ્યો. અહિં રાક્ષસોએ લંકામાં રાવણને રાજ્યાભિષેક કર્યો. (સ૦૧૧)

એકદા દશગ્રીવ પૃથ્વી ઉપર ફરતો હતો.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેને મયાસુર મળ્યો: તેણે આને પરાક્રમી જોઇ પોતાની કન્યા મંદોદરી આપી. અને એક શક્તિ પણ આપી. તેજ શક્તિ પાછળથી આણે યુદ્ધ વખતે વિભીષણને મારવા ફેંકતાં લક્ષ્મણને વાગી હતી. આનું લગ્ન થયું એ જ પ્રમાણે કુંભકર્ણ અને વિભીષણનાં લગ્ન થયાં એટલે શૂર્પણખાને વિદ્યુજ્જિવ્હ નામના રાક્ષસને પરણાવી. ( સ૦ ૧૨ ) પછી આણે કુંભકર્ણને નિદ્રા લેવાનું દુઃખ પડે છે એ જોઈ, બે યોજન લાંબી અને એક યોજન પહોળી એવી એક ગુફા એને તૈયાર કરાવી આપી. હવે એ એકલો જ સર્વત્ર ઘુમવા લાગ્યો; અને લોકોને અનેક પ્રકારે ત્રાસ આપવા મંડયો. આ સમાચાર વૈશ્રવણને ખબર પડતાં તેણે એક દૂત મોકલી તે દ્વારા તું લોકોને આમ ત્રાસ આપીશ નહિ એમ કહેવડાવ્યું. તે દૂતને રાવણે રાક્ષસો પાસે ભક્ષ કરાવી દીધો અને પોતે વૈશ્રવણ સાથે યુદ્ધ કરવા ગયો. ( સ૦ ૧૩ ).

રાક્ષસસૈન્ય સહિત રાવણે વૈશ્રવણ ઉપર ચડાઇ કરી. તેણે અલકાનગરીને ઘેરો ઘાલ્યો અને યક્ષોનો નાશ આરંભ્યો. વૈશ્રવણે પોતે જાતે યુદ્ધે ન આવતાં સંયોધકટક નામના યક્ષને રાવણ સાથે લડવા મોકલ્યો. પરંતુ રાવણે તેનો પરાભવ કરી, સૂર્યભાનુ નામના દ્વારપાળને ઠાર મારી નગરમાં પ્રવેશ કર્યો ( સ૦ ૧૪ ). તે ઉપરથી વૈશ્રવણે માણિચર અથવા માણિભદ્રને દશગ્રીવ સામો લડવા મોકલ્યો. તેને રાવણે મૂર્છિત કર્યો એવું સાંભળી, શુક્ર, પ્રૌષ્ઠપદ ઇત્યાદિ મંત્રીઓને લઇ સ્વતઃ કુબેર રાવણ સંમુખ આવ્યા ને તેને અનેક પ્રકારે ધર્મોપદેશ કરવા લાગ્યા. તેમનો આણે અનાદર કરી, પોતે ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર હતો એટલે બીજે રૂપે વૈશ્રવણ સાથે યુદ્ધ માંડયું. તેમાં વૈશ્રવણનો પરાજય કરી, પુષ્પક વિમાનનું હરણ કરી લંકા ગયો. ( સ૦ ૧૫ ).

એક વેળા પુષ્પક વિમાનમાં બેસી, રાવણ ફરતો ફરતો મહાદેવના કૈલાસ પર્વતપરના શરવણ વન સમીપ ગયો. તે વનમાં પ્રવેશ કરવાથી સ્ત્રીત્વ પ્રાપ્ત થાય છે એવી તેને ખબર હોવાથી ત્યાં જ ઉભો રહ્યો. વનની બહારના પ્રદેશમાં ઉભો હતો ત્યાં એણે એકાએક નંદીને જોયો. તેનું વાનર જેવું મુખ અને ટુંકડા હાથ જોઇ રાવણે ઉપહાસ ભર્યું હાસ્ય કર્યું. એથી નંદીએ એને શ્રાપ્યો કે તારો વાનરો જ નાશ કરશે. આ નંદીએ દીધેલા શ્રાપથી રાવણ ક્રોધે ભરાયો ને કૈલાસ શિખર ઉચકવાનો પ્રયત્ન કરવા લાગ્યો. મહાદેવને આ વાત ખબર પડવાથી તેમણે પોતાની અલૌકિક શક્તિ વડે શિખરને દબાવ્યું તેથી રાવણના હાથ પર્વત તળે ચગદાયાથી તે મોટી બુમો પાડવા લાગ્યો. છેવટે નિરુપાય થઇ, સામ ગાયન વડે તેણે શિવનું સ્તવન હજાર વર્ષ સુધી કર્યું. આ સ્તવન વડે દિશાઓ ગુંજી રહી, તેથી મહાદેવે આનું નામ રાવણ પાડયું. અને સ્તવનથી સંતુષ્ટ થઇ ચંદ્રહાસ નામનું ખડ્ગ આપી, તેને ત્યાંથી મુક્ત કર્યો, એટલે તે લંકા પાછો આવ્યો. (સ૦ ૧૬).

પછી આને વેદવતીનો શાપ થયો. (વેદવતી શબ્દ જુઓ ). તે પછી મરુત્તરાજાનો યજ્ઞ ચાલતો હતો ત્યાં આ યુદ્ધ કરવા ગયો. એને આવેલો જોઇ તે યજ્ઞમાંથી ઉઠવા લાગ્યો પણ સંવર્તે એને ઉઠવા દીધો નહિ; એ જોઇ રાવણને લાગ્યું કે મરુત્ત રાજા મારાથી બ્હી ગયો; એટલે મેં મરુત્તને જીત્યો એવી ગર્જના કરી તે લંકા પાછો આવ્યો. (વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૧૮ ). રાવણે સર્વત્ર જઈ અનેક રાજાઓને જીત્યા; પરંતુ સૂર્યવંશોત્પન્ન અનરણ્ય રાજા સાથે આને યુદ્ધ થયું તેમાં એ રાજાએ આને શાપ દીધો. (સ૦ ૧૯).

એક વેળા નારદે રાવણને કહ્યું કે તું યમને જીતે ત્યારે ખરો બળવાન કહેવાય. તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપરથી તે યમ તરફ ગયો અને તેની સાથે સાત અહોરાત્ર યુદ્ધ કર્યું. તેમાં યમ પોતાનું ઘોર રૂપ પ્રકટ કરી જેવો તેને કાળદંડથી મારવા જાય છે તેવી જ તેણે બ્રહ્મદેવની ભવિષ્ય વાણી કહી સંભળાવી. આ સાંભળી યમ એકાએક રાવણ સમક્ષ અંતર્ધાન પામ્યો. પરંતુ રાવણ તે મારાથી બીન્યો એમ જાણી, જયઘોષ કરતો લંકા પાછો આવ્યો. ( સ૦ ૨૦–૨૨ ).

આ પછી રાવણે પાતાળમાંના નાગોને જીત્યા, અને મણિપુરમાં એક વર્ષ સુધી નિવાતકવચ સાથે યુદ્ધ કર્યું પણ જય થતો નથી જોઈ, તેની સાથે સખ્ય કર્યું. તે પછી અશ્મનગરના કાલકેય સાથે આને યુદ્ધ થયું. તેમાં શૂર્પણખાનો પતિ વિદ્યુજ્જિવ્હ આને હાથે મરાયો. પછી વરુણ લોકમાં આ ગયો પણ ત્યાં વરુણ ન હોવાથી તેના સેનાપતિએ હું હાર્યો એમ કહેવાથી, આ લંકા પાછો આવ્યો. ( વા૦ રા૦ ઉ૦ સ૦ ૨૩ ), એકદા રાવણ બલી પાસે પાતાળમાં ગયો ને બલીને કહેવા લાગ્યો કે મેં સાંભળ્યું છે કે તને વિષ્ણુએ બાંધ્યો છે, તે ઉપરથી તને છોડાવવા હું અહીં આવ્યો છું. એ વિષ્ણુ મને બતાવ એટલે હું તેની સાથે યુદ્ધ કરી તને છોડાવું. રાવણનું આ બોલવું સાંભળી, બલીએ હિરણ્યકશિપુના કાનનું એક કુંડળ કહાડી તેને દેખાડી કહ્યું કે તું આને ઉચક. રાવણ તે ઉચકવા જતાં થોડું ઉંચું થયું ને લાગલો જ તે પોતે પડી ગયો. ત્યારે બલીએ તે કુંડળ ઉચકી લઇ તેને કહ્યું કે આવાં કુંડળ કાને પહેરનાર જે હિરણ્યકશિપુ તેને વિષ્ણુએ માર્યો તો તું તેની સાથે યુદ્ધમાં શી રીતે ટક્કર ઝીલીશ ? તો પણ જો તારી યુદ્ધ કરવાની ઇચ્છા હોય તો મારા મહાદ્વારપર જે પુરુષ ઉભો છે તે જ વિષ્ણુ છે. જા તેની સાથે યુદ્ધ કર. આથી રાવણ લજ્જિત થઇ લંકા પાછો ફર્યો. ( પ્રક્ષિપ્ત સ૦ ૧ ).

રાવણ જ્યારે જ્યારે વિહાર કરવા નીકળે ત્યારે દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ ઇત્યાદિમાંથી જેની જેની સુંદર કન્યા તેની દૃષ્ટિએ પડે તેને પકડી પુષ્પક વિમાનમાં બેસાડી લંકામાં લાવી રાખે. એ પ્રમાણે એણે કાંઇ સેંકડો કન્યા આણી રાખી હતી, તે બધી એને શાપતી હતી. એકદા શૂર્પણખાએ આવી પોતાના સ્વામીને એણે માર્યો, તેને માટે તેની અતિશય નિર્ભર્ત્સના કરી. આ ઉપરથી રાવણે ચૌદહજાર રાક્ષસો અને ખર રાક્ષસ તેની સહાય્યમાં આપી, તેને દંડકારણ્યનું રાજ્ય આપી, સંતુષ્ટ કરી વિદાય કરી. (વા૦ રા૦ ઉ૦ સ૦ ૨૪).

રાવણને મંદોદરીથી પ્રથમ જ મેઘનાદ નામનો પુત્ર થયો. ( ઇંદ્રજિત્ શબ્દ જુઓ ) કેટલાક વખત પછી મધુરાક્ષસ રાવણની માશીની દીકરી કુંભનસીને લંકામાંથી ચોરી લઇ જઇ પરણ્યો; તેથી ક્રોધે ભરાઇ આ તેની સાથે યુદ્ધ કરવા ગયો, પણ કુંભનસીએ વચ્ચે પડી પ્રાર્થના કરી યુદ્ધ થવા દીધું નહિ, એટલે તેની સાથે સંખ્ય થયું ( સ૦ ૨૫ ).

પછી આણે રમ્ભા નામની અપ્સરા ઉપર બળાત્કાર કર્યો. તે ઉપરથી નલકુબેરનો આને શાપ થયો કે હવે પછી જો રાવણ કોઇ જેને કામેચ્છા નથી એવી સ્ત્રીપર બળાત્કાર કરે તો તેનું મસ્તક સપ્તધા ભાગી પડજો. ( સ૦ ૨૬ ).

**शप्तो ह्येष पूरा पापो वधूं रम्भां परामृशन् ।**
**न शक्नोत्यवशां नारीमुपैतुमजितेन्द्रियः॥ ६१॥**
( ભાર૦ વન૦ અ૦ ૨૮૧ )

એક વેળા રાવણ ઇંદ્ર સાથે યુદ્ધ કરવા ગયો હતો, તેમાં એના આજા સુમાલીને સાવિત્ર નામના વસુએ માર્યો. એ ઉપરથી મેઘનાદે આગળ આવી, દેવો સાથે ઘોર યુદ્ધ કરી, ઇંદ્રને બાંધી લંકા આણ્યો. ( સ૦ ૨૯–૩૦ ) તે પછી એક વેળા રાવણ સહસ્રાર્જુન પાસે ગયો, તો તે નર્મદા ઉપર ગયો છે એવું સાંભળી એ ત્યાં ગયો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને મધ્યાન્હકાળ થયો હતો એટલે સ્નાન કરી શિવાલગની અર્ચના કરવા બેઠો. ( સ૦ ૩૧ ). એટલામાં નર્મદાનાં પાણી વધ્યાં ને એ લગભગ બુડવા જેવો થયો તોપણ પુજા સમાપ્ત થયાં પહેલાં એ ઉઠયો નહિ. પૂજા સમાપ્ત કરી રહ્યા પછી પાણી કેમ વધ્યાં તેની તલાસ કરતાં તેને જણાયું કે નદીના નીચાણમાં સહસ્રાર્જુન ક્રીડા કરે છે. એ ઉપરથી એ ત્યાં ગયો ને ત્યાં જતાં જ બન્ને વચ્ચે યુદ્ધ થયું. તેમાં સહસ્રાર્જુન રાવણને બાંધી માહીષ્મતી લઇ ગયો. ત્યાંથી પુલસ્ત્ય ઋષિએ એને છોડવી લંકા પાછો આણ્યો. ( સ૦ ૩૨-૩૩ ). આ જ પ્રમાણે વાલીએ પણ એને પકડી કિષ્કિંધા લઈ જઈ અંગદના પારણા પર લટકાવ્યો હતો, ત્યાંથી પણ પુલસ્ત્યે જ ફરી છોડાવ્યો. ( સ૦ ૩૪ ) પછી રાવણનું શ્વેતદ્વીપમાં ગમન અને ત્યાં થએલો તેનો ઉપહાસ. ( પ્રક્ષિપ્ત સ૦ ૫ ).

આવી રીતે ઘણો કાળ જતાં, ચાલુ મન્વન્તરની ચોવીસમી ચોકડીમાં સૂર્યવંશી દશરથ રાજાને ત્યાં તેની કૌસલ્યા નામની સહુથી મોટી સ્ત્રીને ઉદરે અયોધ્યામાં વિષ્ણુના અંશ રામચંદ્ર જન્મ્યા; અને પિતાની આજ્ઞાને લીધે તેમને, લક્ષ્મણ અને સીતા સહિત દંડકારણ્યમાં થઇને પંચવટીમાં રહેવાનું થયું. એ વર્તમાન રાવણને પ્રથમ અકંપન રાક્ષસે જણાવ્યા. ( વા૦ રા૦ અરણ્ય૦ સ૦ ૩૧ ). પછી શૂર્પણખા વિરૂપ થવાથી અને તે જ નિમિત્તે ખરાદિનો વધ થતાં, તેણે પણ સીતાનું સૌંદર્ય અને આ લોકો અહીં છે એ જ વૃત્તાંત રાવણને આવી જણાવ્યો. એથી આ ક્રોધે ભરાઇ મારીચને સાથે લઇ પંચવટી ગયો, અને સીતાનું હરણ કરી તેને લંકા લાવીને રાખી. ( ૧ ખર; ૪ મારીચ, અને પંચવટી શબ્દ જુઓ ). સીતાને લઇને જતાં, તેના નિમિત્તે આનું અને જટાયુનું યુદ્ધ થયું. ( જટાયુ શબ્દ જુઓ ). રાવણ સીતાને લઇ લંકા જતો હતો ત્યારે સીતાએ પોતાના અલંકાર ઉત્તરીય વસ્ત્રમાં બાંધી ઋષ્યમૂક પર્વત પર બેઠેલા પાંચ વાનરો તરફ ફેંકી દીધા; રાવણે તેમને લંકામાં અશોક વનમાં લઇ જઇ રાખ્યાં. ( વા૦ રા૦ અર૦ સ૦ ૫૪ ). પછી સીતા પોતાને વશ થાય એ અર્થનું એનું બોલવું ને તેથી સીતાએ કરેલી એની નિર્ભર્ત્સના. ( સ૦ ૫૫-૫૬ ).

પછી સીતાની શોધ કરવા મારુતિ લંકા આવી અશોક વનમાં બેઠા છે એટલામાં રાવણ ત્યાં આવ્યો, અને સીતા સાથે પૂર્વવત જ બોલવા લાગ્યો; પરંતુ સીતાએ તેનો અતિશય ધિક્કાર કરવાથી તે સીતાને મારી નાંખવા પ્રવૃત્ત થયો. પરંતુ ધાન્યમાલિની રાવણનું સાંત્વન કરી તેને લંકા લઇ ગઈ. ( વા૦ રા૦ સુંદર૦ સ૦ ૧૮-૨૨ ). બીજે દિવસે રાવણને કોઇએ એવા સમાચાર કહ્યા કે કોઇ એક વાનરે આવીને અશોકવનનો ભંગ કર્યો અને તે માંહ્યલા મહેલના રક્ષકોને મારી નાખી મહેલનો પણ નાશ કર્યો. તે ઉપરથી એણે કેટલાક રાક્ષસો મોકલ્યા તેને મારુતિએ મારી નાંખ્યા સાંભળી ઇંદ્રજિત્ આવ્યો, તે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરી મારુતિને બાંધી લંકા લઈ ગયો. ( વા૦ રા૦ સુંદર૦ સ૦ ૪૨-૪૮ ). પછી રાવણ સાથે તેમનું બોલવું અને કિષ્કિંધા પાછું જવું તે સંબંધી હનુમાન શબ્દ જુઓ. લંકા બાળી મારુતિ ગયા પછી રાવણસભામાં મસલત ( વા૦ રા૦ યુદ્ધ૦ ૬-૭ ), તેમાં વજ્રદંષ્ટ્રે એવી યુક્તિ બતાવી કે રાક્ષસોને મનુષ્ય વેશ ધારણ કરાવી રામ પાસે મોકલી. તેઓ એવું કહે કે અમને ભરતે તમારી સહાય કરવા મોકલ્યા છે એવું કહી વાનર સેના રામથી દૂર કરાવડાવી, સંધિ જોઈ રામનો વધ કરવો. આ યુક્તિ સર્વને પસંદ પડવાથી બધા રાક્ષસો આનંદથી કુદવા લાગ્યા. એ જોઇ વિભીષણે ગુસ્સે થઇ બધાને પોતપોતાને સ્થળે બેસાડયા અને રાવણને પુષ્કળ બોધ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કર્યો. એ ઉપરથી રાવણે સભા વિસર્જન કરી અને બધાને ઘેર જવાની આજ્ઞા આપી. (સ૦ ૮-૧૦). તે પછી રાવણને કુંભકર્ણનો ઉપદેશ (સ૦ ૧૦). તે પછી રામ તે કોણ અને એમનું સામર્થ્ય કેવું છે ઇત્યાદિ વર્ણન કરી વિભીષણે રાવણને ફરીથી બોધ કર્યો. (સ૦ ૧૪). તે ઉપર ઈન્દ્રજિતે ભાષણ કર્યું તેનું કુંભકર્ણે કરેલું ખંડન. (સ૦ ૧૫) છેવટે રાવણે વિભીષણનો અતિશય ધિક્કાર કર્યો તેથી તે રામને શરણે ગયો. (સ૦ ૧૬).

રાવણે શુક રાક્ષસને મોકલી રામના સૈન્યની સંખ્યાની ભાળ મેળવી, અને તું રામને છોડી પાછો તારે દેશ જા એવો સંદેશો સુગ્રીવને પણ મોકલ્યો. (સ૦ ૨૦). રામના સૈન્ય સાથે સુવેલાચળ પાસે ઉતર્યા પછી શુક સારણને લઇ રાવણ ઉંચા મહેલ પર ચડયો એટલે, તેમણે, પ્રત્યેક વાનર, તેમનું પરાક્રમ અને તે કેટલી સેનાનો અધિપતિ ઈત્યાદિ સર્વ હકીકતથી તેને વાકેફ કર્યો. (વા૦ રા૦ યુદ્ધ૦ ૨૬-૨૮). પછી રાવણે વિદ્યુજ્જિહ્‌વ પ્રધાનની સહાય વડે રામનું માયામય શિર અને ધનુષ્ય બનાવડાવી સીતા પાસે લઇ જઈ દેખાડી તેનો છળ કરવાનો પ્રયત્ન કર્યો પણ તે વશ થયાં નહિ. (સ૦ ૩૧-૩૨). તે જાણી, રાવણના આજા માલ્યવાન્ રાક્ષસે તેને શીખામણ દીધી પણ તેનો રાવણે ધિક્કાર કર્યો. (સ૦ ૩૫). તે પછી રાવણે નીચે પ્રમાણે યુદ્ધની તૈયારી કરીઃ-લંકાના પૂર્વદ્વાર પર પ્રહસ્ત, દક્ષિણ દ્વારપર મહાપાર્શ્વ અને અને પશ્ચિમ દ્વારપર ઇંદ્રજિત અને મધ્ય ભાગમાં વિરૂપાક્ષ એ પ્રમાણે અસંખ્ય સેના સહિત આ વીરોને રાખી પોતે શુક સારણ અને મોટી સેના સહિત ઉત્તર દ્વારપર રહ્યો. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૩૬).

યુદ્ધનો આરંભ થયો એટલે પ્રથમ દિવસે ઇંદ્રજિતે લાખો વાનરોને મૂર્છા પમાડયા, અને રામ લક્ષ્મણને નાગપાશથી બાંધી મૂર્છા પમાડી પોતે લંકા ગયો. એ જોઈ રાવણને ઘણો આનંદ થયો અને તેણે સીતાને પુષ્પક વિમાનમાં બેસાડી, ત્રિજટા પાસે એ લોકોની શી અવસ્થા થઇ છે તે દેખડાવડાવ્યું. (સ૦ ૪૬-૪૭). બીજે દિવસે રામને પૂર્વવત જ સ્વસ્થ જોઇ રાવણે, ધૂમ્રાક્ષ, વજ્રદંષ્ટ્ર, અકંપન, પ્રહસ્ત ઇત્યાદિ રાક્ષસોને મોટાં સૈન્ય આપી રામ તરફ મોકલ્યા; પરંતુ તે સઘળા ત્યાં જઇ યુદ્ધ કરી મરણ પામ્યા (સ૦ ૫૧-૫૭). યુદ્ધને છટ્ઠે દિવસે રાવણ પોતે યુધ્ધે ચડયો અને પરાભવ પામી પાછો ફર્યો. (સ૦ ૫૯). સાતમે દિવસે રાવણ સભામાં બેસી હવે શું કરવું તેનો વિચાર કરવા લાગ્યો, ત્યાં તેને અનરણ્ય રાજા, વેદવતી, નંદી ઇત્યાદિના શાપ એકદમ સાંભરી આવ્યા, અને નરવાનરોને હાથે મરણનો પ્રસંગ આવી પહોંચ્યો જણાયો, તે ઉપરથી કુંભકર્ણ ઉંઘતો હતો તેને જાગૃત કરવા તેણે રાક્ષસોને મોકલ્યા. (સ૦ ૬૦). જાગૃત થઇ તે સભામાં આવ્યો, અને તેને અને રાવણને કાંઇ વાતચિત થયા પછી તે યુધ્ધે ચડયો ને મરણ પામ્યો. (કુંભકર્ણ શબ્દ જુઓ).

કુંભકર્ણ મરણ પામતાં, વિભીષણ આદિએ દીધેલી શીખામણનું રાવણને સ્મરણ થતાં તેને અનિવાર દુઃખ થયું. (સ૦ ૬૮) એ જોઇ દેવાંતક, નરાંતક, ત્રિશિરા અને અતિકાય એ ચારે પુત્રો મહોદર વિગેરેને સાથે લઇ રાવણનું સાંત્વન કરી યુધ્ધે ચડયા. (સ૦ ૬૯) અને સઘળા યુદ્ધ કરી મરણ પામ્યા. (સ૦ ૭૨) હવે ઇંદ્રજિત યુધ્ધે ચડયો, અને એક પ્રહરમાં રામસેનામાંના સડસઠ કોટિ વાનરોને મારી લંકા પાછો ગયો. એ જોઇ રાવણને આનંદ થયો અને તેણે પુનઃ કુંભ અને નિકુંભને અસંખ્ય સેના આપી યુદ્ધ કરવા મોકલ્યા, પરંતુ તેમને જય ન મળતાં તે સર્વ મરણ પામ્યા. (સ૦ ૭૩-૭૫). તે પછી મકરાક્ષે યુદ્ધ માંડયું ને તે પણ મરાયો. (સ૦ ૭૮) નિરુપાય થઈ હવે યુધ્ધે કોને મોકલવો એના વિચારમાં રાવણ પડયો હતો એટલામાં ઇંદ્ર-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જિતે આગળ આવી કહ્યું કે આપ લગિરે ફીકર કરશો નહિં, હવે હું જ યુદ્ધ કરવા જાઉં છું. એવું કહી તે યુદ્ધ કરવા ગયો ને લક્ષ્મણને હાથે મરાયો. ( ૧. ઇંદ્રજિત શબ્દ જુઓ ).

ઇંદ્રજિતનું મરણ સાંભળી રાવણને શોકની પરાકાષ્ટા થઇ અને ક્રોધે ભરાઇ હાથમાં ખડ્ગ લઇ સીતાનો વધ કરવા નિકળ્યો. પરંતુ અવિંધ્ય નામના સચિવે આપ સરખાએ સ્ત્રીવધ કરવો શોભે નહિં ઇત્યાદિ કહી અનેક રીતે સાંત્વન કરી રાવણને પાછો ફેરવ્યો. ( સ૦ ૯૩ ) હવે રાવણે લંકા માંહેલું સઘળું સૈન્ય યુદ્ધભૂમિ પર મોકલ્યું. તેમાંના ઘણા ખરા રાક્ષસો મરાયા એથી લંકામાં ઘેર ઘેર રાક્ષસોમાં ઘણો જ શોક વ્યાપી રહ્યો. ( સ૦ ૯૪-૯૫ )

આ પ્રમાણે પુત્રો, બાંધવોનો નાશ થયો, અને અસંખ્ય સૈન્ય પણ મરણ પામ્યું તો પણ રાવણની જીવિતાશા છુટતી નથી, અને તેથી જ તે શુક્રાચાર્ય પાસે જઇ વિનંતિ કરવા લાગ્યો કે આપ મારા ગુરુ ને મારો આમ પરાજય થાય તે આપને યોગ્ય લાગે છે ? એ ઉપરથી શુક્રાચાર્યે એને એક મંત્ર આપ્યો અને કહ્યું કે જો આ મંત્રનો જપ તેમ જ હોમ નિર્વિઘ્ને સિદ્ધ થશે તો તું વિજયી થઇશ. આ સાંભળી રાવણને ઘણો હર્ષ થયો, અને આચાર્યને વંદન કરી લંકામાં ગુપ્ત સ્થળે અનુષ્ઠાન કરવા બેઠો. આ ખબર વિભીષણને પડતાં જ તેણે રામચંદ્રને કહી અંગદ આદિ વાનરોને ત્યાં મોકલ્યા. તેમણે સરમાના ( વિભીષણની સ્ત્રી ) કહેલા સંકેત પ્રમાણે ત્યાં જઇ રાવણના કાર્યમાં વિઘ્ન નાંખવા માંડ્યું. પરંતુ રાવણ આસન છોડી ઉઠે નહિં. એટલે અંગદ અંતઃપુરમાં ગયો અને ત્યાંથી મંદોદરીને બહાર ઘસડી આણી રાવણ સમક્ષ તેને હેરાન કરવા લાગ્યો. મંદોદરીનું અતિશય આક્રંદ સાંભળી રાવણે આસન છોડયું એટલે અંગદ આદિ ત્યાંથી પલાયન થઈ ગયા. પછી મંદોદરીનું સાંત્વન કરી, તે યુદ્ધ કરવા નિકળ્યો. (અધ્યાત્મરા૦ યુદ્ધ૦ સ૦ ૧૦) યુધ્ધે જતી વખતે લંકામાં જેટલું સૈન્ય રહ્યું હતું તે બધું, તેમ જ બધા પ્રધાનોને સાથે લઇ તે રામ સંમુખ આવ્યો, અને રામ સાથે દારુણ યુદ્ધ કર્યું, પરંતુ તેમાં રામને કાંઇએ વ્યથા ન થતાં તેમને હાથે રાવણનું મૃત્યુ થયું. ( ૨. રામ શબ્દ જુઓ ) રાવણ મરણ પામ્યો ત્યારે ચૌદમી ચોકડીનો આરંભ થયો હતો. અગિઆરમી ચોકડીમાં તેનો જન્મ અને ચોવીસમી ચોકડીમાં તેનું મરણ થયું હતું.

રાવણના શરીરની આકૃતિ પ્રચંડ હતી તોપણ કુંભકરણ જેટલી તો નહિં જ. જન્મથી જ તેને દસ મુખ અને વીસ ભુજ હતા. તોપણ એ કામરૂપધર હોવાથી જ્યારે જોઇએ ત્યારે ધારે એ રૂપ ધારણ કરતો. તેના શરીરનો રંગ તદન કાળો હોવાથી એ સ્વાભાવિક રીતે જ ભયંકર દેખાતો. જો કે શિવમાં એને ઘણી નિષ્ઠા હતી તોપણ અભિચાર કર્મમાં તેની બુદ્ધિ રત હોવાથી એ ભક્તિથી એને નિવૃત્તિ મળી નહિ. એને વેદ બહુ સરસ આવડતા હશે એવું જણાય છે, કારણ એના સમય પહેલાં વેદના અધ્યાય જેવા ભાગ નહોતા તેથી અમુક પ્રકરણ કયાંથી કયાં સુધી, તેનો નિર્ણય કરવું મુશ્કેલ પડતું. તે દૂર કરવા રાવણે ચારે વેદના અધ્યાય પ્રમાણે ખંડ બાંધ્યા. તે ઉપરાંત બ્રાહ્મણો વેદનાં પદો ભણે છે, તે પણ આણે જ પાડેલાં. તેમ જ અધ્યયનમાં ભુલ ન થાય માટે ક્રમ, ઘન અને જટાની યોજના પણ આની જ કલ્પનામાંથી ઉદ્દભવ્યાં હશે એમ જણાય છે.

**રાવણિ.** રાવણના સઘળા પુત્રોને કહેવાતું નામ. પરંતુ વિશેષે કરીને ઇંદ્રજીતને કહેવાની રૂઢી છે.

**રાૠ.** સોમવંશી આયુ રાજાના પુત્ર ક્ષત્રવૃદ્ધના સુહોત્ર નામના પુત્રનો પૌત્ર અને કાશિ નામના રાજાનો પુત્ર તે. આનો પુત્ર દીર્ઘતમા રાજા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**રાષ્ટ્રપાલ.** નહુષકુલોત્પન્ન યદુવંશમાંના સાત્વત-કુળમાં જન્મેલા ઉગ્રસેન રાજાના નવ પુત્રોમાંનો એક. કંસનો નાનો ભાઇ.

**રાષ્ટ્રપાલિકા.** ઉગ્રસેન રાજાની કન્યાઓમાંની એક.

**રાષ્ટ્રપાલિ.** ઉપલો શબ્દ જુઓ.

**રાષ્ટ્રપિંડી.** એક બ્રહ્મર્ષિ. ( ૩ અંગિરા શબ્દ જુઓ. )

**રાષ્ટ્રભૃત્.** પ્રિયવ્રતવંશના ઋષભદેવના પુત્ર ભરતના પાંચ પુત્રોમાંનો બીજો.

**રાષ્ટ્રવર્ધન.** દશરથ રાજાના આઠ પ્રધાનમાંનો જે અર્થસાધક પ્રધાન તેનું જ બીજું નામ.

**રાહુ.** કશ્યપ ઋષિથી સિંહિકાને થએલા પુત્રોમાંનો એક. આ પ્રસ્તુત મન્વંતરમાં આકાશ મધ્યે, સૂર્યમંડળની ઉપર અને ચંદ્રમંડળની નીચે આવેલા ( તામસ ) અંધકારયુકત રાહુમંડળનો અધિપતિ હોઇ તેનું મંડળ સૂર્યમંડળની ગતી પ્રમાણે ફરે છે.

**રાહુકર્ણિ.** એક. બ્રહ્મર્ષિ. ( ૩. અંગિરા શબ્દ જુઓ. )

**રાહૂગણ.** ગૌતમાંગિરસમાંનું એક કુળ. ( ૩. અંગિરા શબ્દ જુઓ. )

**રાજ્ઞી.** થઇ ગએલા પાંચમા રૈવત મનુની કન્યા. વિવસ્વાન્ આદિત્યની ત્રણ સ્ત્રીઓમાંની બીજી.

**રિટિ.** એક રુદ્રગણ.

**રિપુ.** સોમવંશી આયુકુલોત્પન્ન યદુરાજાના ચાર પુત્રોમાંનો કનિષ્ઠ.

**રિપુંજય.** ધ્રુવપુત્ર શિષ્ટને સુચ્છાયાથી થએલા ચાર પુત્રોમાંનો એક.

**રિપુંજય (૨).** સોમવંશી પૂરુકુલોત્પન્ન હસ્તિ રાજાના બે પુત્રોમાંના દેવમીઢવંશના સુવીર રાજાનો પુત્ર. આનો પુત્ર બહુરથ.

**રિપુંજય (૩).** સોમવંશી પૂરુકુલોત્પન્ન હસ્તિ-રાજાના પુત્ર અજમીઢના વંશના સુધનુકુલોત્પન્ન જરાસંધ વંશમાંના છેલ્લા રાજા વિશ્વજિત રાજાનો પુત્ર. પુરંજય એવું આનું જ નામાંતર હતું. આ રાજાને તેના શુનક નામના પ્રધાને મારી પોતાના પ્રદ્યોત નામના પુત્રને રાજા કર્યો. રિપુંજયથી પૂરુકુળના ઔરસ વંશનો અંત આવ્યો. ઉપર કહેલા પ્રદ્યોતના વંશમાં ૧૩૮ વર્ષ રાજ્ય રહ્યું. પછી તે વંશનો એ અંત આવતાં, શિશુનાગ નામના રાજાઓએ ૩૬૦ વર્ષ રાજ્ય કર્યું. અને તેનો એ અંત આવતાં મૌર્યવંશજોએ ૧૩૭ વર્ષ રાજ્ય કર્યું. તે પછી શૌંગ રાજાઓએ ૧૧૨ વર્ષ અને કાણ્વાયન રાજાઓએ ૩૪૫ વર્ષ રાજ્ય કર્યા પછી તેમના અંત પછી શૂદ્ર રાજાઓ થયા. ( ભાગ૦ ૧૨ સ્કં. )

**રિષ્ટ.** એક ક્ષત્રિય. ( સ. ૮-૧૫ )

**રુક્મ.** સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના રુચક રાજાના પાંચ પુત્રોમાંનો બીજો.

**રુક્મક.** વૈશ્વદેવકર્મોમાંના અગ્નિનું નામ.

**રુક્મકવચ.** સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના રુચક રાજાના પાંચ પુત્રોમાંનો ત્રીજો.

**રુક્મકેશ.** વિદર્ભદેશાધિપતિ ભીષ્મક રાજાના પાંચ પુત્રોમાંનો ચોથો.

**રુક્મબાહુ.** વિદર્ભદેશાધિપતિ ભીષ્મક રાજાના પાંચ પુત્રોમાંનો ત્રીજો.

**રુક્મમાલી.** વિદર્ભદેશાધિપતિ ભીષ્મક રાજાના પાંચ પુત્રોમાંનો પાંચમો.

**રુક્મરથ.** વિદર્ભદેશાધિપતિ ભીષ્મક રાજાના પાંચ પુત્રોમાંનો બીજો. દ્રૌપદીના સ્વયંવર સમયે આ પાંચાલપુરમાં હતો.

**રુક્મરથ (૨).** મદ્રદેશાધિપતિ શલ્યરાજાનો મોટો પુત્ર.

**बृहद्बलश्च कौसल्यो जयत्सेनश्च मागधः ।**
**तथा रुक्मरथो राजञ्शल्यपुत्रः प्रतापवान्॥४८॥**
( ભા૨૦ ભી૦ અ૦ ૪૭ ).

આ પોતાના સો ભાઇઓ સાથે કૌરવ પક્ષમાં હતો; તેને તેના ભાઇઓ સાથે અભિમન્યુએ માર્યો. ( ભા૨૦ દ્રોણ૦ અ૦ ૪૫ )

**રુક્મરથ (૩).** દ્રોણાચાર્ય તે જ. (દ્રો૦૨૩-૨૩)

**રુક્મવતી.** ભીષ્મક રાજાના પુત્ર રુક્મીની કન્યા. તેનું કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્ને હરણ કર્યું હતું. (૨ પ્રદ્યમ્ન શબ્દ. જુઓ )

**રુક્માંગદ.** એક પ્રાચીન ભગવદ્ ભક્ત રાજા. એ કીયા કુળનો તે મળી આવતું નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**રુક્માંગદ** (૨). શલ્યનો પુત્ર (આ૦૨૦૧-૧૪).

**રુક્માંગદ** (૩). દ્રૌપદી સ્વયંવરમાં ગએલા રાજાઓમાંનો એક.

रुक्माङ्गदेन वीरेण तथा रुक्मरथेन च ।
कौल्यः सोमदत्तश्च पुत्राश्चास्य महारथः॥१४॥
(ભાર૦ આદિ૦ અ૦ ૨૦૧).

**રુક્મિણી.** વિદર્ભાધિપતિ ભીષ્મક રાજાને લક્ષ્મીના અંશાવતાર રૂપે થએલી કન્યા. તેમને કૃષ્ણ પરણ્યા હતા. એ સંબંધે આ પ્રમાણે ઇતિહાસ મળે છે કે,-એ પરણવા યોગ્ય ઉમ્મરનાં થયાં હતાં. એવામાં એક વખત તેમના પિતાની પાસે રાજસભામાં બેઠાં હતાં ત્યારે કૃષ્ણના રૂપ, ગુણ, અને સામર્થ્યનું કોઈવર્ણન કરતું હતું, તે સાંભળી તેમણે કૃષ્ણને જ વરવાનો નિશ્ચય કર્યો. તેમનાં માતા, પિતા, તથા ચાર ભાઇઓને આ વાત રુચી. પરંતુ કૃષ્ણનો દ્વેષી હોવાથી તેમના મોટા ભાઈ રુક્મિને આ વાત રુચી નહિં. તેથી તેણે રુક્મિણીને શિશુપાલને પરણાવવાનો વિચાર કરી લગ્નની તૈયારીઓ કરવા માંડી. રુક્મિ કર્તા હર્તા હોવાથી તેના પિતાનું તેની આગળ કશું ચાલતું નહતું. આ પ્રમાણે પરિસ્થિતિ જોઈ રૂક્મિણીને ચિંતા થવા લાગી કે હવે શું કરવું? તેવામાં એક બ્રાહ્મણ એને મળી ગયો. તેની સાથે તેમણે કૃષ્ણને આ પ્રમાણે સંદેશો કહાવ્યો કે-" હે કૃષ્ણ! તમારા ગુણ શ્રવણ કરી મારૂં મન તમારામાં લાગ્યું છે. હું મારા મનથી તમને વરી છું અને આ દેહ તમને અર્પણ કર્યો છે. હવે તમારે પંચાનને (સિંહે) એવું કરવું કે, તમારી કહેવાયલી જે હું, તે મારા દેહને ચૈદ્ય, શિશુપાળ નામનો શૃગાલ સ્પર્શ કરે નહિ. લગ્નને આગલે દિવસે અંબિકાને દર્શને જવાનો અમારો કુળાચાર છે, એટલે હું ત્યાં જઈશ. તમે કૃપા કરી ત્યાં આવી, ચૈદ્ય માગધાદિને હરાવી, રાક્ષસ વિધીએ મારૂં હરણ કરજો. આટલાથી જો આપ નહિ આવો તો હું પ્રાણ ત્યાગ કરીશ, અને સેંકડો જન્મ ધારણ કરીને પણ તમને જ વરીશ, પણ શિશુપાલને સ્પર્શ કરીશ નહિં." આવો સંદેશો લઇ બ્રાહ્મણ કૃષ્ણ પાસે દ્વારકા ગયો ને તેમને સવિસ્તર હકીકત કહી સંભળાવી. તે સાંભળતાં જ કૃષ્ણ બ્રાહ્મણ સાથે રથારૂઢ થયા ને કુંડિનપુર ગયા. ત્યાં શિશુપાળ આવી પહોંચ્યો હતો; અને જરાસંધ, દંતવક્ર, વિદૂરથ, અને પૌંડ્રક વાસુદેવ ઇત્યાદિ અનેક રાજા લગ્નના સમારંભ માટે ભેગા મળ્યા હતા. અહીં દ્વારકામાં બળરામને કોઈ યાદવે સમાચાર કહ્યા કે કુંડિનપુરથી કોઇ બ્રાહ્મણ આવ્યો હતો તેણે કાંઇ સંદેશો કહ્યો; તેની સાથે કૃષ્ણ ત્યાં ગયા. તે ઉપરથી બળરામ મોટું સૈન્ય સાથે લઇ તેમની પાછળ પાછળ જ નીકળ્યા તે, જ્યાં કૃષ્ણ રુક્મિણીનું હરણ કરી જાય છે, ને ત્યાં ભેગા થયેલા રાજા કૃષ્ણને પકડવાનો પ્રયત્ન કરી રહ્યા છે, ત્યાં જઇ પહોંચ્યા. પછી યાદવોનું અને ભેગા મળેલા રાજાઓનું જબરૂં યુદ્ધ મચ્યું. તેમાં કૃષ્ણ બળરામે સર્વનો પરાભવ કર્યો અને રુક્મીને શિક્ષા કરી. (રુક્મી શબ્દ જુઓ) રુક્મિણીના પિતાએ લગ્ન સમારંભ ઉત્તમ પ્રકારે કરી યથાયોગ્ય વિવાહ વિધીથી રુક્મિણી કૃષ્ણને પરણાવ્યાં, અને તે કૃષ્ણ સાથે દ્વારકા ગયાં (ભાગ૦ દસમ૦ અ૦ ૫૨-૫૪).

રુક્મિણીને કૃષ્ણથી પ્રદ્યુમ્ન ઇત્યાદિ દસ પુત્ર અને ચારુમતી નામની એક કન્યા મળી અગીઆર સંતાન થયાં હતાં. કૃષ્ણની બધી સ્ત્રીઓમાં એ પટરાણી હતાં. કૃષ્ણ નિજધામ ગયા ત્યારે એમણે કૃષ્ણના દેહ સાથે સહગમન કર્યું.

रुक्मिणी त्वथ गान्धारी शैब्या हैमवतीत्यपि ।
देवी जांबवती चैव विविशुर्जातवेदसम् ॥७४॥
(ભાર૦ મૌસલપર્વ૦ અધ્યા૦ ૮).

**રુક્મી.** વિદર્ભ દેશના અધિપતિ ભીષ્મક રાજાના પાંચ પુત્રોમાં સહુથી મોટો. રુક્મિણીનો મોટો ભાઇ. આણે રુક્મિણીને તેની,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમ જ માતા પિતાની ઇચ્છા વિરુદ્ધ શિશુપાલને પરણાવવાનો વિચાર કર્યો. ત્યાં દ્વારકાથી કૃષ્ણે આવી રુકિમણીનું હરણ કર્યું. તે જોઇ ક્રોધે ભરાઇ, પોતે બોલાવેલા રાજાઓને સાથે લઇ, હું રુકિમણીને પાછી લઇ આવી તેનું લગ્ન શિશુપાળ સાથે કરીશ અને જો એમ ન કરી શકું તો કુંડિનપુરમાં પાછો નહિ જાઉં એવી પ્રતિજ્ઞા કરી, કૃષ્ણ સાથે યુદ્ધ કરવા નીકળ્યો. પછી કૃષ્ણનું ને એનું યુદ્ધ થયું તેમાં કૃષ્ણે એને પકડયો ને જેવું ખડ્ગ કહાડી તેનું માથું કાપી નાંખવા જાય છે, ત્યાં રથમાં બેઠેલાં રુકિમણી કૃષ્ણને પગે પડયાં ને ભાઇને છોડાવ્યો. પણ કૃષ્ણે તેને એમને એમ છોડી ન મુકતાં વિરૂપ કરીને છોડયો. પ્રતિજ્ઞા પ્રમાણે કુંડિનપુર ન જતાં, રુકમી બીજું જ એક ભોજકટ નામે નગર વસાવી ત્યાં રહ્યો. ( ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૫૨—૫૪)

પછી એણે કૃષ્ણથી બલાઢ્ય થવાની લાલસાથી, ગંધમાદન પર્વતપર રહેનાર કોઇ એક સામાન્ય માણસ પાસેથી ચતુષ્પાદ ધનુર્વેદ અને મહેન્દ્ર નામનું ધનુષ્ય મેળવ્યું. આને યોગે કરીને એ ઘણો બલાઢ્ય થઈ પડયો હતો. કેટલેક કાળે ભારતનું યુદ્ધ થતાં, તે વેળા, ઘણા ઘમંડ સાથે એક અક્ષોહિણી સૈન્ય લઇ, એ પ્રથમ પાંડવો પાસે આવ્યો અને અર્જુનને કહેવા લાગ્યો કે તું આ યુદ્ધથી બ્હીશ નહિ. હું કૌરવોને મારી તને રાજ્ય પર બેસાડીશ. અર્જુને તેને કહ્યું કે મને યુદ્ધનો લવલેશ પણ ભય નથી. તેમ જ મારે તારી સહાયની પણ ઇચ્છા નથી. તારે રહેવું હોય તો રહે, ને જવું હોય તો જા. આથી આ વિમનસ્ક થઇ દુર્યોધન પાસે ગયો, અને ત્યાં પણ ઉપર પ્રમાણે જ બોલ્યો. પરંતુ દુર્યોધને પણ તેનો અંગીકાર ન કર્યો, એટલે આ પોતાને નગરે પાછો આવ્યો.

प्रतिगृह्य तु तान्सर्वान्विश्रान्तः सहसैनिकः।
उवाच मध्ये वीराणां कुन्तीपुत्रं धनञ्जयम्
॥ २० ॥
सहायोस्मि स्थितो युद्धे यदि भीतोसि पाण्डव।
करिष्यामि रणे साह्यमसह्यं तव शत्रुभिः॥२१॥
नास्मि भीतो महाबाहो सहायार्थश्च नास्ति मे।
यथाकामं यथायोगं गच्छ वात्रैव तिष्ठ वा
॥ ३४ ॥
तच्छ्रुत्वा वचनं तस्य विजयस्य च धीमतः।
विनिवर्त्य ततो रुक्मी सेनां सागरसंनिभाम्।
दुर्योधनमुपागच्छत्तथैव भरतर्षभ ॥ ३५ ॥
तथैव चाभिगम्यैनमुवाच वसुधाधिपः।
प्रत्याख्यातश्च तेनापि स तदा शूरमानिना
॥ ३६ ॥

( ભારત૦ ઉદ્યોગ૦ અ૦ ૧૫૮ ).

આને એક રુક્મવતી નામની કન્યા હતી તે એણે રુકિમણીના પ્રીતીપાત્ર પુત્ર પ્રદ્યુમ્નને આપી હતી; અને એક પુત્ર હતો, પણ તેનું નામ ગ્રંથોમાંથી મળી આવતું નથી. તેના એ પુત્રની રોચના નામની કન્યા, પ્રદ્યુમ્ન પુત્ર અનિરુદ્ધને આપી હતી. એ વિવાહના સમારંભ વખતે કાંઇ કારણ ઉત્પન્ન થતાં બળરામે રુક્મીને મારી નાંખ્યો. ( ૨ રોચના શબ્દ જુઓ )

**રુક્મેષુ.** સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના રૂચક રાજાના પાંચ પુત્રોમાંનો ત્રીજો.

**રુચક.** સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન હરિશ્ચંદ્રના વંશના ભરુક રાજાનું બીજું નામ.

**રુચક (૨).** સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના કુશના રાજાનો પુત્ર. આને રુક્મકવચ પણ કહેતા હતા. આને પુરુજિત્, રુક્મ, રુક્મેષુ, પૃથુ અને જયામઘ એ નામના પાંચ પુત્રો હતા.

**રુચક (૩).** મેરુના કર્ણિકાપર્વતોમાંનો એક પર્વત.

**રુચિ.** એ નામનો એક પ્રજાપતિ. સ્વાયંભૂમનુએ આને પોતાની ત્રણ કન્યાઓમાંથી આકૃતી



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નામની કન્યા પુત્રિકા ધર્મે કરીને પરણાવી હતી. એટલે આણે યજ્ઞ અને દક્ષિણ એવું જે કન્યાપુત્રરૂપ જોળવું થયું તેમાંથી પુત્ર યજ્ઞ મનુને આપ્યો, અને દાક્ષણા નામની કન્યા મનુએ માગી એટલે તે જ યજ્ઞને પરણાવવા માટે આપી હતી.

यस्तयोः पुरुषः साक्षाद्विष्णुर्यज्ञस्वरुपधृक् ।
या स्त्री सा दक्षिणा भूतेरंशभूतानपायिनी ॥ ४ ॥
आनिन्ये स्वगृहं पुत्र्याः पुत्रं विततरोचिषम् ।
स्वायंभुवो मुदा युक्तो रुचिर्जग्राह दक्षिणाम् ॥ ५ ॥

(ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૧.)

**રુચિ (૨).** એક અપ્સરા. (ભા૦ અનુ૦ ૫૦-૪૭).

**રુચિ (૩).** દેવશર્માની ભાર્યા. ઇન્દ્ર એના પર મોહિત થઇને એને ભ્રષ્ટ કરવાને પ્રયત્ન કરતો હતો. તેનાથી એની રક્ષા કરવાનું દેવ શર્માએ પોતાના શિષ્ય વિપુલને સોંપી પોતે યજ્ઞ કરવામાં રોકાયો. શિષ્યે યોગબળે ગુરુ પત્નીના અંગે અંગમાં પ્રવેશ કરીને ઈન્દ્રને ભોંઠો પાડયો હતો. (ભાર૦ અનુ૦ ૭૫-૪૧,)

**રુચિપર્વા.** કૃતિ રાજાનો પુત્ર, દુર્યોધન પક્ષનો એક રાજા. એને સુપર્વાએ માર્યો હતો, (ભાર૦ દ્રો૦ ૨૬-૫૩.)

**રુચિરાશ્વ.** સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢપુત્ર બૃહદિષુના વંશના સેનજિત રાજાના ચાર પુત્રોમાંનો સહુથી મોટો.

**રુદ્ર.** પ્રસિદ્ધ અગિઆર રુદ્ર. એ ચાલુ મન્વન્તરમાંના સપ્તવિધ દેવોમાંના દેવ હતા. એમની ઉત્પત્તિ કોઈ ઠેકાણે સ્થાણુ નામના બ્રહ્મપુત્રથી, ને કોઈ ઠેકાણે ધર્મઋષિથી, એમ સંશયાત્મક લખેલી મળે છે. પણ અહીં ભારતને પ્રમાણભૂત માની તેમની ઉત્પત્તિ લખી છે. પ્રાયઃ જો કે એઓ ભૂત, રાક્ષસ વિગેરેના અધિપતિ ગણાય છે, તોપણ ભૂત વગેરેનું ખરૂં આધિપત્ય મુખ્યત્વે કરી નિર્ઋતિ નામના એક રુદ્રનું છે.

**રુદ્ર (૨).** સૃષ્ટિની ઉત્પત્તિ કરવા માટે બ્રહ્મદેવે ઉત્પન્ન કરેલા પ્રજાપતિ. એ સૃષ્ટિ કેમ ઉત્પન્ન કરૂં કહી રડવા લાગ્યા, માટે તેમનું રુદ્ર નામ પડયું. પછી સૃષ્ટિનો સ્તંભ એટલે સ્થાણુ એવું એ નામ પડયું. પુરાણમાં સ્થાણુ, રુદ્ર, અને શિવ એક જ કહી ગોટાળો કર્યો છે. પરંતુ શિવ કાંઇ રુદ્ર નથી; સ્તુતિ કરતાં અનેક નામોવડે શિવની સ્તુતિ કરાય છે, તેમાં આ નામ પણ આવી જાય છે, એટલું જ માત્ર.

**રુદ્રકર્ણ.** કાશીમાંનું સ્થાન

**રુદ્રકર્ણ (૨).** એક તીર્થ વિશેષ.

**રુદ્રકોટિ.** નર્મદા સંબંધી અમરકંટક પર્વત પરનું તીર્થ વિશેષ. (વ૦ ૮૦-૧૧૮).

**રુદ્રશરપ્રમોક્ષ.** ત્રિપુરવધ વખતે મહાદેવે જે સ્થળે ઉભા રહી ત્રિપુરપર બાણ છોડેલાં તે સ્થળ.

स ब्रह्मकोशं रजतालयं च शक्रालयं रुद्रशरप्रमोक्षम् ।
हयाननं ब्रह्मशिरश्च दीप्तं ददर्श वैवस्वतकिंकरांश्च ॥५५॥

(વા૦ રા૦ યુ૦ સર્ગ૦ ૭૪).

**રુદ્રશ્રેણ્ય.** ભદ્રસેનક રાજા તે જ.

**રુદ્રસર.** એક સરોવર.

**રુદ્રસાવર્ણિ.** હવે પછી થવાનો બારમો મનુ. આને લોકો ઋત પણ કહેશે. આને દેવવાન, ઉપદેવ, દેવશ્રેષ્ઠ ઇત્યાદિ પુત્રો થશે. સ્વર્ગમાં હરિતાદિક દેવ અને તેના સ્વામી ઋતધામા ઇંદ્ર થશે. તપસ્વી, તપોમૂર્તિ, આગ્નીધ્રક ઇત્યાદિ સપ્તર્ષિ થશે. અને સત્યસહાથી સૂનૃતાનિ કુખે સ્વધામા નામનો વિષ્ણુનો અવતાર થશે તે ઇંદ્રને સહાય કરશે.

भविता रुद्रसावर्णी राजन्द्वादशमो मनुः ॥ २६ ॥

(ભાગ૦ અષ્ટ૦ અધ્યા૦ ૧૩)

**રુદ્રસેન.** ભારત યુદ્ધમાં પાંડવપક્ષનો એક રાજા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

धृष्टद्युम्नः शिखण्डीच दौर्मुखिर्जनमेजयः ।
चंद्रसेनो रुद्रसेनः कीर्तिधर्मा ध्रुवो धरः
॥ ३८ ॥
( ભાર૦ દ્રોણ૦ અ૦ ૧૫૯ ).

**રુદ્રાણી.** પાર્વતી. (સ૦ ૧૧-૪૧)

**રુદ્રાણી.** (૨). પ્રત્યેક રુદ્રની જે શકિત તે.

**રુદ્રાવર્ત.** ભારતવર્ષીય ક્ષેત્ર વિશેષ.

**રુદ્રાવર્ત** (૨). તીર્થ વિશેષ.
( ભાર૦ વન૦ ૮૨-૩૭ ).

**રુદ્રાક્ષ.** સામવેદોપનિષત્.

**રુધિરાશન.** ખર રાક્ષસના બાર અમાત્યોમાંનો એક.

**રુધિરાક્ષ.** લવણાસુરનો મામો. (કુશ લવ શબ્દ જુઓ)

**રુમણ.** રામસેનામાંનો નામાંકિત વાનર.

**રુમણ્વાન્.** જમદગ્નિથી રેણુકાને થએલા પાંચ પુત્રોમાંનો જ્યેષ્ઠ પુત્ર, પરશુરામનો મોટો ભાઇ. સુષેણ, વસ્ક, વિશ્વાવસ્ક અને પરશુરામ એ એના ભાઇઓ હતા.
( ભાર૦ વ૦ ૧૧૭-૧૧ )

**રુમા.** તાર નામના વાનરની કન્યા; સુગ્રીવની સ્ત્રી.

**રુરુ.** અષ્ટ ભૈરવમાંનો બીજો.

**રુરુ.** (૨). ભૃગુકુલોત્પન્ન પ્રમતિ ઋષિથી, ઘૃતાચી અપ્સરાની કુખે થએલો પુત્ર. આ મોટો તપસ્વી અને વિદ્વાન હતો. સ્થૂલકેશ ઋષિએ પાળી પોષી મોટી કરેલી પ્રમદ્વરા નામની, કોઇ એક અપ્સરા આની સ્ત્રી હતી. એક વખત તે ઉંઘતી હતી ત્યારે સર્પદંશ થવાથી મરણ પામી. તેને, આણે પોતાના અર્ધા આયુષ્યનો સંકલ્પ કરી સજીવન કરી. ત્યારપછી સાપને દેખે ત્યાંથી મારે, એમ આ કરવા લાગ્યો. એ એકદા ડુંડુભ નામના એક સાપને મારતો હતો, એવામાં સાપને વાચા થઈ અને આને અનેક વાતો કહી કહ્યું કે અમારી જાત નિર્વિષ છે. માટે તું વિચાર કરીને સાપને મારજે. રુરુએ પૂછ્યું કે તારૂં મૂળ વૃતાંત શું છે તે કહે. ત્યારે ડુંડુભ બોલ્યો કે હું પૂર્વાવતારનો સહસ્રપાત નામનો ઋષિ છું. એક વેળા મારા મિત્રને મેં વસ્ત્રનો સાપ કરી બ્હીવડાવ્યો હતો. તેથી તેણે મને શાપ દીધો કે તું સર્પ થઈશ. મેં ઉશાપ માગ્યો ત્યારે તેણે કહ્યું કે રુરુ ઋષિના દર્શણવડે તારો એ યોનિમાંથી ઉદ્ધાર થશે. તે પ્રમાણે આજે મારો ઉદ્ધાર થયો છે. આટલું બોલી તે અદશ્ય થયો. રુરુના પુત્રનું નામ શુનક.

इत्युक्त्वान्तर्हिते योगोत्तस्मिनृषिवरे प्रभौ ।
संभ्रमाविष्टहृदयो रुरुर्मेने तदद्भुतम् ॥ ४ ॥
(ભાર૦ આદિ૦ અ૦૮-૨, ૫૮-૩૧)

**રુરુ** (૩). હિરણ્યાક્ષના વંશમાંનો એક અસુર. આનો પુત્ર દુર્ગમાસુર.

**રુશદ્રથ.** સોમવંશી અનુકુલોત્પન્ન તિતિક્ષુ રાજાનો પુત્ર. આના પુત્રો હેમ અને સેન.

**રુશેક.** સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના શ્વાહિ નામના પૌત્રનો પુત્ર. આનો પુત્ર ચિત્રરથ.

**રુષંગુ.** એક ઋષિ. (ભાર૦ શલ્ય પર્વ ૪૭-૨૭).

**રુષદ્ગુ.** એક ક્ષત્રિય. (ભાર૦ સ૦ ૮-૧૩).

**રૂપવાહિક.** ભારતવર્ષીય દેશ વિશેષ. ( ભાર૦ ભી૦ ૯-૪૩).

**રૂપા.** પારિયાત્ર પર્વતમાંથી નીકળતી નદી વિશેષ.

**રૂપિ.** એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

**રેણુ.** પ્રસેનજિત નામનો રાજા તે જ. આની કન્યા રેણુકા તે એણે જમદગ્નિ ઋષિને પરણાવી હતી.

**રેણુકા.** રેણુ રાજાની કન્યા, અને જમદગ્નિની સ્ત્રી. (જમદગ્નિ શબ્દ જુઓ).

**રેણુકાતીર્થ.** પંજાબમાં નહાનથી ઉત્તરે સોળ મૈલપર આવેલું તીર્થ વિશેષ. ( ભાર૦ વ૦ ૮-૮૩ ).

**રેણુમતી,** શિશુપાળની પુત્રી અને નકુળની સ્ત્રી. એના પુત્રનું નામ નરમિત્ર. એનું બીજું નામ કરેણુમતી પણ હતું. ( ભાર૦ આ૦ ૬૩-૭૮ )

**રેભ.** એક ઋષિ ( ૨. કશ્યપ શબ્દ જુઓ ).

**રૈભ (૨)**: રેભ ઋષિનું કુળ.

**રૈવ**: સૂર્યવંશી શર્યાતિકુલોત્પન્ન રેવત રાજાનો પુત્ર. આને કકુદ્મિ પણ કહ્યો છે.

**રૈવત.** સૂર્યવંશી વૈવસ્વત મનુનો પ્રપૌત્ર, શર્યાતિ રાજાનો પૌત્ર અને આનર્ત રાજાનો પુત્ર. એણે પશ્ચિમ આનર્ત દેશમાં કુશસ્થળી (દ્વારકા) નામની નગરી સ્થાપી ત્યાં પોતાનું રાજ્ય સુદૃઢ કર્યું. આના સો પુત્રોમાં સૌથી મોટો રૈવ અથવા કકુદ્મિ નામનો પુત્ર હતો, અને રેવતી નામની એક કન્યા હતી. તે પરણવા યોગ્ય ઉમ્મરની થતાં એને કોને પરણાવવી એનો વિચાર એના મનમાં આવતાં, કન્યાને લઇને એક વખત તે બ્રહ્મદેવને તેમનો અભિપ્રાય પુછવા ગયો. ત્યાં દેવ અને ઋષિઓ એકત્ર મળી કાંઈ વિચાર કરતા હતા, તેથી આને ક્ષણભર ખોટી થવું પડયું. આ સત્યલોકમાં ગયો તે વખતની પર્યય (ચોકડી) સહિત, સત્યાવીસ પર્યય (ચોકડી) ચાલી જઇ, અઠ્ઠાવીસમી પર્યયમાં દ્વાપર યુગ જવા લાગ્યો છે તેની આને ખબર રહી નહિ; અને તે દરમ્યાન પૃથ્વી ઉપર ભારતવર્ષીય રાજાઓમાં અનેક ઉથલપાથલ થઇ ગઇ હતી. બ્રહ્મદેવ સ્વસ્થ થયા એટલે આણે મારી કન્યા કોને આપું એમ પુછ્યું. ત્યારે બ્રહ્મદેવે પૃથ્વી ઉપર થએલી ઉથલપાથલ આને કહી સંભળાવી કહ્યું કે, હમણાં ત્યાં પ્રસ્તુત કૃષ્ણના મોટા ભાઇ બલરામ છે, તેને આ કન્યા પરણાવ. તે ઉપરથી એણે ભુલોકમાં આવી એ રેવતી નામની કન્યા બલરામને આપી અને પોતે તપ કરવા અરણ્યમાં ગયો.

त्यक्तं पुण्यजनत्रासाद्भ्रातृभिर्दिक्ष्ववस्थितैः ॥
सुतां दत्त्वानवद्याङ्गीं बलाय बलशालिने ॥
बदर्याख्यं गतो राजा तप्तुं नारायणाश्रमम् ॥३६॥
(ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૩).

**રેવતી.** દ્વાદશ આદિત્યમાંના મિત્ર આદિત્યની સ્ત્રી.

**રેવતી (૨).** ચંદ્રની સત્તાવીસ સ્ત્રીઓમાંની એક, અને પ્રાચેતસ દક્ષની કન્યા.

**રેવતી (૩).** સૂર્યવંશી રેવત રાજાની કન્યા, અને બલરામની સ્ત્રી.

**રેવતી (૪).** સ્કંદગ્રહ (ભાર૦ વ૦ ૨૩૦-૨૯).

**રેવતી (૫).** એ નામનું નક્ષત્ર વિશેષ.

**રેવતીસુત.** સ્કન્દ. (ભાર૦ વ૦ ૧૩૩-૬).

**રૈભ્ય.** વિશ્વામિત્ર ઋષિના પુત્રમાંનો એક.

**રૈભ્ય (૨).** સોમવંશી પુરુકુલોત્પન્ન રૌદ્રાશ્વપુત્ર ઋતેયુ રાજાના સુમતિ નામના પૌત્રનો પુત્ર. આનો પુત્ર દુષ્યંત રાજા.

**રેવા.** નર્મદા નદીનું જ નામ.

विश्वामित्रस्य पौत्रस्तु रैभ्यपुत्रो महातपाः
पद्मावसुर्महाराज क्षिप्त्वाऽऽह जनसंसदि ॥५७॥

**રૈવત.** એકાદશ રુદ્રમાંનો એક. ભારતોક્ત રુદ્રોમાંથી આ નામ કોનું તેનો નિર્ણય થઇ શકતો નથી.

**રૈવતક.** દ્વારકા પાસેનો એક પર્વત. એના ઉપર કૃષ્ણ તેમ જ અર્જુન ગયા હતા. ( અશ્વ૦ ૫૯-૪ ) ( ભાર૦ આ૦ ૨૩૯-૧ ) જૂનાગઢ પાસે આવેલો ગીરનાર પર્વત તે જ. ( ભાર૦ ભી૦ ૧૧-૧૮ ).

**રૈવતક (૨).** એક તીર્થ વિશેષ.

**રૈવતક (૩).** એક બ્રહ્મર્ષિ.

**રૈવતમનુ.** પ્રિયવ્રત રાજર્ષિની કનિષ્ઠ સ્ત્રીથી થએલા ત્રણ પુત્રોમાં સહુથી નાનો. ચાલુ કલ્પમાં આ પાંચમો મનુ થઇ ગયો. (ભાગ૦ સ્કં૦ ૫ અ૦ ૧). આણે કાલિંદી નદીની તીરે ઉત્તમ પ્રકારે તપ કર્યું હતું. (દેવી ભાગ ૧૦ સ્કં૦અ૦ ૮). આનો મન્વન્તર એના જ નામે પ્રસિદ્ધ છે. અરુણ, તત્વદર્શી, ધૃતિમાન, હાકવાન્. કવિ, યુક્ત, નિરુત્સુક, સત્વ, નિર્મોહ અને પ્રકાશક (જેમનાં અર્જુન, બલિવિંધ્ય ઇત્યાદિ નામાંતરો છે) એવા ધર્મવર્તિ અને પરાક્રમી દશ પુત્ર હતા. આના મન્વન્તરમાં ઐંદ્રબાહુ, સુબાહુ, પર્જન્ય, સોમપ, મુનિ, હિરણ્યરોમા, અને સપ્તાશ્વ (જેમનાં હિરણ્યરામા, વેદશિરા, ઉર્ધ્વબાહુ ઇત્યાદિ નામાંતરો છે) એ સપ્તર્ષિ,

P. P. Ac. Gunratnasuri M.S.                    Jin Gun Aaradhak Trust

અને સ્વર્ગમાં ભૂતરય અથવા અભુતરજસ એ દેવો અને તેમનો સ્વામી વિભુ નામનો ઇંદ્ર હતો. તેવી જ રીતે શુભ્રથી વિકુંઠાની કુખે વૈકુંઠ નામનો વિષ્ણુનો અવતાર થઇ તેણે ઇંદ્રને સહાય કરી હતી. ભાગ૦ ૮ સ્કં૦ અ૦ ૫). (મત્સ્ય૦ અ૦ ૯-૧૧).

**રૈવસ.** એક બ્રહ્મર્ષિ. (૩. ભૃગુ શબ્દ જુઓ)

**રોચન.** દેવ વિશેષ. (તુષિત શબ્દ જુઓ.)

**રોચન (૨).** સ્વારોચિષ મન્વન્તરમાં સ્વર્ગમાં ઈંદ્ર હતો તે.

**રોચના.** વસુદેવની સ્ત્રીઓમાંની એક.

**રોચના (૨).** વિદર્ભ દેશાધિપતિ ભીષ્મક રાજાની પ્રપૌત્રી, અને રુક્મી રાજાની પૌત્રી, આના પિતાનું નામ કોઈ ઠેકાણે મળી આવતું નથી. પોતાની બેનને સારૂં લાગે માટે રુક્મી રાજાએ આને, રુક્મિણીના પૌત્ર અનિરુદ્ધને પરણાવી હતી. તેના લગ્ન પ્રસંગે કૃષ્ણ, બળરામ, પ્રદ્યુમ્ન, સાંબ, ઇત્યાદિ અનેક યાદવો પોતપોતાની સ્ત્રીસહવર્તમાન ભોજકોટપુર આવ્યા હતા. વસુદેવ અને ઉગ્રસેન પણ આવ્યા હતા અને બીજા અનેક રાજાઓ એકઠા થયા હતા. લગ્ન સમારંભ યથાસ્થિત થઇ રહ્યા પછી કાલગ રાજાએ રુક્મીને કહ્યું કે બલરામને અક્ષવિદ્યાનું બહું વ્યસન છે. પરંતુ રમતાં સરસ આવડતું નથી. માટે તેમની સાથે દ્યુત રમી તું તેમને જીત. રુક્મીએ ઠીક, કહી બલરામને બોલાવ્યા અને રમવાનો આરંભ કર્યો. તેમાં બલરામે જે જે પોણ મુકી દાવ નાંખ્યા તે બધામાં તે કપટવડે જીત્યો. એવી રીતે બલરામનું સઘળું દ્રવ્ય તેણે જીતી લીધું. ત્યારે બલરામ ધાંટો પાડી બોલ્યા કે સત્ય છોડીશ નહિ. પરંતુ રુક્મી કાંઇ સાંભળે નહિ. છેવટે એક દાવમાં બલરામ વાસ્તવિક રીતે જીત્યા હતા, છતાં તે જીત્યા છે એમ રુક્મી કબુલ કરે નહિ. પરંતુ એટલામાં આકાશવાણી થઇ કે દાવ બલરામ જીત્યા. આમ છતાં, તે ન સાંભળતાં, મેં બલરામને જીત્યા એમ રુક્મી બોલવા લાગ્યો. આથી બલરામે ક્રોધે ભરાઇ કલિંગ રાજાને પકડયો. અને તેના દાંત તોડી નાંખી, રુક્મી તરફ ધસ્યા ને તરત જ તેને ઠાર મારી નાંખ્યો. પછી કૃષ્ણ ત્યાંથી બધાંને લઇ ગુપચુપ દ્વારકા આવ્યા. (ભાગ. ૧૦ સ્કં. અ. ૬૧).

**રોચનામુખ**—ગરુડે મારેલો એક અસુર.

**રોચમાન્.** દસ વિશ્વેદેવોમાંનો એક.

**રોચમાન (૨).** અશ્વમેધ નામની નગરીનો રાજા

सोऽश्वमेधेश्वरं राजन्रोचमानं सहानुगम् ।
जिगाय समरे वीरो बलेन बलिनां वरः ॥

એને અર્જુને દિગ્વિજયમાં હરાવ્યો હતો. (ભાર૦ સ૦ ૨૮-૧૯)

**રોચમાન્ (૩).** ઉરગાપુરીનો રાજા. એને રાજસૂય યજ્ઞ વેળા ભીમસેને હરાવ્યો હતો. એનો પુત્ર હેમવર્ણ-(ભાર૦ સ૦ ૩૦-૮; ભાર૦ ક૦ ૫૦-૫૧ ભાર૦ દ્રો. ૨૩-૬૮; ભાર૦ ઉદ્યોગ૦ અ૦ ૧૭૨ અને ભાર૦ સભા૦ અ૦ ૩૦)

अभिहारीं ततो रम्यां विजिग्ये कुरुनंदनः ।
उरगा वासिनं चैव रोचमानं रणेऽजयत् ॥१९॥
रोचमानो महाराज पाण्डवानां महारथः ।
योत्स्यतेऽमरवत्संख्ये परसैन्येषु भारत ॥१॥

(ભાર૦ સભા૦ અ૦ ૨૮)

આ પણ યુદ્ધમાં પાંડવ પક્ષમાં હતો. તેને કર્ણે માર્યો હતો.

એના રથના ઘોડા નીલવર્ણના હતા.

येतुपुष्करवर्णस्य तुल्यवर्णा हयोत्तमाः ।
ते होचमानस्य सुतं हेमवर्णमुदावहन् ॥६८॥

(ભાર૦ દ્રોણ૦ અ૦ ૨૩)

**રોચમાન્ (૪).** ભારત યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

**રોચિષ્માન્.** સ્વારોચિષ મનુના પુત્રોમાંનો એક પુત્ર.

**રોધસ્વતી.** ભારતવર્ષની એક નદી.

**રોપસેવકી.** એક બ્રહ્મર્ષિ. (૨. કશ્યપ શબ્દ જુઓ).

**રોમપાદ.** સોમવંશી અનુકુલોત્પન્ન અંગવંશના ધર્મરથ અથવા બ્રહદ્રથ રાજાનો પુત્ર. એનાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લોમપાદ, ચિત્રરથ અને દશરથ એવાં પણ બીજા નામો હતાં. સૂર્યવંશી દશરથ રાજાનો એ પરમ મિત્ર હતો. રોમપાદને ચતુરંગ નામનો પુત્ર અને શાન્તા નામની એક કન્યા હતી. આ શાન્તા રોમપાદે ઋષ્યશૃંગને પરણાવી હતી. ( ઋષ્યશૃંગ શબ્દ જુઓ ). (ભાર૦ વ૦ ૧૧૧-૧૯), એના રાજ્યમાં દુષ્કાળ પડયો હતો તે ઋષ્યશૃંગના આવવાથી વૃષ્ટિ થઇ સુકાળ થયો હતો. (ભાર૦ વ૦ ૧૧૪-૧૦ ).

**રોમપાદ (૨).** સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના જ્યામઘ રાજાનો પૌત્ર અને વિદર્ભ રાજાના ત્રણ પુત્રોમાં કનિષ્ઠ. આને બભ્રુ નામનો પુત્ર હતો.

**રોમહર્ષણ.** એ નામનો પુરાણ કહેનાર સૂત, એક ઋષિ. પોતાની વકતૃત્વશક્તિને પ્રભાવે એ શ્રોતાનાં અંતઃકરણ ગદ્ગદિત કરી તેમને રોમાંચ કરતો. તેથી જ એનું આ નામ પડયું હતું. આને લોમહર્ષણ પણ કહ્યો છે, આના પુત્રને રૌમહર્ષણ અથવા સૌતિ કહેતા.

**રોહિણી.** પ્રાચેતસ દક્ષની સાઠ કન્યાઓમાંની એક અને ચંદ્રની સત્તાવીસ સ્ત્રીઓમાંની એક. આ ચંદ્રને અત્યંત પ્રિય હોવાથી બીજી સ્ત્રીઓની સ્વાભાવિક રીતે જ અવજ્ઞા થતી. એકદા એ બધી પોતાના પિતા પાસે પોતાનું દુઃખ નિવેદન કરવા ગઇ. દક્ષે તેમને સમજાવી હવે ફરીથી એવું કરશો નહિં એમ કહ્યું-પણ તેમણે તે કાને ધર્યું નહિં. છેવટે રોહિણીને ચંદ્રથી બુધ નામનો પુત્ર થયો. ત્યારે એની બીજી બેનો (સપત્નિઓ) પુનઃ એમના પિતા પાસે દુઃખ નિવેદન કરવા ગઇ, તે ઉપરથી એણે ચંદ્રને શાપ્યો કે તું ક્ષયરોગી થઇશ.

આ ક્ષયરોગની કલ્પના લોકો ચંદ્રમંડળ ઉપર લાગુ પાડે છે પણ તે ભ્રમ છે. ચંદ્રમંડળ કળાની હ્રાસવૃદ્ધિથી વ્યાપ્ત અનાદિ સિદ્ધ જ છે. અને તે ઇશ્વરે બ્રહ્મદેવ રુપે નિર્માણ કરેલું છે.

**રોહિણી (૨).** કશ્યપઋષિ અને ક્રોધાની પુત્રી. બગડાની સંજ્ઞાવાળી સુરભિની બે કન્યાઓમાંની નાની. આને વિમલા, અનલા એવી બે કન્યા હતી.

**રોહિણી (૩)** વસુદેવની સ્ત્રીઓમાંની એક. આના પુત્રોમાં બલરામ મુખ્ય હોઇ એમના ઉપરાંત એમને બીજા પણ પુત્રો હતા.

**રોહિણી (૪)** કૃષ્ણની અષ્ટ પટરાણીઓ ઉપરાંત એક સ્ત્રી હતી તે.

**રોહિણી (૫).** એ નામનું નક્ષત્ર.

**રોહિત.** લોહિત નામના ઋષિ.

**રોહિત (૨).** રોહિત ઋષિનું કુળ. ( **વિશ્વામિત્ર** શબ્દ જુઓ )

**રોહિત (૩)** સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન હરિશ્ચંદ્ર રાજાને તારામતીની કુખે થએલો પુત્ર. પિતાનો વિશ્વામિત્રે છળ કરેલો એ અને બીજાં અનેક દુઃખે તે ઘેરાયો હતો. આનું કોઈ જગાએ રોહિતાસ્ય એવું એ નામ કહ્યું છે. (દેવીભા૦ સપ્તમ૦) હરિશ્ચંદ્ર પછી એ જ અયોધ્યાનું રાજ્ય કરવા લાગ્યો. એને હરિત અથવા વૃક નામનો એક જ પુત્ર હતો. આના સંબંધી વિશેષ હકીકત માટે (સુનઃશેપ) શબ્દ જુઓ।

**રોહિતક.** કર્ણે દિગ્વિજયમાં જીતેલો એક યવન રાજા, આ લોહિતક દેશનો રાજા હોવો જોઇએ.

> भद्रान्रोहितकांश्चैव आग्नेयान्मालवानपि ।
> गणान्सर्वान्विनिर्जित्य नीतिकृत्प्रहसन्निव॥२०॥
> (ભાર૦ વન૦ અ૦ ૨૫૫)

**રોહિતકદેશ.** લોહિત દેશ તે જ. કર્ણે આ દેશ જીત્યો હતો. (ભા૦ વ૦ ૨૫૫-૨૯)

**રોહિતકપુર.** કાર્તિકેયનું નગર. અહિંના રહેવાસીઓ મત્તમયૂરક કહેવાતા. આ નગર પાંડવોના સમયમાં હસ્તિનાપુરથી દુર પશ્ચિમે હતું.

**રોહિતાસ્ય.** બગડાની સંજ્ઞાવાળો રોહિત તે આ જ.

**રોહી.** ભારતવર્ષીય નદી. (ભાર૦ ભી૦ ૯-૩૦) અફગાનીસ્તાનની આ નદીનું બીજું નામ રોહા હતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રૌક્‌માયન. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).
રૌક્મિણેય. રુકમણિના પ્રદ્યુમ્નાદિ બધા પુત્રો.
રૌચ્ય. દક્ષ સાવર્ણિ મનુનું નામાન્તર.
રૌદ્ર. શુક્રાચાર્યના ચાર પુત્રોમાંનો એક.
રૌદ્રકર્મા. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. એને યુદ્ધમાં ભીમસેને માર્યો હતો. ( ભાર૦ દ્રો૦ ૧૧૭-૪૪).
રૌદ્રાશ્વ. સોમવંશી પૂરુત્કુલોત્પન્ન અહંયાતિ રાજાનો પુત્ર. એની માતાનું નામ પૌષ્ટી. એને પ્રવીર અને ઈશ્વિર એમ બે ભાઇ હતા. આને મિશ્રકેશી અપ્સરાથી ઋતેયુ અથવા ઔચેયુ, કુક્ષેયુ અથવા કક્ષેયુ. સ્થંડિલેયુ, કૃતેયુ, જલેયુ, સંતતેયુ, ધર્મેયુ, સત્યેયુ, વ્રતેયુ અને વનેયુ એવા દસ પુત્ર થયા હતા.
રૌપ્યનાભ. એક રાક્ષસ.
રોમહર્ષિણી. રોમહર્ષણ સૂતનો પુત્ર ઉગ્રશ્રવા, જેને સૌતિ કહેતા હતા.
રૌરવ. કુટુંબના ભરણ પોષણ માટે અનેક પ્રકારની હિંસા કરનારને પ્રાપ્ત થનારૂં નરક વિશેષ.
રૌરવકલ્પ. ચાલુ બ્રાહ્મમાસમાં થઈ ગએલો પાંચમો દિવસ. (૪ કલ્પ શબ્દ જુઓ).
રૌહિણ. વિશ્વામિત્રકુલોત્પન્ન એક ઋષિ.
રૌહિણ (૨). દેવનું વટવૃક્ષ-વડનું ઝાડ. ભાર૦ આ૦ ૨૯-૪૫). ગરુડે એની શાખા ભાગી નાંખી હતી. (ભાર૦ આ૦ ૨૯-૪૮).
રૌહિણ (૩). રૌહિણનો વંશ.
રૌહિણેય, સોમપુત્ર બુધ તે જ.
રૌહિણેય (૨). બલરામનું પણ આ નામ છે.
રૌહિણ્યાયણિ. એક બ્રહ્મર્ષિ ( ૩. અંગિરા શબ્દ જુઓ ).
રૌહિત્યાયનિ. એક બ્રહ્મર્ષિ.(૩.ભૃગુ શબ્દ જુઓ).
રૌક્ષક. એક ઋષિ.
રૌક્ષક (૨). રૌક્ષક ઋષિનું કુળ. (૧. વિશ્વામિત્ર શબ્દ જુઓ).

## લ.

લંકા. જંબુદ્વીપની આસપાસ ક્ષાર સમુદ્રમાં જે આઠ ઉપદ્વીપ છે, તેમાંનો આઠમો. આ કુમારિની દક્ષિણે છે અને તેમાં ત્રિકૂટ અથવા લંબ નામનો એક પર્વત છે.
લંકા (૨). સુકેશ રાક્ષસના માલ્યવાન્ ઇત્યાદિ ત્રણ પુત્રોએ દેવોને પીડયા તેથી તેમને સંતોષવા વિશ્વકર્માએ બ્હીને, ત્રિકૂટ પર્વતના શિરોભાગ પર શત યોજન લાંબી અને ત્રીસ યોજન પહોળી એવી એક નગરી નિર્માણ કરી આપી હતી તે. ( વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૫). અહીં બંધુસહવર્તમાન માલ્યવાન્ ઘણો સમય રહ્યો. પછી વિષ્ણુના ભયે આ નગરી છોડી તેને પાતાળમાં જઈ રહેવુ પડયું, ત્યારથી એ શુન્ય, વસતી રહિત, પડી રહી. પછી વિશ્રવા ઋષિની આજ્ઞાથી ત્યાં વૈશ્રવણ (કુબેર) રહેવા લાગ્યો. તે ત્યાં ઘણા સમય સુધી રહ્યો. કેટલેક કાળે રાવણ મહા પરાક્રમી થયો તેણે, યુક્તિવડે આ નગરી તેની પાસેથી છીનવી લીધી અને રામને હાથે એ મૃત્યુ પામ્યો એટલે ત્યાં વિભીષણ રાજ્ય કરવા લાગ્યા. તે ચિરંજીવી હોવાથી આ ચાલુ કલ્પ સમાપ્ત થતાં સુધી લંકામાં હજુ તે જ રાજ્ય કરશે.
લંકા (૩). લંકાદ્વીપની અને તે માંહેલી લંકા નગરીની મૂર્તિમાન દેવી. સીતાની શોધ માટે જ્યારે મારુતિ લંકા ગયા હતા, ત્યારે દેવી અને મારુતિ વચ્ચે કાંઇ સંવાદ થયા પછી તેમણે લંકામાં પ્રવેશ કર્યો હતો.

तत्प्रविश्य हरिश्रेष्ठ पुरीं रावणपालिताम् ।
विधत्स्व सर्वकार्याणि यानि यानीह वाञ्छसि ॥ ५० ॥
प्रविश्य शापोपहतां हरीश्वरः पुरीं शुभां राक्षसमुख्यपालिताम् ।
यदृच्छया त्वं जनकात्मजां सतीं विमार्ग सर्वत्र गतो यथासुखम् ॥ ५१ ॥
( વા૦ રા૦ સુન્દર૦ સ૦ ૩ ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**લંઘતી.** ભારતવર્ષીય નદી.

**લદિવ.** એક બ્રહ્મર્ષિ. ( ૩. **અંગિરા શબ્દ જુઓ** ).

**લજ્જાવતી.** ઋષ્યવાન પર્વતમાંથી નીકળેલી નદી.

**લતા.** મેરુની કન્યા અને આગ્નીધ્ર રાજાના પુત્ર ઇલાવૃત્તની સ્ત્રી.

**લતા (૨).** શાપથી મગરી થએલી એક અપ્સરા. ( **નારીતીર્થ શબ્દ જુઓ** ).

**લપેટિકા.** ભારતવર્ષીય નદી વિશેષ.

**લંબ.** લંબાસુર શબ્દ જુઓ.

**લંબ (૨).** ત્રિકૂટ જે લંકામાંનો પર્વત તે જ.

**લંબા.** પ્રાચેતસ દક્ષે જે દસ કન્યા ધર્મઋષિને પરણાવી હતી તેમાંની એક. આને વિદ્યોત નામનો પુત્ર અને ઘોષ સંજ્ઞાવાળા એવા એ કેટલાક પુત્રો હતા.

**લંબાયન.** એક બ્રહ્મર્ષિ. ( ૩. **વસિષ્ઠ શબ્દ જુઓ** ).

**લંબાસુર.** એક દૈત્ય. ખર નામના દૈત્યનો ભાઇ. ( **મત્સ્ય૦ અ૦ ૧૭૨-૧૭૬** ).

**લંબોદર.** સ્થૂળ ઉદર હોવાથી ગણપતિનું પહેલું નામ.

**લલાટાક્ષી.** સીતાનું સંરક્ષણ કરવા રાખેલી રાક્ષસીઓમાંની એક.

**લલિતક.** ભારતવર્ષીય તીર્થ વિશેષ.

**લલિતા.** પાર્વતીનું એક નામ.

**લલિત્થ.** ભારતવર્ષીય દેશ વિશેષ.

**લવ.** સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન દાશરથિ રામથી સીતાની કુખે થએલા બે પુત્રોમાંનો એક. ( **કુશીલવ શબ્દ જુઓ** ). આને રામે ઉત્તરકોસલ દેશનું રાજ્ય સોંપ્યું હતું; એટલે એ દેશની રાજધાની શાબસ્તી અથવા શ્રાવસ્તીમાં એ રહેતો હતો. એને સુમતી અને કંજાનના એવી બે સ્ત્રીઓ હતી.

**લવણ.** મધુ રાક્ષસને કુંભીનસીથી થએલો પુત્ર. આ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ પ્રાણીમાત્રને અને તેમાંએ વિશેષે કરીને તાપસોને પીડા કરવા લાગ્યો. આના પિતા મધુએ પોતાના મરણ વખતે પોતાને રુદ્ર તરફથી મળેલું શૂલ આને આપી કહ્યું કે તું બ્રાહ્મણોને બીલકુલ પીડા કરીશ નહિ. ( ૪ **મધુ શબ્દ જુઓ** ). પરંતુ આણે તે પિતૃઆજ્ઞાનો ભંગ કરી બ્રાહ્મણોને ત્રાસ આપવાનો ક્રમ ચાલુ જ રાખ્યો. તે ઉપરથી ઋષિઓએ આને માટે ઘણા રાજાઓને ફરિયાદ કરી. પરંતુ કોઇ પણ રાજા આને મારવા સમર્થ નીવડયો નહિ. માત્ર માંધાતા રાજા એક વાર એની સાથે યુધ્ધે ગયો. પણ તેમાં એ પોતે જ મરાયો. ( ૧ માંધાતા શબ્દ જુઓ ).

કેટલેક કાળે દાશરથિ રામ રાવણને મારી અયોધ્યામાં રાજ્ય કરવા લાગ્યા, ત્યારે ચ્યવન, ભાર્ગવાદિ ઋષિઓએ આના સંબંધી ફરિયાદ રામને કરી. તેથી રામે શત્રુઘ્નને તેની સામે મોકલ્યો. શત્રુઘ્ન ત્યાં ગયા ત્યારે આ દૈવયોગે તે દિવસે શૂલ ઘરમાં મુકીને પોતાનો આહાર ભેગો કરવા અરણ્યમાં ગયો હતો. આ અનુકૂળ સંધી જોઇ શત્રુઘ્ન તેના બારણામાં જ એવી રીતે ઉભા રહ્યા કે તેનાથી શૂલ લેવા ઘરમાં જઇ શકાય જ નહિ. પછી બન્નેનું યુદ્ધ થયું તેમાં શત્રુઘ્ને આને મારી નાંખ્યો. એના મરવાથી શૂલ રુદ્ર પાસે ગયું ને અહીંથી અદૃશ્ય થયું,

**शत्रुघ्नशरनिर्भिन्नो लवणः स निशाचरः ।**
**पपात सहसा भूमौ वज्राहत इवाचलः ॥३६॥**
**तच्च शूलं महद्दिव्यं हते लवण राक्षसे ।**
**पश्यतां सर्वदेवानां रुद्रस्य वशमन्वगात् ॥३७॥**

( **વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૬૮-૬૯** ).

**લવણાશ્વ.** પાંડવો સાથે અરણ્યવાસમાં કાંઇ કાળ સુધી હતો તે ઋષિ.

**લવણાસુર.** લવણ તે જ, લવણ શબ્દ જુઓ.

**લહ્ય.** ભુજ્યુઋષિનો બાપ.

**લક્ષણા.** એક અપ્સરા. (**ભાર૦ આ૦ ૧૩૨-૪૪**).

**લક્ષણા (૨).** દુષ્યન્તની પહેલી સ્ત્રી. (**ભાર૦ આ૦ ૮૮-૧૮** ). એનું બીજું નામ લાક્ષી હતું. અને એના પુત્રનું નામ જનમેજય હતું. (**ભાર૦ અ૬૩-૩૦**).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**લક્ષણા (૩).** દુર્યોધન પુત્રી. એનું લક્ષ્મણા એવું બીજું નામ હતું. ( ૨. લક્ષ્મણા શબ્દ જુઓ ).

**લક્ષણા (૪).** મદ્રાધિપની કન્યા. કૃષ્ણની મહિષી. ( ભાર૦ સ૦ ૫૭–૨૮ ).

**લક્ષ્મણ.** એક બ્રહ્મર્ષિ. ( ૩. અંગિરા શબ્દ જુઓ ).

**લક્ષ્મણ (૨).** સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન દશરથ રાજાથી સુમિત્રાની કુખે થએલા બે પુત્રોમાં મોટો. આમની રામ ઉપર અત્યંત પ્રીતિ હતી ને રામની પણ તેમના પર તેવી જ પ્રીતિ હતી. ને તેથી જ રામ જ્યારે અરણ્યમાં ગયા ત્યારે આ પણ તેમની સાથે જ નીકળ્યા. રામની આમના ઉપર કેટલી પ્રીતિ હતી તે લંકામાં યુદ્ધ વખતે રાવણની શક્તિ જ્યારે લક્ષ્મણને વાગી, ને તે મૂર્ચ્છિત થઇ પડયા, ત્યારે રામે જે શોક કર્યો તે ઉપરથી સહેજ જણાઇ આવે છે.

**देशे देशे कलत्राणि देशे देशे च बांधवाः ।**
**तं तु देशं न पश्यामि यत्र भ्राता सहोदरः ॥ १४ ॥**
**किन्तु राजेन दर्धर्षे लक्ष्मणेन विना मम । ॥ १५ ॥**

( વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૧૦૧ ).

તેમ જ લક્ષ્મણના વર્તન સંબંધી પણ તેવું જ એક પ્રમાણ મળી આવે છે. રાવણ જ્યારે સીતાને હરણ કરી જતો હતો ત્યારે સીતાએ આકાશમાર્ગે જતાં જતાં પોતાના શરીર પરનાં ઘરેણાં, ઋષ્યમૂક પર્વત પર બેઠેલા સુગ્રીવ આદિ પાંચ વાનરો તરફ ફેંકી દીધાં હતાં; તે જ્યારે રામ ત્યાં આવ્યા ત્યારે તેમને દેખાડયાં તે તેમણે સીતાનાં છે એમ ઓળખ્યાં. પછી લક્ષ્મણને ઓળખવાનું કહેતાં તેમણે કહ્યું કે

**नाहं जानामि केयुरे नाहं जानामि कुंडले ॥ २२ ॥**
**नूपुरेत्यभिजानामि नित्यं पादाभिवंदनात् ॥ २३ ॥**

( વા૦ રા૦ કિષ્કિં૦ સ૦ ૬ ).

હું કંકણ તેમ જ કુંડળો કાંઇ ઓળખી શકતો નથી. માત્ર નૂપુર સીતાનાં જ છે, એ ઓળખી શકું છું, કારણ કે નિત્ય તેમને નમસ્કાર કરતાં તેમના પગમાં જોએલાં તેથી બરોબર ઓળખી શકું છું. એ ઉપરથી જે સીતાની સાથે આટલી મર્યાદા અને પૂજ્યબુદ્ધિથી વર્તતા હશે, તેમનું રામ સાથે કેવું વર્તન હશે તેનું અનુમાન સહજ જ થઇ શકે છે.

લક્ષ્મણ રામને યુદ્ધમાં પુષ્કળ ઉપયોગી થઇ પડયા હતા. તેમણે અનેક રાક્ષસોને મારી છેવટે રાવણના પરમ બલાઢ્ય પુત્ર ઇંદ્રજીતને પણ માર્યો હતો. (૧ ઇંદ્રજીત શબ્દ જુઓ). રામે રાવણને મારી વિભીષણને રાજ્ય સોંપ્યા પછી લક્ષ્મણ રામ સાથે અયોધ્યા પાછા ગયા હતા. અને રામને રાજ્યાભિષેક થયા પછી જ્યારે રામે લક્ષ્મણને યૌવરાજ પદ આપવા માંડયું તે એમણે લીધું નહિ અને કેવળ બીજી સેવા કરવાનું જ એમણે પસંદ કર્યું. આ ઉપરથી એમને વૈરાગ્યશીલ જોઇ, જ્ઞાનના અધિકારી ગણી, એમણે પ્રાર્થના કરવાથી, રામે તેમને બ્રહ્મવિદ્યા કહી હતી. ( અધ્યા૦ રામ૦ ઉત્તર૦ સ૦ ૫ ).

સીરધ્વજ જનકની ઔરસ કન્યા ઉર્મિલા આમની સ્ત્રી હતી; અને તેની કુખે લક્ષ્મણને અંગદ અને ચિત્રકેતુ એવા બે પુત્રો થયા હતા. રામના નિજધામ ગયા પહેલાં યોગધારણા વડે દેહ વિસર્જન કરી લક્ષ્મણ સ્વલોકમાં ગયા હતા.

**લક્ષ્મણ (૩).** સોમવંશી પૂરુકુલોત્પન્ન દુર્યોધનનો પુત્ર. ભારત યુદ્ધમાં આ અભિમન્યુને હાથે મૃત્યુ પામ્યો.

**लक्ष्मणं निहतं दृष्ट्वा हाहेत्युच्चुक्रुशुर्जनाः ॥१९॥**

(ભા૦ દ્રોણ૦ અ૦ ૪૬)

**લક્ષ્મણા.** મદ્રદેશના કોઇ સામાન્ય રાજાની કન્યા. આને કૃષ્ણ પરણ્યા હતા. (ભાગ૦ દશમ સ્કંધ૦ અ૦ ૮૩). એનું બીજું નામ લક્ષણા હતું.

**લક્ષ્મણા (૨).** ધૃતરાષ્ટ્રપુત્ર દુર્યોધનની કન્યા. એના સ્વયંવર વખતે, કૃષ્ણપુત્ર સાંબ એનું હરણ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરી એને રથમાં નાંખી દ્વારકા ભણી ઉપડયો. આથી કૌરવો ક્રોધે ભરાયા અને કર્ણ, શલ, ભૂરિ ઇત્યાદિ તેની પૂઠે લાગ્યા ને તેને પકડી પાડી પાછો હસ્તિનાપુર આણી કેદમાં રાખ્યો. આ સમાચાર દ્વારકામાં ખબર પડતાં જાદવો હસ્તિનાપુરે જવા તૈયાર થયા. એ જોઈ બલરામે એ બધાને શાંત પાડયા. માત્ર એકલા ઉદ્ધવને સાથે લઇ પોતે હસ્તિનાપુર આવ્યા અને નગર બહાર બાગ માં ઉતર્યા. પોતે આવ્યા છે તેની ધૃતરાષ્ટ્રને જાણ કરવા ઉદ્ધવને ધૃતરાષ્ટ્ર પાસે મોકલ્યા. એ પ્રમાણે ઉદ્ધવે ખબર આપતાં જ ધૃતરાષ્ટ્ર ભેટ લઈ કૌરવો સાથે આવ્યા અને આગળ ભેટ મુકી તેમને મળ્યા ને બેઠા.

પછી બળરામ બોલ્યા કે, મને ઉગ્રસેને તમારી પાસે એટલા માટે મોકલ્યો છે કે, તમે સર્વે મળીને એકલવાયા છોકરાને પરાજિત કરી કેદ રાખ્યો છે, તે યોગ્ય નથી; માટે તેને સત્વર છોડી દ્યો. આ સાંભળી બળરામ સમક્ષ તો ધૃતરાષ્ટ્ર ઠીક કહી નગરમાં આવ્યા. પછી જાદવોની નિંદા કરી કહેવા લાગ્યા કે આ જાદવોને છત્ર, સિંહાસન, ચામર ઇત્યાદિ રાજાઓને ઘટતી વસ્તુઓ પણ વાપરવાનો અધિકાર નહોતો એ અમે આપી એમને વડા કર્યા; છતાં તેઓ આજ અમને આમ આજ્ઞા કરે છે એ કેવો ચમત્કાર ? ધૃતરાષ્ટ્ર આટલું બોલ્યા તેની ખબર બળરામને પડતાં તેમણે ક્રોધે ભરાઇ હસ્તિનાપુરના દુર્ગમાં પોતાનું હળ ભેરવ્યું ને પોતાના અલૌકિક સામર્થ્ય વડે હળને સ્હેજ ખેંચ્યું, એટલામાં તો નગર વાંકું વળી ગયું અને સેંકડો ઘરો ટુટી પડયાં. આ જોતાં જ કૌરવો ગભરાઈ બળરામને શરણે આવ્યા. એટલે એમણે હળ કહાડી લીધું. પરંતુ ત્યારથી હસ્તિનાપુર જે વાંકું થયું તે એવું ને એવું જ રહ્યું. કૌરવો બળરામનો સત્કાર કરી તેમને નગરમાં લઇ ગયા અને લક્ષ્મણાનું સાંબની સાથે લગ્ન કરી, તેમને બળરામને સ્વાધીન કર્યાં. બળરામ સંતુષ્ટ થઇ, લક્ષ્મણા અને સાંબને સાથે લઇ દ્વારકા પાછા આવ્યા અને ઉગ્રસેનને અથ ઇતિ બનેલું વૃતાંત્ત કહી સાંબ અને લક્ષ્મણાને તેમને સોંપ્યાં. (ભાગ ૧૦ સ્કં૦ અ૦ ૬૮).

**લક્ષ્મી.** વિષ્ણુની સ્રી. મહાલક્ષ્મી.

**લક્ષ્મી (૨).** દક્ષ પ્રજાપતિની પુત્રી અને ધર્મ પ્રજાપતિની ભાર્યા. (ભા૨૦ આ૦ ૬૭-૧૪).

**લક્ષ્મીકલ્પ.** બ્રહ્મદેવના ચાલુ માસમાં થઇ ગએલો વીસમો દીવસ. ( ૪ કલ્પ શબ્દ જુઓ ).

**લજ્જા.** દક્ષ પ્રજાપતિની પુત્રી અને ધર્મ પ્રજાપતિની ભાર્યા. (ભા૨૦ આ૦ ૬૭-૧૫).)

**લતા.** એક અપ્સરા વિશેષ. શાપ વડે મગરી થઇ ગઇ હતી તે. અર્જુને એનો મોક્ષ કર્યો હતો. (ભા૨૦ આ૦ ૨૩૬-૨૦).

**લપિતા.** જરિતાની શોકય. મદનપાલની ઉપપત્ની શાર્ઙ્ગી એ જ. (ભા૨૦ આ૦ ૨૫૫-૧૭).

**લપેટિકા.** તીર્થવિશેષ. (ભા૨૦ વ૦ ૮૩-૧૫).

**લમ્પક.** દેશ વિશેષ. કાબુલ નદીને ઉત્તર કિનારે આવેલ લમ્ઘાન તે જ. ( ભા૨૦ દ્રો૦ ૧૨૧-૪૬).

**લમ્બક.** લમ્પક તે જ.

**લવણાસુર.** મધુ દાનવનો પુત્ર. (ભા૨૦ આ૦ ૨૭-૨૨)

**લાંગલ.** સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન અંતરિક્ષકુળમાં થએલા શુદ્ધાદિ રાજાનો પુત્ર. આનું પુષ્કલ એવું નામાંતર છે. એને પ્રસેનજિત્ નામનો પુત્ર હતો.

**લાંગલ.** ભારતવર્ષીય નદી. (ભા૨૦ સ૦ ૯-૨૬).

**લાલાટિ.** એક બ્રહ્મર્ષિ. (૩ ભુગુ શબ્દ જુઓ)

**લાલાભક્ષ.** જે પોતાની સ્રીને પોતાના રેતનું પાન કરાવે છે તેને પ્રાપ્ત થનારૂં નર્ક.

**લાવકિ.** એક બ્રહ્મર્ષિ.(૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ)

**લાવાઉત.** એક બ્રહ્મર્ષિ.(૩ અંગિરા શબ્દ જુઓ)

**લાઘ.** નીચેનો શબ્દ જુઓ.

**લાઘાયનિ.** લાઘઋષિનો પુત્ર જે ભુજ્યુત ઋષિ તે.

**લાક્ષી.** દુષ્યન્તની ભાર્યા-જનમેજયની માતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લક્ષણા તે જ. (ભાર૦ આ૦ ૬૩-૩૦ અને (ભાર૦ આ૦ ૮૮-૧૮)

**લિખિત.** શંખ ઋષિનો સહોદર. (શંખલિખિત શબ્દ જુઓ) (ભા૦ સ૦ ૭-૧૧)

**લીલ.** વીરમાના પુત્રમાંનો એક.

**લીલાઢ્ય.** વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક. (ભાર૦ અનુ૦ ૭-૫૩.)

**લીલાવતી.** ધ્રુવસંધિ રાજાની બીજી સ્ત્રી, આનો પુત્ર શત્રુજિત્.

**લીલાવતી** (૨). મયૂરધ્વજ રાજાની સ્ત્રી (જૈમિ૦ અશ્વ૦ અ૦)

**લુબ્ધ.** એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

**લુબ્ધક.** અર્જુનક નામનો એક કિરાત. ગૌતમી નામની કોઈ બાઇના પુત્રને મૃત્યુએ મોકલેલા સર્પે ડંશ કર્યો હતો. એ સર્પને પકડીને ગૌતમી પાસે આણીને એણે મારી નાંખવાની આજ્ઞા માગતાં આનો અને ગૌતમીનો સંવાદ થયો હતો. આખરે ગૌતમીએ સર્પને જીવતો મૂકાવ્યો હતો. (ભાર૦ અનુ૦ ૧-૨૨)

**લેખ.** ચાક્ષુષ મનવન્તર માંહ્યલા પંચવિધિ દેવોમાંના જાતિવિશેષ દેવ

**લેવલિકા.** નદી વિશેષ. (ભાર૦ વ૦ ૮૨-૧૬૩).

**લૈંદ્રાણિ.** ૩ અંગિરાકુલોત્પન્ન એક ઋષિ.

**લોકાલોક.** સપ્ત મહાદ્વીપ, સપ્ત સમુદ્ર, માનસોત્તર પર્વત અને આદર્શમય કાંચનભુમિ ઇત્યાદિ જેમાં આવ્યું છે એવો, મેરુની આસપાસ ચારે બાજુએ બાર કરોડ પચાસ લાખ યોજનને સરખે અંતરે વલયાકારે આવેલો પર્વત.

कोटिद्वयं त्रिपंचाशल्लक्षाणि च ततः परम् ।
महाहेममयी भूमिर्दश कोट्यो वरानने ॥
(સ્કં૦ પુ૦)

એટલે કે મેરુ પર્વતથી દ્વીપ અને સમુદ્રની લંબાઈ બે કરોડ ત્રેપન લાખ છે. તે મેરુની અને આજુબાજુ આવેલા અવષ્ટંભાદિક પર્વતની લંબાઇ બાદ કરતાં અઢી કરોડ અને કાંચનમય સુવર્ણભૂમિની દસ કરોડ મળીને સાડાબાર કરોડ યોજનની છે. એટલી જ લંબાઇ બીજી બાજુની, એટલે એકંદર પચીસ કરોડ ભૂમિ સૂર્યના પ્રકાશથી પ્રકાશિત થાય છે. અને તેટલી જ બે તરફની બહારની બાજુ અપ્રકાશિત રહે છે. કહેવાની મતલબ કે પૃથ્વી ઘણી મોટી હોઇ એ ગણત્રી પ્રમાણે તેનો વ્યાસ પચાસ કોટિ યોજન માનેલો છે.

अवार्चीने तु तस्यार्धं चरन्ति रविरश्मयः ।
परार्धे तु तमोनित्यं लोकालोकस्ततःस्मृतः ॥
(લિંગ૦ અ૦ ૫૩).

એટલે એની માંહલી બાજુએ પ્રકાશ અને બહારની બાજુએ અંધકાર હોય છે તેથી એને લોકાલોક નામ આપ્યું છે. કારણ લોક એટલે પ્રકાશ અને અલોક એટલે અંધકાર એવો આ લોકાલોક શબ્દનો અર્થ છે. આ લોકાલોક પર્વત બધા દ્વીપો અને સમુદ્ર એની સર્વકાળ દક્ષિણમાં આવેલો છે અને મેરુ ઉત્તરમાં છે એમ સમજવું.

सर्वेषामुत्तरेमेरुर्लोकालोकस्तुदक्षिणे ॥

(જુઓ મત્સ્ય૦ અ૦ ૧૨ અને ભા૦ સ્કં૦ ૫. અ૦ ૨૦).

**લોકોદ્ધાર.** ભારતવર્ષીય તીર્થ. (ભાર૦ વ૦ ૮૧-૪૫).

**લોપામુદ્રા.** વિદર્ભ રાજાની કન્યા, અને બગડાની સંજ્ઞાવાળા અગસ્ત્ય ઋષિની સ્ત્રી. આનું સત્યવતી એવું પણ નામાંતર અન્ય ગ્રંથોમાં મળી આવે છે. (ભાર૦ વ૦ ૯૪-૨૪; વ૦ ૯૪-૨૯). આનો ઇતિહાસ એવો છે કે એક વેળા અગસ્ત્યના પિતાએ પુત્રને આજ્ઞા કરી કે તું લગ્ન કર. તે ઉપરથી લગ્ન કરવું એવી ઇચ્છા કરી તેમણે ઘણી કન્યાઓ જોઇ. પરંતુ પોતાનું મન માને એવી કન્યા મળે નહિ. તેથી તેણે પોતાના તપોબળવડે એવો સંકલ્પ કર્યો કે એક કન્યા ઉત્પન્ન થાઓ. એવું કહેતાં જ, વિદર્ભ રાજા જે પુત્રને માટે તપ કરતો હતો તેની સ્ત્રીના ઉદરે કન્યાનો ગર્ભ રહ્યો અને પૂર્ણકાળે તે પુત્રીરૂપે અવતર્યો. એ જોઇ તેના બાપને (વિદર્ભ રાજાને) આશ્ચર્ય લાગ્યું કે આમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શાથી થયું. પુત્ર થવો જોઇએ તેને બદલે પુત્રી કેમ થઇ? આમ મુદ્રાનો લોપ થયો માટે એનું નામ લોપામુદ્રા રાખ્યું.

લોપામુદ્રા દિવસે દિવસે મોટી થવા લાગી અને જ્યારે પરણવા યોગ્ય ઉમ્મરની થઇ ત્યારે તેનો સ્વયંવર કરવો જોઇએ એમ વિચારી રાજાએ તેની તૈયારી કરી. પણ કોણ જાણે શાએ કારણથી તેને પરણવાની કોઇનીએ હિમ્મત ચાલે નહિ. એટલામાં ત્યાં અગસ્ત્ય ઋષિ આવી ચઢ્યા, ને તેમણે એ કન્યા મને પરણાવ એવી રાજાને યાચના કરી. હવે શું કરવું એના વિચારમાં રાજા પડયો છે એવામાં લોપામુદ્રાએ પોતે જ આવીને પિતાને કહ્યું કે મને અગસ્ત્ય ઋષિને પરણાવો; એમાં ચિંતાનું કશું કારણ નથી. ત્યારે રાજાએ તેની ઇચ્છા પ્રમાણે તેને અગસ્ત્યને પરણાવી. અને લગ્ન થતાં જ ઋષિની સાથે તે તેમના આશ્રમે ગઇ. (ભાર૦ વ૦ ૯૫-૭). અગસ્ત્યથી આને દઢાસ્ય અને દઢસ્યુ એવા બે પુત્ર થયા હતા. (ભાર૦ વ૦ ૯૭-૩૧).

**લોભ.** બ્રહ્મદેવના પૃષ્ઠભાગથી ઉત્પન્ન થએલા અધર્મની સંતતિમાંનો એક. આને પુરાણમાં પણ બ્રહ્મપુત્ર જ કહ્યો છે. તાત્પર્ય એટલું જ કે આનો સંબંધ બ્રહ્મદેવ સાથે છે.

**લોમપાદ.** રોમપાદ શબ્દ જુઓ.

**લોમશ.** એક બ્રહ્મર્ષિ. આ એકદા ઇંદ્રલોકમાં ગયો હતો ત્યાં એણે અર્જુનને જોયો, ત્યારે ઇંદ્રે આનો સત્કાર કરી કહ્યું કે આ અર્જુન નરાવતાર છે તે તું જાણે છે જ. એને મેં અહીં બોલાવરાવી દૈવી શસ્ત્રઅસ્ત્રો પ્રાપ્ત કરાવી આપ્યાં છે; અને હવે થોડા જ સમયમાં તેને હું પાંડવો પાસે પહોંચાડનાર છું. તો તું પૃથ્વીપર ગયા પછી આ સમાચાર યુધિષ્ઠિરને કહેજે. લોમશ, તથાસ્તુ કહી ત્યાંથી નીકળ્યો અને કામ્યકવનમાં જ્યાં યુધિષ્ઠિર હતા ત્યાં આવ્યો. તેને જોઇ યુધિષ્ઠિરે તેનો સત્કાર અને પૂજન કર્યા અને આપ કયાંથી પધાર્યા એમ ઋષિને પુછ્યું. એણે હું ઇંદ્રલોકથી આવ્યો અને અર્જુન હવે તમને સત્વર આવી મળશે એવું કહ્યું.

आगमिष्यति ते भ्राता कृतास्त्रः क्षिप्रमर्जुनः ।
सुरकार्यं महत्कृत्वा यदशक्यं दिवौकसैः॥१८॥
(વ૦ ૪૫; ૮૯-૧

એણે યુધિષ્ઠિરને મારી સાથે તીર્થયાત્રાએ ચાલ એવું કહેવાથી, ભાઇઓ, દ્રૌપદી અને કેટલાક ઋષિઓને પોતાની સાથે લઇ કામ્યકવન છોડી યુધિષ્ઠિર જાત્રાએ નીકળ્યા. તેને માર્ગમાં લોમશે નીતિ અને અનેક ઇતિહાસો સંભળાવ્યા; અને જે જે તીર્થ જોયાં તેનો મહિમા સંભળાવી તેમાં સ્નાનાદિક કરાવી બધાંને મહેંદ્રચળપર આણ્યાં. (ભાર૦ વન૦ અ૦ ૯૧-૧૫૭). ત્યાં અકૃતવણે જામદગ્ન્યનો મહિમા સંભળાવી કહ્યું કે આપણા બધાને ચતુર્દશીને દિવસે રામનાં દર્શન થશે માટે તમે સર્વે ત્યાં સુધી અહીં રહો. તે ઉપરથી આ ત્યાં રહ્યા અને ચૌદશને દિવસે સર્વને રામનાં દર્શન થયાં. પછી એક રાત રહી, રામની આજ્ઞા લઈ લોમશ ત્યાંથી પાંડવો સહિત નીકળ્યો. તે અગસ્ત્યાદિ તીર્થ જોતો જોતો પ્રભાસ આવી પહોંચ્યો. આ સમાચાર રામકૃષ્ણે જાણ્યા એટલે તેઓ યુધિષ્ઠરને મળવા આવ્યા. પાંડવોને લોમેશ યમુનાતીરે લઇ આવ્યો. પછી દેવયજન નામના માંધાતા રાજાની યજ્ઞભૂમિ દેખાડી ત્યાંથી ફરતાં ફરતાં કૈલાસ પર્વત સમીપ સર્વને આણ્યા. (ભાર૦ વન૦ અ૦ ૧૧૭-૧૩૯).

ત્યાંથી લોમશ ગંધમાદન પર્વતની તળેટીએ આવી પહોંચતાં જ, ત્યાંના સુબાહુ નામના કિરાતાધિપતિએ પાંડવો સહિત આનો આદરસત્કાર કરી થોડા દિવસ ત્યાં રાખ્યા; પછી લોમશે ગંધમાદનપર ચડવાનો આરંભ કરતાં જ પાંડવો પણ ચડવા લાગ્યા. પરંતુ તે ચઢતાં ઘણાં માણસો થાકી ગયાં છે દેખી ભીમે ઘટોત્કચનું સ્મરણ કર્યું એટલે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે ત્યાં તત્કાળ પ્રગટ થયો; અને ભીમે આજ્ઞા કર્યાથી બધાંને સામટાં ઉચકી લઇ જોતજોતામાં સર્વેને નરનારાયણ આશ્રમે આણી મુકયાં. (ભાર૦ વન૦ અ૦ ૧૪૦-૧૪૫). પછી લોમશ ઋષિ પાંડવોને લઇ વૃષપર્વા ઋષિને આશ્રમે જવા નીકળ્યો તે ત્યાં સત્તર દીવસે જઇ પહોંચ્યો. ત્યાં સાત રાત રહી ત્યાંથી બધાં સાથે નીકળી ચોથે દિવસે અર્ષ્ટિષેણને આશ્રમે આવી પહોંચ્યો. ત્યાં ધૌમ્ય ઋષિએ યુધિષ્ઠિરને સૂર્યચંદ્રાદિની ગતિ વિગેરે વિષયનું વ્યાખ્યાન આપ્યું. એટલામાં ઇંદ્રે અર્જુનને સ્વર્ગમાંથી એમની પાસે ત્યાં લાવી મુકયો. અર્જુનના ગંધમાદન પર્વતપર આવ્યા પછી લોમશ ઋષિ પાંડવો સહિત ત્યાં ચાર વરસ રહ્યા. તે વેળા આ લોકોના વનવાસનાં બધું મળી દસ વર્ષ ભરાયાં હતાં. પછી લોમશ ઋષિ પાંડવોને લઇને પુનઃ નરનારાયણઆશ્રમે આવ્યો. અને ત્યાંથી નીકળી જે કિરાતાધિપતિ સુબાહુના રાજ્યમાં પહેલાં રહ્યો હતો ત્યાં આવ્યો ને તેના આગ્રહથી એક માસ ત્યાં રહ્યો. ત્યાંથી નીકળી યામુનગિરિ ઉપરના વિશાળયૂપ નામના સ્થળ ઉપર દ્વૈતવનમાં સરસ્વતી નદીને તીરે આવી વર્ષાઋતુ પુરી થતાં કાર્તિક પૂર્ણિમા થતાં જ લોમશે પાંડવોને કામ્યક વનમાં આણી મુકયા અને પોતે પોતાને આશ્રમે ગમન કર્યું એણે યુધિષ્ઠિરને ધર્મરહસ્ય કહ્યું હતું. (અનુ૦ ૧૯૨)

**લોમશ (૨).** લંકામાંનો રાવણ પક્ષનો એક રાક્ષસ.

> शुकनाभस्य चक्रस्य शठस्य कपटस्य च ।
> ह्रस्वकर्णस्य दंष्ट्रस्य लोमशस्य च रक्षसः॥२४॥

(વા૦ રા૦ સુંદર૦ સ૦ ૬).

**લોમશ (૩).** વૃદ્ધ મૂષકનો મિત્ર એક બિલાડો.

**લોમહર્ષણ.** રોમહર્ષણ શબ્દ જુઓ.

**લોમાયન.** એક બ્રહ્મર્ષિ. (૩. વસિષ્ટ શબ્દ જુઓ.)

**લોલા.** કુંભીનસીના પતિ મધુ નામના રાક્ષસની મા.

> पूर्वं कृतयुगे राजन्दैतेयः सुमहामतिः ।
> लोलापुत्रोऽभवज्ज्येष्ठो मधुर्नाम महासुरः॥३॥

(વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૬૧).

**લોલાર્ક.** કાશીપુરીમાંનું સ્થળ વિશેષ.

**લોલાક્ષી.** એક બ્રહ્મર્ષિ. ( ભૃગુ ૩ શબ્દ જુઓ ).

**લોહજંઘ.** પાંડવોના રાજસૂય યજ્ઞમાં ગૃહકાર્યમાં સહાય કરનારો એક રાજા.

**લોહદંડ.** ભારતવર્ષીય તીર્થ વિશેષ.

**લોહલ.** એક બ્રહ્મર્ષિ. ( ૩ વસિષ્ઠ શબ્દ જુઓ. )

**લોહવૈરિ.** એક બ્રહ્મર્ષિ. ( ૩ વસિષ્ઠ શબ્દ જુઓ ).

**લોહિત.** રોહિત નામનો ઋષિ તે જ આ.

**લોહિત (૨).** એક નાગ વિશેષ.

**લોહિત (૩).** સર્વોષધિગિરિ પાસેનો એક પર્વત.

**લોહિત (૪).** એ જ પર્વત ઉપરનું એક સરોવર.

**લોહિત (૫).** નીચેનો લોહિતક શબ્દ જુઓ.

**લોહિતક.** ભારતવર્ષીય દેશ. આ દેશ કાશ્મીર દેશની ઉત્તર તરફનો હશે. (ભાર૦ સભાપર્વ). આને રોહિતક દેશ પણ કહ્યો છે. અને ત્યાં રોહિતક નામનો યવન રાજા હશે એમ જણાય છે.

**લોહિતા.** બગડાની સંજ્ઞાવાળા હિમાલયમાંથી નીકળેલી નદી.

**લોહિતારણી.** લોહિતા તે જ.

**લોહિતાર્ણ.** પ્રિયવ્રત રાજાના પુત્ર ઘૃતપૃષ્ઠના સાત પુત્રોમાંનો એક. એનો વર્ષ એને જ નામે પ્રસિદ્ધ છે.

**લોહિતાર્ણ (૨).** ક્રૌંચદ્વીપોમાંનો છઠ્ઠો વર્ષ.

**લોહિતક્ષ.** જનમેજયના સત્રમાં સ્થાપત્ય નામનો ઋત્વિજ થએલો એક ઋષિ. એણે જનમેજયને પહેલેથી જ સ્થળશુદ્ધિ કરતાં જ કહ્યું હતું કે આ સત્રમાં એક બ્રાહ્મણ આવી તારી પાસે તે સમાપ્ત કરાવશે. (ભાર૦ આદિ૦ ૫૧-૧૫ ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લોહિતાક્ષ (૨). સ્કંદનો એક પાર્ષદ વિશેષ. (ભાર૦ શ૦ ૪૬-૨૪).
લોહિતાશ્વ. હરિશ્ચંદ્રનો પુત્ર-રોહિતાશ્વ તે જ. (ભાર૦ વ૦ ૭૭-૩૧.)
લોહિતારણિ. નદી વિશેષ. (ભાર૦ભી૦૯-૧૮).
લોહિત્ય. ગામ વિશેષ.
લૌગાક્ષિ. એક બ્રહ્મર્ષિ. (૩. અંગિરા શબ્દ જુઓ).
લૌગાક્ષિ (૨). અહુર્વસિષ્ટ કુળમાંનો એક ઋષિ.
લૌગાક્ષિ (૩). લૌગાક્ષિક બ્રહ્મર્ષિનું કુળ.
લૌમહુર્ષણિ. રૌમહુર્ષણિ તે જ આ.
લૌહિત્ય. લોહિત સરોવરમાંથી નીકળેલી એક નદી. આની પાસેના અરણ્યને વિશોક કહ્યું છે. પ્રાગ્જ્યોતષપુરની ઉત્તરે આવેલો બ્રહ્મપુત્રાનો અમુક ભાગ.
લૌહિત્ય (૨). એક સમુદ્ર વિશેષ. (સ૦ ૯-૨૬).

श्वा चैवानुययावेकः प्रस्थितान्पाण्डवान्वनम् ।
क्रमेण ते ययुर्वीरा लौहित्यं सलिलार्णवम् ॥३४॥

( ભાર૦ મહાપ્રસ્થાનિક૦ ૧-૩૪ ).

લૌહિત્ય તીર્થ. તીર્થવિશેષ. (ભાર૦વ૦૮૩-૨).
લૌહિત્યપુર. કર્વટ દેશની પૂર્વ તરફ આવેલું નગર. પાંડવોના વખતમાં એની આગળ મ્લેચ્છ રાજ્યો અને પૂર્વસમુદ્ર જ હતાં.
લૌહિત્યા. નદી વિશેષ. (ભી૦ ૯-૩૫).
લૌક્ષિ. એક બ્રહ્મર્ષિ. ( ૩. અંગિરા શબ્દ જુઓ ).
લૌક્ષિણ્ય. એક બ્રહ્મર્ષિ. ( ૩. ભૃગુ શબ્દ જુઓ ).

## વ.

વક્ર. વક્રદંતનો ભાઇ.
વક્રદંત. બગડાની સંજ્ઞાવાળો દંતવક્ર તેજ આ.
વંગ. સોમવંશી અનુકુલોત્પન્ન સુતપા રાજાના પુત્ર બલિના સાઠ પુત્રોમાંનો બીજો. એની માનું નામ સુદેષ્ણા એને પેટે એ દીર્ઘતમસ નામના ઋષિ વડે ઉત્પન્ન થયો હતો. (ભાર૦ આ૦ ૧૧૩-૫૨).
વંગ. ભારતવર્ષીય દેશ. કૌશિકી કચ્છનિલય નામના જે પાણથળ પ્રદેશનું વર્ણન કર્યું છે, તે દેશની પૂર્વે પાંડવોના સમયમાં આ દેશ આવેલો હતો. તે વેળાએ અહીં સમુદ્રસેન અને ચંદ્રસેન એ નામના બે ભાઇઓ રાજા હતા. વંગ દેશનું (બંગાળ) આવું નામ હોય તો આ દેશ મૂળનો બંગાળ દેશ ખરો. પણ હાલ જેને બંગાળ કહીએ છીએ તે નહિં.

कौशिकीकच्छनिलयं राजानं च महौजसम् ॥२३॥
उभौ बलभृतौ वीरावुभौ तीव्रपराक्रमौ ।
निर्जित्याजौ महाराज वङ्गराजमुपाद्रवत् ॥२४॥
समुद्रसेनं निर्जित्य चन्द्रसेनं च पार्थिवम् ।
ताम्रलिप्तं च राजानं कर्वटाधिपतिं तथा॥२५॥
सुह्मानामधिपं चैव ये च सागरवासिनः
सर्वान्म्लेच्छगणांश्चैव विजिग्ये भरतर्पभः ॥२६॥

(ભાર૦ સભા૦ અ૦ ૩૧).

વરાકનુ. એક ઋષિ. ગાર્ગી નામની જે પ્રખ્યાત બ્રહ્મનિષ્ઠ સ્ત્રી હતી તેનો પિતા.
વંજુલા. સહ્યાદ્રિ પર્વતમાંથી નીકળેલી નદી.
વંજુલિ. વિશ્વામિત્ર કુલોત્પન્ન એક ઋષિ.
વજ્ર. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક (ભાર૦ અનુ૦ ૭-૫૨).
વજ્ર (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન કુશ વંશમાં જન્મેલા સ્થલ નામના રાજાનો પુત્ર વજ્રનાભ તે જ. આનો પુત્ર ખગણ રાજા.
વજ્ર (૩). સોમવંશી યદુકુલોત્પન્ન કૃષ્ણનો પ્રપૌત્ર, પ્રદ્યુમ્નનો પૌત્ર અને અનિરુદ્ધનો પુત્ર. યાદવો મુઆ તેમાં આ મરણ પામ્યો ન હતો.

वज्रस्तस्याभवद्यस्तु मौसलादवशेषितः ॥३७॥

(ભાગ૦ દશમ૦ અ૦ ૯૦).

કૃષ્ણના નિધન થયા પછી અર્જુન દ્વારકા ગયો ત્યારે આને કૃષ્ણની સ્ત્રીઓ સાથે હસ્તિનાપુર લઇ આવ્યો એણે તેને ઇંદ્રપ્રસ્થનું રાજ્ય આપ્યું.

दश षट च सहस्राणि वासुदेवावरोधनं ।
पुरस्कृत्य ययुर्वज्रं पौत्रं कृष्णस्य धीमतः॥६९॥
इंद्रप्रस्थे ददौ राज्यं वज्राय परवीरहा ॥७३॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(ભા૨૦ મૌસલ૦ અ૦ ૭).
આનું વજ્રનાભ એવું નામ છે. આના અવસાન પછી એનો પુત્ર પ્રતિબાહુ રાજ્ય પર આવ્યો.

વજ્ર (૪). કિષ્કિંધાની પશ્ચિમે એક પર્વત.

વજ્ર (૫). ઉપાસંગધર નામના યાદવનો પુત્ર.

વજ્ર (૬). ઇંદ્રનું આયુધ વિશેષ. આની ઉત્પત્તિ આમ થઇ–વૃત્રાસુરની પીડાથી ત્રાસ પામી તેનો નાશ કરવાના ઉપાય માટે યાચના કરવા સર્વ દેવો બ્રહ્મા પાસે ગયા. તેમણે સર્વ દેવોને દધીચ નામના મહાન ઋષિ પાસે જઇ તેમનાં અસ્થિ માટે માગણી કરો અને તેનું વજ્ર બનાવી વૃત્રને મારો એવું કહ્યું, તે ઉપરથી દેવો ગયા.

दधीच इति विख्यातो महानृषिरुदारधीः ॥७॥
तं गत्वा सहिताः सर्वे वरं वै संप्रयाचत ।
स वो दास्यति धर्मात्मा सुप्रीतेनान्तरात्मना॥८॥
तत्रापश्यन्दधीचं ते दिवाकरसमद्युतिम् ।
जाज्वल्यमानं वपुषा यथा साक्षात्पितामहम्॥
॥ १९ ॥
तस्य पादौ सुरा राजन्नभिवाद्य प्रणम्य च ।
अयाचन्त वरं सर्वे यथोक्तं परमेष्ठिना ॥ २० ॥
ततो दधीचः परमप्रतीतः
सुरोत्तमांस्तानिदमभ्युवाच ।
करोमि यद्वो हितमद्य देवाः
स्वं चापि देहं स्वयमुत्सृजामि ॥२१॥
प्रहृष्टरूपाश्च जयाय देवा
स्त्वष्टारमागम्य तमर्थमूचुः ।
त्वष्टा तु तेषां वचनं निशम्य
प्रहृष्टरूपः प्रयतः प्रयत्नात् ॥२२॥
चकार वज्रं भृशमुग्ररूपं
कृत्वा च शक्रं स उवाच हृष्टः
अनेन वज्रप्रवरेण देव
भस्मीकुरुष्वाद्य सुरारिमुग्रम् ॥२३॥
(ભા૨૦ વન૦ અ૦ ૯૯).

આ પ્રમાણે દેવો વગેરેએ જઇને દધીચની પ્રાર્થના કરતાં તેમણે કહ્યું દેવોના હિતને સારુ ભલે હું મારાં હાડકાં તમને મળે માટે મારું શરીર ત્યાગી દઉં છું. પછી દેવોએ દધીચીએ ત્યાગેલા શરીરનાં અસ્થિ લીધાં. વિશ્વકર્માએ તેનું મોઢું છ બાજુઓ અને ખૂણાવાળું વજ્ર કરી આપ્યું.

વજ્રકાય. લંકામાંનો એક રાક્ષસ.

વજ્રકૂટ. પ્લક્ષદ્વીપમાં આવેલો એક પર્વત.

વજ્રજ્વાલા. વૃત્રજ્વાલા શબ્દ જુઓ.

વજ્રદત્ત. પ્રાગ્જ્યોતિષપુરના ભગદત્ત રાજાનો પુત્ર. એણે પાંડવોના અશ્વમેધનો શ્યામકર્ણ ઘોડો પકડી બાંધ્યો હતો. તેમાં અર્જુન સાથે ત્રણ દીવસ યુદ્ધ કરી પરાભવ પામ્યો હતો. (ભા૨૦ અશ્વમે૦ અ૦ ૭૫–૭૬).

વજ્રદંષ્ટ્ર. અંગદે મારેલો રાવણ પક્ષનો રાક્ષસ.

વજ્રનાભ. બીજો અને ત્રીજો વજ્ર શબ્દ જુઓ.

વજ્રનાભ (૨). દનુપુત્ર એક દાનવ.

વજ્રનાભ (૩). કૃષ્ણના હાથમાંના ચક્રનું નામ. એને વરુણ પાસેથી આણીને અગ્નિએ તેમને આપ્યું હતું.

વજ્રપાણિ. વજ્ર ધારણ કરતો હોવાથી સાંપ્રત ઇંદ્રનું નામ. આવાં અર્થવચ્છેદ અનેક નામો છે.

વજ્રબાહુ. કુંભકર્ણે મારેલો રામસેનામાંનો એક વાનર.

स ताडयमानः प्रहसन्भक्षयामास वानरान्
बलं चण्डबलाख्यं च वज्रबाहुं च वानरम् ॥६॥
(ભા૨૦ વન૦ અ૦ ૨૮૮).

વજ્રમુષ્ટિ. મૈંદ વાનરે મારેલો રાક્ષસ. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪૩).

વજ્રવિષ્કંભ. ગરૂડનો પુત્ર. (ઉ૦ ૧૦૧–૧૦).

વજ્રવેગ. મારુતિને હાથે મરાયેલો રાક્ષસ.

वज्रमुष्टिस्तु मैन्देन मुष्टिना निहतो रणे ।
पपात सरथः साश्वः सुराट्ट इव भूतले॥२८॥
(ભા૨૦ વન૦ અ૦ ૨૮૮).).
अथाद्रिशृङ्गमादाय हनुमान्मारुतात्मजः ।
अभिद्रुत्याददे प्राणन्वज्रवेगस्य रक्षसः ॥२७॥

વજ્રશાલ્મલિકંટક. અગમ્ય પશુઆદિ સાથે સહગમન કરનારને પ્રાપ્ત થનારૂં નરક.

વજ્રશીર્ષ. વારુણિ ભૃગુના સાત પુત્રોમાંનો બીજો. ચ્યવન ઋષિનો નાનો ભાઇ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વજ્રસૂચિક.** સામવેદોપનિષત્.

**વજ્રહનુ.** કુંભકર્ણના પુત્રોમાંનો એક.

**વજ્રહસ્ત.** અર્જુને મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા. ( ભાર૦ કર્ણ૦ )

**વજ્રાંગ.** મરુદ્‌ગણ એ દૈત્ય હોઈ ઇંદ્રે તેને મારી નાંખવાના હેતુથી તેના કકડા કર્યા છતાં તે અમર રહ્યો; તેથી દેવોએ તેને મિલાવી લીધો. આ જોઈ ઈંદ્રને મારવા માટે પુનઃ કશ્યપ પાસેથી સંપાદન કરેલો પુત્ર તે આ. આ એવો પરાક્રમી હતો કે એણે ઈંદ્રને બાંધીને પોતાની માતા સમક્ષ આણ્યો અને માતાને પુછ્યું કે આને મારૂં કે શું કરૂં. એટલામાં ત્યાં બ્રહ્મદેવ પ્રગટ થયા અને તેમણે આને ઇચ્છીત વર આપી ઈંદ્રને છોડાવ્યો. આને વરાંગા નામની સ્ત્રી હતી. અને તારકાસુર નામનો પ્રસિદ્ધ પુત્ર હતો.

+ + +

बध्द्वा ततः सहस्राक्षं पाशेनामोघवर्चसा ।
मातुरन्तिकमागच्छद्व्याघ्रः क्षुद्रमृगं यथा ॥४७॥
ઇ. ઇ.

(મત્સ્ય૦ અ૦ ૧૪૬).

+ + +

**વજ્રાક્ષ.** દનપુત્ર દાનવોમાંનો એક.

**વટેશ્વરપુર.** નર્મદા સંબંધી તીર્થ વિશેષ. (ભાર૦ વ૦ ૮૨-૧૨૯ ).

**વડવા.** વિવસ્વાન્ આદિત્યની સ્ત્રી સંજ્ઞા. તેણે અશ્વિનિ રૂપ ધારણ કર્યું હતું તે વેળાનું તેનું પડેલું નામ. એને જ પછી અશ્વરૂપધર સૂર્યથી અશ્વિનિકુમાર નામના બે પુત્ર થયા હતા.

**વડવાગ્નિ.** સમુદ્રમાં રહી તેનું જળ શોષણ કરનાર અગ્નિ. આ બૃહસ્પતિની સ્ત્રી તારાના છ પુત્રોમાંનો એક.

**વડવાનલ.** વડવાગ્નિ.

**વડવાપ્રાતિથેયી.** બ્રહ્મચર્યવ્રત ધારણ કરી રહેલી એક બ્રાહ્મણ કન્યા.

**વતંડ.** એક બ્રહ્મર્ષિ. ( ૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ ).

**વત્સ.** એક બ્રહ્મર્ષિ અને તેનું કુળ. ( ૩ ભૃગુ શબ્દ જુઓ ).

**વત્સ (૨).** વત્સ બ્રહ્મર્ષિનું કુળ.

**વત્સ (૩).** જામદગ્ન્ય રામના ભયે કોઇએ સંતાડી રાખેલો રાજપુત્ર. એ ગાયોના વાડામાં વાછરૂ સાથે ઉછર્યો માટે તેનું આ નામ પડયું હતું.

प्रतर्दनस्य पुत्रस्तु वत्सो नाम महाबलः ।
वत्स्यः संवर्धितो गोष्ठे स मा रक्षतु पार्थिवः॥८६॥

(ભાર૦ શાંતિ૦ અ૦ ૪૮-૮૬).

**વત્સ (૪).** સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢ વંશમાંના સેનજિત્ નામના રાજાના ચાર પુત્રમાંનો ચોથો.

**વત્સ (૫).** વત્સાસુર શબ્દ જુઓ.

**વત્સ (૬).** કોસલ દેશનો કોઇ સામાન્ય રાજા. આ દ્રૌપદી સ્વયંવરમાં હતો.

उलूकः कैतवो राजा चित्राङ्गदशुभाङ्गदौ ।
वत्सराजश्च मतिमान्कोसलाधिपतिस्तथा ॥२२॥

( ભાર૦ આદિ૦ અ૦ ૨૦૧ ).કુમ્ભકોનમ.

**વત્સક.** સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન શાશ્વસ્ત અથવા શ્રાવસ્ત રાજાનો પુત્ર. વૃહશ્વ રાજાનો ભાઇ. આનું પુરાણમાં વંશક એવું નામાંતર મળી આવે છે.

**વત્સક (૨).** સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત વંશના શૂર રાજાને મારીષાથી થએલા દસ પુત્રોમાંનો નવમો. આને મિશ્રકેશી અપ્સરાથી વૃક આદિ પુત્રો થયા હતા.

**વત્સદ્રોહ.** વત્સવૃદ્ધ શબ્દ જુઓ.

**વત્સનાભ.** એક મહર્ષિ. (ભાર૦ અનુ૦ ૩૩).

**વત્સપ્રીતિ.** સૂર્યવંશી દિષ્ટકુલોત્પન્ન ભલંદન રાજાનો પુત્ર. આનો પુત્ર પ્રાંશુ નામનો રાજા.

**વત્સભૂમ.** ભારતવર્ષીય દેશ વિશેષ.

**વત્સર.** ઉત્તાનપાદના પુત્ર ધ્રુવ રાજાને ભ્રમી નામની ભાર્યાથી થએલા બે પુત્રોમાં બીજો. ધ્રુવની પછી આ જ ગાદી પર આવ્યો હતો. કારણ કે આનો મોટો ભાઇ ઉત્કલ વિરક્ત અને અંતનિષ્ઠ હતો. આને સ્વર્વીથી નામની સ્ત્રી હતી અને તેનાથી પુષ્પાર્ણ, તિગ્મકેતુ, ઇષ, ઊર્જ, વસુ અને જય એવા છ પુત્ર થયા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વત્સરાજ.** એક રાજા. (ભાર૦ આ૦ ૨૦૧-૨૨).

**વત્સલા.** બલરામની પુત્રી. અને પાંડુપુત્ર અર્જુનના પુત્ર અભિમન્યુની બે સ્ત્રીઓમાંની મોટી. આના લગ્ન સંબંધી આવી હકીકત છે કે પાંડવોના વનવાસ ગયા પછી દુર્યોધને શકુનિને દ્વારકા મોકલી આ કન્યા પોતાના પુત્ર લક્ષ્મણને આપે એવો પ્રયત્ન કર્યો. આ વિચાર બલરામને રુચવાથી તેણે અને રેવતીએ શકુનિને હા ભણી અને તેને વિદાય કર્યા પછી બલરામે આ વાત કૃષ્ણને કરી. પરંતુ પ્રથમ સુભદ્રાએ માગું કર્યું હતું ત્યારે કૃષ્ણે એને વચન આપ્યું હતું કે તારા અભિમન્યુને આ કન્યા આપીશું, તેથી બલરામને આ વિચાર તેમને ગોઠ્યો નહિ. તોપણ એમાં હવે કાંઈ યુક્તિ લડાવવી પડશે એવો મનમાં વિચાર કરી, બલરામને કહ્યું કે ત્યારે હવે સર્વેને કંકોતરી લખો. ત્યારે બલરામે તમે જ કંકોતરીઓ લખો કહી કૃષ્ણને એ કામ સોંપ્યું. કૃષ્ણે બધાને પત્રિકાઓ લખી, તેમાં જ એક વિદુરને પણ લખી. તેને લખવાનું કારણ એ કે, સુભદ્રા અને અભિમન્યુ બન્ને તે વેળા વિદુરને ઘેર હતાં. એટલે વિદુરને આ સમાચાર મળતાં, તે પેલાં બે જાણશે અને અભિમન્યુ તૈયાર થઇ દ્વારકા આવશે. બન્યું પણ એમ જ. લગ્નપત્રિકા મળતાં જ અભિમન્યુ પોતાની માતાને લઇ દ્વારકા આવવા નીકળ્યો. માર્ગમાં તેને ઘટોત્કચ મળ્યો. અભિમન્યુએ વત્સલાનો વિવાહ મારી સાથે કર્યો હતો, પણ તે ફોક કરી દુર્યોધનને ત્યાં કર્યો છે અને એ આજે પરણે છે વગેરે હકીકત ઘટોત્કચને કહી. અભિમન્યુએ તેને સાથે લીધો અને દ્વારકા જઇ ગુપ્તપણે રહ્યાં. પછી ઘટોત્કચે કૃષ્ણને મળી અભિમન્યુ અહીં આવ્યો છે એ સમાચાર કહ્યા. તે ઉપરથી કૃષ્ણ છૂપી રીતે આવી સુભદ્રાને મળ્યા ને કહ્યું કે ઘટોત્કચે પોતાની રાક્ષસી માયાવડે વત્સલાને અહીં ઉચકી આણવી ને પોતે ત્યાં કન્યાનું રૂપ લઈ બેસી જવું; અને બરાબર લગ્ન સમયે જ પોતાનું ખરૂં રુપ પ્રગટ કરી કૌરવોને બીવડાવી ખાલી હસ્તિનાપુર સુધી હાંકી કાઢવા. તે અવકાશમાં અહીં અભિમન્યુએ વત્સલા સાથે લગ્ન કરી દેવું. આવું કહી કૃષ્ણ ગયા એટલે ઘટોત્કચે તે જ પ્રમાણે કરી, કૌરવોને અતિશય હેરાન કરી હસ્તિનાપુર સુધી હાંકી કહાડ્યા. અને વત્સલાનાં લગ્ન થયાં. આ વાત જાણી બલરામને વ્યાપેલા ક્રોધને કૃષ્ણે શાંત પાડ્યો. પછી અભિમન્યુ અને વત્સલાનો લગ્ન સમારંભ ઉત્તમ પ્રકારે કરી, અભિમન્યુ અને સુભદ્રાની સાથે વત્સલાને વળાવી. (જૈમિનિ૦ ભાર૦ વન૦)

**વત્સવૃદ્ધ.** ઇક્ષ્વાકુકુલોત્પન્ન ધ્રુવસંધીવંશમાંના ઉરુક્રિય અથવા ઉરુક્ષવ રાજાનો પુત્ર. આનું વત્સદ્રોહ એવું નામાંતર પણ હતું. એને પ્રતિવ્યોમ નામનો પુત્ર હતો.

**વત્સાર.** કશ્યપઋષિના બે પુત્રામાંનો પહેલો. ( ૨ કશ્યપ શબ્દ જુઓ ). અવત્સાર એવું એ એનું નામ મળી આવે છે.

**વત્સાસુર.** કંસપક્ષનો અસુર વિશેષ. આ કૃષ્ણને મારી નાખવા વૃંદાવનમાં આવી વત્સરૂપ ધારણ કરી ધણમાં પેઠો. એ કપટ રૂપ કૃષ્ણ કળી ગયા અને એને કોઠીના ઝાડ સાથે પછાડી ઠાર માર્યો. ( ભાગ૦ દશમ સ્કં૦ અ૦ ૧૧ ).

**વત્સદેશ.** ભાગીરથીના દક્ષિણ કિનારાનો દેશ.

स लोकपालप्रतिमप्रभावस्तीर्त्वा
महात्मा वरदो महानदीम् ।
ततः समृद्धाञ्शुभसस्यमालिनः
क्षणेन वत्सान्मुदितानुपागमत् ॥१०१॥

( વા૦ રા૦ અયો૦ સ૦ ૫૨ ).

**વંદના.** ભારતવર્ષીય દેશ વિશેષ.

**વદાન્ય.** અષ્ટાવક્રની ભાર્યા સુપ્રભાનો પિતા, એક ઋષિ. ( ભાર૦ અનુ૦ ૫-૧૧ ).



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વધૂસર.** એક ભારતવર્ષીય નદી. ભૃગુઋષિની સ્ત્રી પુલોમાને દંશ નામનો રાક્ષસ હરણ કરી જતો હતો. પુલોમાનો માર્ગમાં ગર્ભચ્યુત થયો–પડી ગયો–તે ઉપરથી જેનું નામ ચ્યવન પડયું તે પ્રસિદ્ધ જ છે. એ ગર્ભના તેજથી રાક્ષસ ભસ્મીભૂત થઇ ગયો; તેથી પુલોમાની આંખમાં આનંદાશ્રુ આવ્યાં. એ પ્રવાહથી બનેલી આ નદી, આ નામે પ્રસિદ્ધ છે.

नाम तस्यास्तदा नद्याश्चक्रे लोकपितामहः ।
वधूसरेति भगवांश्च्यवनस्याश्रमं प्रति ॥८॥
(ભાર૦ વન૦ અ૦ ૬-૮)

**વધ્રદેશ.** ભારતવર્ષીય દેશ વિશેષ.

बहुवाद्याश्च कौरव्य सुदामानः सुमाल्लिकाः ।
वध्राः करीषकाश्चापि कुलिन्दोपत्यकास्तथा ॥९॥
(ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯).

**વન.** સોમવંશી અનુકુલોત્પન્ન ઉશીનર રાજાના ચાર પુત્રોમાંનો એક.

**વનસ્પતિ.** પ્રિયવ્રતપુત્ર ધૃતપૃષ્ઠના સાત પુત્રોમાંનો સાતમો. આના વર્ષનું એ જ નામ હતું.

**વનસ્પતિ (૨).** ક્રૌંચદ્વીપોમાંનો સાતમો વર્ષ.

**વનાયુ.** દનુપુત્ર એક દાનવ. ( ભાર૦ આ૦ ૬૬–૩૦ ).

**વનાયુ. (૨)** ભારતવર્ષીય મહાદેશ. ( ભાર૦ ભી૦ ૯–૫૩ ).

**વનાયુ (૩).** પુરુરવાનો પુત્ર એક ક્ષત્રિય. (ભાર૦ આ૦ ૬૯–૨૮ ).

**વનેયુ.** સોમવંશી પૂરુકુલોત્પન્ન રૌદ્રાશ્વ રાજાના દસ પુત્રોમાંનો દસમો. ( ભાર૦ આ૦ ૮૮–૯ ).

**વંદના.** નદી વિશેષ. ( ભાર૦ ભી૦ ૯–૧૮ ).

**વંદી.** વરુણનો પુત્ર. ( ભાર૦ વ૦ ૧૩૬–૨૪ ).

**વન્હિ.** અગ્નિ.

**વન્હિ.** (૨) રામસેનામાંનો વાનર વિશેષ.

**વન્હિ (૩).** યયાતિરાજાના પુત્ર તુર્વસુનો પુત્ર. આનો પુત્ર ભર્ગ.

**વન્હિ (૪).** સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના સાત્વતપુત્ર અંધકનો પૌત્ર અને કુકુરરાજાનો પુત્ર. આનો પુત્ર વિલોમા.

**વન્હિ (૫).** કૃષ્ણને મિત્રવિંદાથી થએલો પુત્ર.

**વપુ.** એક અપ્સરા વિશેષ.

**વપુષ્ટમા.** પરીક્ષિત રાજાના પુત્ર જનમેજયની સ્ત્રી, અને સુવર્ણવર્માની કન્યા. જનમેજયથી આને શતાનીક નામનો પુત્ર થયો હતો. ( ભાર૦ આ૦ ૪૪–૮ ).

**વય.** એક બ્રહ્મર્ષિ. ( ૩ વસિષ્ઠ શબ્દ જુઓ ).

**વયસ્ય.** એક ઋષિ; અંગિરસનો પુત્ર.

**વયુન.** કૃશાશ્વઋષિને ધિષણાથી થએલા ચાર પુત્રોમાંનો એક.

**વયુના.** અગ્નિષ્વાત પિતરની કન્યા. આ બ્રહ્મનિષ્ટ હતી,તેની બેન ધરિણી પણ તેવી જ હતી.

**વરરુચિ.** નાટકશાસ્ત્રપ્રણેતા એક ઋષિ.

दोग्धा वररुचिर्नाम नाट्यवेदस्य पारगः । ॥२५॥
( મત્સ્ય૦ અ૦ ૧૦ ).

**વરદા.** ભારતવર્ષીય નદી વિશેષ.

**વરદાનતીર્થ.** એક તીર્થ જ્યાં વિષ્ણુએ દુર્વાસાને વરદાન આપ્યું હતું. ( ભાર૦ વ૦ ૮૦–૬૫ )

**વરા.** ભારતવર્ષીય નદી વિશેષ. ( ભાર૦ ભી૦ ૯–૨૬ ).

**વરાંગા..** વજ્રાંગ દૈત્યને માટે બ્રહ્મદેવે નિર્માણ કરેલી સ્ત્રી. આણે પોતાના પતિની સાથે દુઃસંપાદ્ય તપ કર્યું હતું. ( મત્સ્ય પુરાણ ).

**વરાંગા. (૨).** ત્રિશંકુની પુત્રી. શર્યાતીની ભાર્યા. એનો પુત્ર અંહયાતિ. ( ભાર૦ આ૦ ૬૩–૧૩ ).

**વરાંગી.** વરાંગા તે જ.

**વરાંગી (૨).** બગડાની સંજ્ઞાવાળી વરાંગા તે જ.

**વરાણસી.** ભારતવર્ષીય નદી વિશેષ. (ભાર૦ ભી૦ ૯–૩૧).

**વરાસ્ય.** સર્પાસ્ય શબ્દ જુઓ.

**વરાહ.** બ્રહ્મદેવના નાકમાંથી હિરણ્યાક્ષ દૈત્યને મારવા માટે આ ઉત્પન્ન થયો ને તેને મારી નાંખી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો.

इत्यभिध्यायतो नासाविवरात्सहसानघ ।
वराहतोको निरगादङ्गुष्टपरिमाणकः ॥ १८ ॥
(ભાગ૦ ૩ સ્કં૦અ૦ ૧૩ ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચાલુ કલ્પ શરૂ થતાં જ આણે ઉત્પન્ન થઇ પૃથ્વીને સ્વ સ્થાનમાં સ્થિત કરી. આ મહત્ કાર્ય બદલ આ કલ્પનું વરાહકલ્પ નામ પડયું. આનાં આદિવરાહ, યજ્ઞવરાહ અને શ્વેતવરાહ એવાં ત્રણ નામાન્તરો છે. ( પદ્મ ૬, લિંગ ૯૪, ભાર૦ સ૦ ૪૫-૪, ભાર૦ વ૦ ૧૪૪-૨૯, ૨૭૩-૫૩, ભાર૦ શાં૦ ૨૦૮-૨૧. ભાગ૦ ૩-૧૩. વાયુ. ૬ ).

વરાહ (૨). કિષ્કિંધાની પશ્ચિમ દિશાએ આવેલો એક પર્વત.

વરાહ (૩). મુખ્ય યજુર્વેદોપનિષત્.

વરાહ (૪). એક ઋષિ વિશેષ. ( ભાર૦ સ૦ ૪-૨૩ ).

વરાહક. એક સર્પ વિશેષ. ( ભાર૦આ૦ ૫૭-૧૮ ).

વરાહકર્ણ. એક યક્ષ. (ભાર૦ સ૦ ૧૦-૧૭).

વરાહકલ્પ. વારાહકલ્પ શબ્દ જુઓ.

વરાહતીર્થ. કોકામુખ નામનું એક તીર્થ વિશેષ. ( ભાર૦ વ૦ ૮૧-૧૮ ).

વરાહધ્વજ. જયદ્રથ. (ભાર૦ દ્રોણ૦ ૧૦૫-૨૦)

વરાહશૈલ. મગધ દેશની સીમારૂપ પર્વત.

વરીયાન્. સ્વાયંભુવ મન્વન્તરમાંના પુલહ ઋષિના ત્રણ પુત્રોમાંનો એક.

વરીયાન્ (૨). હવે પછી થનારા સાવર્ણિ મનુના દસ પુત્રોમાંનો એક.

વરુણ. કલ્પારંભનો પશ્ચિમ દિગ્પાલ. આ જળાધિપતિ હોઇ એની રહેવાની નગરી માનસોત્તર પર્વતપર નિમ્લોચની અથવા સુષા એ નામે પ્રસિદ્ધ છે. આની સ્ત્રીનું ગૌરી એવું નામ હતું.

यथा चन्द्रश्च रोहिण्यां यथा धूमोर्णया यमः।
वरुणश्च यथा गौर्यां यथा चर्ध्या धनेश्वरः॥१॥
(ભાર૦ ઉદ્યોગ૦ અ૦ ૧૧૭).

ચાલુ મન્વન્તરના આરંભકાળની સંધીમાં આણે બ્રહ્મદેવને ઋત્વિજ કરી યજ્ઞ કર્યો હતો, અથવા મહાદેવે એનું રૂપ ધારણ કરી યજ્ઞ કર્યો હતો એવું એ લખેલું મળી આવે છે. તેં ગમે તે હોપણ વરુણ એ નામમાં ફેર ન હોતાં તે ખરૂં જ છે. તે વેળા અગ્નિમાંથી ભૃગુ, અંગિરા અને કવિ એવા ત્રણ ઋષિ નિર્માણ થયા. તેમને વરુણ, અગ્નિ અને બ્રહ્મદેવે ક્રમે કરીને પુત્ર તરીકે ગ્રહણ કર્યા. એટલે જ ભૃગુને તૈત્તિરીય ઉપનિષદમાં વરુણનો પુત્ર કહેલો છે.

शुक्रे हुतेऽग्नो तस्मिंस्तु प्रादुरासंस्त्रयः प्रभो।
पुरुषा वपुषा युक्ताः स्वैः स्वैः प्रसवजैर्गुणैः॥१८॥
भर्जनाद्भृगुरित्येवमङ्गारेभ्योऽङ्गिराऽभवत् ।
अङ्गारसंश्रयाच्चैव कविरित्यपरोऽभवत् ।
× × × × ॥१९॥
निसर्गाद्ब्रह्मण श्चापि वरुणो यादसांपतिः ।
जग्राह वैभृगुं पूर्वमपत्यं सूर्यवर्चसम् ॥३६॥
ईश्वरोङ्गिरसं चाग्नेरपत्यार्थमकल्पयत् ।
पितामहस्त्वपत्यं वै कविं जग्राह तत्त्ववित् ॥३७॥
( ભાર૦ અનુ૦ અ૦ ૧૩૨ ).

વરુણ (૨). દ્વાદશ આદિત્યમાંનો એક આદિત્ય. સાંપ્રત સમયનો પશ્ચિમ દિગ્પાલ છે. આને જ્યેષ્ઠા નામની સ્ત્રી હતી, તેની કુખે ગૌ અને પુષ્કર એવા બે પુત્ર આને થયા હતા. આ ઉપરાંત આને અધર્મ અને બલ એવા બે પુત્ર અને સુરા નામની કન્યા હતી, એવું મળી આવે છે. એની બીજી સ્ત્રીનું નામ વારુણી હતું. એ સ્ત્રીનું બીજું નામ ગૌરી પણ હતું. અષ્ટાવક્ર સાથે વાદમાં હારેલો એવો એક બંદી નામનો પુત્ર પણ હશે એમ જણાય છે. આને પ્રતિવર્ષ આષાઢ માસનો સૂર્ય ગણ્યો છે. ( ૧૩ શુચિ શબ્દ જુઓ ). આને એક શીતતોયા નામની સ્ત્રી પણ હોય એમ જણાય છે ને તેનાથી શ્રુતાયુધ નામનો પુત્ર થયો હોય એમ લાગે છે. એ શીતતોયા પૃથ્વીપરની નદી હોઇ તેની મૂર્તિમાન દેવીએ સંપાદન કરેલો એ પુત્ર સમજવો. ( ભાર૦ આ૦ ૬૬-૧૫ )

વરુણ (૩). મુની એટલે કશ્યપની સ્ત્રી, તેના ગંધર્વ પુત્રોમાંનો એક.

વરુણસ્રોતસ્. કામ્યક વનની દક્ષિણ તરફનો પર્વત.

વરુણા. ભારતવર્ષીય નદી વિશેષ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વરૂથ.** આ નામનું એક ગામ.
**વરૂથ (૨).** ભરતપુત્ર જે ભરદ્વાજ રાજા, તેનું બીજું નામ.
**વરૂથપ.** ગોપ વિશેષ.
हे स्तोककृष्ण हे अंशो श्रीदामन्सुबलार्जुन।
विशालर्षभ तेजस्विन्देवप्रस्थ वरूथप ॥३१॥
૬, ૪. (ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૨૨).
**વરૂથી.** એક નદી,
सोऽपश्यद्रामतीर्थं च नदीं वालुकिनीं तथा।
वरूथीं गोमतीं चैव भीमं शालवनं तथा ॥२६॥
(વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૧૨૬).
**વરૂથી** એક બ્રહ્મર્ષિ.
**વરેણ્ય.** વારુણિ ભૃગુના સાત પુત્રોમાંનો છટ્ઠો. આનું વિભુ એવું નામાંતર હતું.
**વર્ક.** વૃષ્ણિ ઋષિનો પુત્ર વાર્ષ્ણેય તે જ.
**વર્ગા.** શાપે કરીને મગરી થએલી અપ્સરા વિશેષ. (નારી તીર્થ શબ્દ જુઓ). (સ૦ ભાર૦ ૧૧-૧૩).
**વર્ચા.** સોમ નામના વસુનો પુત્ર. (ભાર૦આ૦ ૭૬-૨૨).
**વર્ચા (૨).** એક યક્ષ. (૧ તપસ્ય શબ્દ જુઓ).
**વર્ચા (૩).** સુચેતા ઋષિનો પુત્ર. આનો પુત્ર વિહવ્ય.
**વર્ધન.** કૃષ્ણને મિત્રવિંદાથી થએલો પુત્ર.
**વર્ધમાન.** ક્રૌંચદ્વીપમાંનો એક પર્વત.
**વર્ધમાનપુર.** પ્રતિષ્ઠાનપુર. (ભાર૦ આ૦ ૯૬-૬૮).
**વર્મક.** ઇંદ્રપ્રસ્થની પૂર્વ તરફનો દેશ અને ત્યાંનો રાજા.
शर्मकान्वर्मकांश्चैव व्यजयत्सान्त्वपूर्वकम्।
वैदेहकं च राजानं जनकं जगदीपतिम्॥१३॥
(ભાર૦ સભા૦ અ૦ ૩૧).
**વર્મી.** એક બ્રહ્મર્ષિ.
**વર્ય.** એક રાક્ષસ. (૫ નભ શબ્દ જુઓ).
**વર્ષ.** મહાદ્વીપમાં કરેલા ભૂભાગમાંનો પ્રત્યેક, જેવાકે અજનાભ (ભરતવર્ષ) કિંપુરુષ ઇત્યાદિ નવ જંબુદ્વીપમાં છે તેવા.
**વર્ષ (૨).** ઉપદેવાથી વસુદેવને થએલા પુત્રોમાંનો એક.
**વલલ.** અજ્ઞાતવાસ સમયે વિરાટનગરમાં રસોઇયાનું રુપ ધારણ કરીને રહેલા ભીમસેનનું ધારણ કરેલું નામ. (ભાર૦ વિ. ૩-૮).
**વલ્લવ.** દેશ વિશેષ. (બલ્લવ શબ્દ જુઓ).
**વલ્ગુજંઘ.** વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.
**વંશક.** એકની સંજ્ઞાવાળો વત્સક તે જ.
**વંશગુલ્મ.** નર્મદા અને શોણનદના સંગમ ઉપર આવેલું તીર્થ વિશેષ.
**વંશા.** પ્રાધાની અપ્સરા કન્યાઓમાંની એક.
**વંશોકસારા.** ભારતવર્ષીય એક નદી. એની તીરે સુરભિ નામનું વન હોઇ ત્યાં કુબેરનો દૂત હિરણ્યશૃંગ રહેતો હતો.
**વંશોદ્ભેદ.** ભારતવર્ષીય તીર્થ વિશેષ.
**વષ્ટ.** ભારતયુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.
**વસાતિ.** ભારતયુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક યોદ્ધો. ચક્રવ્યૂહમાં અભિમન્યુ પેઠો ત્યારે આણે એવી પ્રતિજ્ઞા કરી હતી કે આજ હું એને મારીશ. જો ન મારૂં તો પ્રાણ ધારણ કરૂં નહિ. આમ પ્રતિજ્ઞા કરી અભિમન્યુની સામે ગયો; તેને અભિમન્યુએ જ મારી નાંખ્યો.
तं सिंहमिव संक्रुद्धं प्रमथ्नन्तं शरैररीन्।
आरादायान्तमभ्येत्य वसातीयोऽभ्ययाद्द्रुतम्॥८॥
(ભાર૦ દ્રોણ૦ અ૦ ૪૪)
**વસાતિ (૨).** વાહીક પ્રદેશ સંબંધી દેશ.
**વસાતિ (૩).** વસાતિ દેશજન.
**વસામની.** ભારતવર્ષીય એક નદી.
**વસિષ્ઠ.** સ્વાયંભુવ મન્વન્તરમાંના બ્રહ્મદેવના દસ માનસ પુત્રોમાંનો એક. આ બ્રહ્મદેવના પ્રાણવાયુથી ઉત્પન્ન થયો હતો, અને એને બ્રહ્મદેવે પોતાની આઠ કન્યાઓમાંથી આઠમી અરૂંધતી પરણાવી હતી. એને ઊર્જા નામની બીજી સ્ત્રી અને તેનાથી ચિત્રકેતુ વિગેરે છ પુત્ર થયા હોય એમ જણાય છે. (ઊર્જા શબ્દ જુઓ). એની પહેલી સ્ત્રી અરુંધતીને પણ આનાથી હવીંદ્ર, સુકૃત, મૂર્તિ, આપ, જ્યોતિ, અય, અને સ્મય એવા સાત પુત્ર થયા હતા, જે સ્વારોચિષ મન્વન્તરમાં પ્રજાપતિ હતા. (ભાગ૦ ૪ સ્કં૦) આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપરાંત સુકાલી નામનો પિતર પણ આનો જ પુત્ર હતો.

વસિષ્ઠ (૨). પૂર્વના બ્રહ્મમાનસપુત્ર મહાદેવના શાપથી મરણ પામતાં, બ્રહ્મદેવે ચાલુ મનવન્તરના આરંભમાં તેને પુનઃ ઉત્પન્ન કર્યા; તેમાં આ અગ્નિના મધ્ય ભાગમાંથી ઉત્પન્ન થયો હતો. ( મહર્ષિ શબ્દ જુઓ ). અહીં એને અક્ષમાલા નામની સ્ત્રી હશે એમ જણાય છે.

अदृश्यन्त्यां च वासिष्ठो वसिष्ठश्चाक्षमालया ।
च्यवनश्च सुकन्यायां पुलस्त्यः सन्ध्यया यथा ॥
॥ ११ ॥

(ભાર૦ ઉદ્યોગ૦ અ૦ ૧૧૭)

ચાલુ મનન્તરમાં ઇક્ષ્વાકુ રાજાએ આને પુરોહિત તરીકે વર્યો હતો એટલે એની પછી એના ત્રણ પુત્રોમાંનો બીજો જે નિમિ રાજા તેણે પણ એને જ ઉપાધ્યાય કરી, આની સહાયથી અનેક યજ્ઞ કર્યા. એકદા આ કોઇ બીજી જગ્યાએ યજ્ઞ કરાવવા જતો હતો તે સમયે નિમિએ આવી તેને કહ્યું કે હું એક યજ્ઞનો આરંભ કરૂં છું, માટે તમે સત્વર ચાલો. તેને વસિષ્ઠે કહ્યું કે મેં બીજી જગ્યાએ જવાના આમંત્રણનો સ્વીકાર કર્યો છે, તો તું હમણાં થોભીજા ને હું આવું પછી યજ્ઞનો આરંભ કરજે. એ વાત ન ગણકારીને ગૌતમ ઋષિને ઉપાધ્યાય કરી યજ્ઞનો આરંભ કર્યો. એટલામાં ઇંદ્રનો યજ્ઞ સમાપ્ત થવાથી આ નિમિ પાસે આવ્યો, ને જુવે છે તો એણે બીજો ઉપાધ્યાય વરી આરભેલો યજ્ઞ સમાપ્તી સુધી આવી પહોંચ્યો છે. તે ઉપરથી ક્રોધે ભરાઇ એણે રાજાને અને રાજાએ એને એમ પરસ્પર શાપ્યા જેથી બન્નેનું મૃત્યુ થયું. ( ૧. નિમિ શબ્દ જુઓ ).

વસિષ્ઠ (૩). નિમિના શાપથી મૃત્યુ પામેલા વસિષ્ઠની આ અવસ્થા જોઇ બ્રહ્મદેવે તેને કહ્યું કેઃ—

मित्रावरुणयोः पुत्र वशिष्ठ त्वं भविष्यसि ॥
वसिष्ठेति च ते नाम तत्रापि च भविष्यति ॥
जन्मद्वयमतीतं च तत्रापि त्वं स्मरिष्यसि ॥
॥ २२ ॥

( મત્સ્ય૦ અ૦ ૨૦૧ ).

એટલે તું હવે મિત્રાવરુણનો પુત્ર થઇશ અને ત્યાં તને વસિષ્ઠ નામ જ પ્રાપ્ત થશે. અને તને પૂર્વના બે જન્મનું સ્મરણ રહેશે. એટલે નિમિના શાપથી મરણ પામેલો વસિષ્ઠ મિત્રાવરુણનો પુત્ર થયો અને વસિષ્ઠ નામે જ પાછો ઇક્ષ્વાકુ રાજાના પુત્ર વિકુક્ષિ અથવા શશાદ રાજાએ તેને પોતાનો કુળગોર નીમ્યો. આ જન્મમાં નારદની બેન અરુંધતી તેની સ્ત્રી થઇ અને તેની કુખે આને શક્તિ ઇત્યાદિ સો પુત્ર થયા. પછી શક્તિથી પરાશર ઋષિ થયા. પરાશરનો પુત્ર તે જ કૃષ્ણદ્વૈપાયન અને તેનો શુક, આમ તેનો વંશ ચાલ્યો.

वसिष्ठस्तूपयेमेऽथ भगिनीं नारदस्य तु ।
अरुन्धतीं वरारोहां तस्यां शक्तिमजीजनत् ॥२०॥
शक्तेः नपराशरः पुत्रस्तस्य वंशं निबोध मे ।
यस्य द्वैपायनः पुत्रः स्वयं विष्णुरजायत ॥२१॥

(મત્સ્ય૦ અ૦ ૨૦૧).

એના કુળમાં એના સુદ્ધાં સાત મંત્રદ્રષ્ટા ઋષિ હતા. તે નીચે પ્રમાણે–મુખ્ય એ પોતે, ૨ શાક્ત, ૩ પરાશર, ૪ ઇંદ્રપ્રમતિ, ૫ ભરદ્વસુ, ૬ મૈત્રાવરુણ, અને ૭ કુંડિન(મત્સ્ય૦ અ૦ ૧૪૪ ). એના કુળમાં વસિષ્ઠ, કુંડિન, ઉપમન્યુ અને પરાશર એ નામની ચાર વંશમાલિકાઓ હતી. એ ચારેમાંના ઋષિઓ અને પ્રવર આ પ્રમાણે–કેવલવસિષ્ઠ –વ્યાઘ્રપાદ, ઔપગવ, વૈકલ્વ, શાદ્વલાયન, કપિષ્ઠલ, ઔપલોમ, અલબ્ધ, શઠ, કઠ, ગૌપાયન, બોધપ, દાકવ્ય, બાહ્યક, વાલિશય, વાગ્ગ્રંથિ, આપસ્થૂણ, શીતવૃત્ત, બ્રાહ્મપુરેયક, લોમાયન, સ્વસ્તિકર, શાંડિલી, ગૌડિની, વાડોહલિ, સુમના, ઉપાવૃદ્ધિ, ચૌલિ, વૌલિ, બ્રહ્મબલ, પૌલિ, શ્રવસ, પૌડવ અને યાજ્ઞવલ્ક. આ બધા ઋષિ વાસિષ્ઠ એવા એક જ પ્રવરના. કુંડિન કુલોત્પન્ન તે વાસિષ્ઠ, મૈત્રા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વરુણ**, અને **કૌંડિન્ય** એવાં ત્રણ પ્રવરના. ઉપમન્યુ કુલોત્પન્ન શૈલાલય, મહાકર્ણ, કૌરવ્ય ક્રોધિ, કપિંજલ, વાલખિલ્ય, ભાગવિત્તાય, કીલાયન, કાલશિખ, કોરકૃષ્ણ, સુરાયણ, શાકાહાર્ય, શાકધિ, કાણ્વ, ઉપલપ, શાકાયન, ઉહાક, માષશરાવય, દાકાયન, વાલવય, વાકય, ગૌરય,લંબાયન, શ્યામવય,ક્રોડોદરાયણ, પ્રલંબાયન,ઔપમન્ય. ૧,વસાંખ્યાયન,વેદશેરક, પાલંકાયન, ઉદ્ગાહ, બલેક્ષુ, માતેય, બ્રહ્મબલિ, અને પર્ણાગારિ એ સર્વ ઋષિઓ **વાસિષ્ઠ, ઐંદ્રપ્રમતિ** અથવા **ઐંદ્રપ્રમદિ**, અને **ભરદ્વસવ્ય** એવા ત્રણ પ્રવરના. પરાશરકુલોપ્પન્ન જે ગૌર પરાશર આદિ છ ભેદના ઋષિઓનાં **વાસિષ્ઠ, શાકત્ય** અને **પારાશર્ય** એવાં ત્રણ પ્રવરો છે.

આ વસિષ્ઠ કુળમાં આ ઉપરાંત બીજા બે ભેદના ઋષિયો છે એવું મત્સ્ય પુરાણમાંથી મળી આવે છે. ઔપસ્થલ, સ્વસ્થલી, પાલોહ, લોહલ, માધ્યંદિન, ઉમાક્ષતિ, પૈપ્પલાદિ, વિચક્ષુષ, ત્રૈશૃંગાયન, સૈવલક, અને કુંડિન એ ઋષિઓ, **વાસિષ્ઠ, જાતુકર્ણ્ય**, અને **આત્રેય** એવા ત્રણ પ્રવરના હતા. અને **શિવકર્ણ, વય** અને **પાદપ** એ ત્રણ પ્રવરનાએ કેટલા ઋષિઓ હતા. આ છેલ્લામાં વાસિષ્ઠ પ્રવર કેમ નહિ આવ્યું હોય તે સમજાતું નથી.

આ વસિષ્ઠ પોતાને આશ્રમે રહી આશ્રમ ધર્મ ચલાવતો હતો. એ ચલાવામાં કામધેનુને પ્રતાપે તેને ઘણી અનુકૂળતા થઇ પડી હતી. ગમે ત્યારે ગમે તેટલા અતિથિ આવી ચડે તોપણ તેમની ગમે તે ઇચ્છા થાય તે સઘળી પુરી પાડી તેમનો સત્કાર કરતાં આને અડચણ પડતી નહોતી. એકદા એવું બન્યું કે વિશ્વામિત્ર રાજા પોતાના સૈન્ય સાથે અરણ્યમાં મૃગયા ખેલવા નીકળ્યો હતો, તે આને આશ્રમે આવ્યો. તેને જોઇ વસિષ્ઠે તેનું એવું તો ઉત્તમ આતિથ્ય કર્યું કે સઘળાને ઉત્તમ પાત્રોમાં પીરસીને દિવ્ય ભોજન જમાડયું. આશ્રમમાં રાંધવા વિગેરેની કશી ખટપટ ન હોવા છતાં આ અન્ન ક્યાંથી આવ્યું એ વિશ્વામિત્રે વસિષ્ઠને પુછ્યું. કામધેનુના પ્રતાપથી આ સઘળું થયું એવું વસિષ્ઠના કહેવાથી, વિશ્વામિત્ર એ ગાય તેની પાસે માગવા લાગ્યો. વસિષ્ઠે ઉત્તર વાળ્યો કે આ ગાય તારે લઇ જવાનું પ્રયોજન શું ? તું રાજા હોઇ તારી પાસે પુષ્કળ દ્રવ્ય હોવાથી તારે એની શી ગરજ પડે ? અમે અરણ્યમાં રહેનાર, દ્રવ્યહીણ એટલે અમારે જ એનો ખરો ઉપયોગ. વિશ્વામિત્રે કહ્યું તે ગમે તેમ હો, પણ તારે એ ગાય મને આપવી જ પડશે ને જો નહિ આપે તો હું બળાત્કારે લઇ જઇશ. વસિષ્ઠે કહ્યું કે ભલે તારે લઈ જા. વસિષ્ઠના આમ કહેવાથી વિશ્વામિત્ર જેવો ગાયને લઇ જવા લાગ્યો કે ગાયે પોતાના શરીરમાંથી સૈન્ય નિર્માણ કરી, વિશ્વામિત્રનો ને તેના સૈન્યનો પરાભવ કરી, પોતે વસિષ્ઠ પાસે પાછી આવી. તે વેળા એણે આ પ્રમાણે સૈન્ય ઉત્પન્ન કર્યું–તેના પુંછડામાંથી પલ્હવ નામના મ્લેચ્છ, તેની યોનિયાંથી યવન, છાણમાંથી શબર, તેના ઉદરમાંથી શક ઈત્યાદિ, મૂત્રમાંથી પૌંડ્ર, કિરાત, સિંહલ, બર્બર, ખશ, ચિબુક, પુલિંદ, ચીન અને કેરલ ઉત્પન્ન થયા હતા. આથી બ્રહ્મબળ આગળ ક્ષત્રિયબળને ધિક્કાર હજો એવું કહી વિશ્વામિત્રે રાજ્ય છોડયું–અને બ્રહ્મબળ પ્રાપ્ત કરવાના હેતુથી અરણ્યમાં તપશ્ચર્યા કરવા લાગ્યો. આ જ આની અને વિશ્વામિત્રની વચ્ચે વેરનું મૂળ કારણ થઈ પડયું. ( ૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ ).

વિશ્વામિત્ર તપસંપન્ન થયા પછી, પોતાને વસિષ્ઠ હે બ્રહ્મર્ષિ એમ સંબોધિ બોલાવે એવો પ્રયત્ન કરવા લાગ્યો. પરંતુ વસિષ્ઠ કેમે કર્યો તેને બ્રહ્મર્ષિ કહે નહિ. જ્યારે જ્યારે પરસ્પર મળે, ત્યારે રાજર્ષિ કહીને જ બોલાવે. જેમ જેમ વસિષ્ઠ એમ કહે, તેમ તેમ વિશ્વામિત્રને અધિક ક્રોધ વ્યાપતો જાય. આથી એણે વસિષ્ઠના શક્તિ આદિ સો પુત્રો રાક્ષસ પાસે મરાવ્યા. તેથી જો કે વસિષ્ઠને શોક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થયો, પણ એણે વિશ્વામિત્રને બ્રહ્મર્ષિ તો ન જ કહ્યો.

પુત્ર શોકથી ભગ્ન હૃદયના વસિષ્ઠે પોતાના શરીરને દોરડે બાંધી બુડી મરવાના હેતુથી એક નદીમાં ઝંપલાવ્યું. પરંતુ એ નદીએ જ એને પાશમુકત કરી બહાર કહાડી નાંખ્યો. આથી એ વિમનસ્ક તો થયો પણ એ નદીનું નામ ત્યારથી વિપાશા પડયું તે હજુએ એ જ ચાલે છે.

**एषा रम्या विपाषा च नदी परमपावनी॥८॥**
**(ભાર૦ વન૦ અ૦ ૧૩૨)**

એવી જ રીતે આણે પુનઃ એક વેળા હૈમવતી નદીમાં ઝંપલાવ્યું. પરંતુ તેણે પણ શતપ્રવાહરૂપ થઇ આને બુડવા દીધો નહિ. એથી એ નદીનું નામ પણ શતદ્રૂ પડયું, જે હજુએ એ જ ચાલે છે. કોઈ પણ પ્રકારે પોતાને મૃત્યુ આવતું નથી જોઈ ઉદાસ થઇ વસિષ્ઠ એક વખત આશ્રમ છોડી ચાલતો થયો. તેની પાછળ પાછળ તે જાણે નહિ એમ શકિતની સ્ત્રી અદસ્યંતિ નીકળી પડી. એ આગળ ચાલ્યો જાય છે એટલામાં તેણે પોતાની પાછળ વેદધ્વનિ સાંભળ્યો એટલે પાછું જુવે છે તો પોતાની પુત્રવધુના પેટમાંથી વેદધ્વનિ નીકળે છે. એ જોઇ હજુ વંશતંતુ છિન્ન થયો નથી જાણી, હરખાતો આશ્રમે પાછો આવ્યો. અદસ્યંતિને પ્રસવ થતાં જન્મેલો એ જ પુત્ર પછી પરાશર નામે પ્રસિદ્ધ થયો.

ચાલુ મન્વન્તરમાંના આઠમા પર્યાયમાં આ જ વ્યાસ થયો હોવો જોઇએ. અને પ્રતિવર્ષે અષાઢ માસમાં સૂર્યની સાથે સંચાર કરનાર પણ આ જ હશે. ( વ્યાસ શબ્દ જુઓ ). અને ( ૧૩. શુચિ શબ્દ જુઓ ).

આ ઉપરાંત પ્રસ્તુત સપ્તર્ષિમાં પણ ઘણું કરીને આ જ છે.

**વસિષ્ઠ (૪).** વિષ્ણુસ્થળ નામના ક્ષેત્રમાં રહેતો કૌશિક ઋષિનો એક શિષ્ય.

**વસિષ્ઠ (૫).** હિમાલયના એક શિખરનું વસિષ્ઠ પર્વત એવું નામ ચાલે છે તે.

**વસિષ્ઠાપવાહ.** ભારતવર્ષીય તીર્થ વિશેષ. (ભાર૦ શ. ૪૩-૧ ).

**વસુ.** પ્રાચેતસ દક્ષની કન્યા, અને ધર્મઋષિની દસ સ્ત્રીઓમાંની એક. અષ્ટવસુની માતા.

**વસુ (૨).** અષ્ટવસુ, ચાલુ મન્વન્તરમાંનો પાંચમો દેવ.

**વસુ (૩).** દસ વિશ્વેદેવોમાંનો ત્રીજો.

**વસુ (૪).** પ્રિયવ્રત રાજાના પુત્ર હિરણ્યરેતાના સાત પુત્રોમાંનો પહેલો.

**વસુ (૫).** કુશદ્વીપમાંનો પહેલો વર્ષ.

**વસુ (૬).** ઉત્તાનપાદ વંશના ધ્રુવપુત્ર વત્સરને સ્વર્વીથી નામની ભાર્યાથી થએલા ૭ પુત્રોમાંનો પાંચમો.

**વસુ (૭).** ચોગડાની સંજ્ઞાવાળા પૈલ ઋષિનોબાપ.

**વસુ (૮).** વસિષ્ઠકુલોત્પન્ન ભદ્ર ઋષિનો પુત્ર. આને ઉપમન્યુ નામનો પુત્ર હતો.

**વસુ (૯).** સૂર્યવંશી નૃગકુલોત્પન્ન ભૂતજ્યોતિ રાજાનો પુત્ર. એનો પુત્ર પ્રતીક રાજા.

**વસુ (૧૦).** સૂર્યવંશી નૃગકુલોત્પન્ન બીજા નૃગ રાજાનો પુત્ર.

**વસુ (૧૧).** સોમવંશી વિજયકુલોત્પન્ન કુશિક રાજાના ચાર પુત્રોમાંનો ત્રીજો.

**વસુ (૧૨).** વસુમનાનું બીજું નામ.

**વસુ (૧૩).** સોમવંશી પૂરુકુલોત્પન્ન કૃતિ રાજાનો પુત્ર. આનું જ પછીથી ઉપરિચર એવું નામ પડયું. આણે ગિરિવ્રજનગર સ્થાપ્યું. (ભાર૦ આ૦ ૬૪-૨).

**વસુ (૧૪).** વસુદેવને શ્રીદેવીથી થએલો પુત્ર.

**વસુ (૧૫)** કૃષ્ણને સત્યાથી થએલો પુત્ર.

**વસુ (૧૬).** કૃષ્ણે મારેલા મુર દૈત્યના સાત પુત્રોમાંનો એક.

**વસુ (૧૭).** ચોગડાની સંજ્ઞાવાળો વસુમાન્.

**વસુ (૧૮).** હવે પછી થનારા આઠમા સાવર્ણિ મનુના દસ પુત્રોમાંનો એક.

**વસુ (૧૯).** એક ઋષિ. જમદગ્નિનો પુત્ર. (ભાર૦ વ૦ ૧૧૭-૧૧).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વસુ (૨૦).** પ્રિયવ્રત રાજાના પુત્ર વસુનો દેશ.

**વસુચંદ્ર.** ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા.

वसुचन्द्रो दामचन्द्रः सिंहचन्द्रः सुतेजनः ।
द्रुपदस्य तथा पुत्रा द्रुपदश्च महास्त्रवित् ॥३९॥
(ભાર૦ દ્રોણ૦ અ૦ ૧૫૮)

**વસુતેય.** લોક વિશેષ. (ભાર૦ સ૦ ૭૮-૯૦).

**વસુદ.** બાર ભાર્ગવ દેવોમાંનો એક.

**વસુદ (૨).** સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન પુરુકુત્સ રાજાને નર્મદા નામની સ્ત્રીથી થએલા બે પુત્રોમાંનો મોટો. આને સંભૂતિ નામનો પુત્ર હતો.

**વસુદા.** માલી રાક્ષસની સ્ત્રી.

**વસુદા (૨).** અંગિરસની ભાર્યા. એનાં વસુધા અને શુભા એવાં નામાન્તર હતાં. ( ભાર૦વ૦ ૨૨૧-૧ ).

**વસુદાન.** પ્રિયવ્રત રાજાના પુત્ર હિરણ્યરેતાના સાત પુત્રોમાંનો બીજો. આના વર્ષને એનું જ નામ હતું.

**વસુદાન (૨).** પ્રિયવ્રતના પુત્રનો દેશ.

**વસુદાન (૩).** કુશદ્વીપમાંનો બીજો વર્ષ.

**વસુદાન (૪).** ભારતયુદ્ધમાં પાંડવપક્ષનો એક રાજા. આને દ્રોણાચાર્યે માર્યો હતો.

वसुदानं च भल्लेन प्रैषयद्यमसादनम्-
(ભાર૦ દ્રો૦ ૨૧-૫૫).

**વસુદાન (૫).** ભારતયુદ્ધમાં એક બીજો પાંડવ પક્ષનો રાજા. આને પણ દ્રોણાચાર્યે માર્યો હતો.

तथैव च पुनः क्रुद्धो भारद्वाजः प्रतापवान्
वसुदानस्य भल्लेन शिरः कायादपाहरत् ॥२९॥
(ભાર૦ દ્રો૦ ૧૯૧-૨૯).

**વસુદાન (૬).** ભારત યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક બીજો રાજા.

**વસુદેવ.** સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત વંશમાં જન્મેલા શૂર રાજાના દસ પુત્રોમાં મોટો. આનકદુંદુભિ એવું એનું નામ હતું. એને વીસ સ્ત્રીઓ હતી. તે સર્વેનાં અને તેમની સંતતિનાં નામ આ પ્રમાણેઃ—પહેલી સ્ત્રી ધૃતદેવા, તેને એક જ વિપૃષ્ઠ નામનો પુત્ર હતો. ૨. શાંતિદેવા, તેને શ્રમ, પ્રતિશ્રુત, ઇત્યાદિ અનેક પુત્ર હતા. ૩. ઉપદેવા, તેને કલ્પ, વર્ષ, ઇત્યાદિ દસ પુત્ર હતા. ૪. શ્રીદેવા, તેને વસુ, હંસ, સુવંશ ઇત્યાદિ છ પુત્ર હતા. ૫. દેવરક્ષિતા, તેને ગદ, ઇત્યાદિ નવ પુત્ર હતા. ૬. સહદેવા, તેને પૂરુ, વિશ્રુત ઇત્યાદિ આઠ પુત્ર હતા. ૭. દેવકી, તેને કીર્તિમાન્, સુષેણ, ભદ્રસેન, ઋજુ, સંમર્દન, ભદ્ર, સંકર્ષણ, કૃષ્ણ અને સુભદ્રા નામની કન્યા એટલી સંતતિ હતી. ૮. પૌરવી, તેને સુભદ્ર, ભદ્ર, ભદ્રવાહ, દુર્મદ, ભૂત, ઇત્યાદિ બાર પુત્રો હતા. ૯. રોહિણી, તેને બળ અને બળરામ (દેવકીના ગર્ભમાંથી સંકર્ષણ થયેલા) ગદ, સારણ, દુર્મદ, વિપુલ, ધ્રુવ અને કૃત, ઇત્યાદિ પુત્ર હતા. ૧૦. ભદ્રા, તેને કશુંએ સંતાન ન હતું. ૧૧. મદિરા, તેને નંદ, ઉપનંદ, કૃતક અને શૂર એવા ચાર પુત્ર હતા. ૧૨. રોચના, તેને હસ્ત, હેમાંગદ ઇત્યાદિ પુત્ર હતા. ૧૪. કૌશલ્યા, તેને કેશિ નામનો એક જ પુત્ર હતો. ૧૫. તામ્રા તેને પણ એક જ પુત્ર સહદેવ હતો. ૧૬. વૃકદેવી, તેને અવગાહન અને નંદક એવા બે પુત્ર હતા. ૧૭. સુતનુ, તેને પુંડ્ર અને કપિલ. ૧૮. રથરાજી, તેને સૌભદ્ર, ભવ અને જરા (આ જ જરા દુષ્કર્મને પરિણામે વ્યાધ થયો હતો). ૧૯. શ્રદ્ધાદેવી, તેને કશીએ સંતતિ ન હતી. અને વીસમી એક વૈશ્ય જાતની સ્ત્રી હતી, જેનું નામ મળી આવતું નથી. તેને કાશિક નામનો એક પુત્ર હતો. (ભાગ૦ ૯-૨૪; હરિવંશ ૧-૩૫).

વસુદેવના જન્મકાળે દેવોએ દુંદુભિવાદન કર્યું હતું, માટે તેને આનકદુંદુભિ કહેતા હતા. એણે સ્યમંતપંચક ક્ષેત્રમાં એક યજ્ઞ કર્યો હતો. (ભાગ૦ દશમ૦) આ ઉપરાંત આની હકીકત કૃષ્ણ શબ્દમાં આવી ગઇ છે. (કૃષ્ણ શબ્દ જુઓ). એની કથા સારુ જુઓ. (વાયુ ૯૬) અને (બ્રહ્મ૦ ૧૪).

**વસુભૂત.** સ્વાયંભુવ મન્વન્તરમાંના વસિષ્ઠ ઋષિના સાત પુત્રોમાં પાંચમો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વસુમતી. ઉપરિચર વસુએ સ્થાપેલી નગરી. તેનું જ પાછળથી ગિરિવ્રજ નામ પડયું.

વસુમના. ઇક્ષ્વાકુકુલોત્પન્ન હર્યશ્વ રાજાથી યયાતિ રાજાની કન્યા માધવીની કુખે થયેલો પુત્ર. (૩ ગાલવ શબ્દ જુઓ).

વસુમના (૨). એક કૌશલ્ય ક્ષત્રિય. (ભાર૦ વ૦ ૨૦૧-૨, સ૦ ૮-૨૩, ઉ૦ ૧૧૬-૨૩) વસુમાન એવું એને નામાન્તર હતું. આણે ઉત્તરકોસલ દેશમાં ઉત્તમ પ્રકારે રાજ્ય કર્યું હતું. બૃહસ્પતિયે આને રાજનીતિનો ઉપદેશ કર્યો હતો.

(ભાર૦ શાંતિ૦ અ૦ ૬૭)

આને વામદેવ ઋષિએ પણ રાજનીતિ વિષયક ઉપદેશ કર્યો હતો (ભાર૦ શાંતિ૦ અ૦ ૯૨-૯૪).

વસુમાન.. વૈવસ્વત મનુના પુત્રોમાંનો એક. આ નામ પુરાણમાં મળી આવે છે.

વસુમાન (૨). વસુમના તે જ.

વસુમાન્ (૩), વિદેહવંશીય એક જનક. વંશાવળીમાં નામ નથી. (ભાર૦ સ૦ ૪-૩૮).

राजा वसुमना नाम कौसल्यो धीमतां वरः।
मृगयां विचरन्कश्चिद्विजने जनकात्मजः।
वने ददर्श विप्रेन्द्रमृषिं वंशधरं भृगोः ॥१॥
तमासीनमुपासीनः प्रणम्य शिरसा मुनिम्।
पश्चादनुमतस्तेन पप्रच्छ वसुमानिदम्॥ २ ॥
भगवान्किमिदं श्रेयः प्रेत्य चापीह वा भवेत्।
पुरुषस्याध्रुवे देहे कामस्य वशवर्तिनः ॥३॥
सत्कृत्य परिपृष्टः सन्सुमहात्मा महातपाः।
निजगाद ततस्तस्मै श्रेयस्करमिदं वचः ॥४॥

(ભાર૦ શાંતિ૦ અ૦ ૩૧૪)

વસુમાન્ (૪). સોમવંશી પુરૂરવા રાજાનો પૌત્ર અને શ્રુતાયુ રાજાનો પુત્ર.

વસુમાન્ (૫). જમદગ્નિથી રેણુકાની કુખે થ-થએલા પાંચ પુત્રોમાંનો એક.

વસુમાન્ (૬). કૃષ્ણથી જાંબુવતીને થએલા પુત્રોમાંનો એક.

વસુમાન્ (૭). અગ્નિ વિશેષ. ( ભાર૦ વ૦ ૨૨૩-૨૭ ).

વસુમિત્ર. ભારત યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા. (ભાર૦ આ૦ ૬૮-૪૧).

વસુષેણ. અધિરથે ઉછેરેલા પુત્ર કર્ણનું મૂળ નામ.

वसुवर्मधरं दृष्ट्वा तं बालं हेमकुण्डलम्।
नामास्य वसुषेणेति ततश्चक्रुर्द्विजातयः ॥१५॥
एवं स सूतपुत्रत्वं जगामामितविक्रमः।
वसुषेण इति ख्यातो वृष इत्येव च प्रभुः॥१६॥

(ભાર૦ આ૦ ૬૮-૧૪૭; વન૦ અ૦ ૩૧૦).

વસુષેણ (૨). દુર્યોધન પક્ષનો બીજો એક રાજા (ભાર૦ કર્ણ૦ અ૦ ૩૦).

વસુહોમ. અંગ દેશનો પ્રાચીન રાજા. એ મુંજ-પૃષ્ઠ પર્વત ઉપર તપ કરતો હતો. માંધાતા રાજાને આની સાથે સંવાદ થયો હતો. આની પાસેથી તેણે દંડનીતિ સંપાદન કરી હતી.

अत्राप्युदाहरन्तीममितिहासं पुरातनम्।
अङ्गेषु राजा द्युतिमान्वसुहोम इति श्रुतः॥१॥

(ભાર૦ શાંતિ૦ અ૦ ૧૨૨-૧).

વસોર્ધારા. બદરિનાથથી ચાર મૈલ ઉત્તરે અલકનંદાના મૂળ પાસે આવેલું તીર્થ વિશેષ. (ભાર૦ વ૦ ૮૦-૭૭).

વસોર્ધારા (૨). અષ્ટવસુમાના એક વસુની સ્ત્રી.

વસ્ત્રા. ભારતવર્ષીય નદી વિશેષ. (ભાર૦ ભી૦ ૯-૧૫).

વસ્વનંત. વિદેહવંશી ઉપગુપ્ત જનકનો પુત્ર. આનો પુત્ર યુયુધા નામનો જનક.

વસ્તેવકસારા. પૂર્વ દિગ્પાળની માહેંદ્રી નગરી. (મત્સ્ય પુરાણ).

વસ્વોકસોરા. સ્વર્ધુનિના સાત પ્રવાહોમાંનો પહેલો. ( ભાર૦ ભી૦ ૬-૪૯ ).

વસ્વૌકસારા (૨). વિભાવરી નામની ઉત્તર દિગ્પાળની નગરી તે જ આ.

वस्ताकसारां नलिनी मतांस्यैवोत्तरान्कुरून्।
पर्वतश्चित्रकूटोऽसौ बहुमूलफलोदकः ॥२६॥

( વા૦ રા૦ અયો૦ સ૦ ૯૪ )

વસ્વૌકસારા (૩). ભારતવર્ષીય નદી વિશેષ.

વહીનર. અનીહરાજા તે જ.

વહીનર (૨). સોમવંશી પૂરુકુલોત્પન્ન પાંડવ.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વંશના દુર્દમ રાજાનો પુત્ર. આનો પુત્ર દંડપાણિ.
વક્ષોગ્રીવ. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.
વાક્ય. એક બ્રહ્મર્ષિ. ( ૩. વસિષ્ઠ શબ્દ જુઓ ).
વાગાયનિ. એક બ્રહ્મર્ષિ (૩ ભૃગુ શબ્દ જુઓ).
વાગીંદ્ર. પ્રકાશ ઋષિનો પુત્ર. આનો પુત્ર પ્રમિત. (વીતહવ્ય શબ્દ જુઓ). ( ભાર૦ અનુ૦ ૮-૬૪ ).
વાગીશ્વરી. વાણીની દેવી, સરસ્વતી.
વાગ્ગ્રંથી. એક બ્રહ્મર્ષિ. ( ૩. વસિષ્ઠ શબ્દ જુઓ ).
વાગ્દુષ્ટ. કૌશિક ઋષિના સાત પુત્રોમાંનો એક. (પિતૃવર્તિ શબ્દ જુઓ).
વાગ્ધ્યાન. ભારતયુદ્ધમાંનો દુર્યોધન પક્ષનો રાજા.
વાચક્નવી. વચક્નુ ઋષિની કન્યા ગાર્ગી.
વાજશ્રવસ. બ્રહ્મર્ષિ.
વાજસનિ. એક ઋષિ.
વાજિરત્ન. એક ઋષિ.
વાજિશ્રવા. એક ઋષિ. ( ૩. અંગિરા શબ્દ જુઓ ).
વાજી. એક બ્રહ્મર્ષિ.
વાટધાન. પંચકર્પટ દેશની પશ્ચિમે આવેલો દેશ. ( ભાર૦ ભી૦ ૯-૪૭).
વાટનદી. ભારતવર્ષીય નદી વિશેષ.
વાડોહલિ. એક બ્રહ્મર્ષિ. (૩,વસિષ્ઠ શબ્દ જુઓ).
વાણી. ભારતવર્ષીય નદી વિશેષ. (ભાર૦ ભી૦ ૯-૨૦).
વાત. એક રાક્ષસ. (તપા શબ્દ જુઓ).
વાતઘ્ન. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક. (ભાર૦ અનુ૦ ૭-૫૪).
વાતપતિ. એક ક્ષત્રિય. (ભાર૦ આ૦ ૨૦૧-૨૦).
વાતવેગ. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.
વાતવેગ (૨). ગરુડપુત્ર. (ભાર૦ ઉ૦ ૧૦૧-૧૦).
વાતસ્કંધ. એક બ્રહ્મર્ષિ.
વાતસ્કંધ (૨). દેવયોનિ વિશેષ. (ભાર૦ સ૦ ૭-૧૪).
વાતાપિ. દનુપુત્ર દાનવોમાંનો એક.
વાતાપિ (૨). સૈંહિકેયોમાંનો ચોથો, એને અગસ્ત્ય ઋષિએ માર્યો. (૨ ઇલ્વલ શબ્દ જુઓ). (ભાર૦ વ૦ ૯૪-૫, વ૦ ૯૫, ૯૬, ૯૭).
વાતાપિ (૩). હ્રાદ દૈત્યને ધમનીની કુખે થએલો પુત્ર.
વાત્યાયન. એક બ્રહ્મર્ષિ. ( ૩. ભૃગુ શબ્દ જુઓ ).
વાત્સતરાયણ. એક બ્રહ્મર્ષિ. ( ૩ અંગિરા શબ્દ જુઓ ).
વાત્સ્ય. એક બ્રહ્મર્ષિ. વત્સ ઋષિનો પુત્ર, જન્મેજયના સર્પ સત્રમાં એ સદસ્ય હતો. (૩ ભૃગુ શબ્દ જુઓ? (ભાર૦ આ૦ ૫૩-૯, શાં. ૪૬-૬).
વાત્સ્ય (૨), દેશ વિશેષ, અલાહાબાદની પશ્ચિમે આવેલો દેશ. ત્યાં ઉદયનનું રાજ્ય હતું. એની રાજધાની કૌશામ્બી (ભાર૦ દ્રો૦ ૧૧-૧૫).
વાત્સ્યાયન. એક બ્રહ્મર્ષિ. ( ૨. કશ્યપ શબ્દ જુઓ ).
વાદુલિ. વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાનો એક. (ભાર૦ અનુ૦ ૭-૫૩).
વદ્ભુતક. અત્રિકુલોત્પન્ન એક ઋષિ.
વદ્ભુતક (૨). ઉપર કહેલા ઋષિનું કુળ. (૨ અત્રિ શબ્દ જુઓ.
વામ. મહાદેવ.
વામ (૨). કૃષ્ણથી ભદ્રાને થએલો પુત્ર,
વામદેવ. મહાદેવ.
વામદેવ (૨). પ્રિયવ્રતપુત્ર હિરણ્યરેતાના સાત પુત્રોમાંનો સાતમો.
વામદેવ (૩). અગડાની સંજ્ઞાવાળા વામદેવનો દેશ.
વામદેવ (૪). કુશદ્વીપમાંનો સાતમો વર્ષ.
વામદેવ (૫), ગૌતમાંગિરસમાંનો ઋષિ.
વામદેવ (૬) પાંચડાની સંજ્ઞાવાળા વામનું કુળ. ( ૩ અંગિરા શબ્દ જુઓ ).
વામદેવ (૭). શાલ્મલિદ્વીપમાંનો પર્વત.
વામદેવ (૮). એક ઋષિ. આ મહાન તત્વવેત્તા હતો. એનો ઇતિહાસ ઉપનિષદમાંથી આવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રીતનો મળેલો છે કે-પૂર્વે કેટલાક લોકોએ સનકાદિકોને એવો પ્રશ્ન કર્યો કે વાસ્તવિક સુખ પ્રાપ્તિનું સાધન શું તે અમને કહો. ત્યારે "આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન થવું એ." એવો ઉત્તર આપી તેમણે ગમન કર્યું. એ લોકો તે પ્રમાણે સાધનામાં લાગ્યા, પણ દૈવયોગે મોહને વશ થઇ સકામકર્મો પાસના તરફ વળી ગયા.તે જોઇ તેમનામાંનો જ એક એમ ન કરતાં, સનકાદિકના અનુગ્રહ પ્રમાણે જ્ઞાન સાધન જ કરવા લાગ્યો, અને પ્રત્યક્ષ સાક્ષાત્કારની ઇચ્છાવાળો તે આયુષ્ય પૂર્ણ થતાં, એનો પુનઃ ગર્ભમાં પ્રવેશ થતાં, અને ત્યાં જ પૂર્ણ પ્રત્યક્ષ સાક્ષાત્કાર થયાથી ત્યાંથી જ પ્રજાને ઉપદેશ કરવા લાગ્યો કે હે લોકો હું પૂર્વનો તમારામાંનો જ એક હતો અને મેં સનકાદિકના કહ્યા પ્રમાણે જ્ઞાનસાધનનું આરાધન કર્યું તેથી સાક્ષાત્કાર કરી સુખ પામ્યો; તો તમે પણ મારી પેઠે જ કરી સુખ અનુભવો. ઉપેક્ષા કરશો નહિં. આટલું કહી તે ગર્ભની બહાર આવ્યો અને સ્વકીયાનંદમાં મસ્ત એવો પૃથ્વીપર ફરવા લાગ્યો. ત્યાં લોકો પણ આના કહ્યા પ્રમાણે સાધન કરી કૃતાર્થ થયા.

**વામદેવ (૯).** દાશરથિ રામના આઠ ધર્મશાસ્ત્રીઓમાંનો એક.

**વામદેવ (૧૦).** એક બ્રહ્મર્ષિ, આના અશ્વ, એકડાની સંજ્ઞાવાળો પરીક્ષિતનો પુત્ર શલ માગી લઇ ગયો હતો. ( તે સંબંધી હકીકત શલ શબ્દમાં જુઓ). (ભા૨૦ સ૦ ૭-૧૭, વ૦ ૧૯૫-૪૬).

**વામદેવ (૯).** મોદાપુર નગરનો રાજા. આ સુદામા રાજાનો મોટો ભાઇ હશે.

मोदापुरं वामदेवं सुदामानं सुसङ्कुलम् ।
उलूकानुत्तरांश्चैव तांश्च राज्ञ: समानयत् ॥११॥
(ભા૨૦ સભા૦ ૨૮ -૧૧).

**વામદેવકલ્પ.** ચાલુ બ્રહ્મમાસમાં થઇ ગએલો ત્રીજો દિવસ. (૪ કલ્પ શબ્દ જુઓ).

**વામદેવી.** ઋચની ભાર્યા.(ભા૨૦ આ૦ ૬૩-૨૪).

**વામનક.** તીર્થ વિશેષ. (ભા૨૦ વ૦ ૮૧-૧૦૩).

**વામનક (૨).** પર્વત વિશેષ. ( ભા૨૦ ભી૦ ૧૨-૧૮ ).

**વામન.** ચાલુ મન્વન્તરના સાતમા પર્યાયમાં ત્રેતાયુગમાં કશ્યપથી અદિતિની કુખે થએલો વિષ્ણુનો અવતાર (મત્સ્ય૦ અ૦ ૪૭). (દેવી૦ ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૧૬). પ્રસ્તુત સ્વર્ગ માંહ્યલા ઇંદ્રને સહાય કરવા આ ઉત્પન્ન થયા હતા. એમણે ઇંદ્રને આમ સહાય કરીઃ-પ્રલ્હાદ દઇત્યનો પૌત્ર અને વિરોચનનો પુત્ર બલિ, પોતાને ઇંદ્રપદ પ્રાપ્ર થાય માટે સો યજ્ઞની દિક્ષા લઈ નવ્વાણુ પુરા કરી સોમો યજ્ઞ લગભગ પુરો કરી રહેવા આવ્યો હતો. ત્યારે વિષ્ણુ વામનરૂપે તેની પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે મને ત્રણ પગલાં પૃથ્વી આપ. તે સાંભળી બલિએ તેને કહ્યું કે હે બટુક તેં ત્રણ ડગલાં ભરી પૃથ્વી માગી તે ઘણું થોડું માગ્યું. માટે કાંઈ હજુ વધારે માગ. મારે ત્રણ પગલાં પૃથ્વી ઉપરાંત બીજું કશું જોઇતું નથી., એવો વિષ્ણુએ ઉત્તર વાળ્યો. આ દાનનો માગનાર વિષ્ણુ છે માટે તું ન આપીશ, એવું શુક્રાચાર્યે બલિને સમજાવ્યું; છતાં યજ્ઞમાં દાન માગનારની ઇચ્છા તૃપ્ત ન કરવી એ અયોગ્ય છે, એવું કહી શુક્રાચાર્યને ન ગણકારી— 'ત્રણ પગલાં પૃથ્વીનું દાન હું આપું છું' કહી બલિએ ઉદકની અંજળી મુકી. તે આપતાં જ વામને વિરાટ રૂપ ધારણ કર્યું. અને એક પગલે સમસ્ત પૃથ્વી ને બીજે આકાશ લઇ, ત્રીજું પગલું ક્યાં મૂકું પુછયું. પછી બલિના કહેવાથી ત્રીજું પગલું એના સરીરપર મુકી તેને પાતાળમાં દબાવી દીધો. (૨ બલિ શબ્દ જુઓ). (ભા૨૦ સ૦ ૪૭-૮, વ૦ ૨૭૩-૬૪), (ભાગ૦ ૮-૧૩) અને (પદ્મ૦ ૪-૧).

**વામન (૨).** અષ્ટ દિગ્ગજોમાંનો દક્ષિણ દિગ્ગજ. (ભા૨૦ ભી૦ ૧૨-૩૩, ઉ૦૯૮-૮).

**વામન (૩).** કદ્રુપુત્ર નાગાંમાંનો એક. (ભા૨૦ આ૦ ૩૫-૬, ઉ૦ ૧૦૩-૧૦).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વામન (૪).** દાશરથિ રામના યજ્ઞમાંનો એક ઋત્વિજ.

**વામન (૫).** ગરુડપુત્ર. (ભાર૦ ઉ૦ ૧૦૧–૧૦).

**વામના** એક અપ્સરા વિશેષ.

**વામરથ્ય.** બગડાની સંખ્યાવાળા અત્રિની કન્યાના વંશમાંનો એક ઋષિ.

**વાયુ.** પંચ મહાભૂતમાંનું બીજું મહદ્ભૂત અને તેનો અધિષ્ઠાતા દેવ. કલ્પારંભે બ્રહ્મદેવે આને પશ્ચિમ અને ઉત્તર દિશા વચ્ચેનું આધિપત્ય આપ્યું હતું, એટલે એ દિશાનું વાયવ્ય નામ પડેલું તે હજુ પણ ચાલે છે. એણે સીતાનું નિર્દોષપણું જાહેર કર્યું હતું.(ભાર૦ વ૦ ૨૯૨–૨૭) એણે ધર્મોપદેશ કર્યો હતો. ( ભાર૦ અનુ૦ ૧૯૧). એનાથી કુન્તીને પેટે ભીમસેન જન્મ્યો હતો. (ભાર૦ આ૦૬૮–૧૧૧).

**વાયુ (૨).** એક બ્રહ્મર્ષિ. ( ભાર૦ શાંતિ૦ પર્વ).

**વાયુચક્ર.** મંકણક ઋષિના સાત પુત્રોમાંનો એક.

**વાયુજવાલ.** મંકણક ઋષિના સાત પુત્રોમાંનો એક.

**વાયુબલ.** મંકણક ઋષિના સાત પુત્રોમાંનો એક.

**વાયુભક્ષ.** યુધિષ્ઠિરના અશ્વમેધમાંનો સદસ્ય, ઋષિ વિશેષ. (જૈમિનિ૦ અશ્વ૦ અ૦) (ભાર૦ સ૦ ૪–૧૫).

**વાયુમંડલ.** મંકણક ઋષિના સાત પુત્રોમાંનો એક.

**વાયુરેતા.** મંકણક ઋષિના સાત પુત્રોમાંનો એક.

**વાયુવેગ.** મંકણક ઋષિના સાત પુત્રોમાંનો એક.

**વાયુવેગ (૨).** ભારત યુદ્ધમાંનો દુર્યોધન પક્ષનો રાજા વિશેષ.

**વાયુવેગ (૩).** ધૃતરાષ્ટ્રના સોમાંનો એક પુત્ર. (ભાર૦ આ૦ ૨૦–૨).

**વાયુહા.** મંકણક ઋષિના સાત પુત્રોમાંનો એક.

**વારણાવત**–એક નગરી. ધૃતરાષ્ટ્રે અહિં પાંડવોને રાખ્યા હતા દુર્યોધને બનાવેલું લાક્ષાગૃહ આ જ નગરીમાં હતું અને અહિંથી જ પાંડવો બળી ન જતાં સુરક્ષિત નીકળી ગયા હતા. આ નગરી હસ્તિનાપુરની કઇ દીશાએ હશે ને કેટલે અંતરે હશે તે સંબંધી ભારતમાં કાંઇ ઉલ્લેખ નથી. માત્ર હસ્તિનાપુર પાસે પાંડવોએ પાંચ ગામ માગ્યાં હતાં તેમાં આ પણ હતું, એમ કહ્યું છે. (ભાર૦ આ૦ ૧૫૫. ઉ૦ ૩૧–૧૯).

**વારણાવતી**–ઉપર કહેલી વારણાવત તે જ.

**વારવતી**–ભારતવર્ષીય નદી વિશેષ.

**વારવાસ્ય.** ભારતવર્ષીય દેશ.

वारवास्यायवाहश्च चक्राश्चक्रातयः शकाः ।
विदेहा मगधाः स्वक्षा मलजा विजयास्तथा ॥४५॥

(ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯–૪૫).

**વારાણસી.** વરૂણા અને અસી એ બે નદીઓના સંગમ પાસેનું ક્ષેત્ર. કાશી તે જ. (ભાર૦ વ૦ ૮૨–૭૭).

**વારાહ.** એકડાની સંજ્ઞાવાળો વરાહ શબ્દ જુઓ.

**વારાહ (૨).** આ નામનો એક અસુર.

श्यायतं किष्कुसाहस्रं धनुर्विस्फारचन्महत् ।
वराह प्रमुखे तस्थौ सप्ररोह इवाचलः ॥१६॥

(મત્સ૦ અ૦ ૧૭૩).

**વારાહ (૩).** મગધ દેશનો એક પર્વત વિશેષ. (ભાર૦ સ૦ ૨૧–૨).

**વારાહી.** સપ્ત માતૃગણમાંની પાંચમી દેવી.

**વારાહી (૨).** તગડાની અંક સંજ્ઞાવાળા અંગિરા કુલોત્પન્ન બંન્ને ઋષિઓ.

**વારિધાર.** ભારતવર્ષીય સામાન્ય પર્વત.

**વારિમૂલ.** ગત ચાક્ષુષ મન્વન્તરમાંના પંચવિધિ દેવોમાંનો પાંચમો દેવ.

**વારિસેન.** એક રાજર્ષિ. (ભાર૦ સ૦ ૮–૨૦).

**વારુણતીર્થ.** કામ્યકવનની દક્ષિણ દિશાએ આવેલું તીર્થ વિશેષ. (ભાર૦ વ૦ ૮૧–૧૬૪).

**વારુણિ.** વિનતાનો પુત્ર. (ભાર૦આ૦૬૬–૪૦).

**વારુણિ (૨).** વરૂણપુત્ર અગસ્ત્ય. (ભાર૦ વ૦ ૧૪૦–૧ ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વારુણિ (૩).** „ વસિષ્ઠ. ( ભાર૦ આ૦ ૧૦૬–૯ ).

**વારુણિ (૪).** ચાલુ મન્વન્તરના ભૃગુ ઋષિનું નામ.

**વારુણિઅંગિરા.** તગડાની અંક સંજ્ઞાવાળો અંગિરા તે જ આ.

**વારુણિ કવિ.** વરુણના યજ્ઞમાં ઉત્પન્ન થએલો ઋષિ. આને બ્રહ્મદેવે પોતાના પુત્ર તરીકે સ્વીકાર્યો હતો.

**વારુણિ ભૃગુ.** તગડાની અંક સંજ્ઞાવાળો ભૃગુ તે જ આ.

**વારુણી.** અગસ્ત્યનું નામ.

**વારુણી (૨).** વરુણની ભાર્યા ગૌરીનું નામાન્તર. (ભાર૦ સ૦૯–૬).

**વારુણી (૩).** કશ્યપથી વિનતાને થએલા બીજા કેટલાક પુત્રોમાંનો એક.

**વારુણી (૪).** સમુદ્રમથન કાળે તેમાંથી નીકળેલી સુરાદેવી.

**વાર્ત.** એક રાજર્ષિ વિશેષ. ક્ષત્રિય (ભાર૦ સ૦ ૮–૧૦).

**વાર્ધક્ષત્રિ.** વૃદ્ધક્ષત્રના પુત્ર જયદ્રથનું નામ.

ततः स राजा सिन्धूनां वार्धक्षत्रिर्जयद्रथः।
विस्मितस्त्वनवद्याङ्गीं दृष्ट्वा तां दुष्टमानसः॥११॥
(ભાર૦ વન૦ અ૦ ૨૬૬)

**વાર્દ્ધક્ષેત્રિ.** ભારત યુદ્ધમાંનો પાંડવપક્ષનો રાજા. ત્રિગર્તનો રાજા, વૃદ્ધક્ષેમનો પુત્ર સુશર્મા તે જ (ભાર૦ દ્રો૦૨૧–૬૦).

वार्धक्षेमिमहाराज मतो मम महारथः ।
चित्रायुधश्च नृपतिर्मतो मे रथसत्तमः ॥१७॥
(ભાર૦ ઉદ્યોગ૦ અ૦ ૧૭૧)

**વાર્ષ્ણાયન.** એક ઋષિ વિશેષ.

**વાર્ષ્ણિ.** વર્કુ ઋષિનું નામ.

**વાર્ષ્ણેય.** પાંચડાની અંક સંજ્ઞાવાળા નળરાજાનો સારથી.

**વાર્ષ્ણેય (૨).** વૃષ્ણિકુલોત્પન્ન સઘળા યાદવોની સંજ્ઞા. ખાસ કરી કૃષ્ણને માટે.

**વાર્ષ્ણેયી.** સામાન્ય વપરાતું નામ. કુન્તી તે જ. (ભાર૦ અ૦ ૧૨૦–૩૨).

**વાર્ક્ષી.** વૃક્ષની કન્યા મારીષાનું નામ. એ દસ પ્રચેતસની સ્ત્રી. (ભાર૦ આ૦ ૨૧૧–૧૫).

**વાલખિલ્ય.** સ્વાયંભુવ મન્વન્તરમાંના ક્રતુ ઋષિથી ક્રિયા નામની ભાર્યાની કુખે થએલા સાઠ હજાર પુત્ર. ગાયની ખરીથી થએલા પગલાના ખાડામાં રહ્યા હતા. એમને આટલા નાના જોઇને ઇંદ્રે ઉપહાસ કરવાથી કોપાવિષ્ટ થઇ એમણે ઇન્દ્રને સજા કરવાને ગરુડને ઉત્પન્ન કર્યો હતો. ( ભાર૦ સ૦ ૧૧–૨૦. આ૦ ૩૧–૧૦, આ૦ અ૦–૩૯).

**વાલખિલ્ય (૨).** તગડાની અંક સંજ્ઞાવાળો વસિષ્ઠકુલોત્પન્ન એક ઋષિ વિશેષ.

**વાલવય.** ઋષિ. (૩. વસિષ્ઠ શબ્દ જુઓ.

**વાલિશય.** ઋષિ. (૩. વસિષ્ઠ શબ્દ જુઓ.

**વાલી.** વરુણ લોકમાંનો એક અસુર. વિશેષ.

**વાલી (૨).** કિષ્કિંધાના રાજા ઋક્ષરજાના બે પુત્રોમાંનો મોટો—ઇંદ્રપુત્ર વાનર.

પર્વતોમાં ઉત્તમ સુમેરુ નામે પર્વતનું મધ્ય શિખર જેને સર્વ દેવો " રમણીય " કહે છે તે શિખર ઉપર સો યોજન વિસ્તાર વાળી બ્રહ્માની દિવ્ય બ્રહ્મસભા છે. તે સભામાં પદ્મયોનિ બ્રહ્મા વસે છે. એક વાર બ્રહ્માજી, સભામાં બેઠા બેઠા યોગાભ્યાસ કરતા હતા, તેવામાં એમનાં નેત્રમાંથી અશ્રુબિંદુ પડયું. અશ્રુબિંદુને પોતાના હાથમાં લઇ તેનો લલાટે સ્પર્ષ કર્યો અને પછી તેને પૃથ્વી ઉપર નાંખી દીધું. તે બિંદુમાંથી એક વાનર ઉત્પન્ન થયો, જે વાનરોમાં શ્રેષ્ટ હતો. બ્રહ્માએ એનું સારી રીતે આસ્વાસન કર્યું અને એને કહ્યું કે હે વાનર, તું આ મોટા અને વિસ્તીર્ણ પર્વત તરફ જો. આ પર્વત પર દેવતાઓ નિરંતર વસે છે. અને અનેક જાતનાં ફળ મૂળ પણ આના ઉપર થાય છે, તે ખાઇને તું થોડો સમય મારી પાસે રહીશ તો તારું શ્રેય થશે. વાનરે તેમના ચરણમાં મસ્તક મુકીને કહ્યું કે હે દેવના દેવ ! આપની આજ્ઞા પ્રમાણે જ હું સર્વદા વર્તીશ.

પછી એ કપિવર મનમાં હર્ષ પામી વનમાં

જઇ, પુષ્પ અને ફળથી લચી જતી શાખાઓ ઉપર કુદવા લાગ્યો. બ્રહ્મવનનાં ફળ ખાવાથી થોડા જ કાળમાં તે ઘણો બળવાન થયો. તે વાનર વનમાં ફરી ફરીને મધુર વાસવાળાં મિષ્ટ ફળ ખાતો અને સંધ્યાકાળે બ્રહ્મદેવની પાસે આવતો ત્યારે સારાં સારાં મીઠાં ફળ અને પુષ્પ લાવી પિતામહના ચરણમાં અર્પણ કરતો.

એ પ્રમાણે સુમેરુ પર્વતના વનમાં ફરતાં ફરતાં ઘણો કાળ વીતી ગયો. એક સમય તે કપિવર તરસથી પીડિત થઇ જળ પીવાની આશાથી મેરુના ઉત્તર શિખર પર ગયો. ત્યાં નિર્મળ જળવાળું એક સરોવર દીઠું. નાના પ્રકારના પક્ષીઓના કલરવથી ગાજી રહેલા સરોવરને જોતાં આનંદથી પોતાનું પુચ્છ ઉંચું કરીને તે વાનર સરોવરના કિનારા પર ઉભો રહ્યો; એટલે જળમાં એણે પોતાનું પ્રતિબિંબ જોયું. પોતાના પ્રતિબિંબને જોતાં જ એના મનમાં આવ્યું કે આ કોઇ મારો મોટો દુશ્મન હોય એમ લાગે છે અને મારી અવગણના કરે છે. આવો વિચાર આવવાથી, તે અલ્પબુદ્ધિ વાનરે વાનર જાતિના સ્વાભાવિક ચાપલ્યને અનુસરીને જળમાં યાહોમ કરીને કુદકારો માર્યો. પણ જ્યારે એ તરીને સામે કિનારે બહાર નિકળ્યો, ત્યારે તે સ્ત્રી થઇ ગયો. તે વાનર એક મનોહર, લાવણ્ય અને સૌંદર્યથી શોભતી, શુભાકૃતિ, અને વિશાળ જઘનવાળી; સુંદર ભ્રુકુટિવાળી, કાળા કેશવાળી, ચારુ હાસ્યવાળી, માંસલ સ્તનવાળી, સરખી, સોહામણી અને સીધી સોટા જેવી અને લતા જેવી રુપાળી સ્ત્રી બની ગયેલો તે સરોવરના તટને શોભાવતો હતો. ત્રિભુવનમાં જેનો જોટો મળે નહિ એવી આ સ્ત્રી જાણે કમળ સહિત લક્ષ્મી કે નિર્મળ ચન્દ્રની જ્યોત્સ્ના હોય નહિ એવી જણાતી હતી.લક્ષ્મી કે ઉમાદેવી હોય તેવી સરોવર તટે ઉભી રહી દશે દિશાને પ્રકાશિત કરતી હતી.

જે વેળાએ સ્ત્રીત્વ પામેલો ઋક્ષરજસ વાનર સરોવરના કિનારા પર ઉભો, તે વેળાએ દેવરાજ ઇન્દ્ર બ્રહ્માને વંદન કરીને પાછો ઇંદ્રભવને જતો હતો. તેમ જ સૂર્ય પણ ફરતો ફરતો તે જ સમયે ત્યાં આવી પહોંચ્યો હતો. પેલી સુમધ્યમા સ્ત્રીને-વાનર ઋક્ષરજસને-બન્ને દેવોએ એક જ વખતે દીઠી અને જોતાં વાંત જ બન્ને કામવશ થઇ ગયા. એનું અદ્ભૂત રુપ જોઇને બન્ને દેવોનું ધૈર્ય જતું રહ્યું. અને તે બન્ને સર્પની માફક ધ્રુજવા લાગ્યા. તે જ ક્ષણે અત્યંત કામ વ્યાપવાથી ઇન્દ્રનું વીર્ય સ્ખલિત થયું તે એ સ્ત્રીના માથા ઉપર પડયું. ઇન્દ્રના કામની તૃપ્તિ થઇ અને તે શાન્ત થઇ તે સ્ત્રીને અડયા વગર ત્યાંથી ચાલ્યો ગયો. પણ ઇન્દ્રનું વીર્ય નિષ્ફળ જાય એવું નહોતું. તેથી કરીને તે વાનરીએ તત્કાળ એક સુન્દર પુત્રને જન્મ આપ્યો; અને ઇન્દ્રનું વીર્ય તે સ્ત્રીના વાળમાં પડયું હતું તેથી તે પુત્રનું નામ વાલી પડયું.

वालेषु पतितं बीजं वालीनाम बभूव सः ॥

હવે કામવશ થએલા સૂર્યનું વીર્ય તે સ્ત્રીની ગ્રીવા-ડોક-ઉપર પડયું એટલે સૂર્ય પણ એવો સમાગમ કર્યા વગર શાન્ત થઇને ત્યાંથી ચાલ્યો ગયો. એનું વીર્ય પણ નિષ્ફળ ગયું નહિ. તે વીર્યથી વાનરીને બીજો પુત્ર ઉત્પન્ન થયો. ગ્રીવા ઉપર વીર્ય પડયું હતું તેથી એ પુત્ર સુગ્રીવ નામે પ્રસિદ્ધ થયો. વાનરેંદ્ર વાલીને સુવર્ણની અક્ષમાળા આપીને ઇંદ્ર સ્વર્ગમાં ગયો. સૂર્ય પણ પોતાના પુત્રને માટે વ્યવસાય યુક્ત કાર્યમાં વાયુ પુત્રની સહાયનું નિરુપણ કરીને આકાશમાં ગયો. તે દિવસે તો ઋક્ષરજસ સ્ત્રીના રુપમાં રહ્યો, પણ જ્યારે બીજું પ્રભાત થયું ત્યારે એ પુનઃ પુરુષત્વને પામી વાનર થયો. પછી પીળા નેત્રવાળા અને મહા બળવાન પોતાના બન્ને પુત્રોને મધ પાઇ ઉછેરવા લાગ્યો. પછી બન્નેને લઇ બ્રહ્મા પાસે ગયો. બ્રહ્માએ એને પુત્રવાળો જોઇ ઘણીક રીતે આશ્વાસન કર્યા પછી પોતાના પાર્ષદને બોલાવીને આજ્ઞા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરી કે તું કિષ્કિંધા નામની સુંદર નગરી છે ત્યાં જા. સર્વ પ્રકારે સુંદર આ નગરીમાં જઇ ત્યાંના સઘળા વાનર સરદારોની સભા ભરજે; અને મારી આજ્ઞાનુસાર આ ઋક્ષરજસને તેમનો રાજા સ્થાપી રાજપાટ ઉપર તેનો અભિષેક કરજે. આ બુદ્ધિમાન ઋક્ષરજસ તેઓ પર દૃષ્ટિપાત કરશે એટલે તે સઘળા એની આજ્ઞામાં વર્તશે. બ્રહ્માની આજ્ઞા પ્રમાણે ઋક્ષરજસને કિષ્કિંધામાં પટ્ટાભિષેક કર્યો.

(વા૦રા૦ઉત્તર સ૦૩૭ પછીનો ક્ષેપક સર્ગ ૧-૩૭-૩૯).

ઋક્ષરજાના મૃત્યુ પછી વાલી જ કિષ્કિંધાનો રાજા થયો હતો. અને એનો નાનો ભાઇ સુગ્રીવ યુવરાજ થયો હતો. (ભાર૦ સ૦ ૯-૧૮). એની સ્ત્રીનું નામ તારા. (ભાર૦ વ૦૨૮૧-૧૭) અને પુત્રનું નામ અંગદ. સુગ્રીવની અનુમતીથી વાલી રાજ્ય કરતો હતો, એવામાં એકદા રાવણ કિષ્કિંધા આવ્યો ને સુગ્રીવ ઇત્યાદિ મુખ્ય મુખ્ય માણસોને પુછવા લાગ્યો કે વાલી કયાં છે? એનું શું કામ છે પુછતાં તેણે કહ્યું કે મારે વાલી સાથે યુદ્ધ કરવું છે. સુગ્રીવે કહ્યું તારે યુદ્ધ કરવું હોય તો વાલીનું જ શું કામ છે? મારી સાથે જ તું કેમ યુદ્ધ નથી કરતો? એમ બોલી વાલીએ મારેલા રાક્ષસો વિગેરેનાં હાડકાંનો ઢગલો તેણે રાવણને દેખાડયો. એ જોઇ રાવણે કહ્યું કે એમ છે તો તો મારે તેની જ સાથે યુદ્ધ કરવું છે. આ સાંભળી સુગ્રીવે કહ્યું કે, ઠીક, ત્યારે, એ હમણાં જ દક્ષિણ સમુદ્રમાં સ્નાન કરવા ગએલો છે, તું ત્યાં જા. એટલે રાવણ વાલીને ખોળતો ખોળતો દક્ષિણ સમુદ્ર ઉપર ગયો ત્યાં વાલી તેની નજરે પડયો.તે ન જાણે એમ તેને પકડી લેવા રાવણ વાલી પાસે જાય છે, એટલામાં તો વાલીએ જ તેને પકડયો ને બગલમાં ઘાલી દબાવી રાખ્યો.અને પછી બીજા સમુદ્રોમાં સ્નાન કરી કિષ્કિંધા આવ્યા પછી, જાણે ઓળખતો જ ન હોય તેવું ડોળ કરી ધાંટો પાડી રાવણને પુછ્યું કે તું કોણ? અહિં શું કરવા આવ્યો હતો? લજવાઇ ગએલા રાવણે પોતાનું નામ કહી કહ્યું કે તને મોટો બલાઢ્ય જાણી તારી સાથે સખ્ય કરવાના હેતુથી હું અહિં આવ્યો હતો. આવું સાંભળતાં વાલીએ કહ્યું કે ઠીક ત્યારે, તારૂં ને મારૂં સખ્ય થયું. એમ કહી એક માસ પર્યંત રાવણને રાખી લઇ, પછી એને જવાની આજ્ઞા આપી.

रावणं तु मुमोचाथ स्वकक्षात्कपिसत्तमः ।
कुतस्त्वमिति चोवाच प्रहसन्रावणं ॥३४॥

વા૦ રા૦ ઉત્ત૦ સ૦ ૩૪

વાલીના ગોલભ ગંધર્વ સાથે પંદર વર્ષ સુધી ચાલેલા સતત યુદ્ધ સારુ ગોલભ શબ્દ જુઓ.

આ જ પ્રમાણે એકદા દુંદુભિ દૈત્ય આની સાથે યુદ્ધ કરવા આવ્યો, અને વાલીને હાથે મરણ પામ્યો. ત્યારથી વાલીને ઋષ્યમુક પર્વત અગમ્ય થઇ પડયો. (૧. દુંદુભિ શબ્દ જુઓ). દુંદુભિ મરણ પામ્યા પછી તેનો ભાઇ માયાવિ વાલી સાથે યુદ્ધ કરવા આવ્યો. તેનું અને વાલીનું ઘણા દિવસ યુદ્ધ ચાલ્યું, તેમાં શિકસ્ત પામી નાસતાં નાસતાં માયાવિ એક ગુફામાં ભરાયો, એટલે વાલીએ તેની પૂંઠ પકડી ને ગુફાના દ્વારપર સુગ્રીવને રાખી, પોતે તેની પાછળ અંદર પેઠો. આ વાતને કાંઇક માસ વીતી ગયા તોપણ વાલી પાછો બહાર આવ્યો નહિ, તેથી સુગ્રીવને ચિંતા થઇ. એટલામાં અંદર વાલીએ માયાવિને મારી નાખ્યો હશે તેના લોહીનો મોટો પ્રવાહ ગુફામાંથી બહાર નીકળ્યો. આમ લોહી નીકળતું જોઇ અને વાલી પણ બહાર ન આવ્યો, એ જોઇ સુગ્રીવ વાલી મૃત્યુ પામ્યો હશે એમ સમજ્યો તેથી તે ત્યાંથી કિષ્કિંધા આવવા નીકળ્યો. ત્યાંથી નીકળતાં તેણે ગુફાના મ્હોં પર એક પ્રચંડ પથ્થર મુકયો; અને કિષ્કિંધા આવી બનેલો વર્તમાન સઘળાને કહ્યો. એ સાંભળી બધા ખિન્ન થયા,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને સુગ્રીવના ના કહ્યા છતાં તેને ગાદીપર બેસાડયો. આ વાતને ઘણા દિવસ વીતી ગયા, અને અહીં સુગ્રીવ આનંદથી રાજ્ય કરે છે એવામાં વાલી ત્યાં ગુફાના દ્વાર આગળ આવ્યો ને તેના પર ઢાંકી દીધેલી મોટી શિલા ભાગી નાંખી ગુફા બહાર નીકળી જુવે છે તો ત્યાં સુગ્રીવ ન મળે ! એથી તેને ઘણું આશ્ચર્ય લાગ્યું ને કિષ્કિંધા આવ્યો. ત્યાં સુગ્રીવને રાજ્ય કરતો જોઇ તેના ક્રોધની સીમા રહી નહિં. એ ક્રોધમાં તે સુગ્રીવ ઉપર ધસ્યો અને બન્ને વચ્ચે જબરૂ યુદ્ધ થયું તેમાં સુગ્રીવ પરાભવ પામી નાઠો તે ઋષ્યમુક પર્વત પર ચઢયો; 'કારણ કે અહીં આવવાથી વાલીનું મૃત્યુ છે એ વાત સુગ્રીવ જાણતો હતો. સુગ્રીવને ઋષ્યમૂક પર ચઢતો જોયો કે પૂંઠે લાગેલો વાલી પાછો ફર્યો ને કિષ્કિંધા આવી સુગ્રીવની સ્ત્રીનું હરણ કરી, પૂર્વવત્ રાજ્ય કરવા લાગ્યો. સુગ્રીવની સાથે વેર બંધાવાનું આ જ કારણ. સુગ્રીવના ઋષ્યમૂક ઉપર જતાં જ મારુતિ ઇત્યાદિ સચિવો કિષ્કિંધા તજી તેની પાસે ઋષ્યમૂક પર આવી રહ્યા.

પછી સુગ્રીવને રામ સાથે સખ્ય થયું ને તેમણે વાલીને માર્યો. (ભાર૦ વ૦ ૨૮૧-૩૮) (૨ સુગ્રીવ શબ્દ જુઓ) બાણ વાગવાથી મૂર્છા ખાઇ પડેલા વાલી પાસે રામ આવ્યા. કેટલીક વારે તેને મૂર્છા વળી ને આમ તેમ જોતાં તેણે રામને પોતાની સાનિધ્યમાં ઉભેલા દીઠા, એટલે તેણે આમ બોલવાનું શરૂ કર્યું. કે-હે રામ તમે રઘુવંશોત્પન્ન ક્ષત્રિ હોઇ ધર્મનેત્તા પણ છો. એમ છતાં, હું બીજા સાથે યુદ્ધ કરતો હતો, ને મેં તમને કે તમે મને યુદ્ધ કરવા હાક મારેલી નહતી તોપણ, વૃક્ષને ઓથે રહી તમે મને માર્યો એ તમે કેવળ અધર્મ કર્યો છે. હું જ્યારે યુદ્ધે નીકળ્યો ત્યારે જ મને મારી સ્ત્રી તારાએ, તમારૂં નામ દઇ અહીં આવવાનો નિષેધ કર્યો હતો; પરંતુ મેં તેને કહ્યું કે જો રામ જ આવ્યા હશે તો તો મારે ને તેમને સખ્ય થશે. એ સઘળું તો કયાં એ રહ્યું, ને તમે મને અધર્મથી માર્યો, તેથી કેવળ તમારા વંશમાં તમે લાંચ્છન લગાડી લીધું. (વા૦ રા૦ કિષ્કિ૦ સ૦ ૧૬-૧૭)

વાલીનું આ બોલવું સાંભળી, રામે કહ્યું કે આ સંપૂર્ણ ભારતવર્ષના રાજા ભરતે સ્થાપેલી ધર્મમર્યાદાનું પાલન કરવામાં હું તો કેવળ તેનો અનુચર છું. એટલે અધર્મ કરનારને શિક્ષા કરવી એ મારૂં કામ જ હોવાથી, ભાઇની સ્ત્રીનું હરણ કરનાર તને માર્યો એ મેં યુકત જ કર્મ કર્યું છે. એથી સૂર્યવંશમાં જન્મ ધારણ કરી મેં તેને લાંચ્છન લગાડયું, એવું જે તેં કહ્યું એ કેવળ ક્રોધને વશ થઇને તારૂં બોલેલું વચન નિરર્થક જ છે. આ સાંભળી વાલી બોલતો બંધ રહ્યો. અહીં રામે વાલીને-ક્ષત્રિ શિકાર કરવા જાય ત્યારે પશુ પક્ષી સામે મોંયે હોય કે પુંઠ ફેરવી ઉભું હોય તોપણ તેને મારે છે, તેમ જ તેને રહામા મૃગને હાક મારવાનું પણ પ્રયોજન નથી હતું. અને તેથી તને વૃક્ષને ઓથે રહી માર્યો તે યુક્ત જ કર્યું છે-આવું કહ્યું,એવું પુસ્તકમાં મળી આવે છે પણ એ ક્ષેપક હોય એમ લાગે છે. કારણ કે જ્યારે રામ વાલીને મૃગ-પશુ જ છે એમ સમજ્યા તો પછી બ્હેન, ભાઈની સ્ત્રી, અને કન્યા, એની સાથે ગમન કરવું અધર્મ છે એવો નીતિ વિષયક બોધ પશુને કરે એ સંભવિત નથી. સારાંશ કે વાલી પશુ નહતો એટલે તેને નીતિ વિરૂદ્ધ વર્તન કરવાથી રામે માર્યો અને તેણે પણ તેનું કડવું ફળ ભોગવ્યું. પછી વાલીએ રામને કાંઇ ન કહેતાં એટલી વિનંતિ કરી કે મારે હવે કશું દુઃખ નથી. માત્ર એક અંગદની ફીકર થાય છે. તેને તમે સંભાળજો અને સુગ્રીવની સાથે ભાઈ પેઠે વર્તી તેના તરફથી મારી સ્ત્રી તારાનું અપમાન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ન થાય એ જોજે. આટલું બોલી તે ચુપ રહ્યો. (વા૦ રા૦ કિષ્કિં૦ સ૦૧૮)

વાલીનું મૃત્યુ સાંભળતાં જ ત્યાં તારા આવી અને તેણે અનિવાર શોક કર્યો.એથી સુગ્રીવને પણ સંતાપની પરાકાષ્ટા થઇ.(વા૦રા૦સ૦૧૯-૨૦)પછી મારુતિએ તેનું સાંત્વન કર્યું(વા૦રા૦ સ૦૨૧)એટલામાં વાલીને કિંચિત્ ભાન આવ્યું ને સુગ્રીવને કહેવા લાગ્યો કે હવે તું બહુ શોક ન કરતાં રાજ્ય ચલાવ અને તારાને અંગદની સંભાળ રાખજે. એટલું તેને કહી પોતાના કંઠમાંથી ઇંદ્રદત્ત માળા કહાડી સુગ્રીવને આપી વાલીએ પ્રાણ છોડયા. (વા૦ રા૦ સ૦ ૨૨) પછી સર્વેએ વાલીના ગુણ અને પરાક્રમ સંભારી શોક કર્યો તે સાંભળી રામનું પણ હૈયું ભરાઇ આવ્યું.તોપણ તેમણે સર્વેનું સાંત્વન કર્યું, (વા૦ રા૦ સ૦૨૩-૨૪) પછી સુગ્રીવે વાલીના દેહનું ઔર્ધ્વદૈહિક કર્મ કર્યું અને રામ સમક્ષ તેને ઉત્તમ ગતિ આપી. (વા૦રા૦ સ૦૨૫)

**વાલુકીની.** ભારતવર્ષીય નદી.

**વાલેય.** એક બ્રહ્મર્ષિ. (૨ અત્રી શબ્દ જુઓ).

**વાલેય.** (૨) શ્વેતપરાશરકુલોત્પન્ન એક ઋષિ.

**વાલ્મીકી.** એક બ્રહ્મર્ષિ આ પૂર્વ જન્મે પ્રચેતસ્ કરીને જે દસ ભાઇઓ હતા, તેમાંનો છેવટનો પ્રચેતસ્ હતો.(અધ્યાત્મ રા૦ ઉત્તર સ૦૭) આ જ દસમો પ્રચેતસ્ મરણ પામી એક બ્રાહ્મણને ત્યાં જન્મતાં તેનાં માતા પિતા તપને અર્થે અરણ્યમાં જવા લાગ્યાં ત્યારે આને એકાદા અરણ્યમાં મુકી દીધો. પછીથી કોઇ ભીલની દૃષ્ટીએ આ પડયો. તેણે દયા ખાઇ તેનું રક્ષણ કરી ઉછેર્યો ને મોટો થયો એટલે ધનુર્વિધામાં નિપુણ બનાવી તેની પાસે ચોરીનું કામ કરાવવા લાગ્યો. આ કર્મ કરતાં કરતાં ત્યાં આને સ્ત્રી પુત્રાદિક પરિવાર થયો તેના ઉદર ભરણને માટે આ સતત પંથીઓને લુંટી અરણ્યમાં જાય અને આ લૂંટના દ્રવ્યમાંથી પોતાનો તેમ જ કુટુંબનો નિર્વાહ કરે.

એકદા આ અરણ્યમાં ફરતો હતો તેવામાં તેણે તે રસ્તે થઇને જતા કોઇ મહિર્ષને જોયા, એટલે તેની પાસે જઇ કહેવા લાગ્યો કે તારી પાસે જે કાંઇ હોય તે મને આપી ચાલતો થા. આ ઉપરથી મહર્ષિને દયા ઉપની અને તેનો અનુગ્રહ કરવાના હેતુથી તેને પુછ્યું કે, અરે ! તું જેમને માટે આ નકામો વ્યવસાય અને ઘોરકર્મ કરી રહ્યો છે, એ તારાં સ્ત્રી પુત્રાદિક આ તારાં પાપનાં ભાગીદાર છે કે? તું ઘેર જા, અને એમને આ સંબંધે પુછી આવ, ત્યાં સુધી હું અહીં ઉભો રહ્યો છું. ઋષિનું આ બોલવું સાંભળી તેમાં તેને સત્ય ભાસ્યું. એ ઋષિના દર્શનનું જ મહાત્મ્ય. આ ત્યાંથી ઘેર આવ્યો ને ઋષિના કહ્યા પ્રમાણે પરિવારને પુછવા લાગ્યો. ત્યારે બધાંએ કાંઇ વિશેષ ન કહેતાં આટલું જ કહ્યું કે " **पापं तत्रैव तत्सर्वं वयं तु फलभागिनः** એટલે તારાં કરેલાં પાપ તું ભોગવ અમે તો તારા દ્રવ્યનાં જ ભોક્તા માત્ર છીએ. આવું પોતાના કુટુંબીનું બોલવું સાંભળી તેને એટલું તો ખોટું લાગ્યું કે, તેણે પાછા જઇ પેલા મહર્ષિને સાષ્ટાંગ દંડવત્ કર્યા અને પ્રાર્થના કરી કે હું તારે શરણ આવ્યો છું. મને કૃતાર્થ કર. પછી એ મહર્ષિ, ભકતોના હૃદયમાં રમનાર એવા જે સર્વવ્યાપિ બ્રહ્મ, જેને વેદમાં રામ કહ્યા છે, એ રામ નામનો જપ કરવાનું આને કહી, ત્યાં જ અંતર્ધાન પામ્યા. મહર્ષિ જતાં, આ ત્યાં જ જપ કરતો કરતો એટલા તો કાળ પર્યંત બેઠો કે, તેના શરીર પર ઉધાઇઓના રાફડા થઇ ગયા. પછી એ જ ઋષિએ આવી આને એ રાફડાઓમાંથી કાઢયો, તે ઉપરથી આનું વાલ્મીક એવું નામ પડ્યુ. (વા૦ રા૦ બાલ સ૦ ૧).

પછી આની ગણના ઋષિમાં થવા લાગી. એટલે એ તમસા નદીને તીરે આશ્રમ કરી રહ્યો. તેની પાસે અધ્યાપન વિગેરે કરનારા અનેક શિષ્યો હતા,પરંતુ તે સર્વેમાં ભરદ્વાજ ઋષિ મુખ્ય હતો. એક વેળા આ નિત્યકર્મ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રમાણે સ્નાન કરવા નદીએ ગએલો; સ્નાન કરતાં કરતાં સામેના એક વૃક્ષપર ક્રૌંચ પક્ષિના જોડા ઉપર તેની નજર પડી. એ જોડાંમાંનો એક નર જે કામાસક્ત બન્યો હતો–તે જેવો વિષયમાં પ્રવૃત્ત થવા જાય છે એ જ ક્ષણે એક શિકારીએ તેને બાણવડે વીંધી નાંખ્યો. તેથી પાછળ રહેલા પક્ષિને અતિશય શોક થયો. એ જોઇ અહીં કોમળ-ચિત વાલ્મીકના હૃદયમાં એટલી બધી દયા-ઉપજી કે તેના મુખમાંથી એકાએક આ બોલાઇ ગયું કે:–

मा निषाद् प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समा॥
यत्क्रौंचमिथुनादेकमवधीः काम मोहितं ॥

આ અનુષ્ટુપછંદોબદ્ધ વાણી પોતાના મુખમાંથી અકસ્માત નીકળ્યાથી એને પોતાને પણ આશ્ચર્ય લાગ્યું, અને સ્નાન કરી જળ-માંથી બહાર નીકળ્યો. એટલામાં ત્યાં બ્રહ્મ-દેવ પ્રગટયા અને આને કહ્યું કે તું આશ્ચર્ય પામીશ નહિં–તને પ્રગટેલી વાણી એ મારી જ ઇચ્છાએ કરીને છે. તો તું હવે એ જ છંદમાં સ્ત્રીવિરહનું કાવ્ય કર અને તું એ કાવ્યમાં જેવું વર્ણન કરીશ તેવું આગળ જતાં બનશે અને તેમાંનો એક અક્ષર પણ અન્યથા થશે નહિ. આટલું કહી બ્રહ્મદેવ અંતર્ધાન થયા, એટલે તેમની આજ્ઞા પ્રમાણે પરમેશ્વરના જે નામ વડે પોતે પાવન થયો હતો તેના જ નામ ઉપર શતકોટિ કાવ્ય તેણે રચ્યું. તેમાંથી જ સારરૂપ ગાયત્રીમંત્રવર્ણ–વિલાસભૂત ચોવીસ સહસ્ર કાવ્ય, તેણે પછીથી લવકુશને શીખવ્યું, તે સર્વ કોઇને જાણીતું છે.

આના પ્રચેતા અથવા પ્રાચેતસ એવાં નામો પણ મળી આવે છે. તે તેના પૂર્વજન્મના સંબંધને લીધે છે એમ સમજવું. ચાલુ મન્વન્તરમાં પ્રથમ કાવ્યકર્તા આ જ હતો એટલે તેને લોકોમાં આદિકવિ કહેવાની રૂઢિ પડી ગઇ છે.

**વાસવ.** ઇંદ્રનું નામ. એ નામ પડવાનું પ્રયોજન શું હશે તે સમજાતું નથી. પરંતુ આનો પિતા વસુ સંજ્ઞાધારી કોઇ પુરૂષ હશે એમ લાગે છે.

**વાસવી.** ઉપરિચર વસુરાજાની કન્યા, વ્યાસ-માતા સત્યવતી હતી તે.

**વાસવેય.** વાસવી સત્યવતીના પુત્ર વ્યાસ તે જ. **( ભાર૦ આ૦ ૬૪–૮૬ ).**

**વાસાશ્વ.** વૈશ્ય જાતીય એક મંત્રદ્રષ્ટા ઋષિ. **( ભાર૦ આ૦ ૧–૮૪ ).**

**વાસુકિ.** કદ્રુપુત્ર નાગમાંનો એક. આ સઘળા સર્પોનો અધિપતિ છે. આની સ્ત્રીનું નામ શતશીર્ષા.

वासुकिः शतशीर्षायां कुमार्यां च धनञ्जयः।
वैदार्भ्यां च यथा रामो रुक्मिण्यां च जनार्दनः
॥ १७॥

**( ભાર૦ ઉદ્યોગ૦ ૧૧૭–૧૭ )**

પ્રતિ ચૈત્રમાસના સૂર્ય સાથે આ જ સંચાર કરે છે. ( ૯ મધુ શબ્દ જુઓ ). જનમે-જયના સર્પસત્રમાં આનાં કોટિસ, માનસ, પૂર્ણ, શલ, પાલ, હલીમક, પિચ્ચલ, કૌણપ, ચક્ર, કાલવેગ, પ્રકાશન, હિરણ્યબાહુ, શરણ, કક્ષક અને કાલદંતક એ પંદર કુળ બળી ગયાં હતાં. આ હમેશાં ભૂષણરૂપે શિવના શરીર આશ્રિત તરીકે રહે છે.

જરત્કારુ ઋષિની ભાર્યા જરત્કારુ આની બ્હેન થાય. **( ભાર૦ આ૦ ૩૮–૨૦ ).**

દેવ અને દૈત્યોએ સમુદ્રમંથન વખતે આને નેતરું બનાવ્યો હતો. **(ભાર૦આ૦૧૮–૧૩).**

**વાસુકિતીર્થ.** એક તીર્થ વિશેષ.

तत्र भोगवती नाम वासुकेस्तीर्थमुत्तमम् ॥८६॥
**( ભાર૦ વન૦ અ૦ ૮૩–૮૬ )**

**વાસુદેવ.** સકલ પદાર્થમાત્રમાં વાસ્તવ્ય કરી હેલા દેવ તે.

**વાસુદેવ (૨).** સામવેદોપનિષદ્.

**વાસુદેવ (૩).** વસુદેવપુત્ર કૃષ્ણનું નામ.

**વાસ્તુ.** વિશ્વામિત્ર કુલોત્પન્ન ઋષિ વિશેષ.

**વાહુનપ.** ગૌરપરાશર કુળમાં થએલો એક ઋષિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વાહિની.** સોમવંશી કુરુરાજાની પત્નિ. તેના પુત્રો અશ્વવત વિગેરે.

पञ्चैतान्वाहिनी पुत्रान्व्यजायत मनस्विनी॥३९॥

( ભાર– આદિ૦ અ૦ ૧૦૧–૩૯ ).

**વાહિની (૨).** ભારતવર્ષીય નદી વિશેષ. (ભાર૦ ભી૦ ૯–૩૪).

**વાહિનીપતી.** એક બ્રહ્મર્ષિ. ( ૩ અંગિરા શબ્દ જુઓ ).

**વાહીક.** ભૂપ્રદેશ વિશેષ હાલનો પંજાબ પ્રાન્ત વગેરે.

बहिष्कृता हिमवता गंगया च तिरस्कृता ।
सरस्वत्या यमुनया कुरुक्षेत्रेण चा प्रिया॥१६॥
पंचानां सिंधु षष्ठानां नदीनां येंतराश्रिताः॥
तान्धर्मबाह्यान शुचीन्वाहीकान्परिवर्जयेत्॥१७॥
पञ्चनद्यो वहन्त्येता यत्र पीलुवनान्युत ॥
शतद्रुश्च विपाशा च तृतीयैरावती तथा॥४२॥
चन्द्रभागा वितस्ता च सिंधु षष्टा महानदी।
आरट्टानाम वह्लीका एतेश्वार्योहि नो वसेत्॥४३॥
पञ्चनद्यो वहन्त्येता यत्र निसत्य पर्वतात्।
आरट्टानाम बाह्लीका न तेष्वार्यो ह्यवं वसेत्
॥५१॥

( भा० कर्ण० अ० ३७ )

**વાધમય.** નીલપરાશર કુળમાં થએલો ઋષિ.

**વિકટ.** રુદ્રગણુ વિશેષ.

**વિકટ (૨).** અંગદે મારેલો એક રાક્ષસ. ( વા૦ રા૦ યુદ્ધ કાંડ. ).

**વિકટ (૩).** ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. ( આ૦ ૬૮–૯૬, ભી૦ ૬૪–૨૯ ક૦ ૪૬–૧૬ ).

**વિકટાનન.** ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. ( ભાર૦ આ૦ ૧૩૧–૫ ).

**વિકુઞ્જન.** સોમવંશી હસ્તી નામના રાજાનો પુત્ર. તેની સ્ત્રી સુંદરા. તેનો પુત્ર અજમીઢ. ( ભાર૦ આ૦ ૬૩–૩૮, )

विकुञ्जनस्तु खलु दःशार्हीमुपयेमे सुन्दरां नाम।
तस्यामस्य जज्ञेऽजमीढः ॥३८॥

**વિકટા.** અશોકવન માંહેલી આ નામની બે રાક્ષસી.

**વિકણ્ઠન.** વિકુઞ્જન તે જ. (વા૦ રા૦ સુંદરકાંડ).

**વિકંપન.** એક રુદ્રગણ.

**વિકર્ણ.** ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. આ એક મહારથી હતો. અને બધા ભાઇઓમાં મોટો ન્યાયી હતો. એને વિશે એવી હકીકત મળે છે કે જ્યારે દ્રૌપદીને સભામાં લાવ્યા ત્યારે તેણે સઘળા ત્યાં બેઠેલા સભાસદોને પુછ્યું હતું કે આ ધર્મ કે અધર્મ. ત્યારે આણે પણ વિદુરની પેઠે જ આ અધર્મ છે એવો પોતાનો અભિપ્રાય કહી સંભળાવ્યો હતો. તેથી દુર્યોધન વિગેરેને આ પ્રિય ન હતો. પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે, ભીમને યુદ્ધ સમયે જ્યારે આને મારવાનો પ્રસંગ આવ્યો ત્યારે ભીમને ઘણું ખરાબ લાગ્યું–પરંતુ નિરુપાય થઇ તેણે આને માર્યો.

हतो विकर्णो राजेंद्र चित्रसेनश्च वीर्यवान् ।
प्रवराश्चात्मजानां ते सुताश्चान्ये महारथाः ॥५१॥

( આ૦ ૬૩–૫૮, વિ૦ ૩૭–૩ અને ભી૦ ૭૭–૭, ૬૮–૨૨ ).

**વિકર્તન.** સૂર્ય.

**વિકુંઠા.** રૈવત મન્વન્તરમાંના વિષ્ણુ અવતારની માતા.

**વિકુક્ષિ.** ઇક્ષ્વાકુ રાજાના સો પુત્રોમાં સહુથી નાનો; એને શશાદ પણ કહેતા હતા. ( શશાદ શબ્દ જુઓ ).

**વિકૂટ.** એક સામાન્ય પર્વત.

**વિકૃત.** વિરૂપ, કલહપ્રિય અને ક્રોધાત્મા કોઇ પુરૂષ.

**વિકૃતિ.** રુદ્રગણુ.

**વિકૃતિ (૨).** સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશમાં થએલા જ્યામઘ કુલોત્પન્ન ક્રથ વંશના જીમૂત રાજાનો પુત્ર. આનું વિમલ એવું નામાંતર હતું. એને ભીમરથ નામનો પુત્ર હતો.

**વિક્રાંત.** વૃષ્ણિ કુલોત્પન્ન એક યાદવ.

**વિખ્યાત.** તેર સૈંહિકેયમાંનો એક.

**વિઘન.** રાવણપક્ષીય રાક્ષસ વિશેષ.

धूम्राक्षस्याथ संपातेर्भवनं मारुतात्मजः ।
विद्युद्रुपस्य भीमस्य घनस्य विघनस्य च॥२३॥

( વા૦ રા૦ સુંદર૦ સ૦ ૬ ),

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વિચકાશ્વ.** એક ક્ષત્રી.

दुष्यन्तेन करूशेन रामालर्कनलस्तथा ।
विषकाश्वेन निमिना जनकेन च धीमता॥७१।

(ભાર૦ શાંતિ૦ અ૦ ૧૭૭-૭૧).

**વિચખ્નુ.** એક રાજર્ષિ.

**વિચખ્યુ.** એક ક્ષત્રી.

प्रजानामनुकम्पार्थं गीतं रक्षा विचख्युना॥३॥

( ભાર૦ શાંતિ૦ અ૦ ૨૭૧-૩ ).

**વિચક્ષુષ,** એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ).

**વિચારુ.** કૃષ્ણથી રુક્મિણિને થએલા પુત્રોમાંનો એક.

**વિચિત્ર.** દેવસાવર્ણિ મનુના થનારા પુત્રોમાંનો એક પુત્ર.

**વિચિત્ર (૨).** ભારતયુદ્ધમાં દુર્યોધન પક્ષનો રાજા.

**વિચિત્ર (૩).** યમનો એક લહિયો.

**વિચિત્રવીર્ય.** પૂરુકુલોત્પન્ન અજમીઢ વંશમાં થએલા કુરુ પુત્ર જન્હુરાજાના વંશમાં જન્મેલા શંતનુ રાજાને સત્યવતીની કુખે થએલા બે પુત્રોમાંનો બીજો. આનો મોટો ભાઇ ચિત્રાંગદ. જ્યારે ચિત્રાંગદ રાજ્ય કરતો હતો ત્યારે એક સમય એને ચિત્રાંગદ નામના ગંધર્વ સાથે યુદ્ધ થયું ને તેમાં એ ગંધર્વને હાથે મરાયો; તેથી ભીષ્મે વિચિત્રવીર્યને ગાદીએ બેસાડ્યો. અને કાશી રાજાની જીતી આણેલી ત્રણ કન્યાઓમાંથી અંબા પાછી ગઇ, ને બાકીની અંબિકા અને અંબાલિકાનાં વિચિત્રવીર્ય સાથે લગ્ન કર્યાં. પરંતુ દૈવયોગે આને કાંઇ સંતતિ થઇ નહિ અને એનું નાની વયમાં મૃત્યુ થયું. આની માતા સત્યવતી અને ઓરમાન ભાઇ ભીષ્મ બન્ને વિચારમાં પડયાં કે હવે શું કરવું ? એટલામાં સત્યવતીને વિચાર સુજ્યો અને પોતાને કૌમાર અવસ્થામાં થએલા પુત્ર કૃષ્ણદ્વૈપાયનનું એને સ્મરણ થયું. સ્મરણ થતાં જ તે પ્રગટ થયો ને શી આજ્ઞા છે એવું માતાને પુછ્યું. સત્યવતીએ તમામ હકીકત તેને કહી, તેની પાસે અંબિકા અને અંબાલિકા એ બન્નેની સાથે નિયોગ વડે ધૃતરાષ્ટ્ર અને પાંડુ એમ બે પુત્ર નિર્માણ કરાવડાવ્યા. (અંબિકા અને અંબાલિકા શબ્દ જુઓ). વિચિત્રવીર્યની દાસીને પેટે વ્યાસથી વિદુર નામનો પુત્ર થયો હતો. ( ભાર૦ આ૦ ૬૩-૫૪, આ૦ ૧૧૧-૭ ).

**વિજય.** વિષ્ણુના બે દ્વારપાલમાંનો એક.

**વિજય (૨).** ભારતવર્ષનું એક તીર્થ.

**વિજય (૩).** સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન હરિશ્ચંદ્ર વંશના સુદેવ રાજાનો મોટો પુત્ર. સુતેજાનો મોટો ભાઇ. આને ભરુક અથવા રુચક નામનો મોટો પુત્ર હતો.

**વિજય (૪).** વિદેહવંશી જય નામના જનકનો પુત્ર. આનો પુત્ર ઋત નામનો જનક.

**વિજય (૫).** સોમવંશી પુરૂરવા રાજાના ૭ પુત્રોમાં પાંચમો. આને ભીમ નામે પુત્ર હતો.

**વિજય (૬).** સોમવંશી અનુકુલોત્પન્ન પૃથુલાક્ષપુત્ર બૃહદ્રથનો પ્રપૌત્ર અને જયદ્રથ રાજાનો પુત્ર. આનો પુત્ર ધૃતિ.

**વિજય (૭).** દશરથ રાજાના અષ્ટપ્રધાનોમાંનો એક પ્રધાન.

**વિજય (૮).** દાશરથિ રામની સભામાંનો એક હાસ્યકાર.

**વિજય (૯).** યાજ્ઞવલ્કય ઋષિના ત્રણ પુત્રોમાંનો ત્રિશિરા રાક્ષસ થએલો પુત્ર. ( ૧ ચંદ્રકાંત શબ્દ જુઓ ).

**વિજય (૧૦).** પાંડુપુત્ર અર્જુનનાં દશ નામોમાંનું એક નામ. ( ભાર૦ વિ૦ ૪૩-૨૧ ).

**વિજય (૧૧).** કૃષ્ણથી જાંબુવતીને થએલા પુત્રોમાંનો એક.

**વિજય (૧૨).** ભારતવર્ષીય દેશ.

विदेहा मगधाः स्वक्षा मलजा विजयास्तथा॥२५॥

( ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯). કુમ્ભ.

**વિજયા.** વિષ્ણુની અને શિવની શક્તિ વિશેષ.

**વિજયા (૨),** કેકય રાજાની કન્યા, માદ્રીપુત્રની સ્ત્રી. એનો પુત્ર સુહોત્ર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વિજિતાશ્વ.** ઉત્તાનપાદ વંશના પૃથુરાજાથી અર્ચિ નામની સ્ત્રીને થએલા પાંચ પુત્રોમાંનો પહેલો. આનું મૂળનું નામ શું હશે તે જણાતું નથી. આ નામ પડવાનું કારણ આઃ–આના પિતા પૃથુરાજાએ નવાણું યજ્ઞ કરી સોમો અશ્વમેધ શરૂ કર્યો એટલે ઇંદ્રે ગુપ્તવેશે એના અશ્વનું હરણ કર્યું. એ અશ્વ આણે ઇંદ્ર પાસેથી છોડાવી આણ્યો માટે આનું આ નામ પડ્યું. આનામાં ગુપ્ત રહેવાની પણ શક્તિ હતી. તે ઉપરથી અંતર્ધાન એવું પણ એનું નામ હતું. આને શિખંડિની અને નભસ્વતી એવી બે સ્ત્રીઓ હતી. એમાંની પહેલીને, વસિષ્ઠના શાપથી જન્મ ધારણ કરેલો એવો પૂર્વજન્મના ત્રણ અગ્નિ પાવક, પવમાન અને શુચિ નામના ત્રણ પુત્ર હતા. બીજી નભસ્વતીને એક જ હવિર્ધાન નામનો પુત્ર હતો. ( ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૧૯).

**વિટભૂત.** વરુણલોકમાંનો એક અસુર.

**વિડૂરથ.** એક યાદવ.( ભાર૦ આ૦ ૨૩૯-૧૦).

**વિતત્ય.** વિહવ્ય ઋષિનો પુત્ર. આનો પુત્ર સત્યઋષિ. ( વીતહવ્ય શબ્દ જુઓ ).

**વિતથ.** મરુદ્ગણોએ સોમવંશી ભરત રાજાને જે ભરદ્વાજ નામનો પુત્ર આપ્યો હતો તેનું આ બીજું નામ.

**વિતર્દન.** એક રાક્ષસ.

अहं द्विजिह्वः संह्रादी कुम्भकर्णो वितर्दनः॥२२॥

( વા૦રા૦ યુદ્ધ૦ સ૦ ૬૪ ).

**વિતલ.** સાત બિલસ્વર્ગમાંનું બીજું. અહીં હાટકેશ્વર નામના મહાદેવ છે.

( ભાગ૦ ૫ સ્કંધ૦ અ૦ ૨૪ ).

**વિતંડ.** એક ક્ષત્રી. દ્રૌપદી સ્વયંવર વખતે આવેલો દંડ રાજાનો પિતા.

जलसन्धः पितापुत्रौ विदण्डो दण्ड एव च॥१२॥

( ભાર૦ આદિ૦ અ૦ ૨૦૧-૧૨ )

**વિતસ્તા.** બંગડાની સંજ્ઞાવાળા હિમાલયમાંથી નીકળેલી છ નદીઓમાંની એક. એ પશ્ચિમ સમુદ્રને મળે છે. ( ભાર૦ વ૦ ૮૦-૯૦, ભી૦ ૯-૧૬ ). હાલની ઝેલમ નદી તે જ.

**વિતત્સ્ય.** એક બ્રાહ્મણ. સાવૈનસનો પુત્ર. તેના પુત્રનું નામ શિવ.

( ભાર૦ અનુ૦ અ૦ ૮-૬૨ ).

**વિતાના.** સત્રાયણ ઋષિની સ્ત્રી. ઇંદ્રસાવર્ણિ મન્વન્તર માંહ્યલા વિષ્ણુના અવતારની માતા.

**વિદ.** એક બ્રહ્મર્ષિ અને તેનું કુલ. ( ૩ ભૃગુ શબ્દ જુઓ. )

**વિદ (૨).** ઉપર કહેલા વિદ બ્રહ્મર્ષિનું કુળ.

**વિંદ.** ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. (ભાર૦ આ૦ ૬૮-૯૪ ). એને ભીમસેને માર્યો હતો. ( ભાર૦ દ્રોણ૦ ૧૨૧-૪૮ ).

**વિંદ (૨).** ભારતયુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા. કેકયદેશાધિપતિ બે ભાઇઓમાંનો મોટો. એ સાત્યકીને હાથે મરાયો હતો.

भीमसेनस्तथा द्रौणिं कुर्वाणं कर्म दुष्करम् ।
विन्दानावन्दौ कैकेयौ सात्यकिः समवारयत्

(ભાર૦ કર્ણ૦ અ૦ ૧૦-૬ ).

**વિંદ (૩).** ભારતયુદ્ધમાં દુર્યોધન પક્ષનો એ નામનો બીજો રાજા. અવંતિદેશાધિપતિ બે ભાઇઓમાંનો મોટો. એનો ભાઇ તે અનુવિંદ. એને પહેલું કુંતિ ભોજ રાજા સાથે યુદ્ધ થયું હતું. ( ભાર૦ સભા૦ અ૦ ૩૨૦ શ્લો. ૧૧ ). પછીથી તે અર્જુનને હાથે મરાયો હતો.

विन्दं तु निहतं दृष्ट्वा ह्यनविन्दः प्रतापवान् ।
हताश्वं रथमुत्सज्य गदां गृह्य महाबलः ॥२७॥

( ભાર૦ દ્રોણ૦ અ૦ ૯૯ ).

**વિદર્ભ.** પ્રિયવ્રતવંશના ઋષભદેવના સો પુત્રોમાં નવખંડના અધિપતિ જે નવપુત્ર હતા તેમાંનો એક. આના ખંડનું પણ એ જ નામ હતું.

**વિદર્ભ (૨).** ભરતવર્ષમાં જે નવ ખંડ છે તેમાંનો એક.

**વિદર્ભ (૩).** સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશમાંના જ્યામઘ રાજાથી શૈબ્યા અથવા ચૈત્રા નામની સ્ત્રીની કુખે થએલો પુત્ર. આને ભોજા નામની સ્ત્રીથી કુશ, ક્રથ અને રોમ અથવા લોમપાદ એવા ત્રણ પુત્ર થયા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વિદર્ભ (૪).** ઈંદ્રપ્રસ્થની દક્ષિણે આવેલો ભીષ્મક રાજાનો દેશ. વિન્ધ્યની દક્ષિણે, દશાર્ણની પશ્ચિમે, ગોદાવરીની ઉત્તરે અને સૌરાષ્ટ્રની પૂર્વે આવેલો દેશ. એની રાજધાની કુંડિનપુર હતી. એનાં મુખ્ય નગરો ભોજકટપુર, અકોલા, અમરાવતી, ઈલીચપુર ઇત્યાદિ. હાલનું બીરાર અથવા વરાડ તે જ. ભોજકટપુર રુક્મીપુત્રે વસાવ્યું હતું.

( ભાર૦ ભીષ્મ૦ અ૦ શ્લો. ૪૩ ). કુ.

**વિદલ્લ.** સૂર્યવંશમાં થએલા ધ્રુવસંધિ રાજાનો પ્રધાન.

**વિંદાનુવિંદ.** અવંતી દેશાધિપતિ જયસેન રાજાને, વસુદેવની બહેન રાજાધિદેવીની કુખે થએલા બે પુત્ર. ભારતયુદ્ધમાં એ દુર્યોધન પક્ષમાં હતા.

विन्दानुविन्दावावन्त्यौ संमतौ रत्नसत्तमौ ।
कृतिनौसमहे तात दृढवीर्यपराक्रमौ ॥६॥

( ભાર૦ ઉદ્યોગ૦ અ૦ ૧૬૬–૬ ).

**વિંદાનુવિંદ (૨).** કેકયદેશાધિપતિના બે પુત્રો. એ પણ દુર્યોધન પક્ષમાં જ હતા.

**વિદારણ.** તગડાની સંજ્ઞાવાળા જયદ્રથના ૭ ભાઇઓમાંનો એક.

तस्यापरे भ्रातरोऽदीनसत्वा
बलाहकानीकविदारणाद्याः ।
सौवीरवीराः प्रवरायुवाना
राजानमेते बलिनोऽनुयान्ति ॥१३॥

( ભાર૦ વ૦ અ૦ ૨૨૬ ).

**વિદિશા.** પારિયાત્ર પર્વતમાંથી નીકળેલી નદી વિશેષ. ( ભાર૦ સ૦ ૯–૨૨ ).

**વિદુર.** વિચિત્રવીર્યની સ્ત્રી અમ્બિકાની દાસીની કુખે કૃષ્ણદ્વૈપાયન વ્યાસથી થએલો પુત્ર. દાસીનું જવું વ્યાસ પાસે કેમ અને શા પ્રસંગે થયું એ સંબંધી એમ હકીકત મળે છે કે જ્યારે ધૃતરાષ્ટ્ર અંધ જન્મ્યો અને પાંડુ પણ રોગી જ જન્મ્યો એટલે સત્યવતીએ પોતાની બન્ને પુત્રવધુઓને વ્યાસ પાસે પુનઃ જવાની આજ્ઞા કરી, તેમણે પોતે ન જતાં અમ્બિકાની દાસીને મોકલી, તેમાંથી વિદુરની ઉત્પત્તિ થઈ. આ વિદુર તે સાક્ષાત યમ જ માંડવ્ય ઋષિના શાપે કરીને શુદ્રયોનીમાં જન્મ્યા. ( માંડવ્ય શબ્દ જુઓ. ) વિદુરની સ્ત્રી દેવક રાજાની કન્યા પારશવી પણ આની જ પેઠે ઉત્પન્ન થએલી હતી. પાંડવોનો પિતા પાંડુ તેઓ, નાના હતા ને મૃત્યુ પામ્યો હતો, તેથી વિદુરની પાંડવો ઉપર નાનપણથી જ પ્રીતિ હતી. ધૃતરાષ્ટ્રે જ્યારે પાંડવોને વારણાવત મોકલ્યા, અને દુર્યોધને ત્યાં લાક્ષાગૃહ કરાવી તેમને બાળી નંખાવવાની તૈયારી કરી હતી ત્યારે આ સઘળી હકીકત વિદુરે યુધિષ્ઠિરને બર્બર ભાષામાં કહી તેને સાવધ કર્યો હતો. એટલું જ નહિં, પણ તે બંધુસહિત તેમાંથી સુરક્ષિત બહાર નીકળી જઇ શકે માટે એક સુરંગ કોરાવી હતી અને ત્યાંથી તેઓ નદી પાર તરી જાય માટે નૌકાની પણ વ્યવસ્થા કરી રખાવી હતી. ( યુધિષ્ઠિર શબ્દ જુઓ.) વિદુર પરમ નીતિવાન અને નિસ્પૃહ હોવાથી ધૃતરાષ્ટ્ર એનાથી વયે મોટો છતાં, એનું અતિશય માન રાખતો. આ સંબંધે એક પ્રસંગ નીચે પ્રમાણે મળી આવે છે કેઃ પાંડવો વનવાસ પૂર્ણ થતાં અજ્ઞાતવાસમાંથી પ્રગટ થયા એટલે ધૃતરાષ્ટ્રે સંજયને એવા અર્થનો સંદેશો લઇ યુધિષ્ઠિર પાસે મોકલ્યો કે તેણે રાજ્યનો અર્ધભાગ માગવો નહિ અને યુદ્ધ પણ કરવું નહિ. આ સંદેશો એણે યુધિષ્ઠિરને જઇ કહ્યો એટલે યુધિષ્ઠિરે સંજયને તેના પ્રત્યુત્તરમાં એવું કહ્યું કે, હે સંજય, પુત્ર લોભે કરીને ધૃતરાષ્ટ્રને આવું કરવું યોગ્ય નથી: અર્ધરાજ્યના અમે હકદાર છતાં તે હું નહિ આપું એમ કહાવે છે. પરંતુ અમે લીધા વગર રહેનાર નથી. સામથી આપશે તો ઠીક છે, ને જો તેમ નહિ આપે તો અમે યુદ્ધ કર્યા વગર રહેનાર નથી. તું જા અને મારો આ સંદેશ ધૃતરાષ્ટ્રને કહે. સંજય હસ્તિનાપુર પાછો ફર્યો, ને ત્યાં ગયો ત્યારે સંધ્યાકાળ થઇ ગઇ હતી એટલે એણે ધૃતરાષ્ટ્રને એવું કહ્યું કે પાંડવો તરફથી જે સંદેશો મેં આણ્યો છે તે કાલ સવારે સર્વ સમક્ષ હું તમને કહીશ. આટલું કહી તે ઘેર ગયો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એટલે ધૃતરાષ્ટ્રને ઘણો ભય લાગ્યો કે કોણ જાણે સવારે સંજય શું એ કહેશે એ વિચારમાં તેને રાત્રે ઉંઘ આવી નહિ, તેથી વિદુરને બોલાવ્યો અને સંજય આવું કહી ગયો તેથી મને ઉંઘ આવતી નથી, એમ તેને કહ્યું. આ પ્રસંગે વિદુરે ધૃતરાષ્ટ્રને નીતિનો બોધ કર્યો. આ પ્રસંગ ભારતના ઉદ્યોગપર્વમાં વિદુરનીતિ નામે પ્રસિદ્ધ છે. આ ઉપરાંત આણે દુર્યોધનને પણ પુષ્કળ બોધ કરેલો છે. ( **ભારત૦ ઉદ્યોગ પર્વ.** )

શ્રી કૃષ્ણ સામ કરવા આવી યુધિષ્ઠિર પાસે પાછા ગયા, એટલે યુદ્ધ શરૂ થયું અને તેમાં સઘળા કૌરવો મરણ પામ્યા અને પાંડવોને રાજ્ય પ્રાપ્ત થતાં, આ કાંઇ કાળ સુધી હસ્તિનાપુરમાં રહ્યો હતો. પછી તીર્થયાત્રા કરવા નીકળી પડયો. અનેક તીર્થ અને ક્ષેત્રોનાં અવલોકન કરી પાછો તે હસ્તિનાપુર આવ્યો અને ગાંધારી તથા કુંતીને સાથે લઇ હિમાલય પર ગમન કર્યું. કેટલેક કાળે તેનો ઉદ્ધવ સાથે મેળાપ થઇ ગયો, તેની પાસેથી કૃષ્ણ નિધન થયાનું સાંભળ્યું અને કૃષ્ણે મૈત્રેય ઋષિ પાસે જવાના કહાવેલા સંદેશા પ્રમાણે આ મૈત્રેય ઋષિને મળ્યો, ને તેથી કૃતાર્થ થએલો એવો આ પિશાચવૃત્તિએ અરણ્યમાં ફરવા લાગ્યો.

એક વેળા યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્રનાં દર્શણ કરવા અરણ્યમાં આવ્યો હતો તેણે સર્વને જોઇને વંદન કર્યું, અને વિદુર કયાં છે એમ ધૃતરાષ્ટ્રને પુછયું. તેણે કહ્યું કે તે ઘણું કરીને અહિ અરણ્યમાં જ છે. પહેલાં કોઇ કોઇ વખત અહિ આવતો હતો પરંતુ હમણાંનો કોઇ દિવસ આવ્યો જ નથી. આ સાંભળી યુધિષ્ઠરને તેને મળવાની ઉત્કંઠા થઇ અને તેને શોધતો શોધતો અરણ્યમાં ચાલ્યો. ત્યાં એક વૃક્ષને અઢેલીને તદ્દન નગ્ન એવો તેને ઉભેલો જોયો. આ તેની વર્તણુક જોઇ તેની બહુ પાસે ન જતાં, હું ફલાણો એમ કહી યુધિષ્ઠિરે તેને વંદન કર્યું. પરંતુ તે યુધિષ્ઠિર સાથે એક શબ્દ સુદ્ધાં બોલ્યો નહિ; એટલું જ નહિ પણ તેના સામું ધરાધરી જોયું નહિ. આ ઉપરથી, આ હવે દેહભાવ વિસરી ગયો છે સમજી યુધિષ્ઠિર ત્યાંથી પાછો ફર્યો અને ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને કુંતીની આજ્ઞા લઇ હસ્તિનાપુર આવ્યો. તે પછી થોડા જ કાળે વિદુરનું દેહાવસાન થયું.

માંડવ્ય ઋષિના શાપ પ્રમાણે વિદુરે પોતાના સો વર્ષ પૂર્ણ થતાં જ દેહનો ત્યાગ કર્યો, અને પુનઃ પૂર્વવત્ પોતાના અધિકાર પર ગયો (**ભાર૦ આ૦ ૬૩-૫૭ ૬૮-૮૬**), (**ભાગ ૧-૧૩-૨૧**).

**વિદુલા.** સૌવીર દેશના રાજાની સ્ત્રી. એનો પતિ મરણ પામવાથી ને પુત્ર નાનો હોવાથી, સિંધુ દેશના રાજાએ એનું રાજ્ય લઇ લીધું. પછી જ્યારે એનો પુત્ર મોટો થયો ત્યારે એણે એને અનેક ઇતિહાસ યુક્ત ક્ષત્રિધર્મનો ઉપદેશ કર્યો. એ વીર સ્ત્રીએ સિંધુરાજા પાસેથી પોતાનું રાજ્ય પાછું લીધું. આ વિદુલાના પુત્રનું નામ સંજય હતું. (**ભાર૦ ઉદ્યોગ૦ અ૦૧૩૩-૧૩૬**).

**વિદુષા.** પારિયાત્ર પર્વતમાંથી નીકળતી ભારતવર્ષની એક નદી.

**વિદૂરથ.** સોમવંશીય પૂરુકુલોત્પન્ન એક રાજા. આ ઘણા જ પ્રાચિન કાળમાં થઇ ગયો હતો. કારણ કે જ્યારે જામદગ્ન્ય રામ નિઃક્ષત્રિય પૃથ્વી કરતા હતા ત્યારે, આની માએ એને ઋષ્યવાન્ પર્વત પર રહેતા એક ઋષિના આશ્રમમાં મુકી દીધો હતો. પછી જ્યારે પરશુરામ ક્ષત્રિયોનો નાશ કરવાના કર્મથી વિરામ્યા અને શૂર્પારક દેશમાં ગયા, એટલે આ પુનઃ પૂરુકુળની વૃદ્ધિ કરનાર થયો. આના પિતાનું નામ મળતું નથી. તેમ જ તેના પુત્રનું નામ શું તે પણ મળતું નથી. વંશાવળીમાં પણ એનું નામ નથી. ( **ભાર૦ શાંતિ૦ અ૦ ૪૮**).

**વિદૂરથ (૨)** સોમવંશી પૂરુકુલોત્પન્ન કુરુપુત્ર જન્હુ રાજાનો પૌત્ર અને સુરથાનો પુત્ર. એનો પુત્ર સાર્વભૌમ નામનો રાજા.

**વિદૂરથ (૩).** સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વત પુત્ર વૃષ્ણિના વંશના બીજા વૃષ્ણિનો પુત્ર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને ચિત્રરથ રાજાના બે પુત્રોમાંનો બીજો. આનો પુત્ર શૂર નામનો રાજા.

**વિદૂરથ** (૪) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના નિર્વૃત્તિ રાજાનું નામાંતર.

**વિદૂરથ** (૫) દંતવક્ર અથવા વક્રદંતનો ભાઇ. વૃદ્ધશર્માથી શ્રુતદેવાને થએલો પુત્ર. એને કૃષ્ણે માર્યો.

**વિદૂરથ** (૬) હંસધ્વજ રાજાનો ભાઇ.

**વિદૂરથ** (૭). સોમવંશી કુરુરાજનો પુત્ર. એનો પુત્ર અનશ્વાન્. (ભા૦ આદિ૦અ૦ ૬૩)

**વિદૂરથ** (૮). પ્રથમ કહેલો વિદૂરથ તે જ (ભાર૦ આ૦ ૨૩૯-૧૦)

**વિદેહ.** સૂર્યવંશી નિમિ રાજાએ વસિષ્ઠના શાપથી મરણ પામ્યા પછી પુનઃ દેહ સ્વીકાર્યો નહિ એટલે તેના મિથિ પુત્ર ઉપરથી આખા વંશનું પડેલું નામ.

**વિદેહ** (૨). ઇંદ્રપ્રસ્થની પૂર્વ તરફ આવેલા, ભારતવર્ષના બે દેશ. એમાંનો પહેલો ગંડક દેશની પૂર્વે, અને બીજો અપર પૂર્વ વિદેહ જનકવંશીય રાજાનો, પ્રસિદ્ધ છે.

**વિદેહનગર.** અપર પૂર્વ વિદેહની રાજધાની મિથિલા નગરી તે જ આ.

**વિદ્ય.** વિશ્વામિત્ર કુલોત્પન્ન એક ઋષિ.

**વિદ્યાચંડ.** કૌશિક બ્રાહ્મણનો પુત્ર. (પિતૃવર્તિ શબ્દ જુઓ).

**વિદ્યાધર.** દેવયોનિ વિશેષ.

**વિદ્યુચ્છત્રુ.** એક રાક્ષસ. (૪ સહ શબ્દ જુઓ)

**વિદ્યુજ્જિહ્વ.** એક રાક્ષસ. શૂર્પણખાનો પતિ. એને રાવણે માર્યો હતો.

**વિદ્યુજ્જિહ્વ** (૨). રાવણનો એક પ્રધાન રામનું શિર અને ધનુષ્ય, માયામય આકૃતિએ આણે જ બનાવીને રાવણ પાસે તે સીતાને દેખડાવ્યાં હતાં. પરંતુ તે જોયા છતાં સીતા રામને વશ વર્તી ન હતી.

**વિદ્યુજ્જિહ્વ.** અમૃતનું રક્ષણ કરનાર બે સર્પો. (ભાર૦ આ૦ ૩૩-૫-૬).

**વિદ્યુતા.** એક અપ્સરા વિશેષ. (ભાર૦ અનુ૦ ૫૦-૪૮)

**વિદ્યુત્કેશ.** હેતિ રાક્ષસની સ્ત્રી ભયાની કુખે થએલો પુત્ર. સંધ્યા નામની કોઇ સ્ત્રીની સાલંકટંકટા નામની કન્યા આની સ્ત્રી હતી. તેને આનાથી ગર્ભ રહ્યો. એ ગર્ભને તેણે મંદરાચળ પર, નાંખી દીધો. એનું મહાદેવે રક્ષણ કરી સુકેશ એવું તેનું નામ રાખ્યું. (વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૪).

**વિદ્યુત્પતાક.** પ્રલયમેઘોમાંનો છઠ્ઠો મેઘ.

**વિદ્યુત્પર્ણા.** પ્રાધાને થએલી અપ્સરાઓમાંની એક. (ભાર૦ આ૦ ૬૬-૪૯).

**વિદ્યુત્પભ.** એક ઋષિ.

ततो विद्युत्प्रभो नाम ऋषिराह महातपाः७०।
आदित्यतेजसा तस्य तुल्य रूपं प्रकाशते॥*३॥

(ભાર૦ અનુ૦ અ૦ ૧૮૮-૪૩)

**વિદ્યુત્પ્રભા.** એ નામની દશ અપ્સરાઓ.

अत्र विद्युत्प्रभानाम जज्ञिरेऽप्सरसोदश ॥२१॥

(ભાર૦ ઉદ્યોગ૦ અ૦ ૧૧૧-૨૧)

**વિદ્યુદ્દ્રષ્ટ.** રામ સેનામાંનો એક વાનર વિશેષ. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૭૩).

**વિદ્યુદ્રૂપ.** લંકામાંનો એક રાક્ષસ. (વા૦ રા૦ સુંદર૦ સ૦ ૬).

**વિદ્યુન્માલી.** તારકાસુરનો પુત્ર. ત્રિપુરમાંનાં એક પુરનો અધિપતિ.

विर्जितेषु च दैत्येतु तारकस्य सुतास्त्रयः ।
ताराक्षः कमलाक्षश्च विद्युन्माली च पार्थिवा।

(ભાર૦ કર્ણ૦ અ૦ ૨૪-૭)

**વિદ્યુન્માલી** (૨). તારકાસુરનો મિત્ર એક અસુર.

**વિદ્યુન્માલી** (૩). રામસેનામાંનો એક વાનર.

**વિદ્યુન્માલી** (૪). લંકામાંનો એક રાક્ષસ. (વા૦ રા૦ સુંદર૦ સ૦ ૬).

**વિદ્યાત.** ધર્મ ઋષિની પત્નિ લંબાનો પુત્ર, આનો પુત્ર સ્તનયિત્નુ.

**વિદ્યાતા.** એક અપ્સરા.

**વિદ્રાવણ.** દનુપુત્ર દાનવોમાંનો એક.

**વિધાતા.** બ્રહ્મદેવ.

**વિધાતા** (૨) સ્વાયંભુવ મન્વન્તરમાંના બ્રહ્મપુત્ર ભૃગુથી કર્દમ કન્યા ખ્યાતિની કુખે થએલા ત્રણ પુત્રોમાંનો બીજો. મેરુની કન્યા નિયતી આની સ્ત્રી હતી, અને તેના પુત્રો વેદશિરા અને કવિ. (ભાર૦ આ૦ ૩૭-૧૦).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વિધિ.** બ્રહ્મદેવ.

**વિધિ.** ચંદ્ર.

**વિધૃતિ.** તામસ મન્વન્તરમાંના દેવની માતા.

**વિધૃતિ (૨).** સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન કુશવંશના ખગણ રાજાનો પુત્ર. આનો પુત્ર હિરણ્યનાભ,

**વિંધ્ય.** ભારતવર્ષીય ભરતખંડસ્થ એક પર્વત. આ પર્વતના મૂર્તિમાન દેવે એક વખત ચન્દ્રને એવું કહ્યું કે તમે જેમ મેરુની આસપાસ પ્રદક્ષિણા કરો છો એવી રીતે મારી આસપાસ કરો. તેમણે ઉત્તર વાળ્યો કે સૃષ્ટિના નિર્માણ કરનારાએ અમને મેરુની પ્રદક્ષિણા કરવાનો ક્રમ કરી આપ્યો છે તે પ્રમાણે અમારા નશિબમાં ફરવાનું છે. એ વિષયે અમે કેવળ સ્વતંત્ર નથી. આ ઉત્તર સાંભળી પર્વત વધવા લાગ્યો. અને એટલો ઉંચો વધ્યો કે એણે કરીને સૂર્યચંદ્રની ગતિનો રોધ થયો. આથી દેવો અને ઋષિઓ આની પાસે આવી કહેવા લાગ્યા કે તું આમ ન કર. પરંતુ આણે કોઇનું કહેવું સાંભળ્યું નહિ. એટલે એ બધા અગસ્ત્ય ઋષિ પાસે જઇ પ્રાર્થના કરી કહેવા લાગ્યા કે વિંધ્યાચળ આપનો શિષ્ય છે અને જ્યારે તેણે લોકોપદ્રવકારક કૃત્ય આરંભ્યું છે તો એને એ વિષયે બોધ આપવો એ આપના હાથમાં છે. દેવોનું અને ઋષિઓનું આ બોલવું સાંભળી અગસ્ત્ય ઋષિ પોતાનો આશ્રમ છોડી નીકળ્યા અને આની પાસે આવ્યા. એમને જોતાં જ વિંધ્યાચળ એમને નમસ્કાર કરવા સાષ્ટાંગ નમ્યો. આમ નમ્યો જોઇ અગસ્ત્યે તેને કહ્યું કે હું દક્ષિણ તરફ જાઉં છું ત્યાંથી પાછો આવું ત્યાં સુધી આ જ સ્થિતિમાં પડી રહે. આટલું કહી અગસ્ત્ય દક્ષિણ તરફ ગયા અને વિંધ્ય જે ત્યારથી દંડવત્ લાંબો પડયો તે હજુ પણ એ જ સ્થિતિમાં પડયો છે. અગસ્ત્ય ઋષિ વાયદો કરીને ગયા તે પાછા આવ્યા જ નહિ. આપણામાં "અગસ્ત્ય ઋષિનો વાયદો" કહેવાય છે એ તો બધાને ખબર હશે. સારાંશ કે આના આમ પડવાથી સૂર્યચંદ્રાદિકોની ગતિમાં થતો રોધ દુર થયો; ને તેથી દેવો, ઋષિઓ અને ઇતર પ્રજાજન સુખી થયાં. આ પર્વત બગડાની અંક સંજ્ઞાવાળા હિમાલયની આ બાજુએ આપણે રહીએ છીએ તે તરફ આવ્યો છે. ( **ભાર૦ ભી૦ અ૦ ૯-૧૧, ભાર૦ વન૦ અ૦ ૧૦૩-૨-૧૯** ).

આ પર્વતમાંથી તપતી, તાપી, પયોષ્ણી, નિર્વિંધ્યા, ક્ષિપ્રા, ઋષભા, વેણુ, વૈતરણી, વિશ્વમાલા, કુમુદ્વતી, કરતોયા, મહાગૌરી, દુર્ગમા અને શીલા એટલી નદીઓ નીકળી છે. ( **દેવી૦ ભા૦ ૧૦-૩, સ્કંદ૦ કાશી ખંડ૦ પૂર્વાર્ધ૦ ૪-૫** ).

**વિંધ્યચુલિક.** ભારતવર્ષીય દેશ વિશેષ. ( **ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯** ).

**વિંધ્યાદ્રિ.** વિંધ્ય પર્વત તે જ.

**વિંધ્યાવલી.** બલી દૈત્યની સ્ત્રી.

**વિંધ્યાશ્વ.** સોમવંશી પૂરુકુળોત્પન્ન હસ્તિ રાજાના પુત્ર અજમીઢના નીલ નામના પુત્રના વંશમાં મુદ્‌ગલકુળોત્પન્ન ઈંદ્રસેન રાજાનો પુત્ર. આને મેનકા અપ્સરાથી દિવોદાસ અને અહલ્યા, એમ બે જોળવાં સંતાન થયાં હતાં.

**વિનત.** રામસેનામાંનો એક વાનર.

एष दर्दुरसंकाशो विनतो नाम यूथपः । ३१

(**વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૨૬**).

**વિનત (૨).** આ નામનું એક ગામ વિશેષ.

**વિનતા.** કશ્યપ ઋષિની તેર સ્ત્રીઓમાંની એક. આને અરુણ, ગરુડ, અરુણિ, વારુણિ એવા ચાર પુત્રો અને સૌદામિની નામની એક કન્યા હતી. આ ઉપરાંત સુમુખ, સુનામા, સુનેત્ર, સુવર્ચા, સુરુક અને સુબલ એ નામના બીજા છ પુત્રો હતા એવું પણ મળી આવે છે. એ અને એની બહેન અને શોક્ય કદ્રુ બન્ને નિષ્ઠાપૂર્વક અને સરસાઇથી પતિસેવા કરતાં હતાં. કશ્યપે કહ્યું કે કદ્રુને હજાર પુત્રો થશે અને વિનતાને બે બળવાન પુત્રો થશે. પછી બન્ને ગર્ભવંતી થઇ. કદ્રુએ હજાર ઇંડાં મૂક્યાં;



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાંચ હજાર વર્ષે કદ્રુનાં ઈંડાં સેવાઇને તેમાંથી શેષ, વાસુકી, કરકોટક, ધનંજય, ઐરાવત આદિ નાગ નિકળ્યા. ( નમ ક૦ કો૦ ૫૧ ) પ્રથમતઃ જ્યારે અરુણ વખતે વિનતા ગર્ભિણી થઇ ત્યારે પોતાને જલ્દી પ્રસુતી થાય માટે અધીરી બનીને પૂર્ણકાળ થયા પહેલાં અરુણને તેણે બળાત્કારે ઉદર બહાર કઢાડયો. તેથી એ પગ વગરનો જન્મ્યો એટલે એણે વિનતાને શાપ દીધો કે તું તારી શોક્યની દાસી થઇ રહીશ. એ જ પ્રમાણે એને કદ્રુની દાસી થઇ રહેવું પડયું હતું. એ આ રીતે બન્યું:–એક વેળા સૂર્યના રથના ઘોડાનો રંગ કેવો છે તે સંબંધી આને અને કદ્રુને વાદ પડયો. વિનતાએ કહ્યું કે શ્વેતવર્ણના છે, અને કદ્રુએ કહ્યું કે તે કાળા રંગના છે. આમ કહી પોતાનો બોલ ખરો પડે માટે કદ્રુએ પોતાના વાસુકિ ઇત્યાદિ પુત્રોને આજ્ઞા કરી કે તમે સત્વર સૂર્યલોકમાં જાઓ અને અશ્વનો વર્ણ જે શ્વેત છે તેને તમારા પોતાના વિષે કહીને કાળો કરી આવો. આનું કહેવું પ્રથમ તો કોઇએ કાને ધર્યું નહિં એટલે કદ્રુએ એમને શાપ્યા કે આ આજ્ઞાભંગને લીધે આગળ એક રાજા સર્પસત્ર કરશે તેમાં તમે બળીને ભસ્મ થશો. ત્યારે એ સાંભળી બધા ગભરાયા અને ઉશાપ માગી, સૂર્યલોકમાં જઇ પોતાના વિષ વડે અશ્વોને કાળા કરી દીધા.

અશ્વ કાળા થતાં જ કદ્રુએ વિનતાને કહ્યું કે તું મારી સાથે સ્વર્ગમાં ચાલ. બન્ને સૂર્યલોકમાં ગયાં ત્યારે વિનતાએ અશ્વ કાળા રંગના જોયા. આ પ્રમાણે પોતે ખોટી ઠરી એટલે પરસ્પર પ્રતિજ્ઞા કરી હતી કે જે હારે તેણે સરત કરનારની એક હજાર વરસ સુધી દાસી થઇ રહેવું, એ પ્રતિજ્ઞા પ્રમાણે આ કદ્રુની દાસી થઇ રહી. પછી ગરુડે તેને દાસીપણામાંથી મુકત કરી. ( આ૦ ૧૬–૬, ૨૦–૩૪, ૨૩–૩, ૬૬–૪૦, અને ૬૭–૩૯ ) અનુ૦ ૨૦–૨૦, ૨૦–૨૩ અને ૨૦–૨૯).

**વનિતા (૨).** સીતાના સંરક્ષણ માટે મુકેલી રાક્ષસીઓમાંની એક.

तत्रस्तु विनता नाम राक्षसी भीमदर्शना। २॥

( વા૦ રા૦ સુન્દ૦ સ૦ ૨૪ ).

**વિનશન.** સરસ્વતી નદી જ્યાં થાણેશ્વરથી પશ્ચિમાભિમુખ થઇને નિષાદ રાજ્યના મોં આગળ રણમાં અન્તર્હિત થઇ જાય છે ત્યાં આવેલું તીર્થ વિશેષ. હાલના સિરહિંદ પ્રગણામાં આવેલા રેતીના રણમાં ભારતવર્ષનું સરસ્વતી નદી સંબંધીનું તીર્થ વિશેષ છે તે જ.

**વિનશન (૨).** બગડાની સંજ્ઞાવાળું કુરૂક્ષેત્ર તે જ.

**વિનાયક.** આ નામનો રુદ્રગણ.

**વિનાયક (૨).** એ નામના રુદ્રગણનો અધિપતિ, ગણપતિ.

**વિનાયક (૩).** કોઇ કોઇ ઠેકાણે ગરુડનું પણ આ નામ કહ્યું છે.

**વિનાયક (૪).** ભારતવર્ષનું એક ક્ષેત્ર વિશેષ.

**વિનાશન.** કશ્યપથી કાલાને થએલા પુત્રોમાંનો એક.

**વિપાટ.** વિપાશા નદી.

**વિપાટ (૨).** કૌરવ પક્ષનો એક રાજા. અર્જુનને હાથે મરાયલો. ( ભાર૦ દ્રોણ૦. અ૦ ૩૨–૬૧ ).

**વિપાપ.** એક અગ્નિ વિશેષ.(ભાર૦વ૦૨૨૧–૨૧).

**વિપાપા.** ભારતવર્ષની એક નદી. ( ભાર૦ ભી૦૯–૧૫ ).

**વિપાપ્મા.** બૃહસ્પતિનો અગ્નિ સંબંધનો પૌત્ર. નિશ્ચવન નામના અગ્નિનો પુત્ર. આનું વાસ્તુકાર્યમાં પ્રાધાન્ય હોવાનું મત્સ્યપુરાણમાં છે.

**વિપાશા.** ભારતવર્ષીય નદી. હાલની બીઆસ તે જ. (ભાર૦ ભી૦ ૯–૧૫). ( ૩. વસિષ્ઠ શબ્દ જુઓ ).

**વિપીત.** ગર્દભીવિપીત શબ્દ જુઓ.

**વિપુલ.** ભારતવર્ષીય ક્ષેત્ર વિશેષ.

**વિપુલ (૨).** વસુદેવથી રોહિણીને થએલા પુત્રોમાંનો એક.

**વિપુલ (૩).** અર્જુને મારેલો સૌવીર દેશનો એક ક્ષત્રિય રાજા. (ભાર૦ આ૦ ૧૫૧–૪૬ ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વિપુલ (૪).** એક બ્રાહ્મણ. દેવશર્માનો શિષ્ય. તેની ગુરુપત્નિ રુચિ. (ભાર૦ અનુ૦ અ૦ ૭૫)

**વિપુલા.** એક નદી. ( ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯-૧૪ )

**વિપૃથુ.** એક યાદવ વિશેષ. (ભાર૦ આ૦ ૨૦૧-૧૮) સુભદ્રાહરણ વખતે એનું અને અર્જુનનું યુદ્ધ થયું હતું. (ભાર૦ આ૦ ૨૪૪)

**વિપૃષ્ઠ.** વસુદેવને ધૃતદેવાથી થએલો પુત્ર.

**વિપ્ર.** સોમવંશી પૂરુકુલોત્પન્ન અજમીઢ વંશના કુરૂપુત્ર સુધનુના કુળમાં જરાસંધ વંશમાં જન્મેલા સ્રુતંજય રાજાનો પુત્ર. આનો પુત્ર શુચિ નામનો રાજા.

**વિપ્રચિત્તિ.** દનુપુત્ર દાનવોમાંનો મોટો. આ ઘણો બળવાન હતો. એને સિંહિકા નામની સ્ત્રી હતી અને તેની કુખે આને તેર પુત્ર થયા હતા. ( સૈંહિકેય શબ્દ જુઓ ).

**વિબુધ.** વિદેહવંશના વિધુત જનકનું બીજું નામ.

**વિભાંડ.** એક બ્રહ્મર્ષિ.

**વિભાંડક.** કાશ્યપગોત્રીય એક ઋષિ. ઋષ્યશૃંગનો પિતા. ( ઋષ્યશૃંગ શબ્દ જુઓ ).

**વિભાવરી.** ઉત્તરદિગ્પાલની નગરી. એને વસ્વૌકસારા પણ કહે છે. ( ૨ વસ્વૌકસારા શબ્દ જુઓ ). આ શહેરમાં જ્યારે સૂર્ય માથા ઉપર આવે ત્યારે ત્યાં મધ્યાન્હ, પશ્ચિમ દિગ્પાલની દેવધાની નગરીમાં સૂર્યોદયનો સમય અને દક્ષિણ દિગ્પાલની સંયમિની નગરીમાં મધરાતનો સમય થાય છે. ( ૧ સૂર્ય શબ્દ જુઓ ).

**વિભાવસુ.** સૂર્યનું એક નામ. (ભાર૦ આ૦ ૧-૫૫ ).

**વિભાવસુ (૨).** એક ઋષિ. આ પોતાના સુપ્રતીક નામના ભાઇના શાપે કરીને પાણીમાં કૂર્મયોનિ પ્રાપ્ત કરી પડયો હતો. ( ૩ સુભદ્ર શબ્દ જુઓ ). તેને ગરુડ ખાઈ ગયો હતો. (ભાર૦ આ૦ ૨૯-૧૬).

**વિભાવસુ (૩).** મુર દૈત્યના સાત પુત્રોમાંથી કૃષ્ણે મારેલો હતો તે પુત્ર. (મુર શબ્દ જુઓ)

**વિભાવસુ (૪).** પાંડવો સાથે અરણ્યમાં હતો તે એક ઋષિ.

**વિભીષણ.** ( ૩ બિભીષણ શબ્દ જુઓ ). રાજસુય યજ્ઞ વખતે એની પાસેથી કર લેવા સહદેવે ઘટોત્કચને મોકલ્યો હતો. ( ભાર૦ સ૦ ૩૨-૮૦ ). રામે એને પટ્ટાભિષેક કર્યો હતો. ( ભાર૦ વ૦ ૨૮૪-૪૯ ).

**વિભીષણ (૨).** એક યક્ષ વિશેષ. ( ભાર૦ સ૦ ૧૦-૧૮).

**વિભુ.** દેવ વિશેષ. ( તુષિત શબ્દ જુઓ ).

**વિભુ (૨).** ઋષભદેવનો જ્યેષ્ઠ પુત્ર. ભરત રાજાને તેની બીજી પંચજની સ્ત્રીથી થએલા પુત્રના વંશમાં પ્રસ્તાવ નામના રાજાને નિયુત્સાથી થએલો તે આ. આને રતિ નામની સ્ત્રી અને પૃથુષેણ નામનો પુત્ર હતો.

**વિભુ (૩).** રૈવત મન્વન્તરમાં સ્વર્ગમાં હતો તે ઇંદ્ર.

**વિભુ (૪).** સ્વારોચિષ મન્વન્તર માંહેલો વિષ્ણુનો અવતાર.

**વિભુ (૫).** સાધ્ય નામના દેવોમાંનો એક દેવ.

**વિભુ (૬).** વારુણિ ભૃગુના પુત્રોમાંનો એક; જેને વરેણ્ય કહ્યો છે તે.

**વિભુ (૭).** રાત્રિ યુદ્ધમાં ભીમે મારેલો શકુનિના ભાઇઓમાંનો એક.

**अमर्षयन्तो निहतं शतचन्द्रं महारथम् ।**
**शकुनेर्भ्रातरो वीरा गवाक्षः शरभो विभुः ॥२३॥**
**(ભાર૦ દ્રો૦ અ૦ ૧૫૮-૨૩).**

**વિભૂતિ.** વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક. (અનુ૦ ૭-૫૭)

**વિભ્રાજ.** બર્હિષદ નામના પિતરોનો લોક.

**વિભ્રાજ (૨).** સોમવંશી પૂરુકુલોત્પન્ન પાર નામના રાજાનું નામાન્તર.

**વિમલ.** વૈવસ્વત મનુનો પૌત્ર. ઇલ રાજાના ત્રણ પુત્રોમાં સૌથી નાનો.

**વિમલ (૨).** સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશનો વિકૃતિ રાજા તે જ આ.

**વિમલ (૩).** ભારતવર્ષીય એક તીર્થ વિશેષ. (ભાર૦ વ૦ ૮૦-૮૮).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વિમલપિંડક.** એક સર્પ વિશેષ. (ભાર૦ આદિ૦ અ૦ ૩૫-૮).

**વિમલા.** ઋષ્યવાન પર્વતમાંથી નીકળેલી નદી વિશેષ.

**વિમલા (૨).** મહેન્દ્ર પર્વતમાંથી નીકળેલી નદી વિશેષ.

**વિમલા (૩).** સુરભીકન્યા રોહિણીની બે કન્યાઓમાંની એક.

**વિમલેશ્વર.** ભારતવર્ષીય એક તીર્થ.

**વિમલોદકા.** સરસ્વતી નદીના સાત પ્રવાહોમાંનો એક પ્રવાહ. (ભાર૦ શ૦ ૩૯-૪).

**વિમુખ.** એક બ્રહ્મર્ષિ.

अगस्त्योऽत्रिश्च भगवान्सुमुखो विमुखस्तथा ॥

(વા૦ રા૦ ઉ૦ સ૦ ૧).

**વિમોચન.** ભારતવર્ષીય તીર્થ વિશેષ.

**વિયતિ.** સોમવંશી નહુષ રાજાના ૭ પુત્રોમાંનો પાંચમો.

**વિરજ.** ઋષભદેવ વંશના ત્વષ્ટા નામના રાજાને વિરોચનાથી થએલો પુત્ર. આને વિષુચી નામની સ્ત્રી હતી, અને સો પુત્રો હતા જેમાં શતજિત્ સહુથી મોટો ને એક કન્યા હતી.

**વિરજ (૨).** સ્વાયંભૂવ મન્વન્તરમાંના મરીચિ ઋષિના પુત્ર પૂર્ણિમાના બે પુત્રોમાંનો મોટો.

**વિરજ (૩).** ચાક્ષુષ મન્વન્તરમાંના સપ્તર્ષિઓમાંનો એક ઋષિ.

**વિરજ (૪).** આઠમા સાવર્ણિ મન્વન્તરમાં થનારા દેવોમાંના એક પ્રકારના દેવ.

**વિરજ (૫).** ભારતવર્ષીય તીર્થ.

**વિરજસ્ક.** આઠમા સાવર્ણિ મનુના થનારા પુત્રોમાંનો એક.

**વિરજા.** વારુણિ કવિના સાત પુત્રોમાંનો છઠ્ઠો.

**વિરજા (૨).** સુસ્વધા નામના પિતરની કન્યા, અને નહુષ રાજાની સ્ત્રી. (નહુષ શબ્દ જુઓ)

**વિરજા (૩).** સર્પ વિશેષ. (ભાર૦ આ૦ ૩૫-૧૪, ઉ૦ ૧૦૩-૧૬).

**વિરજા (૪).** ક્ષત્રિય ધૃતરાષ્ટ્રનો સોમાંનો એક પુત્ર. એને ભીમે માર્યો હતો. (ભાર૦ આ૦ ૧૩૧-૧૪, દ્રો૦ ૧૫૮-૧૭-૧૮).

**વિરજાતીર્થ.** એક તીર્થ વિશેષ. (ભાર૦ વન૦ અ૦ ૮૩).

**વિરજામિત્ર.** સ્વાયંભુવ મન્વન્તરમાંના વસિષ્ઠ ઋષિના સાત પુત્રોમાંનો ત્રીજો.

**વિરાજ.** એક રાજા, અવિક્ષિત્નો પુત્ર. (ભાર૦ આ૦ ૧૦૧-૪૦).

**વિરાજ (૨).** સોમવંશી ધૃતરાષ્ટ્રનો પુત્ર. ભીમને હાથે મરાયલો. (ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯૬-૨૭).

**વિરાટ.** વિરાટ પુરુષ જે ઇશ્વર તે.

**વિરાટ (૨).** સ્વાયંભુ મનનું પણ આ નામ છે.

स्वायंभुव इति ख्यात: स विराडिति नः श्रुतम्।
तद्रूपगुणसामान्यादधिपूरुष उच्यते ॥४५॥

(મત્સ્ય૦ પુ૦ અ૦ ૩).

**વિરાટ (૩).** પૂર્વ મત્સ્ય દેશનો રાજા. અજ્ઞાતવાસને માટે પાંડવો આના દેશમાં રહ્યા હતા, અને તેમણે પોતાનાં નામ અને રૂપ પણ બદલી નાંખ્યાં હતાં. પાંડવો તે પાંચ પુરુષ અને છઠ્ઠી દ્રૌપદી એમ જ જો અહીં રહ્યાં હોત તો તરત ઓળખાઇ જાત. પરંતુ ચાર પુરુષ, એક નટ અને એક સ્ત્રી એમ હોવાથી આને એ પાંડવો હશે એવો ખ્યાલ ધરાધરી આવ્યો નહિ. આ વિરાટને ૧ શતાનીક, ૨ મદિરાક્ષ, (મદિરાશ્વ), ૩ સૂર્યદત્ત, ૪ શ્રુતાનિક, ૫ શ્રુતધ્વજ, ૬ બલાનીક; ૭ જયાનીક, ૮ જયાશ્વ, ૯ રથવાહન, ૧૦ ચંદ્રોદય અને સમરથ એમ અગિયાર ભાઇઓ હતા. (ભાર૦ વિ૦ ૩૩-૧૯-૨૧). એની પહેલી સ્ત્રીનું નામ સુરથા હતું. એને પેટે શ્વેત અને શંખ એમ બે પુત્ર થયા હતા. (વિ૦ ૨૧-૧૭). કેકય રાજાની કન્યા સુદેષ્ણા આની બીજી સ્ત્રી હતી. સુદેષ્ણાનો ભાઇ મહાબલાઢ્ય કીચક નામનો કૈકેય તેના ભાઇઓ સહિત આનો સેનાપતિ હતો. વિરાટને સુદેષ્ણાને પેટે ઉત્તરકુમાર અને બભ્રુ પુત્રો અને ઉત્તરા નામની એક જ કન્યા હતી. ઉત્તરકુમારનું બીજું નામ ભૂમિંજય હતું. (વિ૦ ૨૧-૧૮).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આનો સાળો કીચક વલ્લવને હાથે મરાયો એવી ખબર પડતાં, અહિં પાંડવો હોવા જોઇએ એવો દુર્યોધનને ખ્યાલ આવ્યો. કારણકે કીચક કાંઇ સામાન્ય નહિ પણ મહાબળવાન હતો. તેની જ હુંફે વિરાટ અજિત હતો. આ તર્ક ઉપરથી દુર્યોધને સુશર્મા નામના ત્રિગર્તાધિપતિને મત્સ્ય દેશની દક્ષિણ તરફ મોકલી, આના ગોધનનું હરણ કરાવડાવ્યું. સુશર્મા સાથે વિરાટ યુદ્ધે ગયો ત્યારે તેણે કંકને ( યુધિષ્ઠિરને ) સાથે લીધો અને તેની જ સૂચના ઉપરથી વલ્લવ (ભીમસેન), ગ્રંથિક (નકુલ) અને તંતિપાળ (સહદેવ)ને પણ સાથે ચાલવાની આજ્ઞા કરી. આ ઉપરાંત વિરાટના સઘળા ભાઈઓ અને ઉત્તર શિવાય બીજા પુત્રો પણ તેની સાથે હતા. ( ભાર૦ વિરાટ૦ અ૦ ૩૩ ).

આમ મોટું સૈન્ય લઇ વિરાટ રાજા સુશર્મા પર ચડયો, અને બે વચ્ચે જબરૂં યુદ્ધ મચ્યું; તેમાં એવું બન્યું કે સુશર્માએ વિરાટને પકડયો અને રથે બાંધી હસ્તિનાપુર તરફ ચાલવા માંડયું. આ કંકે જોયું એટલે તેણે વલ્લવાદિકને સૂચના કરી કે આપણે સાથે હોવા છતાં વિરાટની આ દશા થાય તે યોગ્ય નહિ માટે દોડો ને તેને છોડાવી લાવો. આ સાંભળી વલ્લવ વિગેરે સુશર્માની પાછળ પડયા અને તેની સાથે ઘોર સંગ્રામ કરી તેને બાંધી રથમાં નાંખ્યો અને વિરાટને છોડી કંક સમીપ આણ્યો. પછી કંકે ગોધન પાછું વાળ્યું અને વિરાટ પણ મુક્ત થઇ પાછો આવેલો જોઇ તેણે વલ્લવ પાસેથી સુશર્માને છોડાવડાવ્યો. વિરાટ રાજા, પોતાને બંધનમાંથી છોડાવ્યો માટે આનો ઉપકાર માની ઘેર પાછો આવ્યો અને કંકનો ઘણો જ સત્કાર કર્યો.

( ભાર૦ વિરાટ૦ અ૦ ૩૫-૩૬ ). કુમ્ભ.

પછી વિરાટ સ્વસ્થ થયો, એટલામાં ઉત્તર તરફથી વિજયી થઇ ઉત્તરકુમાર પણ ત્યાં આવી, પહોંચ્યો. ઉત્તરકુમારના જયને લઇને આનંદ પામેલા વિરાટે જયઘોષ કરાવ્યો અને બહુ મોટો ઉત્સવ કર્યો. એવામાં એકદા પાસા રમતાં રમતાં વિરાટ ઉત્તરકુમારના જયથી ફુલાતો હતો તેને યુધિષ્ઠિરે કહ્યું કે જેના રથનો સારથી બૃહન્નટા જેવો હોય તે જીતે જ એમાં શું આશ્ચર્ય ! મતલબ કે સારથિને લીધે ઉત્તરકુમાર જીત્યો છે. આથી ગુસ્સે થઇ વિરાટે તેમને નાક ઉપર પાસાનો ઘા કર્યો હતો; અને તેથી લોહી નિકળ્યું હતું. પતિને આમ લોહી વહેતું જોઈ ક્રોધ અને દિલગીરી ભરેલી દ્રૌપદીએ લોહી પોતાના સુંદર વસ્ત્રમાં ઝીલી લીધું. (વિ૦ ૭૦-૩૦). પછી થોડા જ સમયમાં પાંડવો પ્રગટ થતાં આશ્ચર્ય પામી તેમના ઉપકારને લીધે નમ્ર ભાવે તેણે ઉત્તરાનું અર્જુન પાણિગ્રહણ કરે એવો આગ્રહ કર્યો, પણ અર્જુને તે માન્ય ન રાખવાથી ઉત્તરા અભિમન્યુને પરણાવી.

ભારતના યુદ્ધમાં વિરાટ, ભાઇઓ અને પુત્રો સહિત પાંડવ પક્ષે હતો. અને જયદ્રથના મરાયા પછી રાત્રિયુદ્ધ શરૂ થયું તેમાં દ્રોણાચાર્યને હાથે મરાયો.

ततो द्रोणः सुपीताभ्यां भल्लाभ्यामरिमर्दनः ।
द्रुपदं च विराटं च प्रेषयामास मृत्यवे ॥४२॥

**વિરાટ (૪).** વિરાટ દેશ મત્સ્ય દેશ તે જ.(ભા૦ દ્રોણ૦ અ૦ ૧૮૭ ). કુમ્ભ.

**વિરાડપ.** એક બ્રહ્મર્ષિ. ( ૩. અંગિરા શબ્દ જુઓ ).

**વિરાધ.** ચિત્રકૂટ પર્વત મૂકીને ઋષિયોના અનેક આશ્રમો જોતાં જોતાં લક્ષ્મણ અને સીતા સહિત રામે દંડકારણ્યમાં પ્રવેશ કર્યો. તેમાં ક્રૌંચાવટ નામના વનમાં તેમને આ રાક્ષસ વિરાધનો ભેટો થયો. એણે આ ત્રણ જણને જોતાં જ લાગલી સીતાને ઉચકી લીધી. સીતાને લઇને થોડે દૂર જઈ ઉભો રહી એણે રામને પૂછ્યું. તમે કોણ છો ? આ વનમાં સ્ત્રી સહિત કેમ ફરો છો ? એક ભાર્યા સાથે બે જણ ! રામે કહ્યું અયોધ્યાના રાજા દશરથનો હું જ્યેષ્ટ પુત્ર છું અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મારૂં નામ રામ છે. આ જોડે છે એ મારો ભાઇ લક્ષ્મણ છે. અને જનકરાજાની કુમારી આ સીતા, તે મારી સ્ત્રી છે. અમારા પિતાની આજ્ઞાનુસાર તમારા જેવાને શિક્ષા કરવા સારુ આ ઘોર વનમાં આવ્યા છીએ. આમ કહીને રામે એને પૂછ્યું કે તું કોણ છે તે કહે. તે ઉપરથી વિરાધ બોલ્યો કે હું જવ નામના રાક્ષસનો અને મારી માતા,–તેની ભાર્યા, શતહૃદાનો પુત્ર વિરાધ નામે પ્રસિદ્ધ છું. મારા વનમાં કોઇ પણ કાળે કોઇ પણ મનુષ્યે આવવાનું નથી છતાં તમે અહીં નિર્ભય આવ્યાં છો, તો મારે તમને એટલૂં જ કહેવાનું છે કે હવે તમને આ સ્ત્રી પાછી મળવાની નથી. હું માત્ર તમને બન્ને ભાઇઓને છોડી દઉં છું. માટે જો જીવવાની લાલસા હોય તો અહીંથી સત્વર જતા રહો.

રામે કહ્યું અલ્યા, તેં આજ સુધી તાપસોને બહુ દુઃખ દીધું છે. તેં અનેક ઋષિયોને મારી ખાધા છે, માટે તને શિક્ષા કરવી જ યોગ્ય છે. આમ કહીને રામ અને લક્ષ્મણે એના ઉપર બે એવાં તીવ્ર બાણ ફેંકયાં કે એ મરણ પામીને તત્કાળ ભૂમિ પર પડયો. પડતાં વાંત જ એના શરીરમાંથી એક દિવ્ય પુરુષ નીકળ્યો. એણે સ્તવન કરીને રામને કહ્યું કે હું પૂર્વે તુંબુરુ, નામે ગંધર્વ હોઇ વૈશ્રવણના શાપને યોગે આ યોનિને પ્રાપ્ત થયો હતો. એમાંથી તમે મારો ઉદ્ધાર કર્યો, હવે મને મારા લોકમાં જવાની આજ્ઞા આપો. આમ કહી એણે રામને શરભંગ ઋષિના આશ્રમનો રસ્તો બતાવ્યો, અને પોતે ગંધર્વ લોક પ્રત્યે ગમન કર્યું. ( વા૦ રા૦ અરણ્ય૦ સ૦ ૨–૪ ).

**વિરાવી**. સોમવંશી ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક. ( ભાર૦ આ૦ ૬૮–૧૦૪ ).

**વિરિંચ**. બ્રહ્મા.

**વિરિંચ**. (૨) શિવ.

**વિરિંચન**. બ્રહ્મા.

**વિરિંચિ**. બ્રહ્મદેવ.

**વિરુદ્ધ**. બ્રહ્મસાવર્ણિ મન્વંતરમાં થનારો દેવ વિશેષ.

**વિરૂપ**. રુદ્રગણ વિશેષ.

**વિરૂપ** (૨). વરુણ લોકમાંનો એક અસુર વિશેષ.

**વિરૂપ** (૩). વારુણિ અઙ્ગિરા ઋષિના આઠમાંનો છઠ્ઠો પુત્ર, એક ઋષિ-( ભાર૦ અનુ૦ ૧૩૨–૪૨ ).

**વિરૂપ** (૪). સૂર્યવંશી નભગ કુલોત્પન્ન અમ્બરીષ રાજાના ત્રણમાંનો એક પુત્ર. એના પુત્રનું નામ બૃહદશ્વ.

**વિરૂપ** (૫). કૃષ્ણનો એક પૌત્ર.

**વિરૂપ** (૬). વિકૃત નામના બ્રાહ્મણની સાથે વાદ કરનાર બ્રાહ્મણ–જાંપકોપાખ્યાન. (ભાર૦ શાં૦ ૧૯૭–૯૪).

**વિરૂપાક્ષ**. એક રુદ્ર. ભારતમાં અગીઆર રુદ્ર કહ્યા છે તેમાં આ કિયો તેનો નિર્ણય થઇ શકતો નથી.

**વિરૂપાક્ષ** (૨). શંકર ભગવાનનું એક નામ.

**વિરૂપાક્ષ** (૩). એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ).

**વિરૂપાક્ષ** (૪). મહિષાસુરના મંત્રિયો માંહેનો એક અસુર. (દેવી ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૧૧).

**વિરૂપાક્ષ** (૫). અશોક વાટિકા ઉજાડતી વખત રાવણે મોકલેલા પાંચ સેનાપતિમાંનો એક. એ તેમ જ બાકીના ચારે મારુતીને હાથે મરણ પામ્યા હતા. (વા૦ રા૦ સુંદર૦ સ–૪૬).

**વિરૂપાક્ષ** (૬). દનુપુત્ર, દાનવ. (ભાર૦ આ૦ ૬૬–૨૫).

**વિરૂપાક્ષ**. (૭) એક રાક્ષસ. ( ભાર૦ વ૦ ૨૮૬– ૯).

**વિરૂપાક્ષ** (૮). ઘટોત્કચનો સારથિ. (ભાર૦ દ્રો૦ ૧૭૬–૧૮).

**વિરૂપાક્ષ** (૯). યુદ્ધમાં લક્ષ્મણે મારેલો એક રાક્ષસ. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪૩).

**વિરૂપાક્ષ** (૧૦). યુદ્ધમાં સુગ્રીવે મારેલો સુમાલી રાક્ષસનો અમાત્ય. (વા૦ રા૦ યુ૦ સ૦ ૯૭).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિરોચન. સોમવંશી ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. (ભાર૦ આ૦ ૨૦૧-૨).

વિરોચન (૨). પ્રલ્હાદ દૈત્યના પુત્રોમાંનો એક, અને બલિ દૈત્યનો પિતા. (ભાર૦ આ૦ ૬૬-૧૯).

એ એક વખત બ્રહ્માત્મ વસ્તુ તે શું એ પુછવાને સત્ય લોકમાં બ્રહ્મા પાસે ગયો હતો. તે વખત હાલના ઇન્દ્ર પુરંદરની ભેટ થઈ. એના મનમાં બ્રહ્મદેવને જે પ્રશ્ન પુછવાનું હતું તેવો જ પ્રશ્ન ઇન્દ્રે પણ પુછયો. બ્રહ્મદેવે બન્નેને સરખો જ ઉપદેશ કરીને કહ્યું કે હવે તમે જાતે વિચાર કરો. પછી બન્ને પોતપોતાને સ્થાને પાછા ગયા. ઇન્દ્ર વિચાર કરીને કૃતાર્થ થયો. પણ વિરોચને એમ વિચાર ન કરતાં મનસ્વી વિચાર કરી સિદ્ધાંત બાંધ્યો કેઃ-

દેહ એ જ આત્મા છે, અને અસ્થિ માંસાદિથી બનેલા આ દેહ સઘળાંનાં સરખા જ છે. માટે બ્રાહ્મણોને શ્રેષ્ટ ગણવાનું કાંઇ કારણ ન હોતાં શ્રેષ્ટ ગણવા એ યોગ્ય નથી. વળી પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર છે. તેમાં બ્રાહ્મણોએ માનેલો મોક્ષપુરુષાર્થ શ્રેષ્ટ છે એ યોગ્ય નથી. મારી બુદ્ધિ પ્રમાણે કામ પુરુષાર્થ જ શ્રેષ્ઠ છે. વિચાર કરીએ છીએ તો પાપનું ફળ દુઃખ અને પુણ્યનું ફળ સુખ એ સર્વ માન્ય છે. માટે જપ, તપ, દેવાર્ચન, પ્રાતઃસ્નાન વગેરે ભવિષ્યના સુખની ઇચ્છાથી કરે છે તે ભલે કરે; પણ પ્રસ્તુત તો આ સાધવાને બહાને એ બધું પાપનાં ફળ ભોગવવા જેવું છે એમ માનવું જોઇએ. સારાંશ કે બિકણ બ્રાહ્મણોના માર્ગને વિચારવાન પુરુષોએ કદી અનુસરવો નહિ અને એમાં વિશ્વાસ રાખવો નહિ. આવો સિદ્ધાંત બાંધી એણે પોતાના અનુયાયીઓ દૈત્યોને એ મતમાં ભેળવ્યા. એણે કેટલાક મનુષ્યોને પણ એ જ મતાવલંબી બનાવી એમની બુદ્ધિમાં મોહ ઉત્પન્ન કર્યો. આવાં લક્ષણથી વિરોચન અધોગતિ પામ્યો. એનો પુત્ર બલિ એના સિદ્ધાંતનો અનુયાયી ન હતો.

કેશિનીના સ્વયંવર કાળે વિરોચનને સુધન્વા નામના બ્રાહ્મણની સાથે બ્રાહ્મણ અને ક્ષત્રિય બન્નેમાં શ્રેષ્ટ કોણ એ પરત્વે વિવાદ થયો હતો. (ભાર૦ સ૦ ૯૦-૬૭ અને ભાર૦ ઉ૦ ૩૫-૫૧૧).

વિરોચના. ઋષભદેવ વંશના ભૌવન રાજાના પુત્ર ત્વષ્ટાની સ્ત્રી, અને વિરજ રાજાની માતા (ભાગ૦ પંચમ સ્કં૦ અ૦ ૧૫).

વિરોહણ. સર્પ વિશેષ. (ભાર૦ આ૦ ૫૭-૯).

વિલોમા. સોમવંશી યદુકુળોત્પન્ન સાત્વતના પુત્ર અંધક રાજાના પ્રપૌત્ર કુકુર રાજાનો પૌત્ર, અને વન્હિ રાજાનો પુત્ર, એના પુત્રનું નામ કપોતરોમા.

વિવર્ધન. એક ક્ષત્રિય વિશેષ. (ભાર૦ સ૦ ૪-૨૭).

વિવસ્વાન. બાર આદિત્યોમાંનો એક આદિત્ય. એને સંજ્ઞા, રાજ્ઞી અને પ્રભા એ નામની ત્રણ સ્ત્રીઓ હતી. સંજ્ઞા ચાલુ મન્વંતરના વિશ્વકર્મા ત્વષ્ટાની દિકરી થતી હતી. તેથી એને ત્વાષ્ટ્રી નામ પણ હતું. વિવસ્વાનથી સંજ્ઞાને શ્રાદ્ધદેવ (વૈવસ્વતમનુ), યમ અને યમુના એમ ત્રણ ફરજન થયાં હતાં. પછી સંજ્ઞાથી વિવસ્વાનનું તેજ સહન થયું નહિ તેથી પોતે ઘોડીનું રૂપ ધારણ કરીને વેગળી રહી અને વિવસ્વાન પાસે છાયારૂપ મોકલ્યું. કેટલેક કાળે છાયાને સાવર્ણિ, શનિ અને તપતી એમ ત્રણ અપત્ય જન્મ્યાં. એક વખત એમ બન્યું કે યમે કાંઇ સહજ અપરાધ કર્યો, તે ઉપરથી છાયાએ યમને વેઠાય નહિ એવો શાપ આપ્યો. એ સાંભળીને યમના મનમાં આવ્યું કે આ મારી માતા હોઇ ન શકે. કાંકે મા હોય તો પોતાના સંતાનને આવો શાપ આપે નહિ. મનમાં આમ સંશય ઉપજવાથી એણે આ શાપની વાત પોતાના પિતાને કહી. વિવસ્વાને જ્ઞાન દૃષ્ટિથી જોતાં ખરી વાત જાણી. ત્યારથી એણે સંજ્ઞાની શોધ કરવા માંડી. અને તે જડતાં પોતે ઘોડાનું રૂપ ધારણ કરીને એને ભેટયો, ત્યારે સંજ્ઞાએ એને ઓળખ્યો. તે ઉપરથી બન્નેનો સમાગમ થયો અને વડવા રુપ સંજ્ઞાને અશ્વિની-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુમાર નામના બે પુત્રો થયા. પછી સંજ્ઞાને લઇ એ પોતાના લોકમાં આવ્યો.

વિવસ્વાનની સંતતી પૈકી શ્રાદ્ધ દેવ મનુ થયો. પ્રસ્તુત એનો જ મન્વંતર ચાલે છે. યમ દક્ષિણ દિશાનો દિગ્પાળ થયો. યમુના તે યમુના નદીની અધિષ્ઠાત્રી દેવી થઇ. ચાલુ મન્વંતર પૂરો થયા પછી સાવર્ણિ પોતે મનુ થઇ એનો મન્વંતર ચાલશે. શનિ, શનિ મંડળનો અધિપતિ થયો, અને તપતી સોમવંશી પૂરુકુળમાં ઉત્પન્ન થએલા ઋક્ષ નામના રાજાના પુત્ર સંવરણને પરણી. અશ્વિનીકુમારો દેવના વૈદ્ય બન્યા.

વિવસ્વાન પ્રતિ ભાદ્રપદ માસમાં સૂર્ય મંડળાધિપતિ થાય છે, છતાં સર્વ કાળ પ્રાધાન્ય એનું જ ગણાય છે.

ચાલુ વૈવસ્વત મન્વંતરમાં બ્રહ્મદેવે મરીચી આદિ ઋષિયો ઉત્પન્ન કર્યા. મરીચીથી કશ્યપ અને કશ્યપથી બાર આદિત્ય થયા.

**વિવસ્વાન (૨).** ચાક્ષુષ્ મન્વંતરમાં થઇ ગએલા સપ્ત ઋષિયોમાંનો એક.

**વિવસ્વાન (૩).** ગરુડે મારેલો એ નામનો એક અસુર.

**વિવાજી.** ઇલ્વળ અસુરના રથના ઘોડા. ( ભા૨૦ વ૦ ૯૭–૨૨).

**વિવિક્ત.** પ્રિયવ્રત રાજાના પુત્ર હિરણ્યરેતાના સાત પુત્રોમાંનો છઠ્ઠો પુત્ર.

**વિવિક્ત (૨).** ઉપર કહેલા વિવિક્તનો દેશ–કુશ દ્વીપના સાતમાંનો છઠ્ઠો દેશ.

**વિવિત્સુ.** ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક. (ભા૨૦ આ૦૬૮-૯૬, ૧૩૧–૫ ભીમસેને આને માર્યો હતો. (ભા૨૦ ભી૦ ૮૮–૨૬, ૬૦-૪૬–૧૨).

**વિવિંશ.** સૂર્યવંશી વિંશનો પુત્ર. એના પુત્રનું નામ ખનીનેત્ર. (ભા૨૦અશ્વ૦ ૪–૫).

**વિવિન્ધ્ય.** સાલ્વપક્ષનો અસુર વિશેષ. ચારુદેષ્ણે આને માર્યો હતો. (ભા૨૦ વ૦ ૧૬–૨૬).

**વિવિંશતિ.** સોમવંશી ધૃતરાષ્ટ્રના સોમાંનો એક પુત્ર. (ભા૨૦આ૦ ૬૮–૯૪, વિ૦ ૩૭–૩). ભીમસેને માર્યો હતો. ( ભા૨૦ ક૦ ૨–૯, સ્ત્રી૦ ૧૪–૧૪).

**વિવિંશતિ (૨).** સૂર્યવંશી દિષ્ટકુળોત્પન્ન ચાક્ષુષ રાજાનો પુત્ર. એનો પુત્ર રંભ રાજા.

**વિશદ.** સોમવંશી પૂરુકુલોત્પન્ન હસ્તિ રાજાના વંશના અજમીઢના પુત્ર બૃહદિષુના વંશના જયદ્રથ રાજાનો પુત્ર. એનો પુત્ર સેનજિત્ રાજા.

**વિશલ્યકરિણી.** નર્મદાને મળનારી નાની નદી વિશેષ.

**વિશલ્યા.** ભારતવર્ષીય મહાનદી વિશેષ. (ભા૨૦ વ૦ ૮૨–૧૧૪, સ૦ ૯–૨૪).

**વિશક્ષન.** જે માણસ દાંભિકપણાથી યજ્ઞ કરે છે તેને પ્રાપ્ત થનારું નરક.

**વિશાખ.** કાર્તિકેયનું નામાન્તર હોય એમ જણાય છે. ( ભા૨૦ વ૦ ૨૨૮).

**વિશાખ (૨).** એક ઋષિ વિશેષ.

**વિશાખયુપ.** યામુનગિરિ ઉપર એક તીર્થ વિશેષ. આ સ્થળે પાંડવો વનવાસ સમયે કેટલાક દિવસ સુધી રહ્યા હતા. (ભા૨૦વં૦ ૧૭૯–૧૬, શાં૦ ૧૨–૩).

**વિશાખા.** સોમની સ્ત્રીઓ પૈકીની એક.

**વિશાખા (૨).** નક્ષત્ર વિશેષ.

**વિશાલ.** સૂર્યવંશી દિષ્ટકુલોત્પન્ન તૃણબિંદુ રાજાને અલંબુષા અપ્સરાની કુખે થએલા ત્રણ પુત્રોમાંનો મોટો પુત્ર. એણે પોતાના નામ ઉપરથી વિશાલા નામે નગરી સ્થાપી હતી. એને હેમચંદ્ર નામે પુત્ર હતો. (ભા૨૦ સ૦ ૬૮–૨૧).

**વિશાલ (૨).** લંકાનો એક રાક્ષસ વિશેષ. (વા૦ રા૦ સુંદર૦ સ૦ ૬).

**વિશાલ (૩).** કૃષ્ણ બલરામનો ગોકુલમાંનો એક સખા–મિત્ર.

**વિશાલકર્ણ.** એ નામનો એક કિન્નર.

**વિશાળા.** વિશાળ રાજાએ પોતાને નામે વસાવેલી નગરી. એ જગાએ પૂર્વે કુશપ્લવ વન હતું. દાશરથી રામ વિશ્વામિત્રના યજ્ઞની રક્ષાને સારુ ગયા તે કાળે આ નગરીમાં દિષ્ટ કુળનો સુમતિ નામનો રાજા રાજ્ય કરતો હતો.

**વિશાળા (૨).** બદરિકાશ્રમનું જ નામ (ભાગ૦ ૫સ્કં. ૪ અ૦ ગદ્ય. ૫).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વિશાળા (૩).** બગડાની સંજ્ઞાવાળા હિમાલયમાંથી નિકળેલી નદી વિશેષ.

**વિશાળા (૪).** સરસ્વતી નદીના સપ્ત પ્રવાહોમાંનો એક પ્રવાહ.

**વિશાલાક્ષ.** શિવનો એક પાર્ષદ.

**વિશાલાક્ષ (૨).** પૂર્વ મત્સ્યદેશાધિપતિ વિરાટ રાજાના ભાઇઓમાંનો એક. કીચકના મૃત્યુ પછી આ સેનાપતિ થયો હતો. (ભાર૦ વિ૦ ૩૨).

**વિશાલાક્ષ (૩).** ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક પુત્ર. (ભાર૦ આ૦ ૩૮-૧૦૧). ભીમસેને એને મારી નાંખ્યો હતો. (૮૮-૨૬).

**વિશાલાક્ષ (૪).** યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં આવેલો એક રાજા. વસુદેવે સ્યમંતપંચક ક્ષેત્રમાં યજ્ઞ કર્યો તે વખત પણ સહાય કરવામાં હતો. (ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૨૮).

**વિશાલાક્ષ (૫).** ગરુડનો પુત્ર. (ભાર૦ ઉ૦ ૧૦૧-૯).

**વિશાલાક્ષી.** વારાણુસી ક્ષેત્રમાં આવેલી સતીની વિભૂતિ વિશેષ.

**વિશુણ્ડિ.** સર્પ વિશેષ. (ભાર૦ ઉ૦ ૧૦૩-૧૬).

**વિશોક.** કર્ણે મારેલો પાંડવ પક્ષના કેકય રાજાનો પુત્ર.

**વિશોક (૨).** ભીમસેનનો સારથિ. (ભાર૦ સ૦ ૩૬-૩૦) એનું બીજું નામ અશોક હતું. શ્રી કૃષ્ણથી ત્રિવક્રાને પેટે જન્મેલો હતો (ભાગ૦ ૧૦-૧૦૩). રક્ષક્ષેત્ર ઉપર એનો અને ભીમસેનનો સંવાદ થયો હતો. (ભાર૦ ક૦૮૦)

**વિશોક (૩).** લોહિત્ય નદીને કિનારે આવેલું અરણ્ય વિશેષ.

**વિશ્રવા.** રાવણાદિનો પિતા એક ઋષિ. (ભાર૦ વ૦ ૨૭૫-૧૪). સ્વાયંભુવ મન્વન્તરમાંના બ્રહ્મપુત્ર પુલત્સ્ય ઋષિથી કર્દમ પ્રજાપતિની હવિર્ભુવા નામની કન્યાને થએલા એમાંનો નાનો પુત્ર. એની સ્ત્રીનું નામ મળી આવતું નથી. પરંતુ એને વૈશ્રવણ એવા બીજા નામવાળો સોમ નામે પુત્ર હતો. એનું કુબેર એવું નામ પણ મળી આવે છે અને એ ઉત્તર દિગ્પાળ હતો. (૧ વૈશ્રવણ શબ્દ જુઓ).

**વિશ્રવા (૨).** વૈવસ્વત મન્વંતરમાંના બ્રહ્મપુત્ર પુલત્સ્ય ઋષિને તૃણબિંદુ રાજર્ષિની ગૌ નામની કન્યાને પેટે થએલો પુત્ર. ભરદ્વાજ ઋષિની કન્યા **દેવવર્ણિની** આ વિશ્રવા ઋષિની પ્રથમવારની સ્ત્રી થાય. એની કૂખે થએલા એમના પુત્રનું નામ પણ વૈશ્રવણ જ હતું. (૨ વૈશ્રવણ શબ્દ જુઓ). વિશ્રવા ઋષિને વળી **કૈકસી** નામની સ્ત્રી હતી. એ રાવણ, કુંભકર્ણ, શૂર્પણખા અને વિભીષણ એની માતા થાય. આ શિવાય આ વિશ્રવાને બીજી **પુષ્પોત્કટા, રાકા** અને **બલાકા** નામે ત્રણ સ્ત્રીઓ હતી. પુષ્પોત્કટા મહોદર, મહાપાર્શ્વ, પ્રહસ્ત, અને કુંભીનસીની મા થાય; રાકાની કૂખે ખર રાક્ષસ જન્મ્યો હતો; અને બલાકા તે ત્રિશિરા, દૂષણ, અને વિદ્યુન્જીવ્હની મા હતી. છેલ્લી કહેલી આ ચાર સ્ત્રીઓ રાક્ષસોની કન્યા હતી. એને ઇડવિલા (ઇલવિલા) ને પેટે કુબેર નામે પુત્ર હતો. (ભાગ૦ ૯-૨).

**વિશ્રુત.** વિદેહવંશી દેવમીઢ જનકનો પુત્ર, એના પુત્રનું નામ મહાધૃતિ જનક હતું. આ વિશ્રુતનું વાલ્મીકિ રામાયણમાં વિબુધ એવું નામ કહ્યું છે.

**વિશ્રુત (૨).** નર્મદા સંબંધી તીર્થ વિશેષ.

**વિશ્રુત (૩).** વસુદેવાની કૂખે થએલા પુત્રોમાંનો એક.

**વિશ્વ.** એક ગંધર્વ વિશેષ. (૧ **તપસ્ય શબ્દ** જુઓ).

**વિશ્વ (૨).** ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

**વિશ્વ (૩).** શ્રીમન્નારાયણ. (ભાર૦ ભી૦ ૬૫-૬૬).

**વિશ્વ (૪).** એક ક્ષત્રિય. (ભાર૦આ૦ ૬૮-૩૬).

**વિશ્વકર્મા.** વૈવસ્વત મન્વન્તરમાંના પ્રભાસ નામના વસુનો પુત્ર. એ ચાલુ મન્વન્તરમાં દેવોનો શિલ્પી છે. (મત્સ્ય૦ અ૦ ૯૫). ત્વષ્ટા એવું એનું બીજુ નામ છે, (૪ ત્વષ્ટા શબ્દ જુઓ). પ્રલ્હાદની પુત્રી વિરોચના



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એની સ્ત્રી થાય. બૃહસ્પતિની બ્હેન બ્રહ્મવાદિની યોગસિદ્ધા એની માતા થાય. (હરિ૦ ૧-૩), (વિષ્ણુ૦ ૧-૧૫). અને (વાયુ૦ ૮૪). સવિતાની ભાર્યા સંજ્ઞા એની પુત્રી થાય. એ સંજ્ઞા વડવારૂપે અશ્વિનોની જનની થાય. સંજ્ઞાથી સવિતાનું તેજ સહન ન થઇ શકવાથી વિશ્વકર્માએ સવિતાને સરાણે ચડાવી છોલીને એનું તેજ ઓછું કર્યું હતું. વિરોચનાને પેટે થએલો દેવાચાર્ય ત્રિશિરા એનો પુત્ર. (ત્રિશિરા શબ્દ જુઓ). (વાયુ૦ ૮૪). એણે ઇંદ્રપ્રસ્થ નગરી નિર્માણ કરી હતી. સુંદ અને ઉપસુંદને મારવાના સાધન તરીકે તિલોત્તમા પણ એણે ઉત્પન્ન કરી હતી. (આ૦ ૨૩૧-૧૨). ત્રિપુરને મારવાને સમયે રુદ્રને એણે રથ બનાવી આપ્યો હતો. (ક૦ ૨૬). સૂર્યને સરાણે ચઢાવીને એનું એક અષ્ટમાંશ તેજ છોલી કાઢતાં જે કડકા પડયા તેમાંથી આણે વિષ્ણુનું ચક્ર, શિવનું ત્રિશૂળ, ધનપતિ કુબેરનું શસ્ત્ર, અને કાર્તિકેયનો ભાલો તેમ જ બીજા દેવોનાં હથિયારો બનાવી આપ્યાં હતાં. (ડાઉસન પા૦ ૩૬૪).

**વિશ્વકર્મા (૨).** સ્વાયંભુવ મન્વન્તરમાંનો એક પ્રજાપતિ. આણે પોતાની બર્હિષ્મતી નામની કન્યા સ્વાયંભૂ મનુના મોટા દિકરા પ્રિયવ્રત રાજાને દીધી હતી.

**વિશ્વગ.** સ્વાયંભુવ મન્વન્તરમાંના મરીચિ ઋષિના પુત્ર પૂર્ણિમાના બે પુત્રોમાંનો બીજો પુત્ર.

**વિશ્વગ (૨).** સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન પૃથુ રાજાનો પુત્ર. એને વિશ્વરંધિ અને વિશ્વરાશ્વ એવાં નામાન્તર હતાં. એને ઇંદુ નામનો પુત્ર હતો. એ પુત્રને પણ અંદ્ર અને આર્દ્ર એવાં નામાન્તરો હતાં.

**વિશ્વજિત.** તારાને પેટે બૃહસ્પતિથી થએલા છ પુત્રોમાંનો ત્રીજો પુત્ર. એની ગણના અગ્નિમાં થાય છે. (ભાર૦ વ૦ ૨૨૧-૨૪).

**વિશ્વજિત (૨).** સોમવંશી પૂરુકુલોત્પન્ન કુરુપુત્ર સુધનુના વંશના જરાસંધ રાજાના કુળમાં જન્મેલા સત્યજિત રાજાનો પુત્ર. એને પુરંજય અથવા રિપુંજય નામનો પુત્ર હતો. એને એના શુનક નામના પ્રધાને મારી નાંખીને પોતાના પુત્ર પ્રદ્યોતને રાજા બનાવ્યો હતો. (૩ રિપુંજય શબ્દ જુઓ).

**વિશ્વધાર.** પ્રિયવ્રત રાજાના પુત્ર મેધાતિથિના સાત પુત્રોમાંનો સાતમો.

**વિશ્વધાર (૨).** શાકદ્વીપ માંહેના દેશોમાં સાતમો દેશ. વિશ્વધાર રાજાનો દેશ, તે જ.

**વિશ્વપતિ.** અગ્નિ વિશેષ. (ભાર૦વ૦ ૨૨૩-૧૭).

**વિશ્વપદ.** ક્ષેત્ર વિશેષ.

**વિશ્વભુક.** બૃહસ્પતિનો તારાની કૂખે થએલો ચોથો પુત્ર. એની ગણના અગ્નિમાં થાય છે. એને ગોપતિ એવું નામાન્તર હતું. (ભાર૦ વ૦ ૨૨૧-૨૫).

**વિશ્વમાલા.** વિંધ્યાચળમાંથી નિકળેલી એક નદી.

**વિશ્વરંધિ.** બગડાની સંજ્ઞાવાળો વિશ્વગ તે જ.

**વિશ્વરૂપ.** વરુણલોકમાંનો એક અસુર વિશેષ. (ભાર૦ સ૦ ૯-૧૮).

**વિશ્વરૂપ (૨).** ઋષભદેવના પુત્ર ભરતની પંચજની નામની સ્ત્રીનો પિતા.

**વિશ્વરૂપ (૩).** પ્રલ્હાદની પુત્રી, વિરોચનની નાની બહેન રચનાને ત્વષ્ટાથી થએલો પુત્ર. (ભાર૦ ઉ૦ ૯-૪ વાયુ૦ ૮૪). (ભાગ૦ ૬ સ્કં૦ ૬). એ દેવોનો પુરોહિત થયો હતો. (ભાગ૦ ૬-૭). ત્રણ ભાઇઓમાં એ વચલો હતો. એને ત્રણ માથાં હતાં માટે એ ત્રિશિર્ષ અથવા ત્રિશિરા કહેવાતો. એ એક મુખે સોમપાન, એક મુખે સુરાપાન અને ત્રીજે મુખે વેદાધ્યયન કરતો. એણે ઘણા કાળ સુધી તપ કર્યું. તેથી ઇંદ્રને ભય લાગ્યો. આથી ઇંદ્રે એના તપમાં ભંગાણ પાડવા અપ્સરા મોકલી. અપ્સરાએ પોતાથી બને તેટલો પરિશ્રમ કરતાં પણ આ ચલાયમાન ન થયો. પરિણામે એનું તપ નિર્વિઘ્ન સમાપ્ત થયું અને એની કીર્તિ ઘણી વધી.

એક વખત એમ બન્યું કે બૃહસ્પતિ દેવલોકમાંથી કાંઇ ગયા હશે તે વખત ઇંદ્રે આને પુરોહિત તરીકે વર્યો, અને ભૂલોક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પર આવીને યજ્ઞ કરવાનો આરંભ કર્યો. તે વખત શી એ રીતે આણે ગુપ્તપણે દૈત્યોને હવિર્ભાગ આપવા માંડયો. એ મોટેથી મંત્ર બોલીને સ્વાહા કહીને દેવોને હવિર્ભાગ આપે અને ધીમેથી સ્વાહા કહીને મંત્ર ભણીને દૈત્યને હવિર્ભાગ આપે. દૈત્યની દિકરીનો દિકરો હોવાથી, દૈત્યોમાં એનું મોશાળ હોવાથી, એને દૈત્યો પ્રતિ પક્ષપાત હતો. આમ બનતાં બનતાં દૈત્યો દિન પ્રતિદિન બળવાન થવા લાગ્યા એમ ઇંદ્રને જણાયું. એમ થવાનું કારણ એણે શોધતાં જણાયું કે આ વિશ્વરુપના કપટથી દૈત્યોને હવિર્ભાગ મળે છે. આ જાણીને ઇંદ્રને ક્રોધ ઉપન્યો અને વિશ્વરુપ ઉપર અસ્ત્ર ફેંકતાં જ તે તત્કાળ મરણ પામ્યો. (મૂળમાં ઇંદ્રે વજ્ર નાંખ્યું એવા પાઠ છે. પરન્તુ તે કાળે વજ્ર ઉત્પન્ન જ થયું નહોતું, માટે અમે અસ્ત્ર શબ્દ યોજ્યો છે). વિશ્વરુપ મુઓ છતાં ઇંદ્રને ભય લાગતો હતો તેથી એણે એનાં ત્રણે માથાં કપાવીને દેહથી છૂટાં પાડયાં. વિશ્વકર્માએ આ માથાં છૂટાં પાડી આપ્યાં તેથી ઇંદ્રે વિશ્વકર્માને હવિર્ભાગ અપાવવા ચાલુ કર્યો.

मुमोच वज्रं सक्रुद्ध शक्र स्त्रिशिरसं प्रति ॥२३॥
स पपात हतस्तन : वज्रेणदृढमाहतः ।
पर्वतस्येव शिखरं प्रणुन्नं मेदनी तले ॥२४॥
तं तु वज्रहतं दृष्ट्वा शयानमचलोपमम् ।
न शर्म लेभे देवेन्द्रो दीपीतस्तस्य तेजसाः॥२५॥
हतोऽपि दीप्ततेजाः सर्जीवन्निव हि दृश्यते ।
घातितस्य शिरांस्याजौ जीवन्तीवाद्भूतानि वै ॥२६॥

(ભા૨૦ ઉ૦ ૧૦-૨૪-૨૬).

क्षिप्रं छिन्धि शिरांसि त्वं करिप्येऽनुग्रहं तव ॥३८॥
शिरः पशोस्ते दास्यन्ति भागं यज्ञेपु मानवाः
एप तेऽनुग्रहस्तक्षन्क्षिप्रं कुरु मम प्रियम् ॥३९॥
एतच्छ्रुत्वा तु तक्षा स महेन्द्रवचनात्तदा ।
शिरांस्यथ त्रिशिरसः कुठारेणाच्छिनत्तदा॥४०॥

(ભા૨૦ ઉ૦ ૧૦-૩૮-૪૦).

**વિશ્વરુપા.** કામધેનુની દુહિતા. ( ભા૨૦ ઉ૦ ૧૦૨-૯).

**વિશ્વસ.** સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના કુશાન્વયમાં જન્મેલા મહરવાન રાજાનો પુત્ર. એને પ્રસેનજિત નામે પુત્ર હતો.

**વિશ્વસહ.** ઇક્ષ્વાકુ કુળોત્પન્ન વૃદ્ધશર્મા રાજાનો પુત્ર. એનો પુત્ર તે ખટ્વાંગ રાજા.

**વિશ્વસૃટ્.** સકળ વિશ્વને ઉત્પન્ન કરનાર બ્રહ્મદેવ.

**વિશ્વસૃટ્ (૨).** સહસ્ત્ર સંવત્સર સુધી યજ્ઞ કરનાર એક રાજર્ષિ. ( ભા૨૦ ૫૦ અ૦ ૨૨ ).

**વિશ્વસૃટ (૩).** બ્રહ્મસાવર્ણિ મન્વન્તર માંહ્યલા વિષ્ણુના અવતારનો પિતા.

**વિશ્વા.** પ્રાચેતસ દક્ષે ધર્મ ઋષિને ભાર્યાર્થે આપેલી દશ કન્યામાંની એક. (ભા૨૦ આ૦ ૬૬-૧૨). એના પુત્રો તે વિશ્વેદેવો. (મત્સ્ય૦ ૨૦૩).

**વિશ્વા (૨).** ભારતવર્ષીય નદી વિશેષ.

**વિશ્વાચી.** એક અપ્સરા વિશેષ. (ભા૨૦ સ૦ ૧૦-૧૨). યયાતિએ એની સાથે રમણ કર્યું હતું. ( આ૦ ૭૯-૯ ). પ્રાધાની અપ્સરા કન્યાઓમાંની એક.

**વિશ્વાત્મા.** વિશ્વના આધારભૂત પરમાત્મા તે.

**વિશ્વામિત્ર.** સોમવંશી પૂરુરવાના પુત્ર વિજયના કુળના કુશ અથવા કુશિક રાજાના પ્રપૌત્ર કુશાંબુ રાજાનો પૌત્ર અને ગાધિ રાજાનો પુત્ર. આ ગાધિએ પોતાની કન્યા સત્યવતી ઋચિક ઋષિને આપી હતી.

પોતાની સ્ત્રીમાં ભૃગુ ઋષિના પ્રસાદે આને ઉત્પન્ન કરાવ્યો હતો. એનો જન્મ બ્રાહ્મણ કુળમાં સત્યવતીને પેટે થાત પણ સત્યવતીએ પોતાને ખાવાને અભિમંત્રિત ચરુ પોતાની માતાને ખાવા (અનુ૦ ૭-૪૭, હરિ૦ ૧-૭, વાયુ૦ ૯૧, ભાગ૦ ૯-૧૬). આપ્યો તેથી આનો જન્મ ક્ષત્રિય કુળમાં (સત્યવતીની માને પેટે) થયો. (ઋચિક ઋષિ શબ્દ જુઓ). તોપણ પૂર્વના તપના પ્રભાવે કરીને આને બ્રહ્મર્ષિપણું મળ્યું અને એ બ્રાહ્મણોમાં ભળ્યો. એ સંબંધે ઇતિહાસ એમ છે કેઃ—

ક્ષત્રિય હતો ત્યારે એનુ નામ વિશ્વરથ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતું. (હરિ૦ ૧-૨. વાયુ૦ ૯૭). એની સ્ત્રીનું નામ હૈમવતી હતું. એને શાલાવતી, દૃષ્વતી, રેણુ અને માધવી નામની બીજી સ્ત્રીઓ હતી. (હરિ૦ ૧-૨૭ વાયુ૦ ૯૧).

એક વખત વિશ્વામિત્ર રાજા કાંઇક સેના પોતાની જોડે લઇને અરણ્યમાં મૃગયા સારુ ગયો. (આ૦ ૧૯૧ રા૦ ૧-૫૬). રસ્તામાં વસિષ્ટ ઋષિનો આશ્રમ આવ્યો. ત્યાં એ વસિષ્ટ ઋષિનાં દર્શન કરવાં એવું મનમાં આણીને આશ્રમમાં ગયો. એણે વસિષ્ટ ઋષિનાં દર્શન કર્યાં. વસિષ્ટે એનો સત્કાર કરીને સેના સહિત જમવા સારુ રોકયો. વસિષ્ટે પોતાની કામધેનુના પ્રભાવથી બધાને મિષ્ટાન્ન ભોજન કરાવ્યું. આથી સંતોષ પામીને એણે પોતાને નગર જવું જોઈતું હતું પણ તેમ ન કરતાં એણે વસિષ્ટ પાસે તેની કામધેનુની માગણી કરી. વસિષ્ટે ન આપી એટલે બલાત્કારે તેને લઇ જવા માંડી. પણ તેમાં ન ફાવવાથી નિરૂત્સાહી બની પોતાની નગરીમાં ગયો. (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

આ પ્રમાણે હાર ખાઇને પોતાના નગરમાં આવ્યા પછી એણે પોતાના સો પુત્રો સહિત ઘણું લશ્કર જમાવ્યું અને તે લઇને વસિષ્ટ ઉપર ચઢી ગયો. તે પ્રસંગે વસિષ્ટના હુંકાર માત્રથી એના નવ્વાણુ પુત્રો બળી ગયા. માત્ર એક જ ગમે તેમ ઉગર્યો. આથી વિશ્વામિત્રને પરમ દુઃખ થયું અને તે પોતાના નગર પ્રતિ પાછો આવ્યો. પછી પેલા ઉગરેલા પુત્રને ગાદી ઉપર બેસાડી પોતે હિમવાન પર્વત ઉપર જઇ ત્યાં ઘોર તપ કરવા માંડયું. તપના ફળ તરીકે અનેક શસ્ત્રાસ્ત્ર સંપાદન કરી વસિષ્ટના આશ્રમે પાછો આવ્યો અને વસિષ્ટ પર એની વૃષ્ટિ કરી. એ જોઇને વસિષ્ટ પોતાનો બ્રહ્મદંડ હાથમાં લઇને એના સામા આવ્યા અને વિશ્વામિત્રે જે જે શસ્ત્ર અને અસ્ત્રોની વૃષ્ટિ કરી એ બધાંનું પોતે મોટું રૂપ ધારણ કરી ભક્ષણ કરી ગયા. તે દિવસથી વિશ્વામિત્રને બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરવાની ઉત્કટ ઇચ્છા ઉત્પન્ન થઇ (વા૦ રા૦ બા૦ સ૦ ૫૫-૫૬).

વિશેષ તપ કરીને બ્રાહ્મણત્વ સંપાદન કરવાનો નિશ્ચય કરીને એ નિકળ્યો. એની સ્ત્રી પણ એની જોડે ગઇ, એણે ઘણા કાળ પર્યન્ત ઘોર તપ કર્યું. દેવોએ અનેક વિઘ્ન નાંખ્યાં છતાં યુકિત પ્રયુક્તિથી બધામાંથી બચીને અનેક સહસ્ર વર્ષ સુધી તપ કરી છેવટે તપ પૂરું કર્યું. આથી પ્રસન્ન થઇ દેવોએ એને બ્રહ્મર્ષિ તરીકે સંબોધ્યો. (આ૦ ૧૯૧-૬૦, શ૦ ૪૧-૧૧). પણ એણે પ્રાર્થના કરી કે મને વસિષ્ટ બ્રહ્માર્ષ કહે તો જ ખરું. દેવો કહે કાળાંતરે એમ પણ બનશે. (વા૦ રા૦ બા૦ સ૦ ૫૭).

પછી વિશ્વામિત્રે ગૃહસ્થાશ્રમ કર્યો. વિશ્વામિત્રને મધુચ્છંદ, દેવરાત (શુનઃશેપ) અક્ષીણ, શકુંત, બભ્રુ, કાલપથ, યાજ્ઞવલ્કય, સ્થૂણ, મહાવ્રત, ઉલૂક, યમદૂત, સૈંધવાયન, વલ્ગુજંઘ, ગાલવ, વજ્ર, સાલંકાયન, લીલાઢ્ય, નારદ, કૂર્ચામુખ, વાદુલિ, મુસલ, વક્ષોગ્રીવ, આંધ્રિક, નૈકદૃક્, શિલાયૂપ, શિત, શુચિ, ચક્રક, મારુતંતવ્ય, વાતઘ્ન, આશ્વલાયન, શ્યામાયન, ગાર્ગ્ય, જાબાલિ, સુશ્રુત, કારીષિ, સંશ્રુત્ય, પર, પૌરવ, તંતુ, કપિલ, તાડકાયન, ઉપગહન, અસુરાયણ, માર્દમર્ષિ, હિરણ્યાક્ષ, જંગારિ, ભૂતિ, વિભૂતિ, સુત, સુરકૃત, અરાલિ, નાચિક, ચાંપેય, ઉજ્જયન, નવતંતુ, બકનખ, સેયન, યતિ, અંભોરુહ, ચારુમત્સ્ય, શિરીષિ, ગાર્દભિ, ઊર્જયોનિ, ઉદાપેક્ષી, નારદિ, કતિ, પાણિન, સાંકૃતિ, મુદ્ગલ અને દેવળ ઇ. ઇ. સો પુત્રો હતા. (અ૦ ૫-૫૦, ભા૦ ૯-૧૬, રા૦ ૧-૫૭ હરિ૦ ૧-૨૭-૩૨)

આ શિવાય વિશ્વામિત્રને માધવીને પેટે થએલો અષ્ટક નામે પુત્ર હતો. માધવી યયાતિ રાજાની કન્યા હતી અને બસેં શ્યામકર્ણ ઘોડા આપી તેને બદલે એક પુત્ર થાય ત્યાં સુધી વિશ્વામિત્રે તેને પોતાને ત્યાં રાખી હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(ઉ૦ ૧૧૯-૧૫-૧૮). એમાં ગાલવ કરીને જે પુત્ર હતો એનું મૂળ નામ મળી આવતું નથી. ગાલવ નામ પડવાનું કારણ જાણવાને (૨. ગાલવ) શબ્દ જુઓ.

વિશ્વામિત્ર તપ કરવા ગયા હતા તે વખતે ગાલવ અને એની મા-વિશ્વામિત્રની સ્ત્રી એનું દુષ્કાળ વખતે પાલન પોષણ કરીને સત્યવ્રત રાજાએ એમને ઉગાર્યાં હતાં; એ ઉપકારનો બદલો વાળવા વિશ્વામિત્રે એના આચાર્ય થવાનું કબુલ્યું. સત્યવ્રત રાજાને સદેહીએ સ્વર્ગે જઇ ત્યાંનાં સુખ ભોગવવાની તીવ્ર ઇચ્છા થઇ હતી. એ સારુ આચાર્ય પદ સ્વીકારીને વિશ્વામિત્રે એ કાર્ય પાર ઉતાર્યું. પરન્તુ વસિષ્ટે એ કૃત્ય સારુ એનું ઉપહાસ કર્યું અને એને બ્રહ્મર્ષિ તરીકે સંબોધ્યો નહિ. ( ત્રિશંકુ શબ્દ જુઓ ).

સારાંશ એ કે વિશ્વામિત્ર જે જે કરે તે તે વસિષ્ટ અમાન્ય કરે અને એની બ્રહ્મર્ષિમાં ગણના જ કરે નહિ. આ ઉપરથી વિશ્વામિત્રને પણ વસિષ્ટ પર એટલો દ્વેષ થયો કે વસિષ્ટ જે જે કહે તેને ખોટું પાડવાને એ ઘણો જ પ્રયત્ન કરે. એક સમય વસિષ્ટે ઇંદ્રની સભામાં હરિશ્ચન્દ્રની સ્તુતિ કરી. આ વિશ્વામિત્રને રુચ્યું નહિ અને વસિષ્ટના કહેવા પ્રમાણે હરિશ્ચન્દ્ર સત્યવાદી નથી એમ ઠરાવવા, એને સત્યથી ચળાવવા એણે ઘણો જ પરિશ્રમ કર્યો. એટલું જ નહિ પણ છળ ધરાધરી કર્યું. પરન્તુ હરિશ્ચન્દ્ર સત્યથી ચળ્યો નહિ. (હરિશ્ચન્દ્ર શબ્દ જુઓ) (ભાર૦ વ૦ ૭૯-૩૭, દે૦ ભાગ૦ ૭-૧૮).

વસિષ્ટને મારી નાંખવા સારુ પોતાના આશ્રમ આગળ તેને ખેંચી લાવવાને આણે સરસ્વતી નદીને આજ્ઞા કરી હતી. સરસ્વતી બન્ને મહા તપસ્વીઓના શાપના ભયથી બ્હીતી બ્હીતી વસિષ્ટ પાસે ગઇ, અને એની અનુમતિથી તેને વિશ્વામિત્રના આશ્રમ તરફ વહેવડાવી ગઇ. પણ બ્રહ્મહત્યાના ભયથી પાછા ખેંચી ગઇ. આથી ક્રોધ કરી વિશ્વામિત્રે સરસ્વતીને તારું પાણી લોહી જેવું થાઓ એવો શાપ દીધો હતો. (ભાર૦ શ૦ ૪૩-૩૯)

આમ થતાં થતાં એમ બન્યું કે કોઇ પણ ઠેકાણે વસિષ્ટની સન્નિધ કોઇ વિશ્વામિત્રની વાત કાઢે તો ત્યાં વસિષ્ટ ડોકું હલાવીને કહે કે વિશ્વામિત્ર તે વિશ્વામિત્ર જ. એના જેવો તપસ્વી કોઇ નથી. વળી હરિશ્ચન્દ્ર રાજાએ વરુણને ભોગ આપવાને શુનઃશેપને વેચાતો લીધો હતો તે યજ્ઞ કરવામાં વિશ્વામિત્રને હૌત્ર, એટલે યજ્ઞમાં પૂર્વ દિશામાં બેશીને ઋત્વિજનું કાર્ય કરનાર, નિમવાને વસિષ્ટે અનુમતિ આપી, તેથી વિશ્વામિત્રને પાર વગરનો હર્ષ થયો. વિશ્વામિત્રે શુનઃશેપને બળિ કરાતો બચાવ્યો. શુનઃશેપના બાપે તો એને યજ્ઞમાં બલિદાન કરવાને વેચી દીધો હતો એટલે શુનઃશેપે પુછ્યું કે હું હવે પુત્ર કોનો ? તે વખત વસિષ્ટે કહ્યું કે વિશ્વામિત્રનો. શુનઃશેપ બ્રાહ્મણનો દિકરો હતો; એને પોતાનો દિકરો કહ્યો એટલે વસિષ્ટે પોતાને બ્રાહ્મણ કહ્યા બરોબર જ થયું એમ ગણીને વિશ્વામિત્રને બમણો આનંદ થયો. (શુનઃશેપ શબ્દ જુઓ). છતાં વસિષ્ટે અદ્યાપિ વિશ્વામિત્રને મોંઢે એને બ્રહ્મર્ષિ કહ્યો નહોતો.

વસિષ્ટ મારા મોં ઉપર મને બ્રહ્મર્ષિ ક્યારે કહે છે એની વિશ્વામિત્રે ઘણા વર્ષ પર્યન્ત વાટ જોઇ. હરિશ્ચન્દ્ર રાજાની પછી સૂર્યવંશમાં વીસ રાજા થઇ ગયા. જ્યારે એકવીસમો રાજા કલ્માષપાદ અયોધ્યામાં રાજ્ય કરતો હતો તેવામાં વસિષ્ટે વિશ્વામિત્રની પૂંઠ પાછળ એને બ્રહ્મર્ષિ કહેવા માંડયો. આથી, ક્રોધ કરી વિશ્વામિત્રે રાક્ષસયોનિ પામેલા કલ્માષપાદ રાજા પાસે વસિષ્ટના સો પુત્ર ખવરાવી દીધા. એમ થતાં પણ વસિષ્ટે કશું સારૂં નરતું કહ્યું નહિ આ ઉપરથી વિશ્વામિત્ર છેવટે થાકીને સ્વસ્થ રહ્યો.

વસિષ્ટ પ્રતિ આનો દ્વેષ શમ્યો છે કે નહિ એની પરીક્ષા કરવા યમ-ધર્મ જાતે વસિષ્ઠનું રૂપ ધારણ કરીને એક વખત વિશ્વામિત્ર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાસે આવ્યા. એમણે આવીને અન્ન સારુ પ્રાર્થના કરી. તે ઉપરથી એણે રસોઇ કરાવી. પછી જુએ છે તો વસિષ્ટ મળે નહિ આથી એ વસિષ્ટની વાટ જોતો જોતો ઉભો રહ્યો. પણ વસિષ્ટ રુપધારી યમ સોવર્ષ પર્યન્ત આવ્યો જ નહિ. એટલા કાળ સુધી વિશ્વામિત્ર તપ કરતો ઉભો જ રહ્યો. યમે આવીને જોયું તો રસોઇ તૈયાર કરીને એ ઉભો જ રહ્યો છે. આથી સંતુષ્ટ થઇ એણે ભોજન કર્યું. જાણે તરતનું રાંધેલું હોય નહિ એવું એ અન્ન રહ્યું હતું. પછી વિશ્વામિત્રને બ્રહ્મર્ષિ કહી યમ પોતે સ્વધામ ગયા તે સમયથી વિશ્વામિત્રને વસિષ્ટની જોડે સ્નેહ સંબંધ થયો તે અદ્યાપિ ચાલુ જ છે (વા૦ રા૦ બા૦ સ૦ ૬૫). આ જ સો વર્ષમાં વિશ્વામિત્રના શિષ્ય ગાલવે એની ઘણી જ સેવા કરી હતી તેથી પ્રસન્ન થઈ વિશ્વામિત્રે એને સંપૂર્ણ વિદ્યા પ્રાપ્ત થાય એવો વર આપ્યો હતો. (૩ ગાલવે શબ્દ જુઓ (ભા૨૦૦ ઉ૦ ૧૦૬–૧૧૯).

એક વખત દુષ્કાળમાં કશું ખાવાનું ન મળવાથી ભૂખથી હેરાન થઇ વિશ્વામિત્રે એક ચાણ્ડાલના ઘરમાંથી કુતરાનું માંસ ચોરવાનું ધાર્યું હતું. તે વખત ચાણ્ડાલ જાગતો હતો એણે વિશ્વામિત્રને આવું નઠારૂં કર્મ કરતાં વાર્યો. આ ઉપરથી દુખને સમયે અભક્ષાભક્ષ કરીને પણ પ્રાણ ઉગારવા એવા આશયનો એ એની વચ્ચે સંવાદ થયો હતો. (શાં૦ ૧૪૧).

આણે પોતાના યજ્ઞની રક્ષા સારૂ દશરથ પાસેથી રામ અને લક્ષ્મણને માગી આણ્યા હતા. રામને હાથે તાટકાનો વધ કરાવી અહલ્યાનો ઉદ્ધાર થયા બાદ રામનાં સીતાની સાથે લગ્ન કરાવી પછી પોતે ત્યાંથી છુટા પડયા.

વિશ્વામિત્રના કુળમાં એમના સુદ્ધાં તેર ઋષિયો મંત્રદષ્ટા થયા છે. તેમનાં નામ આ પ્રમાણે છે. વિશ્વામિત્ર પોતે, દેવરાત (શુનઃશેપ). મધુચ્છંદ, અઘમર્ષણ, અષ્ટક લોહિત (રોહિત), ભૂતકીલ, માંણુધિ, દેવશ્રવા, દેવરત, ધનંજય, શિશિર અને શાલંકાયન (મત્સ્ય૦ અ૦ ૧૪૫).

નીચે જણાવ્યા પ્રમાણે એના કુળની દશ વંશમાલિકાઓ છે. કુશિક, લોહિત (રોહિત), રૌક્ષક, કામકાયન, અજ, કત, ધનંજય અઘમર્ષણ, પૂરણ અને ઇંદ્રકૌશિક. આ પ્રત્યેક વંશમાલિકાનાં પ્રવરો આ પ્રમાણે છે.

(૧) કુશિક કુલોત્પન્નઃ–બીજો વિશ્વામિત્ર, વૈકૃતિ, ગાલવ, વતંડ, અલંક, અભય આયતાયન, ઉલૂપ, ઔપગહય, પયોદ, જનપાદપ, ખરવાક્, હલયમ, સાધિત વાસ્તુ અને કૌશિક. આ ઋષિયો વૈશ્વામિત્ર, દૈવરાત, ઔદલ, એ ત્રણ પ્રવરના છે.

(૨) લોહિત કુલોત્પન્નઃ–વૈશ્વામિત્ર, આષ્ટક લૌહિત અથવા વૈશ્વામિત્ર માધુચ્છંદસ, આષ્ટક; કિંવા વૈશ્વામિત્ર, આષ્ટક; એવાં ત્રણ ત્રણ અગર બબ્બે પ્રવરના છે.

(૩) રૌક્ષક કુલોત્પન્નઃ–વૈશ્વામિત્ર, ગાથિન, રૈવણ કિંવા વૈશ્વામિત્ર, રૌક્ષક, રૈવણ આવાં ત્રણ પ્રવરના

(૪) કામકાયન કુલોત્પન્નઃ–દેવશ્રવા, સુજાતેય, સૌસુક, કારુકાયન, વૈદેહરાત, કુશિક વગેરે ઋષિયો, વૈશ્વામિત્ર, દૈવશ્રવસ, દૈવરાત એવાં ત્રણ પ્રવરના છે.

(૫) અજ કુલોત્પન્નઃ–ધનંજય, કપર્દેય, પરિકૂટ અને પાણિનિ એ ઋષિયો વૈશ્વામિત્ર, માધુચ્છંદસ, આજ અથવા આદ્ય એવાં ત્રણ પ્રવરના.

(૬) કત કુલોત્પન્નઃ–વૈશ્વામિત્ર, કાત્ય, આક્ષીલ, એવાં ત્રણ પ્રવરના.

(૭) ધનંજય કુલોત્પન્નઃ–વૈશ્વામિત્ર, માધુચ્છંદસ, ધ્યાનંજય એવાં પ્રવરના.

(૮) અઘમર્ષણ કુલોત્પન્નઃ–વૈશ્વામિત્ર આઘમર્ષણ, અને કૌશિક એવાં પ્રવરના.

(૯) પૂરણ કુલોત્પન્નઃ–વૈશ્વામિત્ર, પૂરણ, કિંવા વૈશ્વામિત્ર, દૈવરાત, પૂરણ, અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૧૦) ઇન્દ્ર કૌશિક કુલોત્પન્નઃ-વિશ્વામિત્ર ઐંદ્રકૌશિક એવાં બેજ પ્રવરોના છે.

ઉપર જે દશ કુળ ગણાવ્યાં તે શિવાય આશ્મરથ્ય, સાહુલ, ગાથિન, વૈણવ, હિરણ્યરેતસ, સુવર્ણરેતસ્ કપોતરેતસ, શાલંકાયન, ઘૃતકૌશિક, કથક અને રોહિણ, એવા યે ભેદ છે. એમનાં પ્રવર અનુક્રમે આ પ્રમાણે છેઃ—

(૧) વૈશ્વામિત્ર, આશ્મરથ્ય, વાધુલ; (૨) વૈશ્વામિત્ર, સાહુલ, માહુલ; (૩) વૈશ્વામિત્ર, ગાથિન, રૈણવ; (૪) વૈશ્વામિત્ર, ગાથિન, વૈણવ; (૫) વૈશ્વામિત્ર, હિરણ્યરેતસ્; (૬) વૈશ્વામિત્ર, સુવર્ણરેતસ્; (૭) વૈશ્વામિત્ર, કપોતરેતસ્; (૮) વૈશ્વામિત્ર, શાલંકાયન, કૌશિક; (૯) વૈશ્વામિત્ર, ઘૃતકૌશિક; (૧૦) વૈશ્વામિત્ર, કથક; અને (૧૧) વૈશ્વામિત્ર, માધુચ્છંદસ, રાહણ.

કમલાયજિ, આશ્મરથ્ય, ચંચુલિ એમનાં પ્રવરોઃ—

વિશ્વામિત્ર, આશ્મરથ્ય, વંજુલિ; અને ઉદરેણુ, કથક; ઉદાવહિ; શાઠચાયનિ, કરીરાશી, શાલંકાયનિ, લાવકિ, મૌંજાયનિ આ ઋષિયો વિશ્વામિત્ર, ખિલખિલિ, આજ, એ પ્રવરોના જણાય છે.

આ વિશ્વામિત્ર ચાલુ મન્વન્તરમાં કાર્તિક માસમાં સૂર્યના સમાગમમાં સંચાર કરે છે. (૩ ઉર્જ શબ્દ જુઓ).

તેમ જ વિશ્વામિત્ર પ્રસ્તુતના સપ્ત ઋષિયો પૈકીનો એક છે.

**વિશ્વામિત્ર** (૨). આ જ કુળનો એ નામનો બીજો એક ઋષિ.

**વિશ્વામિત્રા તીર્થ**. એક તીર્થ વિશેષ. (ભાર૦ વ૦ ૮૧-૧૩૯).

**વિશ્વામિત્રા**. નદી વિશેષ. (ભાર૦ ભી૦ ૯-૨૬).

**વિશ્વામિત્રી**. નદી વિશેષ.

**વિશ્વાવસુ**. પ્રાધાને પેટે થએલા દેવ ગંધર્વો પૈકી એક. આ પ્રતિ વર્ષે શ્રાવણ માસમાં સૂર્યની સાથે સંચાર કરે છે. (૫. નભ શબ્દ જુઓ) (ભાર૦ આ૦ ૬૬-૪૭, સ૦૭-૨૨).

**વિશ્વાવસુ** (૨). ચિત્રસેન ગંધર્વનો પુત્ર. એ બ્રાહ્મણના શાપને લઇને કબંધ નામે રાક્ષસ થયો હતો અને જેને રામે મારીને મોક્ષ આપ્યો હતો તે. (ભાર૦ વ૦ ૨૮૦-૪૨). અને (વા૦ રા૦ ૭૦-૭૧).

**વિશ્વાવસુ** (૩). જમદગ્નિ ઋષિથિ રેણુકાને થએલા પુત્રોમાંનો એક (વ૦ ૧૧૭-૧૧).

**વિશ્વાવસુ** (૪) માલ્યવાન રાક્ષસની અનલા નામની કન્યાનો પતિ. (વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૬૧-૧૬).

**વિશ્વેદેવ**. વિશ્વા નામની સ્ત્રીને ધર્મ ઋષિથી ઉત્પન્ન થએલા દશ પુત્ર હતા તે. ચાલુ મન્વન્તરમાં એઓ સાત પ્રકારના દેવો પૈકી છે. વિશ્વેદેવોનાં નામ આ પ્રમાણે છેઃ—

ક્રતુ. દક્ષ. વસુ, સત્ય, કાલકામ, મુનિ, કુરજ, મનુજ, બીજ અને રોચમાન.

विश्वायाश्च तथा पुत्रा विश्वेदेवाः प्रकीर्तिताः॥१२॥
क्रतुर्दक्षो वसुः सत्यः कालकामो मुनिस्तथा ।
कुरजो मनुजो बीजो रोचमानश्च ते दश ॥१३॥

(મત્સ્ય૦ અ૦ ૨૦૩-૧૨-૧૩).

**વિશ્વેશ્વર**. સકળ જગતનો ઇશ્વર.

**વિશ્વેશ્વર** (૨). કાશીમાં સ્થાપન કરેલું શિવલિંગ.

**વિષપ્રસ્થ**. નૈમિષારણ્યમાંનું તીર્થ વિશેષ.

**વિષયા**. ધૃષ્ટબુદ્ધિ પ્રધાનની કન્યા અને ચંદ્રહાસ રાજાની સ્ત્રી,

**વિષૂચી**. ઋષભદેવ વંશના વિરજ રાજાની સ્ત્રી.

**વિષૂચી** (૨). બ્રહ્મ સાવર્ણિ મન્વંતરમાં થનારા વિષ્ણુના અવતારની માતા.

**વિષ્ટરાશ્વ**. વિશ્વગ રાજાનું નામાન્તર.

**વિષ્ણુ**. વ્યાપક પરમાત્મા તે. હરિ શબ્દ જુઓ.

**વિષ્ણુ** (૨). વૈકુંઠ નામના વિષ્ણુ જે વૈકુંઠમાં વસે છે તે.

**વિષ્ણુ** (૩). બાર આદિત્યો માંહેલો એક. એ કાર્તિક માસમાં સૂર્યમંડલનો અધિપતિ થાય છે. ( ૩ ઊર્જ શબ્દ જુઓ ).

**વિષ્ણુ** (૪). ત્રણની સંજ્ઞાવાલા ભૃગુના કુળનો એક ઋષિ.

**વિષ્ણુ** (૫). નિત્યમુક્ત વિષ્ણુની જેટલી મૂર્ત્તિયો હોય તેને આ નામ લગાડાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિષ્ણુ (૬). ધૃતિમાન નામના અગ્નિનું નામાન્તર. ( ભાર૦ વ૦ ૨૨૩-૧૨ ).
વિષ્ણુ (૭). ચેદી દેશનો એક ક્ષત્રિય એને કર્ણે માર્યો હતો ( ભાર૦ ક૦ ૫૧-૪૯ ).
વિષ્ણુધર્મા. ગરુડનો પુત્ર. (ભાર૦ ઉ૦ ૧-૧૩)
વિષ્ણુપદ. એક પર્વત.
વિષ્ણુપદ (૨). નિષધ પર્વત ઉપરનું એક સરોવર જેમાંથી જ્યોતિષ્મતી નદી નિકળી છે.
વિષ્ણુપદી. ગંગા નદીનું મૂળ નામ. ( દેવી ભાગ૦ ૯ સ્કં૦ ૧૩ અ૦ ).
વિષ્ણુપંચક. વ્રત વિશેષ. (અગ્નિ૦ ૧૧૪-૧૪).
વિષ્ણુયશ. એક બ્રાહ્મણ-કલ્કી અવતારનો પિતા.
વિષ્ણુરથ. ગરુડ તે જ.
વિષ્ણુરાત. પાંડવવંશીય પરીક્ષિત રાજાનું નામાન્તર.
વિષ્ણુલોક. નિત્યમુક્ત વિષ્ણુ જ્યાં સાકાર રહે છે તે લોક. કોઇ એને વૈકુંઠ કહે છે. પરન્તુ વૈકુંઠ જૂદુ છે અને આ લોકની પછીથી ઉત્પન્ન થએલું છે.
વિષ્ણુવર્મા. ચેદી દેશનો એક ક્ષત્રિય. એને કર્ણે માર્યો હતો. (ભાર૦ ક૦ ૫૧-૪૯).
વિષ્ણુવૃદ્ધ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન ત્રસદસ્યુ રાજાના પુત્રોમાં મોટો. એ બ્રાહ્મણ થયો હતો.
વિષ્ણુવૃદ્ધિ. વિષ્ણુવૃદ્ધનું જ નામ હશે.
વિષ્વકસેન. વિષ્ણુનું નામ.
વિષ્વકસેન (૨). વિષ્ણુનો પાર્ષદ. ( ભાર૦ સ૦ ૯-૧૯ ).
વિષ્વકસેન (૩). એક બ્રહ્મર્ષિ.
વિષ્વકસેન (૪). સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢના પુત્ર બૃહદિષુના વંશના બ્રહ્મદત્ત રાજાને ગૌ અથવા સરસ્વતી નામની સ્ત્રીને પેટે થએલો પુત્ર. એનો પુત્ર તે ઉદક્સ્વન રાજા.
વિષ્વકસેન (૫). બ્રહ્મસાવર્ણિ મન્વંતરમાં થનારો વિષ્ણુનો અવતાર.
વિષ્વકસેન (૬). ઇંદ્ર સાવર્ણિ મનુનું પણ આ જ નામ પડશે.
વિષ્વગશ્વ. સૂર્યવંશી ઇક્ષ્વાકુ વંશના પૃથુરાજનો પુત્ર. આર્દ્રકનો પિતા. (ભાર૦ વ૦ ૨૦૫-૩, અનુ ૧૭૭-૬૭).
વિસર્જન. યાદવોનું એક કુળ.
વિસ્પષ્ટ. ઇંદ્રજિતનો અનુચર એક રાક્ષસ. (ભાર૦ વ૦ અ૦ ૨૮૯-૯).
વિહંગ. સર્પ વિશેષ. (ભાર૦ આ૦ ૫૭-૧૧)
વિહંગમ. ખર રાક્ષસના બાર અમાત્યોમાંનો એક.
વિહંગમ (૨). ધર્મ સાવર્ણિ મન્વંતરમાં થનારો દેવ વિશેષ.
વિહવ્ય. વર્ચા ઋષિનો પુત્ર એનો પુત્ર મિહવ્ય ( વીતહવ્ય શબ્દ જુઓ. )
વિક્ષર. કશ્યપની સ્ત્રી દનાયુના પુત્રોમાંનો એક.
વીતહવ્ય. સૂર્યવંશી શર્યાતિ પુત્ર હૈહયના દશે સ્ત્રીઓ મળીને થએલા સો પુત્રોમાં મુખ્ય. એને પોતાને પણ સો પુત્ર હતા, એણે કાશીના રાજા સૌદેવ ઉપનામવાળા દિવોદાસ રાજાને અત્યંત ત્રાસ આપીને રાજ્યપરથી ઉઠાડી મૂકયો અને પોતે ત્યાં રહેવા લાગ્યો. કેટલેક કાળે દિવોદાસના પ્રતર્દન નામના પુત્રે એકલાએ જ કાશી આવી એવું ભયંકર યુદ્ધ કર્યું કે વીતહવ્યના સોએ પુત્ર તેમાં માર્યા ગયા. પછી પ્રતર્દન વીતહવ્યને મારવા એના ઉપર ધાયો. આ ઉપરથી એ નાઠો અને ચ્યવન ભાર્ગવના આશ્રમમાં ભરાઇ ગયો. પૂંઠે લાગેલો પ્રતર્દન ત્યાં આવ્યો અને ઋષિની વિનતિ કરી કે વીતહવ્યને મારે સ્વાધીન કરો. અહીં કોઇ ક્ષત્રિય નથી; અમે બધા બ્રાહ્મણો જ છૈએ, એમ ઋષિયે કહ્યું.

तमुवाच कृपाविष्टो भृगुर्धर्मभृतांवरः ।
नेहास्ति क्षत्रियः कश्चित्सर्वे हीमे द्विजातयः॥५३॥
एतत्तु वचनं श्रुत्वा भृगोस्तथ्यं प्रतर्दनः ।
पादावुपस्पृश्य शनैः प्रहृष्टो वाक्यमब्रवीत् ॥५४॥
एवमप्यस्मि भगवन्कृतकृत्यो न संशयः ।
य एष राजा वीर्येण स्वजातिं त्याजतो मया॥५५॥
अनुजानीहि मां ब्रह्मन्ध्यायस्व च शिवेन माम् ।
त्याजितो हि मया जातिमेव राजा भृगूद्वह॥५६॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ततस्तेनाभ्यनुज्ञातो ययौ राजा प्रतर्दनः ।
यथा गतं महाराज मुक्त्वा विषमिवोरगः ॥५७॥
भृगोर्वचन मात्रेण स च ब्रह्मर्षितां गतः ।
वीतहव्यो महाराज ब्रह्मवादि त्वमेव च ॥५९॥

( અનુ૦ ૮ અ૦ ૫૩-૫૮ ).

પછી પ્રતર્દન ત્યાંથી પાછો વળ્યો અને વીતહવ્ય બ્રહ્મર્ષિત્વ પામ્યો. બ્રહ્મર્ષિ થયા બાદ એને ગૃત્સમદ નામે પુત્ર થયો. ગૃત્સમદને સુચેતા, સુચેતાને વર્ચા, તેને વિહવ્ય, તેને વિતવ્ય, તેને સત્ય, તેને સંત, તેને શ્રવા, શ્રવાને તમ, તમને પ્રકાશ, એ જ પ્રમાણે ક્રમશઃ વાગીન્દ્ર, પ્રમતિ, રુરુ, શુનક, અને તેના શૈનક એમ પુત્રો થયા. આ સઘળાને ભૃગુગોત્રી જાણવા. (ભાર૦ અનુ૦ અ. ૮).

**વીતિ.** ત્રણની સંજ્ઞાવાળા ભૃગુ કુળોત્પન્ન એક ઋષિ.

**વીતિ (૨).** અગ્નિ વિશેષ.(ભાર૦ વ૦ ૨૨-૩૨૫).

**વીતિહવ્ય.** ત્રણ સંજ્ઞાવાળા ભૃગુ કુળોત્પન્ન એ નામના બીજા બે ઋષિ.

**વીતિહવ્ય(૨),** વિદેહ વંશના શુનક નામના જનકનો પુત્ર. ધૃતિ જનકનો પિતા.

**વીતિહોત્ર.** પ્રિયવ્રત રાજાના દશ પુત્રોમાંનો નવમો પુત્ર. એ મીઠા સમુદ્રથી વેષ્ટિત પુષ્કરદ્વીપનો અધિપતિ હતો. એને રમણક અને ધાતકિ એમ બે પુત્ર હતા. પોતાના દ્વીપના એણે બે ભાગ પાડી પોતાના બન્ને દિકરાને નામે તેનાં નામ પાડી તેમને જ વ્હેંચી આપ્યા હતા.

**વીતિહોત્ર (૨).** સૂર્યવંશી નરિષ્યંત કુલોત્પન્ન ઇંદ્રસેન રાજાનો પુત્ર. એના પુત્રનું નામ સત્યશ્રવા.

**વીતિહોત્ર (૩).** સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના કાશ્ય નામના પૌત્રના કુળમાં જન્મેલા સુકુમાર રાજાનો પુત્ર. એનો પુત્ર ભર્ગ.

**વીતિહોત્ર (૪).** સોમવંશી સહસ્રાર્જુનના પ્રપૌત્ર, જયધ્વજ રાજાનો પૌત્ર, અને તાલજંઘ રાજાને થએલા સો પુત્રોમાં સહુથી મોટો. એ સો પુત્રો ઔર્વાગ્નિએ બળી જતાં



આ વીતિહોત્ર બચી ગયો હતો. ( ઔર્વ શબ્દ જુઓ. )

**વીતિહોત્ર (૫).** યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં આવેલો એક ઋષિ.

**વીર.** તામસ મન્વંતરમાં દેવ વિશેષ હતા તે.

**વીર (૨).** ભરદ્વાજ અગ્નિને વીરાની કૂખે થએલો પુત્ર તે. એને રથપ્રભુ, સ્થાદ્વાન, કુંભરેતા એવાં નામાન્તરો હતાં(ભાર૦ વ૦ ૨૨૨-૧૩-૧૯ ) એની સ્રીનું નામ શરયુ. એની કૂખે એને સિદ્ધ નામે પુત્ર થયો હતો. ( ભાર૦ વ૦ ૨૨૨ ).

**વીર (૩).** કશ્યપ વડે વનાયુને થયેલા પુત્રોમાંનો એક.

**વીર (૪).** ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.

**વીર (૫).** સત્યાની કૂખે કૃષ્ણવડે થયેલા પુત્રોમાંનો એક.

**વીર (૬).** કૃષ્ણનો કાલિંદીને થએલા પુત્રોમાંનો એક પુત્ર.

**વીરક.** એક શિવગણ.

**વીરકરા.** ભારતવર્ષીય નદી વિશેષ. (ભાર૦ ભી૦ ૯-૨૬ ).

**વીરકેતુ.** દ્રોણાચાર્યે મારેલો પાંડવ પક્ષનો એક પાંચાળ. ( ભાર૦ દ્રો. ૧૨૨-૪૧ )

**વીરકેતુ (૨).** હંસધ્વજ રાજાના પ્રધાન સુમતિનો પુત્ર.

**વીરણ.** સનકાદિકોની પાસેથી બ્રહ્મવિદ્યા સંપાદન કરનાર એક પ્રજાપતિ. (ભાર૦ શાં.૩૪૮-૪૧ ).

**વીરણક.** સર્પ વિશેષ. (ભાર૦ આ૦ ૫૭-૧૮).

**વીરદ્યુમ્ન.** ભૂરિદ્યુમ્ન રાજર્ષિનો પિતા. એને તનુ નામના બ્રાહ્મણની સાથે સંવાદ થયો હતો. ( ભાર૦ શાં. ૧૨૭-૧૪ ).

**વીરધન્વા.** ત્રિગર્તનો રહેવાશી દુર્યોધન પક્ષનો એક રાજા. એને યુદ્ધમાં ધૃષ્ટકેતુએ માર્યો હતો. (ભાર૦ દ્રો૦ ૧૦૯-૧૪-૨૧ ).

**વીરશર્મા.** ભારતના યુદ્ધમાં પાંડવના પક્ષનો એક રાજા. ( ભાર૦ ઉ૦ ૪-૨૬ ).

**વીરપ્રમોક્ષ.** ભારતવર્ષીય તીર્થ વિશેષ. ( ભાર૦ વ૦ ૮૨-૫૧ ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વીરબાહુ.** રામની સેનામાંનો એક વાનર. (વા૦ રા૦ કિષ્કિ૦ સ. ૩૩ ).

**વીરબાહુ (૨).** બગડાની સંજ્ઞાવાળો પ્રવીર તે જ.

**વીરબાહુ (૩).** ચેદિદેશના નલરાજાના સમયનો એક રાજા. ( ૫ નળ શબ્દ જુઓ ). સુબાહુનો પિતા. એને ત્યાં દમયંતી રહી હતી. ( ભાર૦ વ૦ ૬૬-૧૫ )

**વીરબાહુ (૪).** ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક, ભીમે યુદ્ધમાં માર્યો હતો તે. ( ભાર૦ ભી૦ ૬૪-૬૫, આ૦ ૬૮-૧૦૩ ).

**વીરભદ્ર.** સ્વાયંભુ મન્વંતરમાં દક્ષ પ્રજાપતિના યજ્ઞનો વિધ્વંશ કરવાને ગએલો શિવનો એક પાર્ષદ. એણે દક્ષને મારી નાંખ્યો હતો. ચાલુ મન્વંતરમાં એ મંગલ નામનો ગ્રહ થએલો હોવાથી મંગલમંડળનો અધિપતિ છે. રુદ્રનો અવતાર.(ભાર૦ શાં૦ ૨૯૦ ૪૯-૫૩ વાયુ૦ ક૦; કાલિકાપુરાણ. ૧૬; ભાગ૦ ૪ સ્કં૦ અ૦ ૫ ).

**વીરમત્સ્ય.** ભારતવર્ષીય દેશ.(ભાર૦ ભી૦ અ૦ ૯)

**વીરવતી.** ભારતવર્ષીય નદી વિશેષ.

**વીરવર્મા.** સારસ્વત નગરીનો રાજા. એની કન્યા માલિનીએ તપ કરીને યમને વર્યો હતો. આથી યમ એને ત્યાં રહેતો અને એને મદદ કરતો. એને સુભાલ, સુરભ, લીલ, કુબળ અને સરલ એ નામે પાંચ પુત્રો હતા. પાંડવોના અશ્વમેધ વખતે ઘોડો ફરતો ફરતો આની નગરી પાસે આવતાં એણે પોતાના પુત્રો પાસે પકડાવ્યો. તે ઉપરથી કૃષ્ણ અને અર્જુન સાથે વીરવર્માને મોટું યુદ્ધ થયું. આ યુદ્ધમાં યમની સહાયતા વડે એણે અર્જુનનો પરાભવ કર્યો. એ જોઇને કૃષ્ણે વીરવર્મા અને અર્જુન વચ્ચે મૈત્રી કરાવી. મૈત્રી થવાથી કૃષ્ણ અને અર્જુનને એ પોતાના નગરમાં લેઈ ગયો. અને આદર સતકાર પૂર્વક ઘણું ધન આપ્યું એટલું જ નહિ પણ પોતે અશ્વની રક્ષા કરવા સારુ તેમની જોડે સામીલ થઇને ગયો. ( જૈમિની૦ અશ્વ૦ અ૦ ૪૭-૪૯ ).

**વીરવ્રત.** ઋષભદેવ વંશના મધુ નામના રાજાને સુમના નામની સ્ત્રીથી થએલો પુત્ર-એની સ્ત્રીનું નામ ભોજા. એની કુખે આને મંથુ અને પ્રમંથુ એમ બે પુત્ર થયા હતા.

**વીરસેન.** પાંચની સંજ્ઞાવાળા નળરાજાનો પિતા.

**વીરસેન (૨).** એક ક્ષત્રિય-જેણે માંસ ભક્ષણનો ત્યાગ કર્યો હતો. (ભાર૦અનુ. ૧૭૧-૭૨).

**વીરસેન (૩).** કુલિંગ દેશનો રાજા. એની કન્યા મનોરમા તે સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળોત્પન્ન ધ્રુવસંધિ રાજાની સ્ત્રી થતી.

**વીરસેન (૪).** કોશલદેશનો એક રાજા.

**વીરસેન (૫).** યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞ વખતે ત્યાં હતો તે ઋષિ.

**વીરા.** ભરદ્વાજ અગ્નિની સ્ત્રી. ( ભાર૦ વ૦ ૨૨૧-૧૭).

**વીરા (૨)** ભારતવર્ષીય નદી વિશેષ. ( ભાર૦ ભી૦ ૯-૨૨ ).

**વીરિણી.** વીરણ પ્રજાપતિની કન્યા નવેલાનું બીજૂં નામ. એનું અસિકની એવું નામાંતર પણ હતું ( વિષ્ણુ૦ ૧-૧૫ ).

**વીરિણી (૨).** બ્રહ્માના ડાબા પગના અંગુઠામાંથી ઉત્પન્ન થયેલી દક્ષ પ્રજાપતિની ભાર્યા. (ભાર૦ આ૦ ૬૭-૧૧, ૬૯-૨૦).

**વીરિણી (૩).** પ્રાચેતસ દક્ષની બીજી સ્ત્રી.

**વીરિણી (૪).** બર્હિષદ પિતરની માનસકન્યા "પીવરી" જે શુક્રાચાર્યની સ્ત્રી હતી તેનું નામાંતર.

**વીર્ય.** અક્રૂરના પુત્રોમાંનો એક.

**વીર્યવાન.** બાર સાધ્યદેવોમાંનો એક.

**વીર્યસહ.** કલ્માષપાદ રાજાનું નામાંતર.

**વૃક.** એક-ક્ષત્રિય પાંચાલ. યુદ્ધમાં એને દ્રોણે માર્યો હતો (ભાર૦ દ્રો૦ ૨૧-૧૬).

**વૃક (૨).** એક ક્ષત્રિય. ( ભાર૦ આ૦ ૨૦૧-૧૦, ક૦ ૮૯-૯ ).

**વૃક (૩).** અગ્નિનું નામ.

**વૃક (૪).** ઉત્તાનપાદ પુત્ર ધ્રુવના પૌત્ર શિષ્ટને સુચ્છાયાની કૂખે થએલા ચાર પુત્રોમાંનો એક.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વૃક (૫).** પૃથુ રાજાને અર્ચીને પેટે થએલા પાંચ પુત્રોમાંનો નાનો પુત્ર.

**વૃક (૬).** સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુળના હરિત રાજાનું નામાન્તર.

**વૃક (૭).** સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુલોત્પન્ન ભરુક રાજાનો પુત્ર. એના પુત્રનું નામ બાહુક રાજા.

**વૃક (૮).** સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વતવંશીય શૂર રાજાને મારીષાના પેટે થએલા દશ પુત્રોમાં સૌથી નાનો પુત્ર. એને દુર્વાક્ષીને પેટે તક્ષ, પુષ્કર, વગેરે પુત્ર થયા હતા.

**વૃક (૯).** વત્સક યાદવને મિશ્રકેશી નામે અપ્સરાને પેટે થએલા પુત્રોમાંનો મોટો પુત્ર.

**વૃક (૧૦).** પૂર્વ કાળનો એક ક્ષત્રિય. (ભાર૦ અનુ૦ ૧૭૭-૭૦).

**વૃક (૧૧).** દ્રૌપદીના સ્વયંવર વખતે આવેલા રાજાઓમાંનો એક.(ભાર૦આ૦ ૨૦૧-૧૦).

**વૃક (૧૨).** દ્રોણાચાર્યે મારેલો પાંડવ પક્ષનો એક પાંચાળ. (ભાર૦ દ્રો૦ ૨૧-૧૨).

**વૃક (૧૩).** કૃષ્ણને મિત્રવિંદાની કૂખે થએલા પુત્રોમાંનો એક.

**વૃક (૧૪).** એક અસુર. શકુનિ નામના અસુરનો પુત્ર. એની કથા, કેટલાક ફેરફાર સહિત પ્રાયઃ ભસ્માસુરના જેવી જ છે. (ભાગ૦ સ્કં૦ ૧૦ અ૦ ૮૮).

**વૃકદેવી.** વસુદેવની સ્ત્રીઓ પૈકી એક.

**વૃકરથ.** અગ્નિરથ સૂતના પુત્રોમાંનો એક. કર્ણનો ભાઇ. આને રાત્રિયુદ્ધમાં ભીમસેને માર્યો હતો. (ભાર૦ દ્રો૦ ૧૫૮-૨૧).

**વૃકલ.** અક્રૂર યાદવના પુત્રોમાંનો એક.

**વૃકસ્થળ.** કુરુ દેશનું એક ગામ વિશેષ.

**વૃકાસુર.** વૃક તે જ. (૧૪ વૃક શબ્દ જુઓ).

**વૃકોદર.** પાંડુપુત્ર ભીમસેનનું બીજું નામ.

**વૃજિન્વાન.** સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાનો પુત્ર. એના પુત્રનું નામ શ્વાહિ રાજા.

**વૃજિનિવાન.** ઉપર કહેલો વૃજિન્વાન તે જ.

**વૃત્ત.** ધ્રુવના પુત્ર શિષ્ટના ચાર પુત્રોમાંનો ત્રીજો.

**વૃત્ત (૨).** સર્પવિશેષ. (આ૦ ૩૫-૧૦)

**વૃત્તિરૂપવતી.** ક્રૌંચદ્વીપ માંહલી નદી વિશેષ.

**વૃત્ર.** વૃત્રાસુર શબ્દ જુઓ.

**વૃત્રાઘ્નિ.** પારિયાત્ર પર્વતમાંથી નિકળનારી નદી વિશેષ.

**વૃત્રજ્વાલા.** કુંભકર્ણની સ્ત્રી વજ્રજ્વાળાનું બીજું નામ.

**વૃત્રહા.** પ્રસ્તુત પુરંદર નામના ઇન્દ્રનું વૃત્રાસુરને મારવાથી પડેલું નામ. આવાં અર્થસૂચક ઘણાં નામ છે.

**વૃત્રાસુર.** દનાયુને પેટે કશ્યપથી થએલા ચાર પુત્રોમાંનો કનિષ્ટ.

**વૃત્રાસુર (૨).** ઇંદ્રે ત્વષ્ટા નામના પ્રજાપતિના પુત્ર વિશ્વરુપને મારી નાંખવાથી અગ્નિમાં હવન આરંભીને ઇન્દ્રનો નાશ કરવાને ત્વષ્ટાએ ઉત્પન્ન કરેલો અસુર. એને ઉત્પન્ન કરીને તું ઇન્દ્રનો નાશ કર એવી ત્વષ્ટાએ આજ્ઞા કરી. આથી એ ઇન્દ્ર સાથે યુદ્ધ કરવા ગયો અને યુદ્ધમાં ઇન્દ્રને ગળી ગયો. આ ઉપરથી દેવોએ એને બગાસું ઉત્પન્ન કર્યું. બગાસું ખાવાને એણે મોં પહોળું કર્યું એટલે ઇન્દ્ર બહાર નિકળી આવ્યો. તથાપિ આણે દેવોની જોડે ફરી યુદ્ધ આરંભ્યું અને તેમનો પરાભવ કર્યો. આ પ્રમાણે અનેક વાર થવાથી ઇન્દ્ર સોચનામાં પડયો કે હવે આને કરવું શું? છેવટે વિષ્ણુની મારફત સંધિ થાય તો કરવી એમ ધારીને એણે વિષ્ણુને એની પાસે મોકલ્યા. પણ વૃત્રાસુરે પોતાને સંધિ કરવાની ગરજ નથી એમ કહ્યું.

ऋषयोऽथ ततोभ्येत्य वृत्रमूचुः प्रियं वचः ।
व्याप्तं जगदिदं सर्वं तेजसा तव दुर्जय ॥१७॥
न च शक्रोपि निर्जेतुं वासवं बलिनां वर ।
युध्यतोश्चापि वां कालो व्यतीतः सुमहानिह॥१८
पीड्यन्ते च प्रजाः सर्वाः सदेवासुर मानुषाः।
सख्यं भवतु ते वृत्र शक्रेण सह नित्यदा ॥१९॥
अवाप्स्यसि सुखं त्वं च शक्रलोकांश्च शाश्वतान्।
ऋषि वाक्यं निशम्याथ वृत्रः स तु महाबलः॥२०
उवाच तानृषीन्सर्वान्प्रणम्य शिरसाऽसुरः ।
सर्वे यूयं महाभागा गन्धर्वाश्चैव सर्वशः ॥२१॥
यद्ब्रूथ तच्छ्रुतं सर्वं ममापि शृणुतानघाः॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

सन्धिः कथं वै भविता मम शक्रस्य चोभयोः ॥
तेजसोर्हि द्वयोर्देवाः सख्यं वै भविता कथम्॥२२॥
ऋषय ऊचुः ।
सकृत्सतां सङ्गत मीप्सितव्यं
ततः परं भविता भव्यमेव ॥
नाति क्रामेत्सत्पुरुषेण सङ्गतं
तस्मात्सतां सङ्गतमीप्सितव्यम् ॥२३॥
दृढं सतां सङ्गतं चापि नित्यं
ब्रूयाच्चार्थं ह्यर्थकृच्छ्रेषु धीरः ॥
महार्थवत्सत्पुरुषेण सङ्गतं
तस्मात्सन्तं न जिघांसेत धीरः ॥२४॥
इन्द्रः सतां संमतश्च निवासश्च महात्मनाम् ।
सत्यवादी ह्यनिन्द्यश्च धर्मवित्सूक्ष्मनिश्चयः॥२५॥
तेन ते सह शक्रेण सन्धिर्भवतु नित्यदा ।
एवं विश्वासमागच्छ मा ते भूद्बुद्धिरन्यथा॥२६॥
शल्य उवाच ।
महर्षिवचनं श्रुत्वा तानुवाच महाद्युतिः ।
अवश्यं भगवन्तो मे माननीयास्तपस्विनः॥२७॥
ब्रवीमि यदहं देवास्तत्सर्वं क्रियते यदि ।
ततः सर्वं करिष्यामि यदूचुर्मां दिवौकसः॥२८॥
न शुष्केण न चार्द्रेण नाश्मना न च दारुणा।
न शस्त्रेण न चास्त्रेण न दिवा न तथा निशि॥२९
वध्यो भवेयं विप्रेन्द्राः शक्रस्य स दैवतैः ।
एवं मे रोचते सन्धिः शक्रेण सह नित्यदा ॥३०॥
बाढमित्येव ऋषयस्तमूचुर्भरतर्षभ ।
एवं वृत्ते तु सन्धाने वृत्रः प्रमुदितोऽभवत् ॥३१॥

(ભાર૦ ઉદ્યો૦ ૧૦).

આ પ્રમાણે પોતે મરણના ભયથી નિવૃત્ત થાય એવી એવી બોલીઓ કરીને વૃત્રે ઇન્દ્ર સાથે સંધિ કરી. સંધિ કર્યા છતાં પણ વૃત્રનો વધ કરવાને ઇન્દ્ર તલપી રહ્યો હતો અને લાગ ખોળતો હતો.

પછી વિષ્ણુએ ઇન્દ્રને કહ્યું કે તું દધીચ ઋષિ પાસે જા, અને એમનાં અસ્થિની માગણી કર. જો દધીચ ઋષિ પોતાના શરીરનાં અસ્થિ આપે તો તે લઇને વિશ્વકર્મા પાસે જઇ તેનું વજ્ર બનાવરાવ. એ વજ્ર વૃત્રને મારવાથી એ મરણ પામશે. આ સાંભળીને ઇન્દ્રે દેવોને દધીચ ઋષિ પાસે મોકલ્યા. તેમણે જઇને ઋષિની પાસે અસ્થિની યાચના કરી. દેવોની જોડે નાના પ્રકારનો સંવાદ થયા બાદ ઋષિયે પોતાનાં અસ્થિ આપ્યાં. એ લઇને દેવ સ્વર્ગમાં આવ્યા; અને વિશ્વકર્મા પાસે તેનું વજ્ર બનાવરાવ્યું. ( ભાર૦ વ૦ ૯૯-૨૧ ). વજ્ર તૈયાર થતાં જ ઇન્દ્રે યુદ્ધની તૈયારી કરી; અને વૃત્રાસુરને કહેણ મોકલ્યું. વૃત્રાસુર આવ્યો અને એની અને ઇન્દ્ર વચ્ચે સંગ્રામ થયો. આ યુદ્ધ શરુ થયું ત્યારે ચાલુ મન્વન્તરની પહેલી ચોકડીનો ત્રેતાયુગ ચાલતો હતો. (ભાગ૦ સ્કં૦ ૬, અ૦ ૧૦- શ્લો. ૧૬). આ યુદ્ધ ચાલતું હતું તે અરસામાં વૃત્રાસુર અને ઇન્દ્રનો અધ્યાત્મ વિષય પરત્વે ઉત્કૃષ્ટ સંવાદ થયો હતો. આ યુદ્ધ એક સંવત્સર પર્યન્ત ચાલ્યું. (ભાગ૦ ૬ સ્કં૦ અ૦ ૧૨. શ્લો-૩૩).

ઇન્દ્ર વૃત્રાસુરને મારવા લાગ શોધ્યા કરતો હતો તેવામાં એકદા આ અસુરને સમુદ્રતીરે દીઠો-અને એને વૃત્રાસુરને મળેલું વરદાન યાદ આવ્યું.

सन्ध्येयं वर्तते रौद्रा न रात्रिर्दिवसं न च ।
वृत्रश्चावश्य वधोऽयं मम सर्वहरो रिपुः॥३७॥
यदि वृत्रं न हन्म्यद्य वञ्चयित्वा महासुरम् ।
महाबलं महाकायं न मे श्रेयो भविष्यति॥३८॥
एवं संचिन्तयन्नेव शक्रो विष्णु मनुस्मरन् ।
अथ फेनं तदाऽपश्यत् समुद्रे पर्वतोपमम्॥३९॥
नायं शुष्को न चार्द्रोऽयं न च शस्त्रमिदं तथा ।
एवं क्षेप्स्यामि वृत्रस्य क्षणादेव न शिष्यति॥४०॥
स वज्रमथ फेनं तं क्षिप्रं वृत्रे निसृष्टवान् ।
प्रविश्य फेनं तं विष्णुरथ वृत्रं व्यनाशयत्॥४१॥

(ભાર૦ ઉ૦ ૧૦).

આ પ્રમાણે વૃત્રાસુર મરણ પામ્યો. વૃત્રાસુર પૂર્વ જન્મમાં ચિત્રકેતુ નામનો રાજા હતો. (૨ ચિત્રકેતુ શબ્દ જુઓ).

**વૃત્રાસુર (૩).** વેદમાં કહેલો દુષ્કાળ અને સુકવણું

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

ઉત્પન્ન કરનાર અસુરઃ એ વર્ષાદને રોકી રાખે છે. ઇન્દ્ર એની સાથે યુદ્ધ કરીને ગાયોને-વર્ષાદનાં વાદળાંને છોડવે છે અને વર્ષાદ વરસી દુષ્કાળ ટળી સુકાળ થાય છે, એવી કલ્પના વેદમાં ઠેરઠેર દેખાય છે.

**વૃદ્દારક.** અભિમન્યુએ મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા. (ભાર૦ દ્રો૦ ૪૭).

**વૃંદાવન.** યમુનાને કાંઠે-મથુરાથી ૭ સાત મૈલ ઉપર આવેલું વન અને ગામ. (ભાગ૦ ૧૦ સ્કં૦ અ-૧૨)

**વૃદ્ધકન્યા.** કુણિગાર્ગ ઋષિની પુત્રી-ગાલવ ઋષિના પુત્ર શ્રૃઙ્ગવાન ઋષિની ભાર્યા. (ભાર૦ શ૦ ૫૩-૫૦).

**વૃદ્ધક્ષત્ર.** સિન્ધુ દેશાધિપતિ ક્ષત્રિય. એનું બીજું નામ વૃદ્ધશર્મા હતું. એને જયદ્રથ નામે પુત્ર હતો. જયદ્રથના જન્મકાળે આકાશવાણી થઇ હતી કે યુદ્ધમાં એનું માથું તુટી જવાથી એનું મૃત્યુ થશે. વૃદ્ધક્ષત્ર બહુ સામર્થવાન હતો. એણે પોતાના પુત્રને એવું વરદાન આપ્યું હતું કે જે કોઇ તારું માથું કાપીને ભૂમિપર પાડશે તેના માથાના તત્કાળ સો કકડા થઇ જશે, અને એ મરણ પામશે.

પછી જ્યારે જયદ્રથ મોટો થયો ત્યારે વૃદ્ધક્ષેત્રે ધૃતરાષ્ટ્રની પુત્રી દુઃશલાની સાથે એનો વિવાહ કર્યો. પછી જયદ્રથને ગાદીપર બેસાડી પોતે સ્યમંતપંચક ક્ષેત્રમાં તપ કરવા લાગ્યો. યુદ્ધમાં અર્જુનને જયદ્રથનું માથું કાપવાનો પ્રસંગ આવ્યો. કૃષ્ણને વૃદ્ધક્ષેત્રે આપેલા વરદાનની જાણ હોવાથી તેમણે અર્જુનને સમજાવ્યો. અર્જુને એવી સીફતથી જયદ્રથનું માથું કાપી ઉડાડયું કે તે સ્યમંતપંચક ક્ષેત્રમાં વૃદ્ધક્ષત્ર સંધ્યા કરવા બેઠો હતો તેના ખોળામાં પાડયું. એને એ વાતની ખબર નહિ હોવાથી સંધ્યા પૂરી થવાથી ઉઠયો એટલે ખોળામાં પડેલું જયદ્રથનું ડોકું આના ખોળામાંથી નિકળીને ભોંય પડયું. એણે પોતે આપેલા વરદાનને લેઇને વૃદ્ધક્ષત્રના પોતાના જ શિરના સો કડકા થયા અને એ મરણ પામ્યો. (ભાર૦ દ્રો૦ ૧૪૮).

**વૃદ્ધગાર્ડ્ય.** એક બ્રહ્મર્ષિ. (ભાર૦ અનુ૦ ૧૯૯-૭૩).

**વૃદ્ધશર્મા.** વૃદ્ધક્ષત્ર શબ્દ જુઓ.

**વૃદ્ધશર્મા (૨).** સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન એડવિક રાજાનો પુત્ર. એનો પુત્ર તે વિશ્વસહ રાજા.

**વૃદ્ધશર્મા (૩).** કરુષદેશીય રાજા. વસુદેવની બહેન શ્રુતદેવાનો પતિ, અને દંતવક્ર અથવા વક્રદંતનો પિતા.

**વૃદ્ધસેના.** ઋષભદેવવંશીય સુમતિ રાજાની સ્ત્રી દેવતાજિતાની માતા.

**વૃષ.** સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વતના કુળમાં જન્મેલા સૃંજયને રાષ્ટ્રપાલીને પેટે થએલા પુત્રોમાંનો જ્યેષ્ટ.

**વૃષ (૨).** કૃષ્ણને સત્યાને પેટે થએલા પુત્રોમાંનો એક.

**વૃષ (૩).** કૃષ્ણને કાલિંદીને પેટે થએલા પુત્રોમાંનો એક.

**વૃષક.** સુબળ નામના ગાંધાર રાજાના પુત્રોમાંનો એક. શકુનીનો ભાઇ. ભારતના યુદ્ધમાં આ અર્જુનને હાથે મરણ પામ્યો હતો. (ભાર૦ આ૦૨૦૧-૫, ઉ૦ ૧૬૮-૧, દ્રો ૩૦-૧૦-૧૧ અને.

इयालौ तव महाराज राजानौ वृषकाचलौ ।
स्वदर्थमतिविक्रान्तौ निहतौ सव्यसाचिना॥२२॥
( ભાર૦ ક૦ ૨-૪૩ ).

**વૃષક (૨).** કલિંગ દેશના ભાનુમંત રાજાનો ભાઇ.

**વૃષકંડ.** બગડાની સંજ્ઞાવાળા કશ્યપના કુળમાં ઉત્પન્ન થએલો એક ઋષિ.

**વૃષકા.** ભારતવર્ષીય નદી વિશેષ.

**વૃષકેતુ.** કર્ણનો પુત્ર. એને ભદ્રાવતી નામની સ્ત્રી હતી. એને વૃષધ્વજ પણ કહ્યો છે.

**વૃષક્રાથ.** ભારતના યુદ્ધમાં મરણ પામેલો શકુનીનો એક મોટો ભાઇ.

**વૃષદંશ,** ભારતવર્ષીય સામાન્ય પર્વત વિશેષ.

**વૃષદર્ભ.** આ અને સેદુક બન્ને રાજા હતા. બન્ને નીતિ માર્ગમાં પ્રીતિવાળા અને અસ્ત્ર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિદ્યામાં કુશળ હતા. વૃષદર્ભે નાનપણમાંથી જ એવું વ્રત લીધું હતું કે બ્રાહ્મણોને સોના રૂપા શિવાય બીજું આપવું નહિ. સેદુક રાજાને આ વ્રતની ખબર હતી. એક વખત એક ઋષિકુમાર વેદાધ્યયન પૂરું કરીને પોતાના ગુરુને આપવાની દક્ષિણામાં આપવા હજાર ઘોડા લેવા સેદુક પાસે આવ્યો. સેદુકે કહ્યું કે તમારી ઇચ્છા પ્રમાણે આપવાનો મારી પાસે સંભવ નથી. માટે તમે વૃષદર્ભ રાજા પાસે જાઓ. એ ધર્મવેત્તા છે.

પછી તે બ્રાહ્મણે વૃષદર્ભની પાસે જઇને હજાર ઘોડાની યાચના કરી, ત્યારે રાજાએ એને ચાબુક વડે પ્રહાર કર્યો. બ્રાહ્મણે કહ્યું કે તું મને નિરપરાધીને શા વાસ્તે મારે છે? એમ કહીને શાપ દેવાની તૈયારીમાં હતો, એટલામાં રાજાએ પુછ્યું કે બ્રાહ્મણ ! જે તને દાન ન આપે તેને શાપ દેવો એ બ્રાહ્મણપણાને યોગ્ય છે શું ? બ્રાહ્મણ કહે કે મને સેદુકે તારી પાસે મોકલ્યો અને એના કહેવાથી હું દાન માગવા આવ્યો છું.

પછી રાજાએ કહ્યું કે જેને ચાબુક મારીએ તેને નિષ્ફળ કેમ કાઢી મૂકાય ? હું તમને મારા રાજ્યની આજના દિવસની સઘળી ઉપજ કાલે સવારે આપીશ. બીજે દિવસે આણે એ ઋષિકુમારને હજાર ઘોડાની કિંમત કરતાં ઘણી વધારે એવી પોતાના રાજ્યની એક દિવસની ઉપજ આપી વિદાય કર્યો.

पूर्वाह्णे ते दास्यामि यो मेऽद्य बलिरागमिष्यति।
यो हन्यते कशया कथं मोघं क्षेपणं तस्य स्यात्१२
इत्युक्त्वा ब्राह्मणाय दैवसिकामुत्पत्तिं प्रादात् ।
अधिकस्याश्व सहस्रस्य मूल्यमेवाददादिति॥१३॥

(વ૦ ૧૯૬–૧–૧૩).

**વૃષદર્ભ (૨).** સોમવંશી અનુકુલોત્પન્ન ઔશીનર શિવિ રાજાના પાંચ પુત્રોમાંનો મોટો. એને કોઇ કોઇ ઠેકાણે વૃષાદર્ભ અથવા વૃષાદર્ભિ પણ કહ્યો છે. તેમ જ શિબિનો પુત્ર હોવાથી એને શૈબ્ય પણ કહ્યો છે.

એ રાજ્ય કરતો હતો તે સમયમાં એક વખત પોતાની પાછળ સિંચાણો પડવાથી ભયથી ત્રાસ પામેલું કબુતર એને શરણ આવ્યું. રાજાએ અભય આપીને પોતાની પાસે રાખ્યું. થોડી વારે સિંચાણો પણ આવ્યો અને પોતાનો શિકાર–કબુતર માગ્યું. રાજા કહે એ શરણ આવેલાને હું તને નહિ આપું. સિંચાણો કહે ઠીક જો તું કબુતરના ભારેભાર તારું પોતાનું માંસ આપે તો હું મારે લઇને ચાલ્યો જાઉં. આ ઉપરથી રાજાએ પોતાના અંગમાંથી માંસ કાપી કાપીને તોળવા માંડયું. પણ ગમે તેટલું માંસ મુકે પણ કબુતર ભારે થઇ એ પલ્લુ નિચું જ જાય. આમ કરતાં એના શરીરનું સઘળું માંસ પૂરું થવા આવ્યું છતાં કબુતર ભારે ને ભારે થાય. એ જોઇને એને શંકા આવી કે આ કોઇ દેવો છે. પછી એણે પ્રાર્થના કરતાં દેવોએ પોતાનું મૂળરૂપ પ્રકટ કર્યું. દેવોએ રાજાને પૂર્વવત્ કર્યો અને આશીર્વાદ દેઇને ચાલતા થયા. (ભાર૦ અનુ૦ ૬૭–૪, ભાગ૦ ૯સ્કં૦ ૨૩).

**વૃષધ્વજ.** મહાદેવની ધજા ઉપર વૃષભ હોવાને લીધે તેમનું પડેલું નામ.

**વૃષધ્વજ (૨).** એક રાજર્ષિ (દેવી૦ ભાગ૦ ૯સ્કં૦ અ૦ ૧૫). એના પુત્રનું નામ રથધ્વજ આ રાજા જનકવંશમાંના સીરધ્વજ જનકની પૂર્વે થઇ ગએલો હોવો જોઇએ. પણ એનું નામ વંશાવળીમાં મળતું નથી.

**વૃષધ્વજ (૩).** વૃષકેતુનું નામાન્તર.

**વૃષપર્વા.** કશ્યપથી દનૂને થએલા દાનવો પૈકી એક. યયાત રાજાના સમયમાં આ જ અસુરોનો અધિપતિ હતો. એને શર્મિષ્ટા અને ચંદ્રા એમ બે કન્યા હતી. દેવયાનીની સાથે થએલા ઝઘડાને પ્રસંગે યયાતિ રાજાને શર્મિષ્ટા પરણાવી હતી. (દેવયાની શબ્દ જુઓ). (ભાર૦ આ૦ ૬૬–૨૪, ૭૨–૭, ૭૪–૧; મત્સ્ય૦ ૨૯. ભાગ૦ ૯–૧૮).

**વૃષપર્વા (૨).** નર નારાયણના આશ્રમમાં રહેનાર એક રાજર્ષિ. (ભાર૦ વ૦ ૧૫૯–૨૦, ૧૭૯–૭).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વૃષભ.** પાંડ્યદેશનો એક પર્વત. (ભાર૦ વ૦૮૩-૨૧).

**વૃષભ (૨).** મગધ દેશનો એક સીમા પર્વત. (ભાર૦: સ૦ ૨૧-૨).

**વૃષભ (૩).** સોમવંશી યદુકુલોત્પન્ન કાર્તવીર્યાર્જુનના મુખ્ય પાંચ પુત્રોમાંનો ત્રીજો.

**વૃષભ (૪).** રામની સેનાનો એક વાનર (વા૦ રા૦ કિષ્કિં૦ સ૦ ૪૧) આ મારુતિની સાથે સીતાની શોધ કરવા ગયો હતો.

**વૃષભ (૫).** ગોકુલમાંનો એક ગોપ વિશેષ. (ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૧૮).

**વૃષભ (૬).** ભારતના યુદ્ધમાં મરી ગએલા શકુનિના ભાઇઓમાંનો એક, (ભાર૦ ભી૦ ૯૦)

**વૃષધ્વજ.** ઉપર કહેલો વૃષધ્વજ તે જ.

**વૃષભા.** ભારતવર્ષીય નદી વિશેષ. ( ભાર૦ ભી૦ ૯-૩૨ ).

**વૃષવાહન.** પોઠીઆના વાહનને લીધે પડેલું મહાદેવનું નામ.

**વૃષસા.** ભારતવર્ષીય નદી વિશેષ.

**વૃષસાહ્વયા.** ભારતવર્ષીય નદી વિશેષ. (ભાર૦ ભી૦ ૯-૩૫).

**વૃષસેન.** કર્ણના પુત્રોમાંનો એક. આને અભિમન્યૂએ હરાવ્યો હતો, (ભાર૦ દ્રો૦ ૪૪). અને પછીથી અર્જુને મારી નાંખ્યો હતો. (ભાર૦ ક૦ ૯૦-૧૪).

**વૃષાકપિ.** ભગવાન્નારાયણ. (ભાર૦ શાં૦૩૫૨-૨૪).

**વૃષાદર્ભ** વૃષદર્ભ શબ્દ જુઓ.

**વૃષાદર્ભિ.** વૃષદર્ભ શબ્દ જુઓ.

**વૃષામિત્ર.** પાંડવોના સાથમાં વનમાં રહેલો એક ઋષિ.

**વૃષ્ટિ.** આઠમા સાવર્ણિ મનુને થનારા પુત્રોમાંનો એક.

**વૃષ્ટિનેમિ.** અક્રૂરના પુત્રોમાંનો એક.

**વૃષ્ટિમાન.** સોમવંશી પૂરુકુલોત્પન્ન પાંડવવંશના કવિરથ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ સુષેણ.

**વૃષ્ણિ.** સોમવંશી યદુકુળના સહસ્રાજિતના વંશના કાર્તવીર્ય રાજાનો પૌત્ર. મધુ રાજાના સો પુત્રમાંનો જ્યેષ્ટ.

**વૃષ્ણિ (૨)** સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાના વંશના સાત્વત રાજાના સાત પુત્રોમાંનો ચોથો પુત્ર. એને એની સ્ત્રી માદ્રીને પેટે સુમિત્ર અને યુધાજિત્ એમ બે પુત્ર થયા હતા.

**વૃષ્ણિ (૩).** સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાના વંશના સાત્વત રાજાના પુત્ર ભજમાન રાજાને તેની પહેલી સ્ત્રીથી થએલા ત્રણ પુત્રોમાંનો સૌથી નાનો પુત્ર.

**વૃષ્ણિ (૪).** યદુપુત્ર, ક્રોષ્ટાના વંશના સાત્વતના પુત્ર વૃષ્ણિના કુળમાં જન્મેલા અનામિત્ર રાજાના ત્રણ પુત્રોમાંનો એનો નાનો પુત્ર તે ચિત્રરથ અને બીજો શ્વફલ્ક.

**વૃષ્ણિ (૫).** એક બ્રહ્મર્ષિ, વર્ક્કુ ઋષિનો પિતા.

**વેંકટ,** ભારતવર્ષીય સામાન્ય પર્વત. હાલની ત્રિપતિ.

**વેગદર્શી.** રામની સેનામાંનો એક વાનર, (વા૦ રા૦ યુ૦ સ૦ ૩૦).

**વેગવાન.** સૂર્યવંશી દિષ્ટકુલોત્પન્ન બંધુમાન રાજાનો પુત્ર. એને બંધુ નામનો પુત્ર હતો.

**વેગવાન (૨).** કશ્યપથી દનુને જન્મેલા દાનવોમાંનો એક. શાલ્વરાજાનો પક્ષ લઇને કૃષ્ણની સાથે યુદ્ધ કરવા આવ્યો હતો. કૃષ્ણે એને યુદ્ધમાં માર્યો હતો .(ભાર૦ વ૦ ૧૭-૨૦).

**વેગવાન (૩).** સત્યાને પેટે કૃષ્ણને થએલા પુત્રોમાંનો એક.

**વેગવાન (૪).** સર્પ વિશેષ. (ભાર૦આ૦૫૭-૧૭).

**વેણા.** વિંધ્યાચળમાંથી નિકળેલી એક નદી.(ભાર૦ વ૦ ૮૩-૩૩, ભાર૦ ભી૦ ૯-૨૦).

**વેણા (૨).** ભોજકટપુરની દક્ષિણે આવેલી નદી.

**વેણી.** ભારતવર્ષીય નદી. કૃષ્ણવેણી નદી તે જ, (ભાર૦ ભી૦ ૯-૨૦).

**વેણી (૨).** સર્પ વિશેષ.( ભાર૦આ૦૫૭-૧૩ ).

**વેણીમાધવ.** પ્રયાગ ક્ષેત્રમાંની વિષ્ણુની મૂર્તિ વિશેષ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વેણીસુન્ધ્ર. સર્પ વિશેષ. (ભાર૦ આ૦ ૫૭-૧૩)
વેણુજઙ્ઘ. એક ઋષિ. (ભાર૦ સ૦ ૪ ૨૪)
વેણુદારિ. કર્ણે દિગ્વિજય કરતી વખત એના પુત્રને હરાવ્યો હતો. (ભાર૦ વ૦ ૨૫૫ ૧૫) એ એક યાદવ હતો.(ભાર૦સ૦૬૧ ૧૬)અને સોશ્મક દેશનો અધિપતિ હતો. (હરિ૦ ૨ ૬૧)
વેણુમંડળ. ક્રૌંચદ્વીપનો એક દેશ વિશેષ. (ભાર૦ ભી૦ ૧૨ ૧૨)
વેણુમતી. પારિયાત્ર પર્વતમાંથી નિકળતી નદી વિશેષ.
વેણુહય. સોમવંશી આયુકુલોત્પન્ન યદુરાજાના પુત્ર સહસ્ત્રાજિતનો પૌત્ર, અને શતજિત રાજાના ત્રણ પુત્રમાંનો મધ્યમ.
વેણ્યા. ભારતવર્ષીય નદી વિશેષ.
વેતસિકા. ભારતવર્ષીય તીર્થ વિશેષ. (ભાર૦ વ૦ ૮૨ ૫૬)
વેતાલ. એક રુદ્રગણ. પિશાચોનો અધિપતિ.
વેત્રકીયગ્રહ. એકચક્રા નગરીમાંનુ એક સ્થળ વિશેષ. (ભાર૦ આ૦ ૧૭૮ ૨૫)
વેત્રવતી. પારિયાત્ર પર્વતમાંથી નિકળનારી નદી વિશેષ. વાત્સ્યદેશમાં યમુનાને મળે છે. હાલની માલવામાં ભોપાલના રાજ્યમાં આવેલી બેટવા નામની નદી તે જ. (ભાર૦ ભી૦ ૯ ૧૬)
વેદ. બૈદ નામના ઋષિનુ નામાંતર. ( ભાર૦ આ૦ ૩૭૮ ) ધામ્ય ઋષિનો શિષ્ય.
વેદ (૨). એ નામનો ભૃગુકુળનો એક ઋષિ.
વેદ (૩). બ્રહ્મદેવના મુખમાંથી નિકળેલી સ્વતઃ પ્રમાણ વાણી. એના ઋક્, યજુ, સામ અને અથર્વણ એવા ચાર ભાગ કલ્પ્યા છે. (ભાગ૦ ૩ સ્કં૦ અ૦ ૧૨) આ ચારેને અનુક્રમે આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વ વેદ અને સ્થાપત્ય એવા ચાર ઉપવેદ છે. વેદ બ્રહ્મલોકમાં નિરંતર મૂર્તિમાન હોય છે.

कदाचिन्नारदो योगी परानुग्रह वांछया ।
पर्यटन सकलान् लोकान् सत्यलोक मुपागतम्॥२
तत्रदृष्ट्वा मूर्तिमद्भिश्छन्दोभिः परिवेष्टितं ।
बालार्कप्रभया सम्यक् भासयंतं सभागृहम् ॥३॥
मार्कंडे आदि मुनिभिः स्तूयमानं मुहुर्मुहुः।
सर्वार्थे गोचरज्ञानं सरस्वत्या समन्वितम्॥४॥
चतुर्मुखं जगन्नाथं भक्ताभीष्टफलप्रदम् ।
प्रणम्य दंडवद्भक्त्या तुष्टाव मुनिपुंगवः ॥६॥

(બ્રહ્માં૦ પુ૦ઉત્તરખંડ૦ અ૦ ૬૧) વ્યાસે એના વિભાગો પાડયા હતા. (ભાર૦ આ૦.૬૦ ૫ ભાગ૦ ૧૨ ૬, વાયુ પુ૦ ૬૦ અને વિષ્ણુ પુ૦ ૩ ૩) મધુ કૈટભ દૈત્યો એને હરીગયા હતા. (ભાર૦ શાં૦ ૩૫૭ ૨૯)
વેદ (૪) ભૃગુકુલોત્પન્ન એક ઋષિ. ધૌમ્ય ઋષિનો શિષ્ય. એના શિષ્યનું નામ ઉત્તંક ઋષિ હતું.
વેદબાહુ. કૃષ્ણના પૌત્રોમાંનો એક.
વેદવતી. વૃષધ્વજ જનકના પુત્ર રથધ્વજ જનકને ધર્મધ્વજ અને કુશધ્વજ નામે બે પુત્રો હતા. તેમાં કુશધ્વજ જનકને તેની માલાવતી નામની સ્ત્રીની કુખે લક્ષ્મીના અંશાવતારવાળી એક કન્યા અવતરી. એણે જન્મતાં જ વેદધ્વાન કર્યો હતો માટે એનું વેદવતી એવું નામ પ્રસિદ્ધ હતું. કુશધ્વજ પોતાના મનમાં આ કન્યા વિષ્ણુને પરણાવવી એમ ધારીને એનાં જે માગાં આવે તે પાછાં વાળતો. આમ થતાં થતાં કોઇ શંભુ નામના અસુરે એ કન્યાનું માગું કર્યું. પરન્તુ કુશધ્વજે એને ના કહી. આ ઉપરથી એ અસુર કુશધ્વજને મારી નાંખીને ત્યાંથી નાશી ગયો. વેદવતીનું શું થશે એનો વિચાર કે દરકાર કર્યા વગર કુશધ્વજની સ્ત્રીએ સહગમન કર્યું.

આમ વેદવતીને મા અને બાપ બન્ને મરણ પામ્યાં, એ જોઇને પોતે પુષ્કર તીર્થ વિશે ગઇ અને ત્યાં તપ આદર્યું. આ વાતને ઘણી મુદત થઇ ગઇ એટલે એક વખત આકાશવાણી થઇ કે તું બીજે જન્મે વિષ્ણુ પતિ પામીશ. આથી સંતોષ પામીને વેદવતી ત્યાંથી નિકળી ગંધમાદન પર્વતપર રહેવા લાગી. એ ત્યાં રહેતી હતી તેવામાં એક દિવસ રાવણ ફરતો ફરતો ત્યાં આવ્યો. વેદવતીએ આદરપૂર્વક એનું આતિથ્ય કર્યું. રાવણે એને પુછ્યું કે તું કોણ છે અને શા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માટે તપ કરે છે ? વેદવતીએ પોતાનું સઘળું વૃત્તાંત એને કહ્યું. એ સાંભળીને રાવણે એને કહ્યું કે તું મને પરણ. વેદવતીએ એનું કહેવું માન્ય ન કર્યું એટલે રાવણ એને બલાત્કારે ખેંચવા લાગ્યો. વેદવતીએ એને પોતાના સામર્થ્ય વડે સ્તબ્ધ કરી દીધો; અને શાપ દીધો કે તું આગળ જતાં મારું જ હરણ કરવાથી પુત્ર અને બાંધવો સહિત નાશ પામીશ. આ સાંભળીને રાવણ લંકા પાછો ગયો; અને વેદવતી પોતે યોગાગ્નિ વડે બળી મુઇ. બીજે જન્મે આ જ સીતા રુપે રામની સ્ત્રી થઇ–જેનું હરણ કરવાથી રાવણ કુલ સહિત નાશ પામ્યો. (વા૦ રા૦ ઉત્ત-ર૦ સ૦ ૧૭) અને (દેવ ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૧૫ ૧૬)

**વેદવ્યાસ.** વ્યાસ શબ્દ જુઓ.

**વેદશિર.** ભારતવર્ષીય તીર્થ વિશેષ.

**વેદશિરા.** સ્વાયંભુવ મન્વંતરમાંના ભૃગુઋષિના પુત્ર વિધાતાનો પૌત્ર અને પ્રાણ ઋષિનો પુત્ર.

**વેદશિરા (૨).** સ્વારોચિષ મન્વંતરમાં થઇ ગએલા સપ્તર્ષિમાંનો એક.

**વેદશિરા (૩).** રૈવત મન્વંતરમાં થઈ ગએલા સપ્તર્ષિમાંના એકનું નામાંતર.

**વેદશિરા (૪).** કૃશાશ્વ ઋષિને ધિષણાને પેટે થએલા પુત્રો પૈકી એક.

**વેદશેરક.** તગડાની સંજ્ઞાવાળા વસિષ્ટ કુલોત્પન્ન એક ઋષિ.

**વેદશ્રુતી.** તમસા નદીની દક્ષિણે આવેલી નદી વિશેષ.

**વેદસ્મૃતા.** ભારતવર્ષાય નદી વિશેષ. (ભાર૦ ભી૦ ૯ ૧૭)

**વેદસ્મૃતી.** પારિયાત્ર પર્વતમાંથી નિકળતી એક નદી.

**વેદાશ્વા.** ભારતવર્ષીય નદી વિશેષ.

**વેદી.** ભારતવર્ષીય નદી વિશેષ.

**વેદી (૨)** બ્રહ્મદેવની શકિત.

**વેદોતીર્થ.** તીર્થ વિશેષ. (ભાર૦વ૦ ૮૧ ૯૯)

**વેધ્રા.** બ્રહ્મદેવ.

**વેન.** ચક્ષુષ મનુના પ્રપૌત્ર અને ઉલ્મુક રાજાના પૌત્ર અંગરાજાને સુનીથાની કુખે થએલો પુત્ર. એ ઘણો દુષ્ટ હતો માટે બ્રાહ્મણોએ એને હૂંકાર કરીને મારી નાંખ્યો. ઋષિયોએ પછી એના મૃત દેહને મંથન કરીને પૃથુ અને અર્ચિ એ નામે જોડકું ઉત્પન્ન કર્યું, અને એ બેને માંહોમાંહે પરણાવ્યાં. (ર પૃથુ શબ્દ જુઓ)

**વેનવાજસ્રજાક્ષ.** ચાલુ મન્વંતરમાંનો થઇ ગએલો બાવીસમો વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ)

**વૈકંક.** મેરુના કર્ણિકાપર્વતમાંનો એક.

**વૈકર્ણિનિ.** ત્રીજા ભૃગુના કુળમાં ઉત્પન્ન થએલો એક ઋષિ.

**વૈકર્ણેય.** બીજા કશ્યપના કુળમાં ઉત્પન્ન થએલો ઋષિ વિશેષ.

**વૈકર્તન.** સૂર્યના મંત્રપ્રભાવ વડે જન્મેલો હોવાથી કર્ણનું પડેલું નામ.

**વૈકર્તો.** કાર્તવીર્ય રાજાના પુત્રોમાંના એકનું નામાંતર–બીજું નામ.

**વૈકુંઠ.** રૈવત મન્વંતરમાં થએલા વિષ્ણુના અવતારનું નામ. વિષ્ણુને વૈકુંઠ કહેવાનું એ જ કારણ હશે.

**વૈકુંઠ (ર)** વૈકુંઠે નિર્માણ કરેલો લોક. સત્યલોકમાં જ છે.

**વૈકુંઠકલ્પ.** ચાલુ બ્રાહ્મમાસનો બાવીસમો દિવસ. (૪. કલ્પ શબ્દ જુઓ).

**વૈકૃતિગાલવ.** એકની સંજ્ઞાવાળા વિશ્વામિત્રના કુળમાં ઉત્પન્ન થએલ ઋષિ.

**વૈકલવ.** ત્રણની સંજ્ઞાવાળા વસિષ્ટકુલમાં ઉત્પન્ન થએલો ઋષિ વિશેષ.

**વૈખાનસ.** વાનપ્રસ્થાશ્રમમાં અણખેડયું ધાન્ય ખાઇને રહેનારા ઋષિયોનું સામાન્ય નામ.

**વૈગાયન.** તગડાની સંજ્ઞાવાળા ભૃગુકુળનો એક ઋષિ.

**વૈચિત્રવીર્ય** ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરનું સામાન્ય નામ.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વૈજયભૃત.** ત્રણની સંજ્ઞાવાળા ભૃગુકુલોત્પન્ન એક ઋષિ.

**વૈજયંત.** ક્ષિરસમુદ્રમાંનો એક પર્વત. એ પર્વત ઉપર બ્રહ્મા એકાંતમાં રહેતા હતા. (ભાર૦ શાં૦ ૩૬૦ ૯)

**વૈજયંત (૨).** ઇન્દ્રના મહેલનું સાધારણ નામ.

**વૈજયંત (૩).** નિમિ નામના રાજાની નગરી. અગાડી જતાં આ જ નગરીનું નામ નિમિના પુત્ર મિથિના નામ ઉપરથી મિથિલા પડયું હતું.

**વૈજયંત (૪).** ઇન્દ્રની ધ્વજાનું નામ. (ડાઉસન૦ પા૦ ૩૩૧)

**વૈજયંત (૫).** તિમિધ્વજ રાજાની નગરીનું નામ. આ નગરી દક્ષિણમાં દંડકાના દેશમાં આવી હતી.

**વૈજયંતિ.** કિંમતી મોતી, માણેક, લીલમ, શનિ અને હીરાની બનેલી વિષ્ણુ ભગવાનની માળા. (ડાઉસન૦ પા૦ ૩૩૧)

**વૈણુવ.** એકની અંક સંજ્ઞાવાળા વિશ્વામિત્ર કુળોત્પન્ન એક ઋષિ.

**વૈતરણી.** યમલોક સંબંધી નદી વિશેષ.

**વૈતરણી (૨).** વિંધ્યાચળમાંથી નિકળી કલિંગ દેશમાં થઇને પશ્ચિમ સમુદ્રને મળનારી નદી. વિશેષ.

(ભાર૦સ૦ ૯-૨૪,વ૦ ૮૧-૮૪;૮૩-૬;ઉ૦ ૧૦૯-૧૪ ભી૦ ૯-૩૪). ઓરીસા પ્રાન્તમાં કટકની પાસેની બેત્રણી નદી તે જ.

**વૈત્રકપિવન.** એકચક્રા નગરી પાસે આવેલું વન વિશેષ. એ વનમાં બકાસુર રહેતો હતો.

**વૈદર્ભા.** ભારતવર્ષીય નદી વિશેષ.

**વૈદર્ભી.** વિદર્ભ રાજાની કન્યાઓનું સામાન્ય નામ. આ નામ લોપામુદ્રા, રુકિમણી અને દમયન્તી એમને સાધારણ રીતે લગાડવાની રુઢિ છે.

**વૈદર્ભી (૨).** સગર રાજાની પત્ની કેશિનીનું નામાંતર. એને સાઠ હજાર પુત્ર હતા. (ભાર૦ વ૦ ૧૦૫-૧૦).

**વૈદિશ.** શત્રુઘાતી રાજાનું નગર. (વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૧૦૮).

**વૈદૂર્ય.** મેરુકર્ણિકાપર્વતમાંનો એક.

**વૈદૂર્યશિખર.** પર્વત વિશેષ (ભાર૦વ૦ ૮૭-૭)

**વૈદેહ.** નિમિ રાજાના વંશજોનું નામ.

**વૈદેહ (૨).** બ્રાહ્મણીને પેટે વૈશ્યથી ઉત્પન્ન થએલ છોકરાનું સામાન્ય નામ.

**વૈદેહરાત.** વિશ્વામિત્ર કુલોત્પન્ન એક ઋષિ.

**વૈદેહા.** દેશ વિશેષ. (ભાર૦ ભી૦ ૯-૫૭).

**વૈદેહી,** વિદેહ રાજાની કન્યાઓનું સામાન્ય નામ. સીતાને લગાડેલું વધારે પ્રસિદ્ધ છે.

**વૈદ્યનાથ.** ભરતખંડસ્થ ક્ષેત્ર વિશેષ.

**વદ્યુત.** એકની સંજ્ઞાવાળા હિમાલયના કૈલાસ શિખરની વાવ્યયે આવેલું શિખર વિશેષ.

**વૈદ્યુત. (૨).** ભરતખંડમાં દક્ષિણ ભાગમાં આવેલો એક પર્વત.

**વૈધૃતા.** ધર્મસાવર્ણિ મન્વંતરમાંના વિષ્ણુના અવતારની માતા.

**વૈધૃતિ.** તામસ મન્વંતરમાંના દેવની માતા.

**વૈધૃતિ (૨).** ધર્મસાવર્ણિ મન્વંતરમાં સ્વર્ગમાં થનારો ઈંદ્ર.

**વૈન્ય.** તગડાની સંજ્ઞાવાળા ભૃગુકુળોત્પન્ન ઋષિ.

**વૈન્ય (૨)** વેનકુળોત્પન્ન રાજર્ષિ પૃથુ ચક્રવર્તી. (ભાર૦ સ૦ ૮ ૨૦, વ૦ ૧૮૮ ૫)

**વૈભોજ.** દ્રુહ્યુના વંશજો વૈભોજ કહેવાતા. આમને ગાડીઓ અને ભારબરદારી જાનવરનો ઉપયોગ ખબર ન હતો. તેઓ ત્રાપામાં બેશી મુસાફરી કરતા એવું મહાભારતમાં છે. ( વિલ્સન. )

**વૈભ્રાજ.** કુમુદ પર્વત ઉપરના એક વનનું નામ. (ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૧૬)

**વૈભ્રાજ (૨).** શરયૂ નદીને તીરે આવેલું વન વિશેષ. (મત્સ્ય૦ અ-૧૨૦)

**વૈભ્રાજ (૩).** વિભ્રાજ રાજાના પુત્ર નીપ રાજાનું બીજું નામ.

**વૈમૃગય.** બીજા કશ્યપકુળોત્પન્ન ઋષિ વિશેષ.

**વૈયાઘ્રપદ્ય.** વ્યાઘ્રપાદ ઋષિના કુળમાં થએલા એક બ્રાહ્મણનું નામ.

**વૈયાઘ્રપદ્ય (૨)** યુધિષ્ઠિરે-વિરાટરાજાને ત્યાં ગયા ત્યારે પોતાનું નામ કંક તેમ જ વૈયાઘ્રપદ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કહ્યું હતું. (ભાર૦ વિ૦૩૬ ૧૧) વૈયાઘપદ્ય એટલે વાઘના ચામડાથી જેનો રથ મઢેલો છે તેવો.

**વૈયાસકિ.** શુકાચાર્ય.

**વૈરપરાયણ.** ત્રીજા અંગિરાકુળમાં થએલો એક ઋષિ.

**વૈરા.** ભારતવર્ષીય નદી વિશેષ.

**વૈરાજ.** ચાક્ષુષ મન્વંતરમાંના વિષ્ણુના પિતા.

**વૈરાજ (૨).** એ નામના પિતર વિશેષ. એની માનસ કન્યા મેના તે હિમવાન પર્વતની સ્ત્રી હતી.

**વૈરાજકલ્પ.** ચાલુ કલ્પ પૂરો થયા પછી બેસનારો કલ્પ. (૪ કલ્પ શબ્દ જુઓ)

**વૈરાટ.** વિરાટ રાજાનો પુત્ર. વિશેષે કરીને ઉત્તરને એ નામે કહેવાની રુઢિ છે.

**વૈરાટી.** વિરાટ રાજાની કન્યા, ઉત્તરા તે જ. (ભાર૦ આ૦ ૧ ૧૩૯)

**વૈરોચન.** વિરોચન દૈત્યનો પુત્ર બલિ તે.

**વૈરોચિત.** ,,

**વૈલેય.** બગડાની અંક સંજ્ઞાવાળા અત્રિકુલોત્પન્ન એક ઋષિ.

**વૈવંશપ.** બગડાની સંજ્ઞાવાળા કશ્યપકુળમાં ઉત્પન્ન થએલો એક ઋષિ.

**વૈવસ.** ત્રગડાની સંજ્ઞાવાળા ભૃગુકુળનો એક ઋષિ.

**વૈવસ્વત.** વિવસ્વાન્ આદિત્યને ઉત્પન્ન થએલા શ્રાદ્ધદેવ, યમ અને શનિ એ ત્રણેનું સામાન્ય રીતે નામ.

**વૈવસ્વતમનુ.** વિવસ્વાન્ આદિત્યને ત્વષ્ટૃ પ્રજાપતિની દીકરી સંજ્ઞાને પેટે થએલા બે પુત્રોમાંથી પૃથ્વીપર જે મનુ થયો તે–જુઓ શ્રાદ્ધદેવ. પૂર્વ કલ્પમાં એ સત્યવ્રત રાજા હતો. (૧ સત્યવ્રત શબ્દ જુઓ)

એણે બદરી વનમાં દસ હજાર વર્ષ સુધી તપ કર્યું હતું. (ભાર૦ વન૦ અ૦૧૯૦ ૫૩) ચાક્ષુષ મન્વંતર પૂરો થવાની સંધીમાં જ ઉત્પન્ન થઇ (ભાગ૦ ૮ ૧૩) તે મન્વંતર બેસતાં જ મનુ થયો. એની સત્તાના આ કાળને વૈવસ્વત મન્વંતર કહેવામાં આવે છે. એની ગણના મંત્રદ્રષ્ટામાં થતી હોવાથી એ હાલનો આદ્ય સ્મૃતિકાર છે. સાધારણ રીતે એની રચેલી સ્મૃતિને "મનુસ્મૃતિ" કહે છે. કેટલાક કાળ પર્યંત આને સંતતિ નહોતી તેથી એણે વસિષ્ટને ઇષ્ટિ કરવાનું કહ્યું. વસિષ્ટે ઋત્વિજો પાસે મિત્રાવરુણ ઇષ્ટિનો આરંભ કરાવ્યો. તે વખત મનુની સ્ત્રી શ્રદ્ધાએ એ યજ્ઞના હોતા–યજ્ઞ કરતી વખત પૂર્વદિશામાં બેસનાર ઋત્વિજને પોતાને દિકરી થાય એવી ઇચ્છા જણાવી, આમ થવાથી મનુને પુત્ર ન થતાં પુત્રી થઇ. આ ઇલા નામની પુત્રીને વસિષ્ટે મનુની પ્રાર્થના ઉપરથી પુરુષત્વ આપ્યું. તે ઇલ રાજા થયો. (ઇલ શબ્દ જુઓ)

પોતાને પુત્રો થાય એ હેતુથી મનુએ યમુના જળમાં ઉભાં રહી તપ કર્યું. એ યોગથી એને ઇક્ષ્વાકુ, નૃગ, શર્યાતિ, દિષ્ટ, ધૃષ્ટ, કરુષક, નરિષ્યંત, પૃષધ્ર, નભગ અને કવિ એમ દસ પુત્રો થયા. (ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૧) વેન, ધૃષ્ણુ, નરિષ્યંત, નાભાગ, ઇક્ષ્વાકુ, કારુષ, શર્યાતિ, ઇલા, પૃષધ્ર અને નાભાગરિષ્ટ નામના દશ પુત્રો હતા એમ મહાભારતમાં છે. (ભાર૦ આ૦ ૭૫). એને નાભાગ અને વસુમાન્ નામના બે દિકરા હતા એમ જણાય છે. પરંતુ ઉપર જણાવેલા દસમાંથી કોઇનાં એ નામ હશે એમ લાગે છે. મત્સ્યપુરાણમાં વળી મનુના દિકરાઓનાં નામ તફાવત વાળાં મળી આવે છે. છતાં એટલું તો નક્કી છે કે એ નામો ઉપર જણાવલાં પુત્રોનાં જ હશે.

આ મન્વંતરમાં સ્વર્ગમાં વસુ, રુદ્ર, આદિત્ય, વિશ્વેદેવો, મરુદ્ગણ, અશ્વિનીકુમાર અને ઋભુ એવા સાત તરેહના દેવ છે. ઋભુને બદલે મત્સ્યપુરાણમાં 'સાધ્યદેવ' એવું નામ આપ્યું છે. આ શિવાય બીજો તફાવત નથી. સંખ્યા તો તેમાં પણ સાતની જ છે. (મત્સ્ય અ૦ ૯). આ મન્વંતરમાં કશ્યપ, અત્રિ, વસિષ્ટ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને ભરદ્વાજ એ સપ્તર્ષિ છે. તેમાં કશ્યપ વડે અદિતીને પેટે વામન નામનો વિષ્ણુનો અવતાર થયો હતો. વામને બલિને પાતાળમાં ચાંપીને ઇંદ્રની સાહ્યતા કરી હતી. (ભા૦ સ્કં. ૮–૧૩).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**વૈશંપાયન.** ચાલુ મન્વન્તરની પહેલી ચોકડીમાંના દ્વાપરયુગમાં સ્વાયંભૂ નામનો પહેલો વ્યાસ થયો હતો, તેના ચાર શિષ્યો પૈકી સંપૂર્ણ યજુર્વેદનું અધ્યયન કરનારો શિષ્ય. એ યાજ્ઞવલ્ક્ય ઋષિનો મામો થતો હતો. યાજ્ઞવલ્કયે યજુર્વેદની એક પ્રમુખ શાખાનો અભ્યાસ આની પાસે કરેલો હોવાથી એ વૈશંપાયનનો શિષ્ય પણ હતો; અને ભાણેજ પણ થતો હતો. યાજ્ઞવલ્કય પાસેથી વૈશંપાયને જ વેદ (તૈત્તિરીય શાખા) પાછા લીધા હતા. (યાજ્ઞવલ્કય શબ્દ જુઓ).

**વૈશંપાયન (૨).** ચાલુ મન્વન્તરમાં ચાલુ અઠ્ઠાવીસમી ચોકડીમાં થએલા કૃષ્ણદ્વૈપાયન નામે અઠ્ઠાવીસમા વ્યાસના ચાર શિષ્યોમાંનો બીજો શિષ્ય. આ તૈત્તિરિઋષિના કુળનો એટલે તૈત્તિરીય શાખાનું અધ્યયન કરનાર હતો. ઇતિહાસનાં બહુ સુંદર વ્યાખ્યાનો આપનાર તરીકે આ પ્રસિદ્ધ છે.

**વૈશાળ.** વૈશાલિક શબ્દ જુઓ.

**વૈશાલિ.** ત્રગડાની સંજ્ઞાવાળા અંગિરા કુળનો એક ઋષિ.

**વૈશાલિક.** સૂર્યવંશી વિશાળ રાજાના કુળમાં જન્મી વિશાળા નગરીમાં રાજ્ય કરનાર સઘળા રાજાઓ.

**વૈશ્ય.** કૌશિક ઋષિનો શિષ્ય.

**વૈશ્યાપુત્ર.** ધૃતરાષ્ટ્ર પુત્ર યુયુત્સુ.

**વૈશ્રંભક.** દેવોનું વન વિશેષ.

**વૈશ્રવણ.** સ્વાયંભુવ મન્વન્તરમાંના પુલસ્ત્યના પુત્ર વિશ્રવા ઋષિનો પુત્ર, એની માનું નામ ગો હતું, એની આકૃતિ ભયંકર છે, તેથી એને કુબેર (કુબડો) કહે છે; પણ એનું મુખ્ય નામ સોમ હતું. એની સ્ત્રીનું નામ ઋદ્ધિ. કલ્પના આરંભથી જ ઉત્તર દિગ્પાળ હોવાથી ઉત્તર દિશાનું સૌમ્યા એવું પડેલું નામ હજુ ચાલે છે. એ સઘળા યક્ષોનો અધિપતિ અને દેવોનો ધનાધ્યક્ષ છે. એનું કુબેર ભંડારી નામ જાણીતું જ છે.

ઉત્તાનપાદ પુત્ર ધ્રુવની સાથે આને જબરું યુદ્ધ થયું હતું. ધ્રુવનો ઓરમાન ભાઇ ઉત્તમ યક્ષોને હાથે મરાયો હતો. એની સાવકી મા પોતાના પુત્રના મૃત્યુની ખબર જાણતાં ધ્રુવને જણાવ્યા વગર પોતે હિમવાન્ પર્વત પર જ્યાં એનો પુત્ર ઉત્તમ યક્ષોને હાથે મરણ પામ્યો હતો ત્યાં ગઇ. એનું પણ યક્ષોને હાથે મૃત્યુ થયું. ઉત્તાનપાદ પુત્ર ધ્રુવને આ વાતની જાણ થતાં પોતે હિમવાન્ પર્વત પર ગયો. યક્ષોનો સંહાર કર્યો. ખુદ કુબેર પણ લઢવા આવ્યો હતો, તેની સાથે ઘોર યુદ્ધ થયું, (ધ્રુવ શબ્દ જુઓ).

એની સભા સુંદર હોઈ નારદાદિક મોટા મોટા ઋષિયો ત્યાં સતત્ આવતા. નલકુબેર તે આનો પુત્ર થાય. નારદ અને યુધિષ્ટિરના સંવાદ પરથી જણાય છે કે એ અદ્યાપિ ઉત્તર દિશાનો અધિપતિ છે. આ ઉપરથી એને "રાજરાજ" એવું બિરૂદ મળ્યું છે. એ કદી કદી હિમવાન્ પર્વતના કૈલાસ શિખર પર રહે છે. માનસોત્તર પર્વત પરની વિભાવરી નામની એની મુખ્ય નગરી છે.

**વૈશ્રવણ (૨).** ચાલુ મન્વન્તરના પુલસ્ત્ય ઋષિના પુત્ર વિશ્રવાને તેમની સ્ત્રી ભરદ્વાજ કન્યા દેવવર્ણિની કુખે થએલો પુત્ર. એને રુદ્રના પ્રતાપે પ્રથમ લંકા નગરી રહેવાને મળી હતી. તેમ જ એક સ્વેચ્છાગામી પુષ્પક નામનું વિમાન પણ મળ્યું હતું. એ રાવણ, કુંભકર્ણ અને વિભીષણનો ઓરમાન ભાઇ થતો હતો. રાવણ રાક્ષસાધિપતિ અને આ યક્ષાધિપતિ કહેવાતો, એ ઉપરથી જ એને કુબેર નામ પણ પડી ગયું હોય એમ જણાય છે. અધ્યાત્મ રામાયણમાં આને ધનેશ કહ્યો છે. પણ તે સંભવિત નથી. અગાડી જતાં રાવણ બળવાન થઇને લંકામાં રહેવા લાગ્યો, ત્યારે આણે હિમાલયના કૈલાસ શિખર ઉપર અલકા નામની નગરી વસાવી પોતે ત્યાં રહ્યો. રાવણે એની પાસેથી લંકા તેમ જ પુષ્પક વિમાન લઇ લીધાં હતાં. એના મંત્રીનું નામ પ્રહાસ હતું. એને ગૌ, પુષ્કર, શુક્ર, પ્રૌષ્ટપદ, મણિભદ્ર,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૂર્ણભદ્ર, મણિમાન્, મણિકંધર, મણિભૂષ ઇ. અનેક અનુચરો છે. (વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૧૫ ૨૩) (દેવી ભા૦ દ્વાદશ૦ અ ૧૦) એજ (ભા૦ વન૦ અ-૨૫૭)

વૈશ્વાનર. શાંડિલ્ય ગોત્રનો એક ઋષિ. પ્રાણિમાત્રના શરીરમાં રહીને અન્ન પાચન કરનાર અને જેના યોગવડે દેવને વૈશ્વદેવ સંબંધી અન્ન મળે છે એ અગ્નિનું દેવતાત્વ આને હોય એમ જણાય છે. કેમકે એ અગ્નિને શાંડિલ્યગોત્રી કહ્યો છે.

વૈશ્વાનર (૨) પ્રાણિમાત્રના શરીરમાં રહીને અન્ન પાચન કરનાર અને નિત્યયજ્ઞ-વૈશ્વાનર સંબંધી અન્ન દેવને પહોંચાડનાર અગ્નિ. વિશ્વાનર સૂર્યનો પુત્ર.

વૈશ્વાનર (૩) એ નામનો એક દાનવ જેને ઉપદાનવી, હયશિરા, પુલોમા અને કાળકા નામની ચાર કન્યા હતી.

વૈશ્વાનરિ. એક બ્રહ્મર્ષિ. (૩ ભૃગુ શબ્દ જુઓ)

વૈષ્ણવી. વિષ્ણુની શક્તિ અને સપ્ત માતૃકા પૈકી એક.

વૈષ્ણવાસ્ત્ર-વિષ્ણુનુ અસ્ત્ર.

વૈહાયસી. ભારતવર્ષીય નદી વિશેષ.

વૈહાર. મગધ દેશના સીમાપર્વતોમાંનો એક. (ભાર૦ સ૦ ૨૧ ૨)

વૈહીનરિ. ત્રણની સંજ્ઞાવાળા ભૃગુ કુળોત્પન્ન એક ઋષિ.

વોહલિ. ઋષિ વિશેષ. (દેવી ભાગ૦ ૧૧ સ્કં૦ અ૦ સ૦)

વૌલિ. ત્રણની સંજ્ઞાવાળા વસિષ્ટકુળોત્પન્ન એક ઋષિ.

વૌષડિ. ત્રણની સંજ્ઞાવાળા અંગિરાકુળનો એક ઋષિ.

વ્યધ્વાધ. ત્રણની સંજ્ઞાવાળા ભૃગુકુળનો એક ઋષિ.

વ્યદ્ધ્યશ્વ. એક રાજર્ષિ.

વ્યશ્વ. એક રાજર્ષિ.

વ્યંસ. બગડાની સંજ્ઞાવાળા સૈંહિકેયો પૈકી એક.

વ્યાઘ્ર. એક યક્ષ વિશેષ. (૧ નભસ્ય શબ્દ જુઓ) આ યક્ષ ભાદ્રપદ માસમાં સૂર્યના સમાગમમાં રહે છે.

વ્યાઘ્ર (૨). વાઘ પ્રાણીની આખી જાતિ. એમની ઉત્પત્તિ ક્રોધાની પુત્રી શાર્દુલાથી થઇ-જે સંબધે જુવો (ભાર૦ આ૦ ૬૬ )

વ્યાકેતુ. ભારત યુદ્ધમાં કર્ણે મારેલો પાંડવ પક્ષનો એક રાજા. (ભાર૦ કર્ણ૦ અ૦ ૫૧ ૪૬-૪૭)

વ્યાઘ્રકેતુ (૨). દુર્યોધન પક્ષનો એક રાજકુમાર યુદ્ધમાં એને સાત્યકિયે માર્યો હતો. (ભાર૦ દ્રો૦ ૧૦૭ ૩૧)

વ્યાઘ્રદત્ત. દ્રોણાચાર્યે મારેલો પાંડવ પક્ષનો એક પાંચાળ. (ભાર૦ દ્રો૦ ૧૬ ૪૯ અને ઉ૦ ૧૭૧ ૧૯)

વ્યાઘ્રદત્ત (૨). માગધપુત્ર એક ક્ષત્રિય. એને સાત્યકિયે માર્યો હતો. (ભાર૦ દ્રો૦ ૧૦૭ ૩૧)

વ્યાઘ્રપદ. એક ઋષિ, વસિષ્ટથી ઉત્પન્ન થએલો. (ભાર૦ અનુ૦ ૫૩-૩૦)

વ્યાઘ્રપાદ. વસિષ્ટ કુળોત્પન્ન એક ઋષિ. એને ઉપમન્યુ અને ધૌમ્ય નામના બે પુત્ર હતા. (ભાર૦ અનુ૦ ૪૫ ૨૬-૯૬)

વ્યાન. શરીરની અંદરના પંચ પ્રાણોમાંનો એક.

વ્યાસ. પરાશર અને મત્સ્યગંધા-સત્યવતીનો પુત્ર, કૃષ્ણદ્વૈપાયન,-વેદવિભાગ કર્તા.

થઇ ગએલા છ મન્વંતરમાં તો જે હો તે હો, પરંતુ ચાલુ મન્વંતરમાં તો તેની દરેક ચોકડીના દ્વાપરયુગમાં એક એક વ્યાસ થઇ ગયો છે. વ્યાસ એટલે વેદવિસ્તાર કરનાર. વેદમાં થએલી (જો થઇ હોય તો) અવ્યવસ્થાને વ્યવસ્થિત કરવી એ જ એનું કર્તવ્ય.

द्वापरे प्रथम व्यस्ताः स्वयं वेदा स्वयंभुवा ।
प्रजापति र्द्वितीये तु व्यास कार्यकृत् ॥२६॥
तृतीये चोशना व्यास श्चतुर्थे तु बृहस्पतिः ।
पंचमे सविता व्यासः षष्ठो मृत्युस्तु द्वापरे ॥२७॥
मघवा सप्तमे प्राप्ते वसिष्ठश्चाष्टमे स्मृतः ।
सारस्वतश्च नवमे त्रिधामा दशमे तथा ॥२८॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

एकादशे च त्रिवृषो भारद्वाज स्ततः परे ।
त्रयोदशे चांतरिक्षो धर्माचापि चतुर्दशे ॥२९॥
त्रय्यारुणः पंचदशे षोडशे तु धनंजयः ।
मेधातिथिः सप्तदशे व्रती ह्यष्टादशे तथा ॥३०॥
अत्रिरेकोनविंशेथ गौतमस्तु ततः परे ।
उत्तमाश्चैकविंशेथ हर्यात्मा यश्च कीर्त्तितः ॥३१॥
वेनो वाजस्त्रजाक्षस्तु सोमो न्यूपायणस्तथा ।
तृणबिंदु स्तथा व्यासो भार्गवस्तु ततः परे ॥३२॥
ततः शक्तिर्जातुकर्णो कृष्णद्वैपायनस्ततः ।
अष्टाविंशति संख्येयं कथिता या मया श्रुता॥३३॥

(દેવી ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૪)

સ્વયંભૂ, પ્રજાપતિ, ઉશના, બૃહસ્પતિ, સવિતા, મૃત્યુ, મઘવા, વસિષ્ઠ, સારસ્વત, ત્રિધામા, ત્રિવૃષ, ભારદ્વાજ, અંતરિક્ષ, ધર્મા, ત્રય્યારુણ, ધનંજય, મેધાતિથિ, વ્રતી, અત્રિ, ગૌતમ, હર્યાત્મા (**એનુ બીજું નામ ઉત્તમા પણ છે**) વેનવાજસ્ત્રજાક્ષ, સોમન્યૂષાયણ, તૃણબિંદુ, ભાર્ગવ, શક્તિ, જાતુકર્ણ અને (**પરાશર પુત્ર**) કૃષ્ણદ્વૈપાયન આટલા વ્યાસ થઇ ગયા છે અને હવે ઓગણત્રીસમી ચોકડીમાં દ્રોણાચાર્યનો પુત્ર અશ્વત્થામા વ્યાસ થશે. (**કૃષ્ણદ્વૈપાયન શબ્દ જુઓ, તેમજ અશ્વત્થામા શબ્દ પણ**)

एकोनत्रिंशे संप्राप्ते द्रौणिर्व्यासो भविष्यति॥२॥

(દેવી ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૪)

**યુષિતાશ્વ.** સોમવંશનો એક રાજા એને કાક્ષીવતી ભદ્રા નામની સ્ત્રી હતી; અને શાલ્વ, મદ્ર, વગેરે સાત પુત્રો હતા.

**વ્યાસવન.** એક ક્ષેત્ર વિશેષ,(ભા૨૦ વ૦૮૧-૯૩)

**વ્યાસસ્થલી.** એક ક્ષેત્ર વિશેષ. ( ભા૨૦ વ૦ ૮૧-૯૬ ).

**વ્યુષ.** ઉત્તાનપાદ વંશના પુષ્પાર્ણને દોષાને પેટે થએલા ત્રણ પુત્રોમાં-કનિષ્ટ. પુષ્કરિણીને પેટે એને સર્વતેજસ નામનો એક પુત્ર થયો હતો.

**વ્યૂક.** ભારતવર્ષીય દેશ વિશેષ. (**ભા૨૦ ભીષ્મ૦ ૯૦-૬૧).**

**વ્યૂઢોર..** ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.(**ભા૨૦ આ૦ ૧૩૧-૧૪** ).

**વ્યુઢોરુ.** ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંનો એક.( **ભા૨૦ આ૦ ૬૮-૧૦૫** ).

**વ્યોમ.** સોમવંશી યદુપુત્ર, ક્રોષ્ટાના વંશમાં જ્યામઘ કુળમાંના ક્રથ વંશમાં જન્મેલા દશાર્હ રાજાનો પુત્ર. એને કોઇ કોઇ જગાએ દાશાર્હ પણ કહ્યો છે. એને જીમૂત નામે પુત્ર હતો.

**વ્યોમ (૨).** વ્યોમાસુર શબ્દ જુઓ.

**વ્યોમાસુર.** મયાસુરના વંશનો એક અસુર એને કૃષ્ણે માર્યો હતો. ( **ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૩૭** )

**વ્રજ.** મથુરાની પાસે આવેલો ગોવાળોના અધિપતિ નંદરાજાનો નેસડો. ( **ભાગ૦ ૧૦સ્કં૦ અ૦ ૧૧** ).

**વ્રતી.** ચાલુ મન્વંતરમાં થઇ ગએલો અઢારમો વ્યાસ. ( વ્યાસ શબ્દ જુઓ. )

**વ્રતેયુ.** સોમવંશી પુરુકુળોત્પન્ન રૌદ્રાશ્વ રાજાના દસ પુત્રો પૈકી નવમો પુત્ર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શ.

**શક.** ભારતવર્ષીય દેશ. ઇન્દ્રપ્રસ્થની પૂર્વનો અને પશ્ચિમનો એમ એના બે ભેદ છે. ( ભાર૦ સ૦ ૭૮-૯૯. અને ભીષ્મ૦ ૯-૪૫ ).

**શક (૨).** ઉપર કહેલા શક દેશના રહેવાશીઓ.

**શકટાસુર.** કંસનો અનુચર એક રાક્ષસ. કૃષ્ણને મારવાનું બીડું ઝડપી એ ગોકુળમાં ગયો હતો, અને ગાડાનું રુપ ધારણ કરીને પડી રહી લાગ જોતો હતો. પણ પોતે જ કૃષ્ણને હાથે મરણ પામ્યો. ( ભાગ૦ દશ૦ અ૦ ૧૨ ).

**શંકર.** કલ્યાણકારી દેવ-શિવ.

**શંકર (૨).** અગીઆર રુદ્રોમાંના ઇશ્વર નામના રુદ્રનું બીજું નામ.

**શંકુ.** સોમવંશી યદુકુલોત્પન્ન ઉગ્રસેનના નવ પુત્રોમાંનો પાંચમો પુત્ર,

**શંકુ (૨).** એ નામનો એક યાદવ.

**શંકુ (૩).** સત્યાને પેટે કૃષ્ણને થએલા દસ પુત્રોમાંનો એક.

**શંકુકર્ણ.** શિવના પાર્ષદગણોમાંનો એક.

**શંકુકર્ણ (૨).** કાશીમાંનું એક સ્થળ વિશેષ.

**શંકુકર્ણ (૩).** રાવણની અશોક વાટિકાનો રક્ષક, એક રાક્ષસ. ( વા. રા૦ સુંદ૦ સ૦ ૧૮ )

**શંકુકર્ણેશ્વર.** ભારતવર્ષીય એક તીર્થ.

**શકુંત.** વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.(ભાર૦ અનુ૦ ૧-૫૦ ).

**શકુંતલા.** વિશ્વામિત્ર ઋષિને મેનકાને પેટે થએલી પુત્રી. મેનકા એને માલિની નદીને તીરે મૂકીને સ્વર્ગે ગયા પછી ત્યાં પાસે રહેનાર કણ્વ ઋષિયે એને દીઠી. કણ્વ એને પોતાના આશ્રમમાં લઇ આવ્યો અને એને ઘણા વહાલથી ઉછેરી. કણ્વે એને દીઠી તે પહેલાં શકુંત પક્ષીઓએ એનું રક્ષણ કર્યું હતું; તે ઉપરથી એનુ નામ શકુંતલા પાડયું. શકુંતલા ધીરે ધીરે મોટી થતાં-પોતે અપ્સરાની પુત્રી હોવાથી-ઘણી સ્વરુપવાન નિકળી.

એક સમય કણ્વ નિત્યાનુષ્ટાન કરવા નદી તીરે ગયા હશે, ત્યારે સોમવંશી પુરુકુળનો દુષ્યંત રાજા મૃગયા કરતો કરતો ત્યાં આવી ચડયો. પરંતુ આશ્રમમાં કોઇ દીઠું નહિ, એટલે બહાર ઉભાં રહી, 'આશ્રમમાં કોણ છે.' એમ પુછતાં તે સાંભળી શકુંતલા બહાર આવી. દુષ્યંતનું ઐશ્વર્ય જોઇને આ કોઈ રાજા છે એમ જાણીને શકુન્તલાએ ઘણી નમ્રતાપૂર્વક એનું આતિથ્ય કર્યું. આતિથ્યથી સંતોષ પામીને અને એના સ્વરૂપથી મોહ પામ્યો હોવાથી પાણી વગેરે પીધા પછી શકુંતલાને પુછ્યું કે તું કોની કન્યા છે? શકુંતલાએ ધીરેથી મર્યાદા પૂર્વક ઉત્તર દીધો! કે હું કણ્વની કન્યા છઉં. દુષ્યંત મનમાં વિચારવા લાગ્યો કે હું તો જાણું છું કે કણ્વ બ્રહ્મચારી છે. મારું મન સ્વાભાવિક રીતે આ કન્યા તરફ આકર્ષાય છે. માટે જરુર આ એમની પુત્રી નથી. એ ક્ષત્રિય કન્યા હોવી જોઇએ. એણે ફરીથી શકુંતલાને પુછ્યું કે મને ખરું કહે તું કોની કન્યા છે? તે ઉપરથી કણ્વને કોઇ ઋષિને કહેતા સાંભળ્યા હતા તે હકીકત શકુંતલાએ કહી. એ સાંભળીને દુષ્યંતને ઘણો હર્ષ થયો. કેમકે એનું મન એ કન્યામાં પરોવાઇ ગયું હતું'

પછી દુષ્યંતે એને કહ્યું કે મારી ઇચ્છા તારું પાણિગ્રહણ કરવાની છે. તારા મનમાં શું ધારે છે? શકુંતલાએ કહ્યું આપ કહોછો તે મારે માન્ય છે, પણ કણ્વ પાસે આપે મારી માગણી કરવી તે ઠીક. રાજા ઘણો કામાતુર થયો હતો. તે એનું આ કહેવું સાંભળે જ નહિ. તે ઉપરથી શકુંતલાએ પોતાને જે પુત્ર થાય તેને હું રાજ આપીશ એવું કબુલ કરાવી તેની સાથે ગાંધર્વલગ્ન કર્યું. શકુંતલાને સમાગમના ફળરુપ ગર્ભ રહ્યો. દુષ્યંત પછી પોતાને નગર જતી વખત એને વચન આપતો ગયો કે હું થોડી મુદતમાં જ પાલખી વગેરે મોકલી તને તેડાવી લઇશ.

રાજાના ગયા પછી થોડીવારે જ કણ્વ ઋષિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આશ્રમમાં આવ્યા. શકુંતલાને ઋષિની આગળ આવતાં લાજ આવવા માંડી; પણ કણ્વે અંતર્દષ્ટિ વડે એના રાજાની સાથેના લગ્નની વાત જાણીને એને અભય આપતાં કહ્યું કે તને કોને આપવી એ મને ફીકર થયાં કરતી હતી, તે અનાયાસે દૂર થઇ. આથી મને ઘણો આનંદ થયો છે. એ સાંભળી નિર્ભય કણ્વની પાસે આવી. પછી પૂર્ણ માસે એને પુત્ર સાંપડયો—એ પુત્ર એના પિતાના જેવો જ શૂર અને ચપળ હતો.જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ વાઘ વગેરે પ્રાણિયોને પકડી પકડીને આશ્રમમાં બાંધવા લાગ્યો. ઋષિયે એનું નામ ભરત પાડયું હતું પણ એનાં આ લક્ષણોપરથી એનું "સર્વદમન." એવું નામ પાડયું. અને હવે આને અહીં આશ્રમમાં રાખવો ન જોઇએ ધારી પુત્ર અને શકુતલાને પોતાના શિષ્યની સાથે દુષ્યંતને ત્યાં હસ્તિનાપુર રવાના કર્યાં.

પુત્રને લઇને શકુંતલા હસ્તિનાપુર ગઇ તે વેળા રાજા સભામાં બેઠો હતો. શિષ્ય એમને લઇને સભામાં ગયો અને રાજાને કહ્યું કે તારી સ્ત્રી અને પુત્રને સંભાળ. આમ સોંપી શિષ્ય પાછો વળ્યો. શિષ્યના ગયા પછી શકુંતલાએ રાજાને વંદન કર્યું, અને કહ્યું. તેં વચન આપ્યું હતું તેમ હું તારા પુત્રને લઇને આવી છઉં. માટે મારો અને એનો અંગીકાર કર. એનું ભાષણ સાંભળીને દુષ્યંત રાજાએ એને ઓળખી; પરન્તુ લોક લજ્જાવડે ઉપર ઉપરથી કહ્યું કે તું કોણ છે? અને કોના પુત્રને અહીં આણ્યો છે? એ સાંભળીને શકુંતલાએ ક્રોધવિષ્ટ થઇને મર્યાદા પૂર્વક રાજાને ઘણો વિનવ્યો. પણ દુષ્યંત એનું બોલવું સાંભળે જ નહિ. શકુંતલા સખેદ વિચાર કરતી હતી કે હવે શું કરવું. એટલામાં આકાશવાણી થઇ કે રાજા, આ તારી સ્ત્રી અને તારો પુત્ર છે; તેનો અંગીકાર કર. રાજાએ પુત્ર સહિત શકુંતલાનો અંગીકાર કર્યો. રાજાએ સભાસદોને કહ્યું કે મેં તો એને તરત જ ઓળખી હતી પણ તમારા બધાના મનમાં આવે કે મેં અપરિચિત સ્ત્રીને રાખી લીધી. એવા અપવાદના ભયે હું એમ બોલ્યો હતો. હવે હું એનો અને મારા પુત્રનો અંગીકાર કરૂં છઉં. પછી પુત્ર સહિત શકુંતલાને અંતઃપુરમાં લઈ ગયો. પુત્ર ભરતને ઉપનયન વગેરે સંસ્કારો કર્યા. થોડે કાળે ભરત રાજકાર્યભારમાં પાવરધો થયો જોઇને એને યૂવરાજપદ આપી અભિષેક કર્યો. (ભા૦ આ૦ ૯૫—૧૮). (શકુંતલોપાખ્યાન—(ભાર૦ આ૦ ૯૯-૧૦૦).

**શકુનિ.** દનુપુત્ર દાનવમાંનો એક. એના પુત્રનું નામ વૃકાસુર (ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૮૮)

**શકુનિ (૨).** હિરણ્યાક્ષના ચાર પુત્રોમાંનો બીજો.

**શકુનિ (૩).** સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના જયામઘ કુળમાં થએલો દશરથ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ કરંભિ રાજા.

**શકુનિ. (૪).** ગાંધાર દેશાધિપતિ સુબળ રાજાનો પુત્ર. ગાંધારીનો ભાઇ, એ ધૃતરાષ્ટ્રનો સાળો અને કૌરવોનો મામો થતો હતો. સુબળ રાજાની પછી એ જ રાજ્યાધિકારી થયો હતો. એ સ્વભાવે ઘણો જ દુષ્ટ હતો અને દ્યૂતરમવામાં કપટ કરવામાં એક્કો હતો. એણે દ્યૂત રમીને પાંડવોની બધી સંપત્તિ દુર્યોધનને જીતી આપી પાંડવોને વનમાં કાઢયા હતા. ભારતના યુદ્ધમાં એ દૂર્યોધન પાસે હતો. એનું મરણ સહદેવને હાથે થયું હતું. (ભા૦ શલ્ય ૦અ૦ ૨૭-૬૦) એને ઉલૂક નામે પુત્ર હતો. જેને સહદેવે ભારતયુદ્ધમાં માર્યો હતો. વૃષક, વૃહદ્બળ, અચળ, શરભ, સુભમ, વિભુ, ભાનુ દત્ત, ગજ, ગવાક્ષ, ચર્મવાન, આર્જય અને શુક વગેરે એના ભાઇઓ હતા. (ભાર૦આ૦ ૨૦૧, દ્રો૦ ૩૦૦ ૧૫૮, અને ભીં૦-૯-૩૦)

**શકુન (૫).** સર્પ વિશેષ. (ભા૦ આ૦૫૪-૧૬)

**શકુનિ (૬).** સ્કન્દે ઉત્પન્ન કરેલા ગ્રહો પૈકી એક સ્કંદગ્રહ. (ભા૦ વ૦ ૨૩૦-૨૬)

**શકુરોમા.** કદ્રુના નાગપુત્રોમાંનો એક.

**શંકુશિપ્રા.** વૃત્રાસુરનો અનુયાયી એક અસુર.

**શંકુશિરોધર.** દનુપુત્ર દાનવોમાંનો એક.

**શક્તિ.** ત્રીજા વસિષ્ટ ઋષિનો મોટો પુત્ર. વસિષ્ટ કુળમાં આ એક મંત્રદષ્ટા હતો. કલ્માષપાદ રાજા વસિષ્ટના સો પુત્ર ખાઇ ગયો તેમાં આ પણ મરણ પામ્યો હતો. એની સ્ત્રી અદૃશ્યંતિ એના મરણકાળે ગર્ભિણી હતી તેને પાછળથી પરાશર નામે પુત્ર પ્રસવ્યો. આ પરાશર તે ચાલુ મન્વંતરનો છવ્વીસમો વ્યાસ જ એમ કહેવાય નહિ; કારણ રામ ચોવીસમી ચોકડીમાં થયા અને કલ્માષપાદ રાજા રામનો પૂર્વગામી હોઇ મરણ પામ્યો હતો. તેનો પુત્ર છવ્વીસમી ચોકડીમાં હોય એ અસંભવિત છે.

**શક્તિ (૨).** ચાલુ મન્વંતરનો છવ્વીસમો વ્યાસ. (વ્યાસ શબ્દ જુઓ.) એ અંગિરાકુળમાં જન્મ્યો હતો.

**શક્ર.** ઇન્દ્રનું એક નામ.

**શક્ર (૨).** બાર આદિત્યોમાંનો હાલનો પૂર્વ દિગ્પાળ-આદિત્ય તે. (ભાગ૦ ૬ સ્કં૦ અ૦ ૧૮) (ભાર૦ આ૦ ૬૬-૧૫)

**શક્રજિત.** રાવણપુત્ર ઇન્દ્રજિતનું નામાન્તર.

**શક્રદેવ.** કલિંગ દેશાધિપતિ ભાનુમંત રાજાનો પુત્ર. ભારતના યુદ્ધમાં ભીમસેનને હાથે મરણ પામ્યો હતો. (ભાર૦ ભી૦ ૫૪-૩૪)

**શક્રપ્રસ્થ.** ઈન્દ્રપ્રસ્થનું નામાન્તર.

**શંખ.** ઉત્તમ નામના ત્રીજા મન્વંતર માંહલ્યા સપ્તઋષિયોમાંનો એક. લિખિત ઋષિનો ભાઇ શંખ તે આ નહિ. તે જુદો છે.

**શંખ (૨).** દનુપુત્ર દાનવોમાંનો એક.

**શંખ (૩).** વરુણલોક માંહ્યલો એક અસુર.

**શંખ (૪).** કુબેરના નવ નિધિમાંનો એક.

**શંખ (૫).** લિખિત ઋષિનો ભાઇ. (શંખ લિખિત શબ્દ જુઓ).

**શંખ (૬).** મેરુની તળેટીએ આવેલા પર્વતોમાંનો એક પર્વત.

**શંખ (૭).** પૂર્વ મત્સ્યાધિપતિ વિરાટ રાજાના બે પુત્રમાંનો મોટો પુત્ર. (ભાર૦ ઉ૦ ૧૭૧-૧૫, આદિ૦ ૨૦૧-૮, સ૦ ૭-૧૧ વિરા૦ ૨૧-૧૮, વિરા૦ ૩૪-૨૪, ભી૦ ૮૨-૨૩). એ ભારતના યુદ્ધમાં પાંડવના પક્ષમાં હતો, અને દ્રોણાચાર્યને હાથે મરણ પામ્યો હતો.

**શંખ (૮).** એક સર્પ વિશેષ. (ભાર૦ આ૦ ૩૫-૮, અને ઉ૦ ૧૩-(૧૨)

**શંખચૂડ.** રામની સેનાનો એક વાનર. (વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૪૦).

**શંખચૂડ (૨).** વિપ્રચિત્તિ દાનવનો પૌત્ર અને દંભાસુરનો પુત્ર. એણે જૈગીષવ્ય ઋષિની પાસેથી વિષ્ણુનો મંત્ર લેઇને પુષ્કર તીર્થમાં અનુષ્ટાન કર્યું હતું. એ અનુષ્ટાન પૂરું થતાં બ્રહ્મદેવની આજ્ઞાથી બદરીવનમાં તપ કરનારી તુલસી પાસે ગયો. આ તુલસી ધર્મધ્વજ રાજાની તેની ભાર્યા માધવીને પેટે જન્મેલી પુત્રી હતી. વિષ્ણુની પ્રાપ્તિ સારુ એ તપ કરતી હતી. શંખચૂડ ત્યાં ગયો એટલે એ બન્નેમાં પ્રેમ થઇ તુલસી એને જ વરી. અગાડી જતાં પોતાના તપના પ્રભાવે કરીને શંખચૂડે સઘળાંનો અધિકાર લેઇ પોતે રાજ્ય કર્યું. પોતાનો અધિકાર નષ્ટ થવાથી દેવોએ એની સાથે યુદ્ધ કર્યું. એ યુદ્ધમાં શંખચૂડનો પરાભવ નથી થતો જોઇને વિષ્ણુ શંખચૂડનું રુપ ધારણ કરીને તુલસી પાસે ગયા. હું સઘળા દેવોનો પરાભવ કરીને આવ્યો, કહીને એમણે તુલસીની સાથે ગમન કર્યું. એનું પાતિવ્રત નષ્ટ થવાથી રણભૂમિ પર શંખચૂડનું તત્કાળ મરણ થયું. આ ખરી હકીકત તુલસીને જણાતાં જો કે પોતાને વિષ્ણુપર પ્રીતિ હતી તોપણ તેમને શાપ દીધો કે તમે પથ્થરરુપ થશો. ગંડકી નદીમાં થતા કાળા ગોળ પથ્થર રુપે વિષ્ણુ પૂજાય છે, એ પ્રસિદ્ધ છે. (દેવી૦ ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૧૭-૨૫)

**શંખચૂડ (૩).** કુબેરનો એક અનુચર. શાપે કરીને રાક્ષસ યોનિ પામેલો તે. આ વૃંદાવનમાં ગયો હતો. કેટલીક ગોપીઓનું હરણ કરીને જતાં કૃષ્ણને હાથે મરણ પામ્યો હતો. (ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૩૪)



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**શંખતીર્થ.** ભારતવર્ષીય તીર્થ વિશેષ. (ભાર૦ શ૦ ૩૮-૧૯)

**શંખપદ.** બીજા સ્વારોચિષ મનુનો પુત્ર. (ભાર૦ શાં૦ ૩૫૭-૩૭). એને સ્વારોચિષ મનુએ પોતે વિદ્યા ભણાવી હતી. ભૂમી ઉપર જે મનુષ્ય જાતીય ચાર દિગ્પાળ છે તેઓમાં આ દક્ષિણ દિગ્પાળ છે.

**શંખપાલ.** કદ્રુને પેટે જન્મેલા નાગમાંનો એક.

**શખપિણ્ડ.** એક સર્પ વિશેષ. (ભાર૦ આ૦ ૩૫-૧૩).

**શંખમુખ.** એક સર્પ વિશેષ. (ભાર૦ આ૦ ૩૫-૧૧).

**શંખમેખલ.** એક બ્રહ્મર્ષિ. (ભાર૦ આ૦ ૮૨-૪)

**શંખલિખિત.** શંખ અને લિખિત એ બે ઋષિયો પરસ્પર ભાઇ થતા હતા. એ બન્ને જણા બાહુદા નદીને કિનારે જુદા જુદા આશ્રમ કરીને રહેતા હતા. આ નદીનું નામ ધળવા અગર ધૂમેળ હતું. હાલ એને બર્દા કહે છે. અયોધ્યા પ્રાન્તમાં આવેલી રાપ્તી નદીનો ફાંટો છે. એક વખત લિખિત ઋષિ પોતાના મોટા ભાઇ શંખને મળવા આવ્યો. બાગમાં થઇને એના રહેવાના ઘરમાં ગયો. ચાલતાં ચાલતાં એણે બાગમાંથી પાકાં ફળ તોડયાં હતાં, તે એના હાથમાં હતાં. બન્ને ભાઇ મળીને, બેસીને કાંઇ વાતચીત કરતા હતા. તેવામાં શંખની દૃષ્ટિ લિખિતે તોડી આણેલાં ફળ ઉપર પડી. એણે લિખિતને પુછ્યું કે આ ફળ તેં કયાંથી આણ્યાં? લિખિતે કહ્યું કે તમારા બાગમાંથી. એ સાંભળીને શંખઋષિયે કહ્યું કે મને પુછ્યા વગર તેં આ ફળ લીધાં માટે એ ચોરી થઇ. માટે તું સુદ્યુમ્ન રાજા પાસે જા અને આ અપરાધની સજા તને પોતાને કરાવી લે. તેથી લિખિત ભલે, એમ કહીને રાજા પાસે ગયો. પોતે જે કર્યું હતું તે રાજાને નિવેદન કર્યું અને મને શિક્ષા કરો એમ વિનતિ કરી. રાજાએ કહ્યું કે તમે તમારો અપરાધ સ્વમુખે મારી પાસે આવીને જાહેર કર્યો માટે તમે દોષ રહિત છો. પરંતુ લિખિત ઋષિ આ વાત સાંભળે જ નહિ. એતો સજાની જ માગણી કરે. એ ઉપરથી રાજાએ સજા તરીકે એનાં બન્ને કાંડાં કપાવ્યાં. લિખિત ઋષિ ત્યાંથી પાધરા પોતાના ભાઇ પાસે આવ્યા; અને પોતાનાં કાંડાં બતાવીને કહ્યું કે હું સજા પામી આવ્યો, તે બતાવવા આવ્યો છઉં. શંખે સંતુષ્ટ થઇને કહ્યું કે બહુ સારું કર્યું. હવે જાઓ બાહુદામાં સ્નાન કરીને અહીં વહેલા આવો. લિખિત ઋષિ નદીમાં નહાવા પડયા. નહાતી વખત તર્પણ કરવું પડે છે એવું સ્મરણ થતાં પોતાના હાથ તરફ જોવા લાગ્યા તો કપાયલાં કાંડાંને બદલે હાથ પૂર્વવત્ થઇ ગએલા! આ વાતની સુદ્યુમ્ન રાજાને ખબર પડતાં તેને પણ ઘણો આનંદ થયો. કાંડાં કપાવ્યા પછી બ્રાહ્મણને આવી સજા કર્યા બદલ એને ઘણો ખેદ થતો હતો. શંખઋષિને પણ આનંદ થયો. પછી ભાઇની આજ્ઞા લઇ લિખિત પોતાને આશ્રમે ગયો. ત્યારથી આ નદીનું નામ બાહુદા પડયું. (ભાર૦ શાં૦ અ૦ ૨૩)

**શંખિનીતીર્થ.** ભારતવર્ષીય એક તીર્થ. (ભાર૦ વન૦ ૮૧-૫૧).

**શંખોદ્ધાર.** દ્વારકાની પાસે આવેલું એ નામનું તીર્થ વિશેષ.

**શચી.** ચાલુ મન્વંતરના ઈંદ્ર-પુરંદરની સ્ત્રી.

**શઠ.** દનુના પુત્ર દાનવોમાંનો એક.

**શઠ (૨).** રાવણના રાક્ષસ અનુચરોમાંનો એક.

**સઠ (૩).** એ નામનો એક યાદવ. (જૈમિ૦ અશ્વ૦ અ૦ ૧૦).

**શંડામર્ક.** શંડ અને અમર્ક નામે બે ભાઇઓ. એઓ વારુણિ કવિના પૌત્ર અને ઉશના ઋષિના પુત્ર હતા. હિરણ્યકશિપૂના સમયમાં એકદા એમનો પિતા તપ કરવા ગયો હતો, ત્યારે આ બન્ને ભાઇઓ એનું-હિરણ્યકશિપૂનું પુરોહિતપણું કરતા હતા. એથી જ પ્રલ્હાદને ભણાવવાનું કામ એમની પાસે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતું. (મત્સ્ય૦ અ૦ ૩૩ શ્લો૦ ૮ )અને (ભાગ૦ સ્કં૦ અ૦ ૫).

**શાંડિલ.** બીજા કશ્યપ કુળમાં ઉત્પન્ન થએલો એક ઋષિ.

**શતકુંભા.** ભારતવર્ષીય નદી વિશેષ. (ભાર૦ વ૦ ૮૨–૧૦, ભી૦ ૯–૧૯).

**શતકેસર.** શાકદ્વીપમાં આવેલો પર્વત વિશેષ.

**શતક્રતુ.** સો યજ્ઞ કરવાથી જેને ઇન્દ્ર પદ મળ્યું હોય તેવો ઇન્દ્ર.

**શતગામિ.** જટાયૂના પાંચ પુત્રમાંનો એક.

**શતઘ્ની.** સોને મારનાર–કૃષ્ણ વાપરતા હતા તે અસ્ત્ર. મહાભારતમાં એને પથ્થરનું બનેલું અને લોઢાના ખીલા ચોતરફ જડયા હોય એવું વર્ણવ્યું છે. પણ ઘણું કરીને એ બાણ જેવું બારુતની સાહ્યતાથી ફેંકવાનું હશે એમ ઘણા માને છે. (ડાઉસન૦ પા૦ ૨૬).

**શતચન્દ્ર.** એક ક્ષત્રિય. ગાન્ધાર રાજા સુબળનો પુત્ર. એને રાત્રિયુદ્ધમાં ભીમસેને માર્યો હતો. (ભાર૦ દ્રો૦ ૧૫૮–૨૩).

**શતજિત.** ઋષભદેવ વંશના વિરજ રાજાને વિષૂચીને પેટે થએલા સો પુત્રોમાંનો મોટો પુત્ર.

**શતજિત (૨).** આસો મહિનામાં જેનો વારો હોય છે તે યક્ષ વિશેષ. (૩ ઇષ શબ્દ જુઓ).

**શતજિત (૩).** સોમવંશી આયુકુળોત્પન્ન યદુરાજાનો પૌત્ર. અને સહસ્રરાજાનો પુત્ર; એને મહાહય, વેણુહય અને હૈહય નામે ત્રણ પુત્રો હતા.

**શતજિત (૪).** કૃષ્ણને જાંબુવતીની કુખે થએલા પુત્રોમાંનો એક.

**શતજ્યોતિ.** ચંદ્રનું બીજું નામ.

**શતજ્યોતિ (૨).** સુભ્રાજનો પુત્ર. (ભાર૦ આ૦ ૧–૭૫).

**શતતારકા.** સોમની સત્તાવીસ સ્ત્રીઓમાંની એક.

**શતતારકા (૨).** એ નામનું નક્ષત્ર વિશેષ.

**શતદ્યુમ્ન.** ચક્ષુ મનુના પુત્રોમાંનો એક.

**શતદ્યુમ્ન (૨).** વિદેહવંશીય ભાનુમાન રાજાનો પુત્ર. એના પુત્રનું નામ શુચિજનક.

**શતદ્યુમ્ન (૩).** એક રાજર્ષિ. એણે મુદ્‌ગલ ઋષિને ગૃહદાન કરીને ઉત્તમ લોકની પ્રાપ્તિ કરી હતી. (ભા૦ શાં૦ ૨૪૦–૩૨, અનુ૦ ૨૦૦–૨૧). એ કીયા વંશનો હતો તે જણાતું નથી.

**શતદ્રુ.** હૈમવતી નદીનું બીજું નામ. પુત્ર મરણના શોકે આત્મઘાત કરવાના હેતુથી વસિષ્ઠ આ હૈમવતી નદીમાં પડયા હતા. પોતાની અંદર પડેલા ઋષિ ડુબે નહિ માટે આ નદીએ પોતાના ઝરણનાં જુદાં જુદાં સો વહેણ કરી દીધાં. જેથી પાણી ઓછું થવાથી વસિષ્ટ ડુબ્યા નહિ. હાલની સતલજ નદી તે જ. એને ઘાઘર અગર ઘાર નામ પણ છે. (વસિષ્ઠ શબ્દ જુઓ). (ભા૦ આ૦ ૧૯૩ ૯–૧૦, સ૦ ૯–૨૨ અને ભી૦ ૯–૧૫).

**શતદ્રુતિ.** પ્રાચીનબર્હિ રાજાની સવર્ણા નામની સ્ત્રીનું બીજું નામ. એને પેટે દશ પ્રચેતાઓ જન્મ્યા હતા.

**શતધનુ.** ત્રણની સંજ્ઞાવાળો શતધન્વા તે જ.

**શતધન્વા.** શિવનું એક નામ.

**શતધન્વા (૨).** એક રાજર્ષિ. કલિંગ રાજકન્યાના સ્વયંવરમાં આવેલો તે. (ભાર૦ શાં૦ ૪–૭)

**શતધન્વા (૩).** યદુકુળના હ્યદિક યાદવના પાંચ પુત્રોમાંનો એક. કૃતવર્માનો ભાઇ.

**શતધન્વા (૪).** કૃષ્ણે મારેલો એક યાદવ. (શ્યમંતકમણિ શબ્દ જુઓ).

**શતધન્વા (૫).** સુમતીનો પુત્ર. (હંસધ્વજ શબ્દ જુઓ).

**શતધૃતિ.** બ્રહ્મદેવનું એક નામ.

**શંતનુ.** સોમવંશી પૂરુકુળોત્પન્ન અજમીઢ વંશના કુરુપુત્ર જન્હુરાજાના કુળમાં થએલા પ્રતીપ રાજાના ત્રણ પુત્રોમાંનો મધ્યમ. એની માતું નામ સુનન્દી અને ભાઇઓનાં નામ દેવાપિ અને બાલ્હિક હતાં. પૂર્વ જન્મમાં એ મહાભીષ નામે રાજા હતો. એના પિતા પ્રતીપ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજાના મરણ પછી એનો મોટો ભાઇ દેવાપિ રાજ્ય કરવા લાગ્યો. પરન્તુ તે કોઢીઓ હોવાથી પ્રજાએ એને ગાદીપરથી ઉઠાડી મૂકી શંતનુને રાજ્ય આપ્યું. (૧ દેવાપિ શબ્દ જુઓ). શંતનું રાજ્ય કરતો હતો ત્યારે એકદા એ વનમાં મૃગયા સારુ ગયો હતો. ત્યાં એણે એક સુંદર કન્યા દીઠી. એ ગંગા હતી. એ કન્યા એને વરી. એને પેટે એને એક પછી એક એમ, સાત પુત્રો થયા. તે તેણીએ પાણીમાં બૂડાડી દીધા. આઠમા પુત્ર ભીષ્મને એણે બૂડાડવા દીધો નહિ, તેથી પરણતી વખતે પોતે કરેલી બોલી પ્રમાણે રીસાઇને ગંગા એ પુત્ર સહિત અંતર્ધાન થઇ ગઇ.કાંઇક કાળ પછી ભીષ્મને સર્વ વિદ્યામાં નિપુણ કરીને ગંગાએ શંતનુ પાસે આણ્યો. અને તેને શંતનુને સોંપી, પોતે સ્વર્ગમાં ચાલી ગઇ.એના ગયા પછી શંતનુએ બીજી સ્ત્રી કરી. એ સત્યવતીને પેટે એને ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય એમ બે પુત્ર થયા. ત્યાર પછી થોડે જ કાળે શંતનું સ્વર્ગે ગયો. શંતનુ બહુ સારા ગુણે ભરેલો હતો. એનામાં એક વર્ણવવા જેવો ગુણ એ હતો કે એ જેના શરીરને હાથ અરાડે તે નિરોગી થઈ જાય. (ભાર૦ આ૦ ૬૩–૪૯, ૧૦૧–૫૦),

**શતપર્વા.** શુક્રાચાર્યની સ્ત્રી. (ભાર૦ ઉ૦ ૧૧૭–૧૩).

**શતબલ.** વાનરોનો એક અધિપતિ, રામની સેનાને વાનર વિશેષ. ( વા૦ રા૦ કિષ્કિં૦ સ૦ ૯–૨૦)

**શતબલી.** શતબલ વાનર તે જ.

**શતમુખ** ભારતવર્ષિય નદી વિશેષ.

**શયાયૂપ** શકયદેશનો રાજા વૃદ્ધ થતાં પોતાના પુત્રને રાજ્ય આપી પોતે વાનપ્રસ્થ ધર્મ પાળવા હિમાલયપર ગયો હતો. એ ત્યાં હતો તે સમયે ધૃતરાષ્ટ્ર ગાંધારી સહિત ત્યાં ગયો હતો અને ઘણા દિવસ એના સહવાસમાં રહ્યો હતો. ( ભાર૦ આશ્રમ૦ )

**શતરથ.** સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન મૂલકરાજાનો પૌત્ર, અને દશરથનો પુત્ર. એને ઇલવિલ કિંવા ઇડવિડ કહેતા હતા. એના પુત્રોને ઐલવિલ કિંવા ઐડવિડ કહ્યા છે. (ભાર૦ દ્રો૦ અ૦ ૬૧ )

**શતરુદ્રા.** ભારતવર્ષીય નદી વિશેષ.

**શતરુપ**: સ્વાયંભૂ મનુનું નામ.

**શતરુપા.** સ્વાયંભૂ મનૂની સ્ત્રી. એ બ્રહ્મદેવના ડાબા અંગમાંથી ઉત્પન્ન થઇ હતી. એનું બીજું નામ સરસ્વતી પણ હતું.

**શતર્ચન.** એક બ્રહ્મર્ષિ.

**શતશીર્ષા.** વાસુકી નાગની સ્ત્રી.

**શતશૃંગ** શાલ્મિલી દ્વીપની અંદરનો પર્વત વિશેષ.

**શતશૃંગ.** (૨). પાંડવોનું જન્મસ્થાન–હિમાલયનું શિખર વિશેષ.

**શતસૌચ.** એક તીર્થ વિશેષ. ( ભાર૦ વન૦ ૮૧–૨૧ )

**શનહૃદ.** દનૂથી ઉત્પન્ન થએલા દાનવો પૈકી એક દાનવ.

**શનહૃદા.** જવ નામના રાક્ષસની સ્ત્રી અને વિરાધ નામના રાક્ષસની માતા.

**શનાજત.** સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશના સાત્વતના પુત્ર ભજમાન રાજાને બાહ્યકાને પેટે થએલા ત્રણ પુત્રોમાંનો મોટો પુત્ર.

**શતાનંદ.** એકની અંક સંજ્ઞાવાળા ગૌતમ ઋષિને અહલ્યાને પેટે થએલો પુત્ર. એ વિદેહવંશના જનકરાજાઓનો પુરોહિત હતો. ( વા૦ રા૦ બાં૦ સ૦ ૫૧ ) દાશરથી રામના વિવાહ વખતે આ શતાનંદ સીરધ્વજ જનકનો પુરોહિત હતો. ( ભાર૦ અનુ૦ ૪૫–૮ )

**શતાનંદ** (૨), વિંધ્યાશ્વ નામના પાંચાળ રાજાની કન્યા અહલ્યાને છની અંક સંજ્ઞાવાળા ગૌતમથી થએલા બે પુત્રોમાંનો મોટો. અને ચિરકારી ઋષિનો ભાઇ. એને સત્યધૃતિ નામનો પુત્ર હતો. આ સત્યધૃતિ કૃપાચાર્યનો મુળ પુરૂષ હતો. ( ભાગ૦ નવમો સ્કં૦ ૨૧ )

**શતાનંદ** (૩). સાવર્ણિ મન્વંતરમાં થનારા સપ્તઋષિયોમાંનો એક.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શતાનીક. પૂર્વ મત્સ્યાધિપતિ વિરાટ રાજાનો ભાઇ. ( ભા૦ વિરાટ૦ અ૦ ૩૧ ). એ ભારતના યુદ્ધમાં દ્રોણાચાર્યને હાથે મરણ પામ્યો હતો. ( ભા૦ દ્રો૦ અ૦ ૨૧ ). ભીષ્મને હાથે મરાયાનું પણ કહ્યું છે. (ભા૦ ભી૦ ૧૧૮-૨૭ ).

શતાનીક (૨), દ્રૌપદીને નકુલથી થએલો પુત્ર. પોતાના કુળમાં થઇ ગયેલા રાજર્ષિ શતાનીક જેવો કીર્તિવર્ધક હોવાથી એનું નામ નકુલે શતાનીક પાડયું હતું. ( ભા૦ આ૦ ૨૪૭ ). એ તંબુમાં સુતો હતો ત્યાં અઢારમા દિવસની રાત્રે અશ્વત્થામાને હાથે મરણ પામ્યો.

શતાનીક (૩). સોમવંશી કોઇ એક એ નામનો રાજર્ષિ. ( ભા૨૦ આ૦ ૨૪૭-૮૦ ).

શતાનીક (૪). સોમવંશી પૂરુકુળના પાંડવના વંશના જનમેજય રાજાને વપુષ્ટમાને પેટે થએલો પુત્ર. એના પુત્રનું નામ સહસ્રાનીક હતું.

શતાનીક (૫). પાંડવ વંશના સુદાસ રાજાનો પુત્ર. એનું બીજું નામ સોમક હતું. એને દુર્દમન નામનો પુત્ર હતો.

શતાયુ. સોમવંશના પુરૂરવાનો પુત્ર, એક ક્ષત્રિ. ( ભા૦ આ૦ ૬૯-૨૮ ).

શતાહ્વા. ભારતવર્ષીય એક નદી.

શતાક્ષી. દુર્ગાનું એક નામ.

શત્રુઘાતી. સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુલોત્પન્ન અજપુત્ર દશરથ રાજાનો પૌત્ર. શત્રુઘ્નને શ્રુતકીર્તિને પેટે થએલા બે પુત્રોમાંનો મોટો પુત્ર. એને યૂપકેતુ પણ કહેતા. એ વૈદિશ નામની નગરીમાં રહેતો. ભાગવતમાં એને શ્રુતસેન પણ કહ્યો છે.

सुबाहुः श्रुतसेनश्च शत्रुघ्नश्च बभूवतुः ॥
( ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૧૧. શ્લો. ૧૩ ).

શત્રુઘ્ન. સૂર્યવંશનો એ નામનો એક ઘણો પ્રાચીન રાજા. એ કોનો પુત્ર છે. એ હકીકત જણાતી નથી.

શત્રુઘ્ન (૨). સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન અજપુત્ર દશરથ રાજાને સુમિત્રાને પેટે થએલા બે પુત્રોમાં કનિષ્ઠ. લક્ષ્મણનો નાનો ભાઇ. એ નાનપણમાંથી ભરતની તરફના વલણનો હતો. જનકપુરમાં જ્યારે રામચન્દ્રનું લગ્ન થયું ત્યારે આનું લગ્ન પણ થયું હતું. સીરધ્વજ જનકના નાના ભાઇ કુશધ્વજ જનકની દિકરી શ્રુતકીર્તિ શત્રુઘ્નને પરણાવી હતી. વિવાહ પછી એનો મામો યુધાજિત જે લગ્નપ્રસંગે આવ્યો હતો તેની જોડે એ પોતાને મોસાળ કેકય દેશમાં ગયો હતો. કેકય દેશથી એ પાછો આવ્યો ત્યારે તો દશરથ રાજાની ઔર્ધ્વદૈહિક શ્રાદ્ધાદિક ક્રિયા થઇ ગયા પછી ભરત નંદીગ્રામમાં રહેતો હતો. આથી રામને નામે ચૌદ વર્ષ પર્યન્ત શત્રુઘ્ને જ અયોધ્યામાં સારી, રીતે રાજ્ય ચલાવ્યું હતું.

ચૌદ વર્ષ વનવાસ ભોગવી, રાવણને મારી સીતાને લઇ રામચન્દ્ર પાછા આવ્યા અને રાજ્ય કરવા લાગ્યા. સઘળાનો ત્યાર પછીનો ઘણો સમય આનંદમાં ગયો. એ કાળમાં શત્રુઘ્નને સુબાહુ અને શત્રુઘાતી એમ બે પુત્ર થયા હતા.

એક સમય યમુના તેડના કેટલાક ઋષિયો રામચંદ્ર પાસે આવીને લવણાસુરે આપેલા ત્રાસનું વર્ણન કરતા હતા, તે સાંભળીને શત્રુઘ્ન પોતે લવણાસુરને મારવા તૈયાર થયો. રામચંદ્રના વનવાસ કાળે ભરત અને લક્ષ્મણ એ બન્નેએ ઘણું કષ્ટ ભોગવ્યું હતું. માટે રામચંદ્રના મુખમાંથી લવણાસુરના વધ સારુ આજ્ઞા નિકળતાં જ શત્રુઘ્ને મને મોકલો કરીને આગ્રહ કર્યો. રામચંદ્રની આજ્ઞા થતાં જ પોતે નિકળીને ત્રિજે દિવસે વાલ્મીકિ ઋષિને આશ્રમે આવી પહોંચ્યો. આશ્રમ આગળ ભસ્મના મોટા ઢગલા જોઇને એણે ઋષિને એ વિષયે પુછતાં એણે મિત્રસહ રાજાના યજ્ઞ સંબંધી સમગ્ર હકીકત કહી. ( વા૦ રા૦ ઉત્ત૦ સ૦ ૬૫ ).

જે દિવસે શત્રુઘ્ન વાલ્મીકિના આશ્રમે આવી પહોંચ્યો હતો તે જ દિવસે સીતાને લવ અને કુશ એ બે પુત્ર પ્રસવ્યા હતા. શત્રુઘ્ન ત્યાંથી બીજે દિવસે વિદાય થઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાતમે દિવસે યમુના તીરે કાંચન અથવા ચ્યવન ઋષિના આશ્રમમાં આવ્યો. ત્યાં પાસે જ એણે સેનાનો પડાવ કર્યો. ( વા૦ રા૦ ઉત્ત૦ સ૦ ૬૬ ).

લવણાપુરના સામર્થ્ય સંબંધી એણે પ્રશ્ન કરવાથી ચ્યવનભાર્ગવે એને માંધાતા રાજાનો ઇતિહાસ કહી સંભળાવ્યો. ( ૧ માંધાતા શબ્દ જુઓ ). પછી બીજે દિવસે એણે લવણાસુરને માર્યો. લવણાસુરના મૃત્યુથી એ દેશ નિર્ભય થવો જોઇએ. દેવો અને ઋષિઓએ શત્રુઘ્નને કાંઇ વર માગવાની આજ્ઞા કરી. શત્રુઘ્ને માગ્યું કે આ દેશમાં ચારે વર્ણની પ્રજા રહો અને અહીંની સેના શુરત્વવાળી થાઓ. તેમણે તથાસ્તુ કહીને વરપ્રદાન કરવાથી એણે એ દેશનું નામ "શૂરસેન" પાડયું; અને ત્યાં મધુપુરી નામની નગરી હતી તેનું નામ ફેરવીને 'મથુરા' પાડી ત્યાં રાજ્યધાની કરી, રામચંદ્રને એ વર્ત્તમાન નિવેદન કર્યા. રામચંદ્રે એને એ રાજ્યનો અભિષેક કર્યો (વા૦ રા૦ ઉત્ત૦ ૪૦-૭૦)

શૂરસેન દેશમાં બાર વર્ષ રહ્યો. એક વખત એના મનમાં રામચંદ્રને મળવા ઇચ્છા થઇ. એ ત્યાંથી નિકળી, વાલ્મીકિના આશ્રમમાં એક રાત રહી અયોધ્યા આવી રામચંદ્રને ભેટયો. રામચંદ્ર, ભરત વિગેરેની સાથે કેટલાક દિવસ આનંદમાં વ્યતિત કરી રામચંદ્રની આજ્ઞાથી એ પાછો મથુરા આવ્યો. ( વા૦ રા૦ ઉત્ત૦ સ૦ ૭૧-૭૨ ).

કેટલેક કાળે એણે સાંભળ્યું કે રામચંદ્ર સ્વધામ પધારશે. એ ખબર લઇને રામચંદ્ર પાસેથી દૂત પણ આવ્યો. તેથી પોતાના મોટા પુત્ર સુબાહુને રાજ્યાસન પર બેસાડી અને નાના પુત્ર શત્રુઘાતીને વૈદિશ નગરીમાં રહેવાની આજ્ઞા કરીને, પોતે ઉતાવળે અયોધ્યા આવ્યો, અને રામચંદ્રના સમાગમમાં જ પરમ ગતિને પામ્યો. ( વા૦ રા૦ ઉત્ત૦ સ૦ ૧૯૮ ).

**શત્રુઘ્ન** (૩). લંકામાનો રાવણ પક્ષનો એક રાક્ષસ. ( વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૪૩ ).

**શત્રુઘ્ન** (૪). શ્વફલ્ક યાદવના તેર પુત્રોમાંનો એક.

**શત્રુઘ્ન** (૫). અક્રૂર યાદવના પુત્રોમાંનો એક.

**શત્રુંજય.** ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક. એને ભીમસેને માર્યો હતો. ( ભાર૦ ભી૦ ૫૧-૮, અને ભાર૦ દ્રો૦ ૧૩૭-૩૦ ).

**શત્રુંજય** (૨). અર્જુનને હાથે બન્ને ભાઇઓ સહિત મરણ પામેલો કર્ણનો પુત્ર. ( ભાર૦ દ્રો૦ અ૦ ૬૨ ).

**શત્રુંજય** (૩). અભિમન્યુએ મારેલો એક રાજપુત્ર. ( ભાર૦ દ્રો૦ ૪૮-૧૫ ).

**શત્રુંજય** (૪). અશ્વત્થામાને હાથે મરાયલા દ્રૂપદ રાજાના પુત્રોમાંનો એક. ( ભાર૦ દ્રો૦ ૧૫૭-૧૮૧-૧૮૨ ).

**શત્રુંજય** (૫). ક્ષત્રિ. જયદ્રથનો ભાઇ. ( ભાર૦ વ૦ ૨૬૬-૧૧ ).

**શત્રુંજય** (૬). એક સૂત. કર્ણનો ભાઇ, એને અર્જુને માર્યો હતો. ( ભાર૦ દ્રો૦ ૩૨-૬૧ ).

**શત્રુંજય** (૭). રામચંદ્રને બેસવાનો હાથી વિશેષ. ( વા૦ રા૦ અયો૦ સ૦ ૧૫ ).

**જત્રુંજય** (૮). એ નામનો રામની સેનામાંનો એક હાથી. ( વા૦ રા૦ અ૦ સ૦ ૯૭ ).

**શત્રજિત્** સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુળોત્પન્ન ધ્રુવસંધિ રાજાને લીલાવતીને પેટે થએલો પુત્ર. ( ૮ સુદર્શન શબ્દ જુઓ ).

**શત્રુજિત્** (૨). એકની સંજ્ઞાવાળા પ્રતર્દન રાજાનું બીજું નામ.

**શત્રુજિત્.** (૩). શોણાશ્વ રાજર્ષિના પુત્રોમાંનો એક.

**શત્રુતપન.** દનુપુત્ર દાનવોમાંનો એક.

**શત્રુતાપન.** શત્રુતપન તે જ.

**શત્રુન્તપ.** કર્ણનો નાનો ભાઇ-પાલક પિતાનો પુત્ર. ઉત્તર ગોગ્રહણ વખતે અર્જુનને હાથે માર્યો ગયો હતો. (ભાર૦ વિ૦ ૫૮-૧૮).

**શત્રુસહ.** સોમવંશી ધૃતરાષ્ટ્રનો સોમાંનો એક પુત્ર. ભીમને હાથે મરણ પામ્યો હતો. (ભાર૦ દ્રો૦ ૧૩૭-૩૦ ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**શતસૂદન.** દાશરથિ રામના સુજ્ઞ નામના મંત્રીના દશ પુત્રોમાંનો એક.

**શનિ.** વિવસ્વાન્ આદિત્યને છાયાને પેટે થએલા બે પુત્રોમાંનો નાનો પુત્ર. સાવર્ણિ જે અગાડી આઠમો મનુ થનાર છે તેનો સહોદર-ભાઇ. વૈવસ્વત એવું એનું બીજું નામ હોઈ એ હાલના શનિમંડળનો અધિપતિ છે. એને શનિશ્ચર પણ કહે છે.

**શન્તનુ.** સોમવંશી પ્રતીપનો પુત્ર. એની માતુ નામ સુનન્દી અને બે ભાઇઓનાં નામ દેવાપિ અને બાલ્હીક છે. (ભાર૦ આ૦ ૬૩-૪૭). એનું આ નામ પડવાના કારણ સારુ જુઓ (ભાર૦ આ૦ ૬૩-૪૯). (શંતનુ શબ્દ જુઓ).

**શંપાક.** હસ્તિનાપુરમાં રહેનાર એક દરિદ્રી બ્રાહ્મણ. એને લાભ થાય તો હર્ષ થતો નહિ અને લાભ ન થાય તો ખેદ પણ થતો નહિ. ભીષ્મને એના ઉપર વિશેષ ભક્તિ હતી. એ ભીષ્મને ચિત્તને શાંત રાખવાને અંગે ઘણી વાતો કહેતો. (ભાર૦ શાંતિ૦ ૧૭૫).

**શંબર.** તિમિધ્વજ રાજાનું નામ.

**શંભર (૨).** શંબરાસુર શબ્દ જુઓ.

**શંબરાસુર.** દનુપુત્ર દાનવમાંનો એક. કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ને એને માર્યો હતો. (૨ પ્રદ્યુમ્ન શબ્દ જુઓ)

**શંબરાસુર (૨).** ઇંદ્રે મારેલો એક અસુર. (ભાર૦ સૌપ્તિક૦ ૧૧).

**શમ્બર.** દેવ વિશેષ. (ભાર૦ ભી૦ ૫૦-૫૩, દ્રો૦ ૧૭૯-૫૩).

**શબરી.** એક ભીલડી. એ પંપા સરોવરને પશ્ચિમ કાંઠે રહેનારા મતંગ ઋષિની દાસી હતી. રામચંદ્ર ચિત્રકૂટ પર્વત પર હતા તેવામાં મતંગ ઋષિ દેવલોકમાં ગયા. મરતાં મરતાં શબરીને કહેતા ગયા હતા કે થોડા જ સમયમાં રામચંદ્ર અહીં આવશે. એમનું આતિથ્ય કર્યા બાદ તું સ્વર્ગમાં આવજે. એ આજ્ઞાનુસાર આ બાઇ રામચન્દ્રની વાટ જોતી આશ્રમમાં રહેતી હતી. તેવામાં લક્ષ્મણ સહિત રામચન્દ્ર આશ્રમમાં આવ્યા. શબરીએ એમનું પૂજન વગેરે કરી એમને આશ્રમનાં વનફળો ખાવા આપ્યાં. તેમજ મતંગના વનમાં સપ્તસાગરાદિ તીર્થોની હકીકત કહીને જે જે જોવા જેવું હતું તે બધું બતાવ્યું. પછી રામને ઋષ્યમૂક પર્વત પર સુગ્રીવ રહેતો હતો તેને મળવાનું કહીને એણે અગ્નિ પ્રદીપ્ત કરી તેમાં પ્રવેશ કરીને દેહત્યાગ કર્યો; અને સ્વર્ગે ગઇ. (વા૦ ૨૦-અરણ્ય૦ સ૦ ૭૪). લોકોક્તિ પ્રમાણે રામચન્દ્ર ઉપર ઘણો ભાવ લાવી પોતે ચાખી ચાખીને રામચન્દ્ર સારુ સ્વાદિષ્ટ ફળ તેમને ખવાડ્યાં હતાં. આમ એની પ્રીતિને વશ થઈ રામચન્દ્ર ભગવાને અજીઠાં ફળ ખાધાં હતાં. ઘણા ગુજરાતી અને હિંદી કવિયોએ આ બનાવને વર્ણવ્યો છે. "શબરીકે બોર, સુદામા કે તાંદુલ રુચિ રુચિ ભોગ લગાયે." "એઠાં ફળ શબરીનાં ખાધાં" ઇ૦

**શબલ.** પ્રાચેતસ દક્ષને ફરીથી થએલા દસહજાર પુત્રો પૈકી પ્રમુખ. (૨ દક્ષ શબ્દ જુઓ.)

**શબલ (૨).** કાશ્યપ ઋષિને કદ્રૂને પેટે થએલા સર્પોમાંની એક જાતિ વિશેષ.

बहुत्वान्नामधेयानि पन्नगानां तपोधन ।
न कीर्तयिष्ये सर्वेषां प्राधान्येन तु मे शृणु ॥ ४ ॥
नीलानीलौ तथा नागौ कल्माषशबलौ तथा ।
आर्यक श्चोग्रकश्चैव नागः कलशपोतकः ॥५॥

ભાર૦ આ૦ અ૦ ૩૫)

**શબલાક્ષ.** એક ઋષિ.

**શબલાશ્વ.** સોમવંશી અવિક્ષિતનો પુત્ર એક ક્ષત્રિ. (ભાર૦ આ૦ ૧૦૨-૪૦)

**શંબસાદન.** કેસરી વાનરે મારેલો એક રાક્ષસ.

**શંભુ.** શિવનું એક નામ.

**શંભુ (૨).** સૂર્યવંશના નભગ વંશના અંબરીષ રાજાના ત્રણ પુત્રોમાંનો નાનો પુત્ર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**શંભુ (૩).** જેણે કુશધ્વજ રાજાને માર્યો હતો તે અસુર, ( વેદવતી શબ્દ જુઓ ).

**શંભુ (૪).** શુક્રાચાર્યને પીબરીને પેટે થએલા પાંચ પુત્રોમાંનો ત્રીજો પુત્ર.

**શંભુ (૫).** બ્રહ્મસાવર્ણિ મન્વંતરમાં હવે પછી થનારો દસમો ઇન્દ્ર.

**શમ.** સ્વાયંભુવ મન્વંતરમાં ધર્મઋષિનો પુત્ર. આ નામ ધર્મઋષિના ચૌદ પુત્રો પૈકી કિયાનું છે તે જણાતું નથી.

**શમ (૨).** ધર્મ પ્રજાપતિનો પુત્ર. એની સ્ત્રીનું નામ પ્રાપ્તિ અને બે ભાઇઓનાં નામ હર્ષ અને કામ હતાં. ( ભા૦ આ૦ ૬૭-૩૨ ).

**શમ (૩).** અહર્ નામના વસુનો પુત્ર. એના ભાઇઓનાં નામ જ્યોતિ, શાન્ત અને મુનિ. ( ભા૦ આ૦ ૬૭-૨૩ ).

**શમ (૪).** પૂરુકુળોત્પન્ન અજમીઢવંશીય કુરુપુત્ર સુધન્વાના વંશના જરાસંધકુળમાં જન્મેલા ધર્મસૂય રાજાનો પુત્ર. એને દ્યુમત્સેન નામે પુત્ર હતો.

**શમઠ.** ગયશિર પર્વતપર રહેનાર એક ઋષિ. પર્વતપરના બ્રહ્મસર નામના સરોવરની પાસે એ રહેતો હતો. લોમશ ઋષિની સાથે તીર્થયાત્રા કરતા કરતા પાંડવો એના આશ્રમે આવી ચડયા હતા. ત્યારે એ પર્વતનું ગયશિર નામ જેના ઉપરથી પડેલું તે ગયરાજાનું વૃત્તાંત એણે બધાંને સંભળાવ્યું હતું. એણે પાંડવોનું આતિથ્ય કરીને એમને ત્યાંથી વિદાય કર્યા હતા. ( ભા૨૦ વન૦ અ૦ ૯૩-૧૯ ).

**શમી.** કુરુકુલોત્પન્ન શોણાશ્વ રાજાનું નામ. આ રાજાનું નામ વંશાવળીમાં નથી.

**શમી (૨).** સોમવંશી અનુકુલોત્પન્ન ઉશીનર રાજાના ચાર પુત્રોમાંનો ત્રિજો.

**શમી (૩).** વિરાટનગરની પાસેના સ્મશાનમાં આવેલું શમીનું ઝાડ જેના ઉપર વિરાટ નગર જતાં પૂર્વે પાંડવોએ પોતાનાં શસ્ત્રાસ્ત્ર મૂક્યાં હતાં તે. ( ભા૨૦ વિરા૦ અ૦ ૭-૧૭ ).

**શમીક.** સોમવંશી યદુકુલોત્પન્ન સાત્વતવંશના શૂર રાજાને મારીષાને પેટે થએલા દસ પુત્રો પૈકી આઠમો પુત્ર. એની સુદામિની નામે સ્ત્રીને પેટે સુમિત્ર અને અર્જુનપાળ વગેરે પુત્રો થયા હતા. આ શમીક ઘણો પરાક્રમી હતો.

**શમીક (૨).** આંગિરસ કુલોત્પન્ન એક ઋષિ. એને એની ગૌ નામની સ્ત્રીની કુખે શૃંગી નામનો પુત્ર થયો હતો. શમીક સ્ત્રીપુત્ર સહિત અરણ્યમાં રહી તપ કરતો હતો તેવામાં એકદા રાજા પરીક્ષિત મૃગયા સારુ નિકળેલો હતો. તેને કોઇ મૃગ જડયો નહિ; ભુખ અને તરસથી થાકીને બેઠો હતો તેવામાં એની નજરે એક મૃગ પડયો. રાજાએ એના પર બાણ ફેંકયું પરન્તુ ઘાયલ થએલો મૃગ નાશી ગયો. રાજા એની પૂંઠે પડયો પણ તેને મૃગ જડયો નહિ. એટલામાં એકાએક આ શમીકનો આશ્રમ રાજાની દૃષ્ટિયે પડયો.

રાજાને ઘણી તરસ લાગી હતી સબબ એણે આશ્રમ બહાર ઉભા રહી ઘાંટો પાડીને પુછ્યું કે આશ્રમમાં કોણ છે? શમીકની સ્ત્રી આશ્રમમાં નહોતી અને એનો પુત્ર સમિધ અને દર્ભ લેવા વનમાં ગયો હતો. શમીક ઋષિ પોતે સમાધી ચઢાવી ધ્યાનસ્થ હતા. આમ હોવાથી રાજાએ પુછયું પણ જવાબ આપનાર કોઇ મળે નહિ. પરીક્ષિત થોડે છેટે આશ્રમમાં પેઠો અને જુએ છે તો શમીક ઋષિ આંખો મીંચીને બેઠા છે. દુર્દૈવને લઇને રાજાના મનમાં આવ્યું કે એ મારી જોડે ગર્વને લીધે બોલતો નથી. આમ ચીઢાઇને ત્યાં પાસે જ એક મુએલો સાપ પડયો હતો તે પોતાના ધનુષ્યે ઉપાડી ઋષિના ગળામાં વિંટાળ્યો, અને પોતે ત્યાંથી ચાલી નિકળ્યો.

રાજા હસ્તિનાપુર ગયો. અહીં શૃંગી આશ્રમમાં આવી જુએ છે તો પોતાના પિતાના ગળામાં સાપ વિંટળાયલો છે. કોઇએ જાણી જોઇને આ મરેલો સાપ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિંટાળ્યો છે એ વાત ધ્યાનમાં આવતાં જ એણે શાપ દીધો કે જેણે મારા પિતાના ગળામાં આ મુએલો સર્પ વિંટાળ્યો છે તેને સાતમે દિવસે સર્પદંશ થશે અને એથી મૃત્યુ પામશે. થોડી વારે શમીક ઋષિ સમાધિમાંથી જાગ્રત થયા. જુએ છે તો શૃંગી ઉતરેલે ચહેરે પાસે બેઠો છે. એણે પુત્રને પુછ્યું કે આમ કેમ બેઠો છે? શૃંગીએ આપના ગળામાં કોઇએ મુએલો સાપ વિંટાવ્યો હતો અને એ વિંટાળનારને મેં આવો શાપ આપ્યો એમ કહ્યું. એ સાંભળીને શમીકે કહ્યું એ તેં સારુ કર્યું નહિ. કેમકે એમ સર્પ વિંટાળનાર પરીક્ષિત રાજા ઘણો ધર્માત્મા છે અને એના વડે જ આ અરણ્યમાં નિર્ભ્રાંત રહી શકીએ છીએ.

હવે થયું તે થયું. આ શાપની હકીકત રાજાને સત્વર નિવેદન કરવી જોઇએ એમ ધારીને શમીકે પોતાના ગારમુખ નામના શિષ્યને મોકલીને શાપની હકીકત રાજાને જણાવી. (ભાર૦ આ૦ અ૦ ૪૦-૪૧) અને (ભાગ૦ ૧ સ્કં૦ ૧૮ અ૦)

**શમીતીર્થ.** તીર્થ વિશેષ. (ભાર૦ વન૦ અ૦ ૮૦)

**શમ્બુક.** દાશરથિ રામે મારેલો એક શુદ્ર તાપસ. (ભાર૦ શાં૦ ૧૫૨-૬૭, અને (વા૦ રા૦ ૭-૭૬).

**શમ્ભલગ્રામ.** સમ્ભલગ્રામ શબ્દ જુઓ.

**શંયુ.** તારાને બૃહસ્પતિથી થએલો પુત્ર, છ પુત્રોમાં આ મુખ્ય અને એની ગણના અગ્નિમાં થાય છે. એને એની સત્યા નામની સ્ત્રીથી ભરત અને ભારદ્વાજ એમ બે પુત્ર અને ત્રણ કન્યા થઇ હતી.

**શરગુલ્મ.** રામની સેનામાંનો એક વાનર. (વા૦ રા૦ કિષ્કિ૦ સ૦ ૪૧).

**શરજન્મા.** આ નામ ક્વચિત્ કાર્તિકેયને લગાડેલું છે, શરના ભાથામાં જન્મ થવાને લીધે.

**શરદંડા.** કુરુજાંગલ દેશમાંની એક નદી.

**શરદ્વાન** ગૈતમ ઋષિનો પ્રપૌત્ર, શતાનંદનો પૌત્ર અને સત્યધૃતીનો પુત્ર. એ ધનુર્વિદ્યામાં ઘણો જ નિપુણ હતો, તેથી એનું આ નામ પાડયું હતું. એના પુત્ર કૃપાચાર્યને તેમ જ બીજા વંશજોને સામાન્યતઃ શારદ્વત અને ગૌતમ કહેતા.

**શરદ્વાન (૨).** અંગિરા કુલોત્પન્ન એક ઋષિ.

**શરદ્વાન (૩).** અંગિરા કુલોત્પન્ન બીજો એક ઋષિ.

**શરભ.** રામની સેનામાંનો એક પ્રખ્યાત વાનર. (વા૦ રા૦ યુદ્ધ ૩૦).

**શરભ (૨).** શાલ્વેય પર્વત પર રહેનાર એક બીજો વાનર. (વા૦ રા૦ યુદ્ધ સ૦ ૨૬).

**શરભ (૩)** દનુપુત્ર એક દાનવ.

**શરભ (૪).** શકુનીના ભાઇઓ પૈકી એક. એને રાત્રિ યુદ્ધમાં ભીમસેને માર્યો હતો. (ભાર૦ દ્રો૦ અ૦ ૧૫૮).

**શરભ (૫).** શિશુપાલના પુત્રોમાંનો એક. જ્યારે પાંડવોના અશ્વમેધનો ઘોડો એના દેશમાં ગયો ત્યારે એણે એનું પૂજન કરી, સૈનિકોનો સત્કાર કરીને કરભાર આપ્યો હતો. (ભાર૦ અશ્વ૦ અ૦ ૮૩)

**શરભ (૬).** એક રાજર્ષિ.

**શરભ (૭).** અથર્વણવેદનું એક ઉપનિષત્.

**શરભ (૮).** સર્પ વિશેષ. (ભાર૦ આ૦ ૫૭-૧૧).

**શરભંગ.** ગૌતમકુલોત્પન્ન એક ઋષિ. એ દંડકારણ્યમાં તપ કરતો હતો ત્યારે વિરાધના કહેવાથી સીતા અને લક્ષ્મણ સહવર્ત્તમાન રામ એને આશ્રમે આવ્યા હતા. તે વખતે સ્વર્ગમાંથી ઇન્દ્ર પણ ત્યાં આવ્યો હતો. રામ આવ્યા પછી એ ગયો. શરભંગે રામને પોતાના આશ્રમમાં આણીને એમનું ઘણી સારી રીતે આતિથ્ય કર્યું. રામે એને પુછ્યું કે આ અમણાં ગયું તે કોણ? અને એ કેમ આવ્યા હતા? શરભંગે કહ્યું કે ઇન્દ્ર હતો અને મને દિવ્યલોકમાં ચાલો એમ કહેવા આવ્યો હતો. પણ તમે મારા આશ્રમમાં આવનાર હતા, સબબ હું ગયો નહિ. હું બહુ દિવસથી તમારી વાટ જોઉં છું. આજે તમારા આવવાથી હું કૃતાર્થ થયો. આમ વાત કર્યા પછી એણે અગ્નિમાં પ્રવેશ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કર્યો અને દિવ્ય દેહ ધારણ કરી દિવ્યલોકમાં ચાલ્યો ગયો. ( વા૦ રા૦ અ૦ સ૦ ૫ ) અને ( ભાર૦ વન૦ ર૭૮-૪૬,૪૭, ૮૩-૪૨ ).

**શરયૂ.** વીર નામના અગ્નિની સ્ત્રી.

**શરયૂ (૨).** અયોધ્યા અગાડી વહેનાર સરજુ નદી તે જ.

**શરવણ.** હિમાલય ઉપર આવેલું શિવ પાર્વતીનું ક્રીડાવન. અહીં જે પુરુષ આવે તે સ્ત્રી થઇ જશે એવો પાર્વતીનો શાપ હતો. તેથી જ ચાલુ મન્વંતરના આરંભમાં ઇલ રાજા આ વનમાં પ્રવેશ કરતાં જ સ્ત્રીત્વ પામ્યો હતો. ( મત્સ્ય૦ અ૦ ૧૧ ). ( ઇલ શબ્દ જુઓ. )

**શરવા.** મહેંદ્ર પર્વતમાંથી નીકળેલી નદી વિશેષ.

**શરારિ.** મારુતિ વગેરેની જોડે સીતાની શોધ સારુ દક્ષિણમાં ગએલા વાનરો પૈકી એક. ( વા૦ રા૦ કિષ્કિં૦ સ૦ ૪૧ ).

**શરાવતી.** ભારતવર્ષીય નદી વિશેષ.

**શરુ.** એક ગંધર્વ વિશેષ.

**શર્કરાવર્તી.** ભારતવર્ષીય નદી વિશેષ.

**શર્કરાક્ષી.** ત્રગડાની સંજ્ઞાવાળા ભૃગુ ઋષિના કુળમાં થએલો એક ઋષિ.

**શર્મક.** ઇંદ્રપ્રસ્થની પૂર્વે આવેલો દેશ વિશેષ.

**શર્મક (૨).** શર્મક દેશનો રાજા. ( ભાર૦ સભા૦ અ૦ ૨૧ ).

**શર્મિષ્ઠા.** વૃષપર્વા દાનવની દિકરી. દાસીપણું સ્વીકારી એ દેવયાનીની જોડે એને સાસરે ગઇ હતી. ( યયાતિ શબ્દ જુઓ ). ( ભાગ ૯ સ્કં૦ અ૦ ૧૮ અને મત્સ્ય ૨૭-૩૨).

**સર્યાતિ.** વૈવસ્વત મનુના દસ પુત્રોમાંનો ત્રિજો પુત્ર. એ શૂર હતો અને એટલો વેદવેદાંગ પારગ હતો કે અંગિરા ઋષિના સત્રમાં બિજા દિવસનું બધું કામ એણે એકલાએ કર્યું હતું. એને ઉત્તાનબર્હિ, આનર્ત, ભૂરિષેણ એ ત્રણ અને હૈહય અને તાલજંઘ નામના બીજા બે મળીને પાંચ પુત્રો હતા. એને સુકન્યા નામે દિકરી હતી જે ચ્યવન ભાર્ગવને પરણાવી હતી. ( ૧ ચ્યવન શબ્દ જુઓ ).

**શર્યાતિ (૨).** અક્રુરપુત્ર એક યાદવ.

**શર્યાતિ (૩).** સોમવંશી પ્રાચીનવત રાજાનો પુત્ર. એની માનું નામ આશ્માકી. એ ત્રિશંકુની દિકરીને પરણ્યો હતો. એનાથી એને અહંયાતિ નામે પુત્ર થયો હતો. ( ભા૦ આ૦ ૬૩-૧૨ ).

**શર્વ.** મહાદેવ.

**શલ.** ઇક્ષ્વાકુ કુળના પરીક્ષિત નામના રાજાના ત્રણ પુત્રોમાંનો મોટો પુત્ર. આ પરીક્ષિત કિયો અને કોનો પુત્ર એ જણાતું નથી. આયુ નામના મંડુકાધિપની દિકરી સુશોભના એની સ્ત્રી થાય. એ સ્ત્રીથી એને ત્રણ પુત્રો થયા હતા. એના ભાઇઓનાં નામ દલ અને બલ એવાં હતાં. આ શલ એના બાપની પછી ગાદી ઉપર બેઠો હતો. એક દિવસ એ મૃગયા સારુ અરણ્યમાં ગયો હતો. અરણ્યમાં ચાલતાં ચાલતાં એના ઘોડા એટલા થાકી ગયા કે બરાબર ચાલે નહિ. શલ સારથિને વારે વારે કહે કે ઘોડાને ઉતાવળા ચલાવ. આથી કંટાળીને સારથીએ કહ્યું કે ઘોડા થાકી ગયા છે અને ચાલતા નથી, એને હું શું કરું ? તો પણ વારે વારે કહ્યા કરે. છેવટે થાકીને સારથિએ કહ્યું કે આ ઘોડા કાંઇ વામદેવ્ય અશ્વ નથી કે કોઈ દિવસ થાકે એ નહિ અને સદોદિત વાયૂ વેગે ચાલે ! એ ઉપરથી શલે પુછ્યું કે વામદેવ્ય અશ્વ વળી કેવા હોય ? મને કહે. પણ સારથિ કાંઇ બોલે નહિ. તેથી શલે સારથિને મારવા લીધો, ત્યારે એણે કહ્યું કે આ અરણ્યમાં વામદેવ નામના ઋષિ રહે છે. એમની પાસેના અશ્વો કોઇ દિવસ થાકે જ નહિ એવા છે, માટે મેં આપને વામદેવ્ય અશ્વ ન હોય એમ કહ્યું. સારથિની વાણી સાંભળીને રાજાએ કહ્યું એમ હોય તો તું મને વામદેવને આશ્રમે લઇ જા. ઠીક, એમ કહીને સારથિ રાજાને વામદેવના આશ્રમે લઇ ગયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શલ રાજાએ ત્યાં જઇને ઋષિને વંદન કર્યું. ઋષિયે રાજાનું સ્વાગત કર્યું અને આજ આ તરફ કેમ અને કયાંથી પધાર્યા પુછતાં, રાજાએ કહ્યું કે મારા અશ્વો થાકી ગયા છે અને આપની પાસે અશ્વો છે એમ મેં સાંભળ્યું માટે હું આવ્યો છું. ઋષિયે કહ્યું બહુ સારુ. મારા અશ્વો લઇ જાઓ પણ મને તે એક મહિનાની અંદર પાછા મોકલજો. રાજા તથાસ્તુ કહી, રથે ઋષિના અશ્વ જોડી ત્યાંથી નિકળી અયોધ્યા આવી પહોંચ્યો. બાદ અશ્વો ઘણી ઉંચી જાતના છે જાણી લોભવશ થઇ ઋષિને ત્યાં પાછા ન મોકલતાં પોતે જ રાખી લીધા.

એક માસ થઇ ગયો અને શલ રાજાએ અશ્વો પાછા મોકલ્યા નહિ એ જોઇને વામદેવ ઋષિયે પોતાના આત્રેય નામના શિષ્યને શલ રાજાને ત્યાં ઘોડા માગવા સારુ મોકલ્યો. એણે શલ રાજાને ત્યાં જઇ રાજાની પાસે ઘોડા માગ્યા. દુષ્ટ શલ રાજાએ જવાબ આપ્યો કે બ્રાહ્મણને ત્યાં આવા ઘોડા શું કરવા હોવા જોઇએ ? તું તારા ગુરુને જઇને કહે કે હું અશ્વ આપતો નથી. આત્રેયે પાછાં આવીને વામદેવ ઋષિને આ વાત કહી એટલે એ પોતે રાજા પાસે ગયો. એણે ઘોડા માગ્યા પણ રાજા આપે નહિ. રાજા કહે તારે ચાર બળદ અને એક ગધેડું જોઇએ તો લઇ જા; પણ ઘોડા તો નહિ મળે. તેથી વામદેવને ક્રોધ આવ્યો. છતાં રાજાને ઘણા પ્રકારે નીતિનો બોધ કર્યો. આટલું કરતાંએ રાજા સાંભળતો જ નથી, એ જોઇને વામદેવે ચાર રાક્ષસ ઉત્પન્ન કર્યા અને રાજાને શિક્ષા કરવા પ્રેર્યા, અને પોતે પોતાને આશ્રમે ગયો. અહીં રાક્ષસોએ રાજાને પકડયો અને ઘોડા આપે છે કે મારીએ કહેતાં એ ઘણો મૂર્ખ રાજા મોટા મોટા ઘાંટા પાડી કહેવા લાગ્યો કે ઇક્ષ્વાકુકુળોત્પન્નો સાંભળો; નાશ થાય તો ભલે પણ ઘોડા પાછા ન આપશો. આ રાક્ષસોએ રાજાને ઠાર મારી નાખ્યો. પછી રાક્ષસો અંતર્ધાન થયા.

શલના મરણ પછી એનો નાનો ભાઇ દલ ગાદી પર આવ્યો. એણે પણ અશ્વ પાછા મોકલ્યા નહિ એ જોઇ વામદેવ એની પાસે આવ્યો અને અશ્વ માગવા લાગ્યો. દલે ક્રોધે ભરાઇને સેવકોને આજ્ઞા કરી કે મારું ધનુષ્ય અને ઝેરી બાણો લાવો કે હું આ ઋષિને સત્વર મારી નાંખુ. વામદેવે એ સાંભળીને કહ્યું કે એ બાણથી ત્હારો પુત્ર શ્યેનજિત્ મરણ પામો. ઋષિનું વચન નિકળતાં જ શ્યેનજિત્ મરણ પામ્યો. તોપણ દલે બીજું બાણ મંગાવ્યું. એ ઉપરથી વામદેવે રાજાના આખા શરીરનું સ્તંભન કરી દીધું. આ જોઇને એની સ્ત્રી–રાજપત્ની શરણ આવી અને અપરાધની ક્ષમા માગી. એણે અશ્વો ઋષિને સ્વાધીન કરી દીધા. એ ઉપરથી વામદેવે શ્યેનજિત્‌ને સજિવન કર્યો અને રાજાને પૂર્વવત્ સાજો કરી ઘોડાને લઈ પોતાને આશ્રમે ચાલ્યો ગયો. (ભાર૦ વ૦ અ૦ ૧૯૨).

**શલ (૨).** સોમવંશી પુરુકુલોત્પન્ન કુરુપુત્ર જન્હુવંશીય બાલ્હીક પુત્ર સોમદત્તના ચાર પુત્રોમાંનો ત્રિજો પુત્ર. એ દુર્યોધનનો પરમ મિત્ર હતો, સબબ એને પક્ષે ભારતના યુદ્ધમાં આવ્યો અને મરાયો હતો. એને ભૂરિ અને ભૂરિશ્રવા નામે બ ભાઇ હતા.

**શલ (૩).** કંસની સભાનો એક મલ્લ. ધનુર્યાગની વખતે એને કૃષ્ણે માર્યો હતો. (ભાગ૦ દશમ૦ અ૦ ૪૪).

**શલ (૪).** સુયજ્ઞ પ્રધાનના પુત્રોમાંનો એક. (કુશીલવ શબ્દ જુઓ).

**શલ (૫).** સોમવંશી ધૃતરાષ્ટ્ર રાજાનો એક પુત્ર. (ભાર૦ આ૦ ૧૩૧–૪, કર્ણ૦ ૪૬–૮).

**શલ (૬).** એક સર્પ વિશેષ. (ભાર૦ આ૦ ૫૭–૫).

**શલકર.** સર્પ વિશેષ. (ભાર૦ આ૦ ૫૭–૯).

**શલભ.** એક દાનવ.

**શલભ (૨).** ચેદી દેશનો પાંડવ પક્ષનો એક રાજા. એને કર્ણે માર્યો હતો. (ભાર૦ કર્ણ૦ અ૦ ૫૬).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**શલ્ય.** મદ્રદેશાધિપતિ ઋતાયનનો પુત્ર. એની બ્હેન માદ્રી પાંડુની બીજી સ્ત્રી હતી. સહદેવ અને નકુળનો એ સગો મામો થાય. પિતાના મરણ પછી એ ગાદીપર આવ્યો હતો. એની રાજધાનીનું નામ શાકળ હતું.

અજ્ઞાતવાસ પૂરો ભોગવી પાંડવો છતા થયા અને પાર ન પડેલી વિષ્ટિ પછી યુદ્ધનો નિશ્ચય થયો ત્યારે યુધિષ્ઠિરે શલ્યને પોતાના પક્ષ તરફથી લડવા બોલાવ્યો હતો. એ પોતાના દેશથી નિકળી પાંડવો પાસે આવતો હતો. પણ દુર્યોધને એ પોતાના પક્ષમાં આવે એ હેતુથી એના આવવાના માર્ગમાં પોતાના કુરુદેશથી ઠેઠ મદ્રદેશ સુધી મુકામે મુકામે એના આતિથ્યની એવી સારી વ્યવસ્થા કરાવી હતી કે એને કશી વાતની ન્યૂન ન પડતાં જે જે ઇચ્છે તે મળી આવે. આ ગોઠવણથી શલ્ય તેમ જ એના સૈન્યને મુસાફરી સુખરૂપ થઇ પડી. શલ્ય એમ જ સમજતો હતો કે આ બધી ગોઠવણ પાંડવોએ જ કરી છે. એણે સરભરા કરનારા અમલદારોને પુછ્યું કે તમારે જે ઇચ્છા હોય તે માગો. આ ઉપરથી એમણે પ્રાર્થના કરી કે આપ ત્વરાથી દુર્યોધન પાસે પધારો. મુકામે મુકામે જ્યાં જ્યાં શલ્યનો પડાવ થતો ત્યાં ત્યાં દુર્યોધન ગુપ્ત વેશે હાજર જ રહેતો. શલ્યે અમલદારોને ઇચ્છિત માગવાનું કહેતાં જ, દુર્યોધને છતા થઇ શલ્યની પ્રાર્થના કરી કે આપ મારા પક્ષમાં આવો. શલ્ય આ માગણીથી ધર્મસંકટમાં પડયો, પણ પોતે શ્રીમુખે વચન આપ્યું હતું તેથી કહ્યું કે ભલે, હું રણક્ષેત્રપર જઇ યુધિષ્ઠિરને મળી સત્વર તમારી પાસે આવીશ. પછી પોતે છડી સ્વારીએ યુધિષ્ઠિર પાસે ગયો.

પાંડવો ઉપપ્લવ્યમાં રહેતા હતા ત્યાં જઇ શલ્ય યુધિષ્ઠિરને મળ્યો. યુધિષ્ઠિરે એનો ઘણો સત્કાર કર્યો. શલ્યે કહ્યું, યુધિષ્ઠિર! હું તમારા પક્ષમાં આવવા નિકળ્યો હતો પણ દુર્યોધને મને પેચ કરીને પોતાના પક્ષમાં લીધો છે. હું આ વાત તમને જણાવવાને આવ્યો છું, યુધિષ્ઠિરે કહ્યું આપે દુર્યોધનનો પક્ષ લીધો તેથી મને સંતોષ ન થયો. આપે એને વચન આપ્યું છે સબબ તે પ્રમાણે આપ બેલાશક એના પક્ષમાં જાઓ, પણ મારું કહેવું માત્ર એટલું જ છે કે આપનું અંતઃકરણ મારા પક્ષમાં જ રાખજો. શલ્ય કહે તમારે એ કહેવાની જરૂર જં નથી. દુર્યોધને તમારા પ્રતિ કરેલા અપકારો, અને તેથી તમને બધાંને થએલું દુઃખ મારી જાણમાં જ છે. પણ નિશ્ચય માનજો કે તમારાં દુઃખ હવે થોડા કાળમાં નાશ પામી તમને અસીમ સુખ પ્રાપ્ત થશે એવો મારો આશીર્વાદ છે. તમે વેઠેલાં દુઃખ સંભારી સંભારી દુઃખી થશો નહિ. ઇન્દ્ર સરખાને યે અનેક દુઃખો વેઠવાં પડે છે, તો આપણે મનુષ્યોને સોસવાં પડે તેમાં શું આશ્ચર્ય ? એ સંબંધે શલ્યે યુધિષ્ઠિરને વૃત્રાસુરનું આખ્યાન કહી ( ભાર૦ ઉ૦ અ૦ ૯-૧૧ ) સંભળાવ્યું. એણે નહુષ રાજાનું ચરિત્ર પણ કહ્યું ( ભાર૦ ઉ૦ અ૦ ૧૧-૧૭). પછી બધાને મીઠા શબ્દોથી આનંદ આપી, પોતાના ભાણેજો નકુળ અને સહદેવના મનનું સમાધાન કરી, અને બધાને હળીમળી શલ્ય દુર્યોધન પાસે પાછો આવ્યો.

પાંડવ અને કૌરવો પોતપોતાના સૈન્યો સહિત ક્ષેત્રપર આવતાં યુદ્ધનો આરંભ થયો. એ યુદ્ધમાં પ્રથમ દસ દિવસ ભીષ્મ અને પાંચ દિવસ દ્રોણ સેનાપતિયો થયા હતા. એ બન્નેના મરણ પછી કર્ણ સેનાપતિ નિમાયો. કર્ણ બે દિવસને સારુ નિર્માણ થયો. એક દિવસ યુદ્ધ ચાલ્યા પછી કર્ણે દુર્યોધનને કહ્યું કે આવતી કાલે શલ્ય મારો સારથિ થાય એમ બને તો ઠીક. તે ઉપરથી દુર્યોધને શલ્યની પ્રાર્થના કરી કે આવતી કાલના યુદ્ધમાં કર્ણના રથના આપ સારથિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થઇ મને ઉપકૃત કરો. આથી શલ્યને ક્રોધ ચઢયો અને એ રીસાઇ પોતાને સ્વદેશ પાછો જવા તૈયાર થયો. પણ દુર્યોધને અનેક પ્રકારે ઘણી જ નમ્રતાથી સાન્ત્વન કરતાં એણે સારથિપણું કરવાની હા કહી. બીજે દિવસે યુદ્ધમાં શલ્ય સારથિ તરીકે કર્ણના રથમાં આરુઢ થયો. સારથિપણું કરતાં કર્ણનું તેજ હરણ કરવાના હેતુથી કર્ણ અને શલ્ય વચ્ચે ઘણી ટપાટપી થઇ હતી ( કર્ણ શબ્દ જુઓ ) જેથી કર્ણ ઉદ્વિગ્ન થઇ ગયો હતો.

કર્ણના મરણ પછી દુર્યોધને અશ્વત્થામાની સૂચના ઉપરથી અઢારમા દિવસ સારુ શલ્યને સેનાપતિ નિમ્યો. ( ભાર૦ શલ્ય૦ અ૦ ૫-૬ ) શલ્યે પ્રાતઃકાળથી તે મધ્યાન પર્યંત યુદ્ધ કર્યું; તેમાં એ યુધિષ્ઠિરને હાથે મરણ પામ્યો. ( ભાર૦ શલ્ય૦ અ૦ ૧૬ ) યુધિષ્ઠિરે એના ભાઇને પણ મારી નાંખ્યો. રુકમરથ, રુકમાંગદ આદિ સો પુત્રો હતા. એ બધાએ એના મરણ પહેલાં યુદ્ધમાં યુધિષ્ઠિરને હાથે માર્યા ગયા હતા.

**શલ્યકર્તન.** શિલા નદીને તીરે આવેલું એક નગર. ( વા૦ રા૦ અયો૦ સ૦ ૭૧ ).

**શલ્યકર્ષણ.** શલ્યકર્તન નગરનું બીજું નામ.

**શશક.** ભારતવર્ષીય દેશ વિશેષ. શશિક દેશ તે જ.

**શશબિન્દુ.** એક રાજર્ષિ. એને દશ હજાર સ્ત્રીઓ અને દરેક સ્ત્રીને એક એક હજાર પુત્રો એમ મળીને દશ લાખ પુત્રો હતો. ( ભાર૦ શા૦ અ૦ ૨૦૮ ).

**શશબિન્દુ (૨).** વૃષ્ણિવંશના ચિત્રરથ રાજાનો પુત્ર. એને એક લાખ સ્ત્રીઓ હતી. અને એકેકી સ્ત્રીને હજાર હજાર પુત્ર હતા. એ બધા કુમારો પરાક્રમી, એક લાખ યજ્ઞ કરનાર તથા વેદપારગો હતા. એઓ સુવર્ણ કવચ પહેરતા, મોટાં મોટાં ધનુષ્ય ધારણ કરતા અને બધા અશ્વમેધ યજ્ઞ કરી ચૂકયા હતા. શશબિન્દુએ પોતાના બધા પુત્રોને બ્રાહ્મણોને દાનમાં આપી દીધા હતા. એક એક પુત્રની પાછળ સો સો રથો દાનમાં આપેલા ચાલતા, તેમની પાછળ સુવર્ણ અલંકારોથી શણગારાયલી સો સો કન્યાઓ ચાલતી. તે કન્યાઓની પાછળ સો સો હાથી; અકેક હાથીની પાછળ સો સો રથ, અકેક રથની પાછળ સુવર્ણની માળાવાળા બળવાન ઘોડાઓ, અકેક ઘોડાની પાછળ એક એક હજાર ગાયો અને અકેક ગાયની પાછળ પચાસ ઘેટા. અશ્વમેધ યજ્ઞમાં શશબિન્દુએ બ્રાહ્મણોને આટઆટલું દાન આપ્યું હતું. એના યજ્ઞમંડપમાં જેટલા વૃક્ષના સ્તંભો હતા, તેટલા જ સુવર્ણના સ્તંભો હતા. એક કોશ જેટલા ઉંચા અન્નપાનના ઢગલા હતા. (ભાર૦ દ્રો૦ અ૦ ૬૫).

એની પુત્રી બિન્દુમતી માન્ધાતાની મા થાય, (ભા૦ ૯ સ્કં૦ અ૦ ૬) અને (વાયુ૦ અ૦ ૮૮).

**શશબિન્દુ (૩).** એક રાજર્ષિ એ કિયા વંશનો અને ક્યાંનો તે જણાતું નથી (ભાર૦ દ્રો૦ અ૦ ૬૫).

**શશયાનતીર્થ.** તીર્થ વિશેષ. (ભાર૦ વન૦ અ૦ ૮૦).

**શશલોયા.** એક રાજર્ષિ. (ભાર૦ આશ્રમ૦ અ૦ ૨).

**શશાંક.** ચન્દ્ર. આ નામ ચન્દ્રબિમ્બમાં સસલા જેવા ચિન્હ હોવાના સબબે પડયું છે.

**શશાદ.** સૂર્યવંશના ઇક્ષ્વાકુ રાજાના પુત્રોમાંના મોટા વિકુક્ષિનું આ બીજું નામ છે. એ નામ પડવાનું કારણ એ છે કેઃ–એક વખત એના પિતા ઇક્ષ્વાકુએ એને કહ્યું કે આજે અષ્ટક નામનું શ્રાદ્ધ કરવું છે માટે વનમાં જઇને મૃગ લઈ આવ. મૃગ મારીને ઘેર આવવા નિકળ્યો, પરંતુ થાકી ગયો હતો તેથી પોતે મારેલાં મૃગોમાં સસલા હતા તેમાંથી એક સસલું એણે ખાધું. ઘેર આવીને બાકી રહેલાં મૃગ પિતાને આપ્યાં. આ વાત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઇક્ષ્વાકુને માલમ પડવાથી એણે કેટલાક કાળ સુધી રાજ્યમાંથી કાઢી મૂકયો હતો. (ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૬).

**શશિક.** ભારતવર્ષીય દેશ વિશેષ.વિશેષ. (ભાર૦ ભીષ્મ૦ અ૦ ૯).

**સશિકલા.** કાસીના રાજા સુબાહુની કન્યા. એ સૂર્ય વંશના સુદર્શન રાજાને પરણી હતી. (૮ સુદર્શન શબ્દ જુઓ).

**શંશપિ.** ત્રગડાની સંજ્ઞાવાળા અંગિરા ઋષિના કુળમાં થએલો બીજો એક ઋષિ.

**શાકટાયન.** ત્રગડાની સંજ્ઞાવાળા અંગિરા ઋષિના કુળમાં થએલો એક ઋષિ.

**શાકટાયનિ** ત્રગડાની સંજ્ઞાવાળા ભૃગુકુલોત્પન્ન ઋષિ વિશેષ.

**શાકટાક્ષ.** ત્રગડાની સંજ્ઞાવાળા ભૃગુકુલોત્પન્ન ઋષિ વિશેષ.

**શાકદ્વીપ.** પૃથિવીના સાત મહાદ્વીપો પૈકી છઠ્ઠો. એ ક્ષીર સમુદ્રની બહારની બાજુએ વલયાકાર આવેલો છે. એ બત્રીસ લાખ યોજન પહોળો હોઇ એટલી જ પહોળાઇનો દધિમંડોદ સમુદ્ર એની આજુબાજુ વલયાકાર આવેલો છે.

ત્યાં પ્રિયવ્રત રાજર્ષિના પુત્ર મેધાતિથિનું રાજ્ય હતું. એણે પોતાના દેશને સાત સરખા દેશમાં વ્હેંચી પોતાના સાત પુત્રોના નામથી અનુક્રમે સાતે દેશનાં નામ પાડયાં હતાં. દરેક પુત્રને તેના નામનો દેશ વારસામાં આપ્યો હતો. (૧ મેધાતિથિ શબ્દ જુઓ). આ દ્વીપમાં ઇશાન, ઉરુશૃંગ, બલભદ્ર. શતકેસર, સહસ્રસ્રોત, દેવપાલ અને મહાનસ એ સાત મહાપર્વત આવેલા છે. તેમ જ અનઘા, આયુર્દા, ઉભયસ્પૃષ્ટી, અપરાજિતા, પંચપદી, સહસ્રશ્રુતી અને નિજધૃતી એ નામની સાત મહા નદીઓ છે. (ભાગ૦ પંચમ૦ અ૦ ૨૦), અને (દેવી ભાગ૦ ૮ સ્કં૦ અ૦ ૧૩).

**શાકધિ.** ત્રગડાની સંજ્ઞાવાળા વસિષ્ટ ઋષિના કુળનો એક ઋષિ.

**શાકંભરી.** ૧ દુર્ગા શબ્દ જુઓ, તેમ જ દેવી શબ્દ જુઓ.

**શાંકર.** શંકરે નિર્માણ કરેલું ભારતવર્ષીય તીર્થ વિશેષ.

**શાંકરવ.** ત્રિજા ભૃગુકુલોત્પન્ન ઋષિ વિશેષ.

**શાકલ.** એક બ્રહ્મર્ષિ.

**શાકલ (૨).** ચંદ્રદેશની રાજધાની, (ભાર૦ સ૦ અ૦ ૩૫), (ભાર૦ ક૦ અ૦ ૩૭). શલ્યની નગરી.

**શાકલ (૩).** ચંદ્રભાગા અને ઇરાવતીની વચ્ચેનો સાંપ્રત પ્રદેશ.

**શાકલ (૪).** આ નામનો દેશ વિશેષ. મૂળમાં એને "દ્વીપ" કહ્યો છે તે ભૂલ છે. ઇન્દ્રપ્રસ્થથી એ ઘણે જ દૂર ઉત્તરે આવેલો હતો અને પાંડવોના સમયમાં ત્યાં પ્રતિવિંધ્ય રાજા રાજ કરતો હતો. પ્રતિવિંધ્યે સહસ્રાર્જુનના રાજસુય યજ્ઞ વખતે દિગ્વિજયમાં યુદ્ધ કર્યું હતું. (ભાર૦ સ૦ અ૦ ૨૭-૧૪).

**શાકલાયનિ.** બગડાની સંજ્ઞાવાળા અત્રિના કુળમાં થએલો ઋષિ વિશેષ.

**શાકલ્ય.** એક બ્રહ્મર્ષિ, એણે નવસેં વર્ષ સુધી શિવનું આરાધન કર્યું હતું, તેથી એ મોટો ગ્રંથકાર અને સૂત્રકાર જેવો થયો. (ભાર૦ અનુ૦ અ૦ ૧૪).

વિદગ્ધાખ્ય નામની ઋકશાખાનો પ્રવર્તક આજ કે બીજો એનો નિશ્ચય કરાતો નથી. શાખા પ્રવર્તક ગમે તે હોય પણ આને યાજ્ઞવલ્કયની જોડે જબરો વાદ થયો હતો. વાદમાં આણે યાજ્ઞવલ્કયની ઘણી જ નિંદા કરી હતી. એને લીધે એ યાજ્ઞવલ્કયના કોપાગ્નિથી બળીને મરણ પામ્યો હતો.

**શાકાયન.** એક બ્રહ્મર્ષિ, (૩ વસિષ્ટ શબ્દ જુઓ).

**શાકાહાર્ય.** એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ટ શબ્દ જુઓ)

**શાકુંતલેય.** દુષ્યંત રાજાથી શકુન્તલાને થએલા પુત્ર ભરત તે જ.

**શાકુનેય.** શકુનિ નામના અસુરના પુત્ર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**શાકુનેય (૨).** દુર્યોધનના મામા શકુનિના પુત્ર,

**શાકતેય.** પરાશર ઋષિનું નામાન્તર (ભાર૦ આ૦ ૧૯૮).

**શાકય.** સૂર્યવંશી ઇક્ષ્વાકુળમાં થએલ અંતરિક્ષ વંશના સંજય રાજાનો પુત્ર. એના પુત્રનું નામ શુદ્ધોદ.

**શાકયાણ.** એક બ્રહ્મર્ષિ. (૨ કશ્યપ શબ્દ જુઓ).

**શાખ.** અનલ નામના વસુના પુત્રોમાંનો એક.

**શાખ (૨).** સ્કન્દ શરજૂથમાંથી પ્રકટ થઇ શંકર, પાર્વતી, ગંગા અને અગ્નિ એ ચારે બેઠાં હતાં ત્યાં જતાં ચારેના મનમાં એક જ વખતે એવો વિચાર આવ્યો કે આ કુમાર કોનું માન જાળવીને તેની પાસે પ્રથમ જઇને નમન કરશે. આ અભિપ્રાય પોતે યોગ બળે જાણી ગયા અને તેમણે તાત્કાળ પોતાનાંજ બીજાં ત્રણ સ્વરૂપ ઉત્પન્ન કર્યાં. તે સ્વરુપનાં નામ. **શાખ**, વિશાળ અને નૈગમેય. પછી અગ્નિ સમાન તેજસ્વી સ્કન્દ કુમાર પોતે જ્યાં શંકર બેઠા હતા તેમની પાસે ગયા. બીજું સ્વરૂપ વિશાળ પાર્વતી પાસે, ત્રિજું શાખ અગ્નિ તરફ અને ગંગા તરફ નૈગમેય સ્વરુપ ગયું. (ભાર૦ શ૦ અ૦ ૪૪).

**શાખંભરી.** દેવીનું સ્થાન વિશેષ. (ભાર૦ વ૦ અ૦ ૮૨).

**શાર્ઙ્ગ.** વિષ્ણુ ભગવાનનું ધનુષ્ય.

**શાટ્યાર્યાન** વિશ્વામિત્ર કુલોત્પન્ન ઋષિ.

**શાટ્યાયનિ (૨).** યજુર્વેદનું ઉપનિષદ.

**શાંડિલી.** શાંડિલ્ય ઋષિની કન્યા. એ પૂર્વ સમુદ્રને તીરે ઋષભપર્વત પર રહેતી હતી. એ મહા તપસ્વિની હતી. એક સમય ગાલવ ઋષિને લઇને ગરુડ ત્યાં આવ્યો હતો ત્યારે આણે એ બન્નેનું ઉત્તમ પ્રકારે આતિથ્ય કરી તેમને ભોજન વગેરે આપ્યું હતું. રાત્રે નિદ્રા કરીને બીજે દિવસે પ્રાતઃકાળે ઉઠીને જુએ છે તો ગરુડનાં બધાં પિંછાઓ અને પાંખ ખરી પડયાં હતાં. ગાળવે ગરુડને પુછ્યું કે આમ કેમ થયું. ગરૂડ કહે મારા મનમાં એમ આવ્યું કે આ બાઇ શિવ, વિષ્ણુ વગેરે રહે છે. તે સ્થાનમાં ન રહેતાં, અહીં કેમ રહી હશે; આમ મનમાં શંકા ઉત્પન્ન થવાથી આ પરિણામ આવ્યું હોય તો કોણ જાણે. પછી ગરુડ અને ગાલવ બન્ને શાંડિલીને શરણ ગયા. અને એની પ્રાર્થના કરી. એથી કરીને ગરુડને ફરીથી પ્રથમ જેવાં જ પિંછા અને પાંખો ફુટી. ( ભાર૦ ઉદ્યો૦ સ૦ ૧૧૪ ). કેકય દેશના રાજાની કન્યા સુમનાની સાથે શાંડિલીને પતિવ્રતા મહાત્મ સંબંધે સંવાદ થયો હતો. ( ભાર૦ અનુ૦ સ૦ ૧૨૨ ) અને ( સ્કંદપુ૦ નાગરખંડ૦ સ૦ ૮૧-૮૨ ).

**શાંડિલ્ય.** બગડાની સંજ્ઞાવાળા મરીચિના પુત્ર કશ્યપના કુળનો એક ઋષિ. એના કુળમાં એક ઋષિ, દેવતાનું પદ પામીને વૈશ્વાનર નામનો અગ્નિ બન્યો છે, સબબ અગ્નિનું ગોત્ર શાંડિલ્ય કહેવાય છે.

**શાંડિલ્ય (૨).** અથર્વણ વેદનું એક ઉપનિષદ.

**શાંડિલ્ય (૩).** અગ્નિ જાત એક ઋષિ. ( ભાર૦ અનુ૦ ૫૩ ).

**શાંત.** પ્રિયવ્રતપુત્ર ઇધ્મજિવ્હના સાત પુત્રોમાંનો ચોથો પુત્ર. એના દેશનું પણ શાંત એવું નામ પ્રસિદ્ધ છે.

**શાંત (૨).** પ્લક્ષદ્વીપમાં આવેલા સાત દેશમાંનો ચોથો દેશ.

**શાંત (૩).** આપ નામના વસૂના પુત્રોમાંનો એક.

'आपस्य पुत्रो वैतण्डयः
श्रमः शान्तो मुनिस्तथा'
( ભા૦ આ૦ ૬૭-૨૧ ).

**શાંત (૪).** અહ નામનો વસૂનો પુત્ર.

'अह्नः सुतस्तथा ज्योतिः
शमः शान्त स्तथामुनिः'
( ભા૦ આ૦ ૬૭-૨૩ ).

**શાંતનવ.** શંતનૂના પુત્રો વિશેષે કરીને ભીષ્મને આ નામ લગાડાય છે. ( ભા૦ આ૦ ૧૦૮-૯ ).

**શાંતનુ.** શંતનુ શબ્દ જુઓ.

**શાંતરથ.** સોમવંશી આયુ પુત્ર અને નાના વંશના ધર્મસારથિ રાજાનો પુત્ર.

P. P. Ac. Gunratnasuri M.S.        Jin Gun Aaradhak Trust

**શાન્તા.** સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના કુળના અંગરાજ રોમપાદની પુત્રી. અને ઋષ્યશૃંગની સ્ત્રી. ( ભા૦ વ૦ ૧૧૪-૨૧ ). કેટલીક જગાએ એને દશરથની પુત્રી અને લોમપાદે દત્તક લીધેલી એમ વર્ણવ્યું છે ( ભાગ૦ ૯ સ્કં૦ ૨૩ અ૦ ) હરિવંશમાં લોમપાદનું બીજું નામ દશરથ કહ્યું છે. ( હરિવં૦ ૧ અ૦ ૩૧ શ્લો ). ઋષ્યશૃંગ શબ્દ જુઓ.

**શાંતિ.** તુષિત નામના દેવોમાંનો એક.

**શાંતિ (૨).** દક્ષ પ્રજાપતિયે ધર્મઋષિને આપેલી તેર કન્યાઓમાંની એક. એના પુત્રનુ નામ સુખ.

**શાંતિ (૩).** કર્દમ પ્રજાપતિને દેવહૂતીને પેટે થએલી નવ કન્યામાંની સૌથી નાની કન્યા. એ અથર્વણ ઋષિની સ્ત્રી હતી.

**શાંતિ (૪).** વારુણિ અંગિરા ઋષિના આઠ પુત્રોમાંનો ચોથો પુત્ર. ( ભા૦ અનુ૦ ૩૨-૪૨ ).

**શાંતિ (૫).** પૂર્વે થઇ ગયેલો એક ઇંદ્ર. એ પાંડુનો પુત્ર થઇને જન્મ્યો હતો.

**શાંતિ (૬).** સોમવંશી પૂરુકુળના અજમીઢના પુત્ર નીલનો પુત્ર. એનો પુત્ર તે સુશાંતિ.

**શાંતિ (૭).** કાલિંદીને પેટે કૃષ્ણથી ઉત્પન્ન થયેલા દશ પુત્રોમાંનો એક.

**શાંતિદેવા.** વસુદેવની સ્ત્રીઓમાંની એક. એને શ્રમ, પ્રતિશ્રુત વગેરે પુત્રો હતા.

**શાદ્વલાયન.** ત્રણની સંજ્ઞાવાળા વસિષ્ટ કુળમાં થએલો એક ઋષિ.

**શાંબ.** આપ નામના વસુના પુત્રોમાંનો એક.

**શાબસ્ત.** શ્રાવસ્ત શબ્દ જુઓ.

**શાબસ્તી,** શ્રાવસ્તી શબ્દ જુઓ.

**શારદણ્ડાયનિ.** એક ક્ષત્રિ-કેકયી-એની સ્ત્રીનું નામ શ્રુતસેના. દુર્જય વગેરે એના પુત્રો. ( ભા૦ આ૦ ૧૨૬-૩૭ ).

**શારદા.** સરસ્વતી.

**શારદા (૨).** ભારતવર્ષીય નદી વિશેષ.

**શારદ્વત.** ગૌતમાંગિરસમાંનું એક કુળ. ( ૩ અંગિરા શબ્દ જુઓ ).

**શારદ્વત (૨).** શરદ્વતનો પુત્ર કૃપાચાર્ય તે.

**શારદ્વતિક.** ત્રણની સંજ્ઞાવાળા ભૃગુકુળમાં ઉત્પન્ન થએલો એક ઋષિ.

**શારદ્વતી.** કૃપાચાર્યની બ્હેન કૃપી. દ્રોણની સ્ત્રી.

**શારદ્વતી (૨).** એ નામની એક અપ્સરા ( ભા૦ આ૦ ૧૩૨-૪૬ ).

**શારીરક.** યજુર્વેદનું મૂખ્ય ઉપનિષદ.

**શાર્કરાક્ષિ.** ત્રણ સંજ્ઞાવાળા ભૃગુકુળનો એક ઋષિ શર્કરાક્ષ ઋષિનો પુત્ર.

**શાર્ઙ્ગરવ.** એક ઋષિ. જન્મેજયના સર્પસત્રમાં એ બ્રહ્માનામે ઋત્વિજ હતો. ( ભા૦ આ૦ ૫૩-૬ ).

**શાર્દૂલ.** રાવણના પક્ષનો એક રાક્ષસ. એ રાવણનો ગુપ્ત દૂત હતો. ( વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૨૦ ).

**શાર્દૂલી.** ક્રોધાની દિકરીઓમાંની એક. સિંહ, વાઘ, વગેરે એનાથી ઉત્પન્ન થયા છે. ( ભા૦ આ૦ ૬૭-૬૧-૬૫ ).

**શાર્યાત.** શર્યાતિવંશના હૈહયોનું કુળ.

**શાલ.** વૃક યાદવને દુર્વાક્ષીને પેટે થએલા પુત્રોમાંનો એક.

**શાલંકાયન.** વિશ્વામિત્રના વંશનો એક ઋષિ.

**શાલંકાયન (૨).** શાલંકાયનનું કુળ.

**શાલંકાયનિ.** ત્રણની સંજ્ઞાવાળા અંગિરાકુળનો એક ઋષિ.

**શાલંકાયનિ (૨).** વિશ્વામિત્રના કુળનો એક ઋષિ.

**શાલકી.** એક યક્ષ.

**શાલગ્રામ.** ગંડકી નદીના મૂળ પાસે આવેલું એક ક્ષેત્ર વિશેષ. ( ભા૦ વન૦ ૮૨-૧૨૪ ).

**શાલાયનિ.** ત્રણની સંજ્ઞાવાળા ભૃગુ કુળનો એક ઋષિ.

**શાલાહેલય.** એની સંજ્ઞાવાળા કશ્યપ કુળનો એક ઋષિ.

**શાલિ.** ત્રણની સંજ્ઞાવાળા અંગિરા કુળનો એક ઋષિ.

**શાલિગ્રામ.** ભારતવર્ષીય ક્ષેત્ર અને તીર્થ વિશેષ.

**શાલિપિણ્ડ.** એક સર્પ. ( ભા૦ આ૦ ૩૫-૧૪ ).

**શાલિશિરા.** મુનીને થએલા દેવગંધર્વ પૈકી એક. ( ભા૦ આ૦ ૬૬-૪૪ ).

**શાલિશૂર્પ.** એક તીર્થ. ( ભા૦ વન૦ ૮૧-૧૦૭ ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**શાલિસૂર્ય.** શાલિહોત્ર ઋષિના આશ્રમનું નામ.

**શાલિહોત્ર.** કપિલ ઋષિનો પુત્ર. એ અશ્વશાસ્ત્રનો પ્રણેતા હતો. શાલિહોત્ર ઋષિયે રચેલા અશ્વશાસ્ત્રના ગ્રંથને શાલ્યહોત્ર કહે છે. ( ભાર૦ વન૦ સ૦ ૨૭૧ ).

**શાલિહોત્રસર.** ક્ષેત્ર વિશેષ. ત્યાં પાંડવો ગયા હતા. ( ભાર૦ આ૦ સ૦ ૧૬૮-૨ ).

**શાલૂકિની.** તીર્થ વિશેષ. ( ભાર૦ વન૦ સ૦ ૮૧-૧૩ ).

**શાલૂકિની (૨).** ભારતવર્ષીય નદી વિશેષ.

**શાલ્મલિ.** સોમવંશી અવિક્ષિતનો પુત્ર, એક ક્ષત્રિ. ( ભાર૦ આ૦ સ૦ ૧૦૧-૪૦ ).

**શાલ્માલ (૨).** વૃક્ષ વિશેષ. તેની કથા જુઓ, ( ભાર૦ શાં૦ સ૦ ૧૫૩-૧૫૫-૪ ).

**શાલ્મલિદ્વીપ.** પૃથિવીના સપ્ત મહાદ્વીપમાં ત્રીજો દ્વીપ. ઇક્ષુરસોદ ( શેરડીના રસના સમુદ્રની ) બહારની બાજુએ હોઇ ચારલાખ યોજન પહોળો છે. એટલી જ પહોળાઇનો સુરા સમુદ્ર એની આજુબાજુ વિંટાયલો છે. અહીં પ્રિયવ્રતનો પુત્ર યજ્ઞબાહુ રાજ્ય કરતો હતો. એણે આના ભાગ પાડીને સાત દેશ બનાવ્યા. પછી એણે પોતાના સાત પુત્રોમાં અકેકો દેશ વહેંચી આપ્યો. દરેક દેશનું નામ જે પુત્રને આપ્યો તેના નામ ઉપરથી પાડયું. યજ્ઞબાહુ શબ્દ જુઓ ). આ દ્વીપમાં સ્વરસ, શતશૃંગ, વામદેવ, કુંદ, મુકુંદ, પુષ્પવર્ષ, સહસ્રશ્રુતિ, એ સાત મહાપર્વતો આવેલા છે. તેમ જ એમાં અનુમતી, સિનીવાલી, સરસ્વતી, કહૂ, રાજની, નંદા અને વરાકા એ નામની સાત મહાનદીઓ. છે. ( ભાગ ૫ સ્કં૦ અ૦ ૨૦ ) અને ( દેવી ભા૦ ૮ સ્કં૦ અ૦ ૧૨ ).

**શાલ્મલી.** ભારતવર્ષીય કેકયદેશની એક નદી. (વા૦ રા૦ અયો૦ સ૦ ૬૮).

**શાલ્યહોત્ર.** અશ્વશાસ્ત્ર નામનો ગ્રંથ.

**શાલ્વ.** શાલ્વદેશનો એક રાજા. એ અસુરાંશે જન્મ્યો હતો. જ્યારે કાશીરાજાની ત્રણ પુત્રીઓનો સ્વયંવર થયો ત્યારે એ ત્યાં ગયો હતો. તે વખત એને ભીષ્મની સાથે યુદ્ધ થયું હતું. તેમાં હાર ખાઇને એ પોતાને દેશ ગયો હતો. ત્રણે રાજપુત્રીઓનું ભીષ્મે હરણ કરીને હસ્તીનાપુર આણી હતી. કાશી રાજપુત્રી અંબાએ એને મનથી પસંદ કર્યો હતો. અંબાએ ભીષ્મને આ વાત કહીને એની રજાથી એ શાલ્વને ત્યાં ગઇ હતી. પરન્તુ ભીષ્મે એનું હરણ કર્યું હતું સબબ શાલ્વે એનો અંગિકાર કર્યો નહિ. મ્લેચ્છ સૈન્ય લઇને શાલ્વ ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષે લઢવા આવ્યો હતો. યુદ્ધમાં એ સાત્યકીને હાથે માર્યો ગયો હતો. (ભાર૦ શલ્ય૦ અ૦ ૨૦).

**શાલ્વ (૨).** આ શાલ્વ પણ શાલ્વદેશનો જ હતો. એ રુકૃમિણીના વિવાહ વખતે કુંડિનપુર આવ્યો હતો. ત્યાં યાદવો જોડે એનું યુદ્ધ થતાં તેમનાથી પરાભવ પામ્યો હતો. આથી યાદવોનો બહુ દ્વેષ કરતો હતો. કૃષ્ણે જરાસંધ અને શિશુપાળને માર્યા તે ઉપરથી તો એ ઘણો જ કકળી ઉઠયો હતો. એણે ભૂમિ અયાદવી કરવા સારુ ઘોર તપ કરીને રુદ્રને પ્રસન્ન કર્યા હતા. દેવ, અસુર અને મનુષ્યોથી ભેદાય નહિ એવા વિમાનની એણે રુદ્ર પાસે માગણી કરી હતી. રુદ્રે મયાસુરનું બનાવેલું આવું વિમાન એને આપ્યું. પછી આ વિમાનમાં બેશીને અંતરિક્ષે રહી એણે દ્વારકા ઉપર વૃક્ષ, શિલાઓ વગેરેની વૃષ્ટિ કરવા માંડી. આ જોઇને બધા યાદવો સજ્જ થઈ ને યુદ્ધ કરવા આવ્યા પણ શાલ્વ અંતરિક્ષમાં હોવાથી તેમનું કાંઇ ચાલ્યું નહિ. શાલ્વ ક્ષણમાં ભૂમિપર, ક્ષણમાં અંતરિક્ષમાં, ક્ષણમાં પૂર્વમાં અને ક્ષણમાં બીજી દિશાએ જતો રહેતો. વળી ક્ષણમાં અદૃશ્ય થઇ જાય અને ક્ષણમાં દેખા દે. એમ થવાથી યાદવો નિરુપાય થઇ ગયા. આ યુદ્ધ વખતે બલરામ દ્વારકામાં નહોતા. તેમ જ કૃષ્ણ પણ ઇંદ્રપ્રસ્થ ગયા હતા.

છેવટે પ્રદ્યુમ્ન આગળ થયો અને એણે



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શાલ્વ ઉપર ઘણી જ અસ્ત્રવૃષ્ટિ કરી. પ્રદ્યુમ્નનું કશું વળતું નહોતું. એવામાં શાલ્વના પ્રધાન દ્યુમાને, પ્રદ્યુમ્નને મૂર્છા પમાડી. પ્રદ્યુમ્ન મુર્છામાંથી સત્વર સાવધ થઇ ફરી યુદ્ધ કરવા લાગ્યો. પ્રદ્યુમ્ને શાલ્વના ક્ષેમવૃદ્ધિ નામના પ્રધાનને હરાવ્યો. આ પ્રમાણે સત્તાવીસ દિવસ યુદ્ધ ચાલ્યું. કૃષ્ણને આ બનાવની ખબર પડતાં જ તેઓશ્રી ઇન્દ્રપ્રસ્થથી આવ્યા, અને શાલ્વની સાથે ઘણું જ યુદ્ધ કર્યું. શાલ્વ અંતરિક્ષમાં હયા છતાં કૃષ્ણે એને એવો જર્જર કરી નાંખ્યો કે તે થાકીને કેટલોક કાળ અંતર્ધાન થઇ ગયો.

અંતર્ધાન થઇને શાલ્વે કૃષ્ણના દૂતના જેવો જ એક માયાવી દૂત ઉત્પન્ન કરી તેને કૃષ્ણ પાસે મોકલી કહેવડાવ્યું કે શાલ્વ વસુદેવનું બંધન કરીને લઇ ગયો છે માટે દેવકીએ મને એ ખબર કહેવા મોકલ્યો છે. દૂત કૃષ્ણને આ વાત કહેતો હતો એટલામાં શાલ્વ મૂળ વસુદેવ જેવા જ કૃત્રિમ વસુદેવને લઇને કૃષ્ણ પાસે આવ્યો. એણે કૃષ્ણની ઘણી નિંદા અને ઉપહાસ કરીને પોતે આણેલા કૃત્રિમ વાસુદેવનો શિરચ્છેદ કર્યો. એ જોઈને કૃષ્ણને ઘણો શોક થયો. કૃષ્ણના જોતાં જોતાં જ દૂત, શાલ્વ અને કૃત્રિમ વસુદેવ અંતર્ધાન થઇ ગયા. આ બધી અસુરની માયા હોઇ શાલ્વના કપટની કૃષ્ણને જાણ થઇ.

અંતે શાલ્વને સુંદર વિમાનમાં બેઠેલો જોઇને તેનાપર પોતાની ગદા ફેંકી. વિમાનના ચૂરેચૂરા થઇ ગયા અને શાલ્વ નિરાધાર ભોંય પડયો. ભૂમિપર કૃષ્ણ સાથે તુમુલ યુદ્ધમાં સૈન્ય સહિત એનો નાશ થયો. (ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૭૬-૭૭) અને (ભા૨૦ વન૦ અ૦ ૧૪-૨૨). આ શાલ્વને અનુશાલ્વ નામે ભાઇ હતો. (અનુશાલ્વ શબ્દ જુઓ).

**શાલ્વ (૩).** ભીમસેને મારેલો એ નામનો એક રાજા.

**શાલ્વ (૪).** ભારતવર્ષીય એક દેશ-એ હસ્તિનાપુરની પૂર્વમાં હતો એમ લાગે છે. (ભાર૦ ભી૦ અ૦ ૯).

**શાલ્વસેન.** ભારતવર્ષીય દેશ વિશેષ. (ભાર૦ ભી૦ અ૦ ૯).

**શાવસ્ત.** શ્રાવસ્ત શબ્દ જુઓ.

**શિખંડિની.** ઉત્તાનપાદ વંશના વિજિતાશ્વ રાજાની સ્ત્રી. એને પાવક, પવમાન અને શુચિ એમ ત્રણ પુત્રો હતા.

**શિખંડિની (૨).** દ્રુપદ રાજાની કન્યા. પૂર્વ જન્મે એ કાશીરાજાની કન્યા અંબા રુપે હતી. એ જ પુરુષત્વ પામી શિખંડી કહેવાઈ હતી. (શિખંડી શબ્દ જુઓ).

**શિખંડી.** દ્રુપદ રાજા પુત્ર મળવાને રુદ્રનું આરાધન કરતો હતો. રુદ્રે એને વરદાન આપ્યું કે તને એક પુત્રી થશે અને તે કાલાનુસાર પુરુષત્વ પામીને ભીષ્મને યુદ્ધમાં મારશે. સંતોષ પામીને દ્રુપદ રાજા પોતાને નગર આવ્યો. પછી થોડે કાળે એની સ્ત્રીએ ગર્ભ ધારણ કર્યો, અને એને કન્યા પ્રસવી પરન્તુ કન્યા થઇ છે એ ખબર ન પડવા દેતાં દ્રુપદે એમ જ કહ્યું કે પુત્ર પ્રસવ્યો છે. તેમ જ સઘળાંને પુત્ર પ્રસવની જ વાત કરીને કન્યાને પુત્રની પેઠે જ જાતકર્મ વગેરે સંસ્કારો કર્યો. આગળ જતાં એને ઉપનયન સંસ્કાર કરીને ધનુર્વિદ્યા વગેરેમાં પ્રવીણ બનાવી. જ્યારે કન્યા મોટી થઈ અને વિવાહ કરવા જેવડી થઇ ત્યારે દ્રુપદ બહુ ચિંતામાં પડયો. પણ એની સ્ત્રીએ એને ધીરજ આપી કહ્યું કે વરદાન સર્વથા વૃથા જાય જ નહિ, માટે આપ એકાદી રાજકન્યા શોધી વિવાહ કરો. એમાં આઘું પાછું જોશો નહિ. દ્રુપદે આથી ધીરજ રાખી પોતે પુત્રનો વિવાહ કરવા ધારે છે એમ બધાને પ્રગટ કર્યું. આ ઉપરથી પશ્ચિમ દશાર્ણ દેશના રાજા હિરણ્યવર્માએ પોતાની ઘણી જ સ્વરુપવાન કન્યા આ કૃત્રિમ શિખંડીને વિવાહ વિધીથી આપી.

કેટલેક કાળે હિરણ્યવર્માની કન્યા મોટી થઇ. એને ઋતુકાળ પ્રાપ્ત થયો એટલે એ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પતિ પાસે એકાંતમાં ગઇ. જુએ છે તો એ પુરુષ નહોતાં સ્ત્રી હતો. કશું બોલ્યા વગર એ બાઇ બહાર આવી. આ વાતને આઠ દસ દિવસ જવા દઇ કાંઇ બહાને સસરાની આજ્ઞા લઇ પોતાને પિએર ગઇ. ત્યાં જઇને એણે આ સમાચાર પોતાના પિતાને જણાવ્યા. આ વાત જાણીને હિરણ્યવર્માને ઘણો ક્રોધ ચઢયો અને સૈન્ય લઇને દ્રુપદની જોડે યુદ્ધ કરવા નિકળ્યો. જતાં જતાં એના મનમાં આવ્યું કે કેવળ કન્યાના કહેવાથી આમ જવું ઠીક નથી. પ્રથમ જાતે કાંઇ તપાસ કરવી જોઇએ કે શિખંડી તે ખરેખાત સ્ત્રી જ છે કે કેમ. પછી એણે દ્રુપદને દૂતની સાથે કહાવ્યું કે મૂર્ખ, દુષ્ટ તેં આ શું કર્યું ? સ્ત્રીનો વિવાહ સ્ત્રી જોડે કેમ કર્યો ? ખેર, આ અપરાધનું શાસન આપવું જ જોઇએ. માટે હું તારે ત્યાં આવું છું. તું યુદ્ધ કરવાને તૈયાર થજે.

હિરણ્યવર્માનો સંદેશો સાંભળીને દ્રુપદનું નૂર ઉડી ગયું અને હવે શું કરવું એના વિચારમાં પડયો. કાંક ભય, અને કાંક ધીરજ મનમાં આણી એણે દૂતની સાથે ગોળ ગોળ સંદેશો કહાવી તેને પાછો રવાના કર્યો.

આ વાતની ખબર શિખંડીને પડતાં તે તરત જ નગરમાંથી નાશીને ઘોર અરણ્યમાં ગયો. ત્યાં જઇને એણે અપવાસ કરીને તપનો આરંભ કર્યો. ત્યાં એક ચમત્કાર બન્યો. એ વન સ્થૂલકર્ણ નામના એક યક્ષનું હતું. તે એક દિવસ ફરતો ફરતો ત્યાં આવી ચઢયો; એણે શિખંડીને આગ્રહપૂર્વક અનુષ્ટાન કરતો દીઠો. યક્ષે એની પાસે આવીને પૂછયું કે તું કોણ છે ? અને અહીં શા હેતુથી અનુષ્ટાન કરે છે ? શિખંડીએ પોતાની બધી હકીકત કહીને પુરુષત્વની માગણી કરી. પરિણામે સ્થૂળકર્ણને એની બહુ દયા આવી. એણે કહ્યું કે મારું પુરુષત્વ તને આપીને તારું સ્ત્રીત્વ હું લઉં છું. માત્ર એટલું જ કે તું પુરુષત્વ સંપાદન કરીને તારા નગરમાં જા અને તારે કામ હોય તે પતે એટલે મારું પુરુષત્વ મને પાછું આપજે. તારા આવતા સુધી હું આ વનમાં જ રહીશ. એમ કહીને એણે પોતાનું પુરુષત્વ શિખંડીને આપી પોતે સ્ત્રી થયો. શિખંડીને પુરુષત્વ મળતાં જ એ ત્યાંથી નિકળ્યો તે આવીને પોતાના પિતા દ્રુપદને ઘણા હર્ષથી ભેટયો. એણે પોતાને પુરુષત્વ પ્રાપ્ત થવાની ખબર પિતાને કરી. (ભાર૦ ઉદ્યો૦ અ૦ ૧૬૫–૧૨૭).

શિખંડી પુરુષત્વ પ્રાપ્ત કરીને આવ્યો જાણીને દ્રુપદને જે હર્ષ થયો તે વરણવ્યો વર્ણવાય નહિ એમ છે. એટલામાં હિરણ્યવર્મા પોતાના સૈન્ય સહિત દ્રુપદપુરમાં આવી પહોંચ્યો. એને આવ્યો જાણીને દ્રુપદે દૂત સાથે કહાવી મોકલ્યું કે મેં આપના દૂતની સાથે સંદેશો કહાવ્યો હતો; છતાં આપ યુદ્ધ સારુ સૈન્ય લઇને પાછા આવ્યા. ભલે સારું કર્યું. મારી તરફથી યુદ્ધની ના નથી. હું તૈયાર જ છું. પણ કેવળ તમારી કન્યાના જ વચનપર વિશ્વાસ રાખીને વર્ત્તન ન કરતાં પહેલાં આપે બીજી સ્ત્રી મારફત તમારા જમાઇની સ્થિતિ વિષે ખાતરી કરી લીધી હોત તો સારું. એમ કરવાથી બન્ને પક્ષને ઠીક પડશે. આ ઉપરથી હિરણ્યવર્માએ કેટલીક સ્વરુપવાન તરુણીઓ પાસે શિખંડીની પુરુષત્વને અંગે પરીક્ષા કરાવી. પેલી સ્ત્રીઓએ પરીક્ષા કરીને શિખંડી જોઇએ એવો પુરુષ છે એવો નિર્ણય કરીને હિરણ્યવર્માને જાહેર કર્યું. હિરણ્યવર્મા આ જાણીને ઘણો લાજ પામ્યો. પોતાની કન્યા પર ગુસ્સે થઇને એણે વિનયપૂર્વક નગરમાં આવીને દ્રુપદની ક્ષમા માગી, પોતાના જમાઇને વસ્ત્ર, અલંકાર, હાથી, ઘોડા, રથ ઇ૦ અનેક વસ્તુઓ આપી સંતોષ પમાડયો. પછી દ્રુપદની આજ્ઞા લઈ પોતાને સ્વદેશ ગયો. અહીં શિખંડી પોતાની સ્ત્રીની જોડે ઉત્તમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રકારે સુખનો ઉપભોગ કરવા લાગ્યો. થોડા સમયમાં એને ક્ષત્રદેવ, ઋક્ષદેવ વગેરે પુત્રો પણ થયા.

પોતાની અણી સચવાયા પછી સ્થૂણાકર્ણને આપેલા વચન મુજબ તેનું પુરુષત્વ તેને પાછું આપવા શિખંડી વનમાં ગયો. પરન્તુ ત્યાં તો કાંઇ ઓર જ બનાવ બન્યો હતો. બન્યું એવું કે પોતાનું પુરુષત્વ શિખંડીને આપી પોતે સ્ત્રી બનીને સ્થૂણાકર્ણ પોતાના વનમાં ગુપ્ત રહેતો હતો. એક વખત કુબેર પોતે એ વનમાં અકસ્માત્ આવી ચઢયા. પોતે સ્ત્રી બની ગયો હતો સબબ સ્થૂણાકર્ણ કુબેરની હજૂરમાં ગયો નહિ. એ ઉપરથી કુબેરે એને શોધવાને દૂત મોકલ્યા. તેમણે એને ખોળી કાઢી, આવીને સઘળી સવિસ્તર હકીકત કુબેરને વિદિત કરી. કુબેરે સ્થૂણાકર્ણને પોતાની પાસે તેડાવીને એને શાપ્યો કે તું આવો સ્ત્રી ને સ્ત્રી જ રહેજે. એણે વિનતિ કરી કે મેં કેવળ પરોપકાર માટે આ રુપ કબુલ્યું હતું, માટે મને આટલી સજા ઘટતી નથી. એ સાંભળીને કુબેરે અનુગ્રહ કર્યો કે જા, જ્યાં સુધી શિખંડી આ પૃથ્વીપર હશે ત્યાં સુધી તું સ્ત્રી રહીશ. એના મરણ પછી તું પૂર્વવત્ પુરુષ થઇશ. આમ કહીને કુબેર ત્યાંથી ગયા પછી સ્થૂણાકર્ણ વનમાં રહેતો હતો, તેવામાં શિખંડી ત્યાં આવ્યો. એણે યક્ષની પ્રાર્થના કરીને આભાર માન્યો ને કહ્યું કે મારું કામ સર્યું. હવે તારું પુરુષત્વ પાછું આપવા હું આવ્યો છું. શિખંડીની વાણી સાંભળી યક્ષે એને બધી બનેલી હકીકત કહી. પોતાને થએલા કુબેરના શાપની વાત કરીને કહ્યું કે હવે તું તારા નગરમાં જા અને સ્વસ્થ રહે. મને વચન આપ્યા પ્રમાણે તું મારું પુરુષત્વ પાછું આપવા આવ્યો તેથી મને સંતોષ થયો છે. આટલું સાંભળતાં જ શિખંડી આનંદ પામ્યો. એણે પોતાને નગર આવીને આ વાત દ્રુપદને કરી અને પોતે આનંદ કરવા લાગ્યો. (ભાર૦ ઉદ્યો૦ અ૦ ૧૮૮-૧૯૨).

શિખંડી રાજ્યકાર્યમાં બહુ સમજુ હોઇ શસ્ત્રાસ્ત્રમાં પણ નિપુણ હતો. એને તુંબર નામના યક્ષે આપેલી ઘોડાની જોડી એ રથે જોડતો. દ્રુપદની સાથે જ પાંડવોના પક્ષ તરફથી એ ભારત યુદ્ધમાં સામીલ થયો હતો. એના બાણથી જ ભીષ્મ પડયા હતા.

ભારતના યુદ્ધના છેલ્લા એટલે અઢારમે દિવસે એ તંબુમાં નિદ્રા લેતો હતો. અશ્વત્થામાએ તંબુમાં જઇને અનેક વીરોને સુતેલા જ કાપી નાંખ્યા તેમાં શિખડી પણ મરાયો. (ભા૦ સૌપ્તિ૦ સ૦ ૮). શિખંડિનું મૃત્યુ થતાં જ સ્થુણાકર્ણ પૂર્વવત્ પુરુષ થયો.

**શિખાગ્રીવી.** ત્રગડાની સંજ્ઞાવાળા અંગિરા કુળનો એક ઋષિ.

**શિખાવર્ણ.** ત્રગડાની સંજ્ઞાવાળા ભૃગુ કુળનો એક ઋષિ.

**શિખાવર્ત.** એક ગંધર્વ.

**શિખાવર્ત (૨).** એક યક્ષ. (ભાર૦ સ૦ ૧૦-૧૮).

**શિખાવાન.** એ નામનો એક ઋષિ. (ભાર૦ સ૦ અ૦ ૧૪-૨૦).

**શિખિધ્વજ.** એ નામનો એક રાજા. ચૂડાલાનો પતિ.

**શિખિધ્વજ (૨).** મયુરધ્વજને પણ આ નામથી કહ્યો છે.

**શિખિવાહન.** શિખિ એટલે મોરનું વાહન હોવાના સબબથી કાર્તિકસ્વામીનું એક નામ.

**શિત.** વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

**શિતિકંઠ.** નીલકંઠ-મહાદેવનું એક નામ.

**શિનિ.** સોમવંશી પૂરુકુળના દુષ્યંતના વંશના મન્યુના પુત્ર ગર્ગરાજાનો પુત્ર. આણે તપ કરીને બ્રાહ્મણત્વ સંપાદન કર્યું હતું. એ ગાર્ગ્ય કહેવાતો.

**શિનિ (૨).** સોમવંશી યદુકુળના સાત્વત નામના પેટા કુળના સાત્વતના વૃષ્ણિનો પુત્ર. યુધાજિતના બે પુત્રોમાંનો મોટો.

**શિનિ (૩).** સોમવંશી યદુકુળના ઉપર કહેલા યુધાજિતના અનમિત્ર નામના બીજા દિકરાના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્રણ પુત્રોમાંનો વચલો પુત્ર. ( ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૨૪ ). એને સત્યક નામનો પુત્ર હતો. આ શિનિ મોટો શૂરવીર હતો. વસુદેવ દેવકીના વિવાહકાળે ઘણા રાજાઓ વિઘ્ન કરવા આવ્યા હતા તે સઘળાનો આણે પરાભવ કર્યો હતો. તેમાં સોમદત્ત નામના રાજાને તો ઠાર મારતો હતો પણ દયા આવવાથી છોડી દીધો હતો. (ભાર૦ દ્રો૦ અ૦-૧૪૪).

**શિનિ (૪).** સોમવંશી યદુકુળના સાત્વત નામના પેટાકુળના અનમિત્રના વૃષ્ણિના કુળમાં જન્મેલા શૂર પુત્ર ભજમાનનો પુત્ર. એને સ્વયંભોજ નામે પુત્ર હતો.

**શિનિપ્રવીર.** એક ક્ષત્રિ-સાત્યકી. ( ભાર૦ શ૦ ૧૯-૨૬).

**શિનિવાસ.** મેરુની તળેટીના પર્વતોમાંનો એક.

**શિપિવિષ્ટ.** મહાદેવ.

**શિબિ.** પૂર્વે થઇ ગએલા ઇન્દ્રો પૈકી એક. પાંચ પાંડવોમાંનો એક આનો અવતાર હતો.

**શિબિ (૨).** ચક્ષુ મનુને નડ્વલાની કુખે થએલા પુત્રોમાંનો એક.

**શિબિ (૩).** હિરણ્યકશિપુના પુત્રોમાંનો એક. ( ભાર૦ આ૦ ૬૬-૧૮ ).

**શિબિ (૪).** પ્રલ્હાદના પુત્રોમાંનો એક.

**શિબિ (૫).** ભોજપુર નગરીના ઉશીનર રાજાને માધવીને પેટે થએલો પુત્ર. ( ૩ ગાલવ શબ્દ જુઓ ). એને ઔશીનર પણ કહ્યો છે. એ ઘણો પરાક્રમી હતો. એ યયાતિનો દોહિત્ર હતો. ( ભાર૦ ઉ૦ ૧૧૮-૨૦, ભાર૦ સ૦ ૮-૧૦, ભાર૦ વ૦ ૨૦૧-૨, ભાર૦ વિ૦ ૫૩-૧૪, ભાર૦ શાં. ૨૮-૩૯ ).

**શિબિ (૬).** સોમવંશના અનુકુળમાં થએલા મહામના રાજાના પુત્ર ઉશીનરના ચાર પુત્રોમાંનો મોટો પુત્ર. એને વૃષાદર્ભ, સુવીર, ભદ્ર, કેકય અને બૃહદ્દગર્ભ એ નામના પાંચ પુત્રો હતા. આ રાજા મોટો ધર્માત્મા હતો. ( ભાર૦ દ્રો૦ સ૦ ૫૮ ).

આ રાજાના સત્વની પરીક્ષા કરવા દેવા પોતે એક દિવસ બ્રાહ્મણનું રૂપ લઇને આવ્યા હતા. એમણે આવીને એની પાસે ખાવા સારુ એના પુત્રનું માંસ માંગ્યું. રાજાએ પોતાના બૃહદ્દગર્ભ નામના પુત્રને મારીને એનું માંસ રંધાવ્યું. પણ એટલામાં બ્રાહ્મણ ત્યાંથી કાંઇ ખશી ગયો. સબબ રાંધેલા માંસનું પાત્ર માથાપર મુકીને બ્રાહ્મણની શોધ કરવા નિકળ્યો. તો બ્રાહ્મણને અશ્વશાળા, કોશાગાર વગેરેને સળગાવીને મૂખ્ય રાજ્યમંદિરને લાહ્ય લગાડતો દીઠો. આ જોતાં પણ એના મનમાં કાંઇ વિકલ્પ જણાયો નહિ અને પ્રાર્થના કરીને કહ્યું કે આ મેં તમારે સારુ માંસ રાંધીને આણ્યું છે, તે સ્વીકારો. બ્રાહ્મણે કહ્યું હું તો ખાતો નથી પણ તૂં જ ખા. આ પરથી રાજા જેવો તે ખાવા જાય છે કે બ્રહ્મદેવ સ્વતઃ પ્રકટ થયા. એનો હાથ પકડયો અને કહ્યું કે તૂં ખરો દાતા છે. પછી એના પુત્રને સજીવન કરી તેમ જ અશ્વાગાર વગેરે જગાઓને પૂર્વવત્ કરીને પોતે અંતર્ધાન પામ્યા. ( ભાર૦ વન૦ અ૦ ૧૯૪-૧૯૭-૧૯૮).

**શિબિ (૭).** ગોપતિ નામના રાજાનો પિતા.

**શિબિ (૮).** ભારતના યુદ્ધમાં પાંડવના પક્ષનો એક રાજા. એને દ્રોણાચાર્યે રાત્રિયુદ્ધમાં માર્યો હતો. ( ભાર૦ દ્રો૦ અ૦૧૫૫ ).

**શિબિ (૯).** ભારતવર્ષીય દેશ. આ દેશ પશ્ચિમ દશાર્ણદેશની પશ્ચિમે હોઇને પાંડવોના સમયમાં ત્યાં સુરથ નામનો રાજા રાજ કરતો હતો. ત્યાંના રાજાઓ સામાન્ય રીતે શૈબ્ય કહેવાતા. ( ભાર૦ સ૦ અ૦ ૩૨ ).

**શિરીષ.** એક બ્રહ્મર્ષિ. (૨ અત્રિ શબ્દ જુઓ).

**શિરોષક.** એક સર્પ. ( ભાર૦ ઉ૦ ૧૦૨-૧૪ ).

**શિરોષી.** વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

**શિલવૃત્તિ.** એક ઋષિ. એને ગંગાના મહાત્મ્યને અંગે સિધ્ધોની સાથે સંવાદ થયો હતો. ( ભાર૦ અનુ૦ ૬૫-૧૯ ).

**શિલાયૂપ.** વિશ્વામિત્રના પુત્રોમાંનો એક.

**શિલાર્દનિ.** બગડાની સંજ્ઞાવાળા અત્રિના કુળનો એક ઋષિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**શિલાસ્થલિ.** ત્રગડાની સંજ્ઞાવાળા અંગિરા કુળનો એક ઋષિ.

**શિલીન.** જિત્વા ઋષિનો પિતા.

**શિવ.** હરિહર શબ્દ જુઓ.

શિવ એવું નામ વેદોમાં જણાતું નથી, પણ વેદોમાં એ દેવને રુદ્ર કહ્યો છે. ત્યાં રુદ્ર શબ્દ એક વચનમાં તેમ જ બહુ વચનમાં વાપર્યો છે. એટલે કે રુદ્ર એક તેમ જ એકથી વધારે મનાતા હશે. મહાન દેવ શિવ એ ભાવનામાંથી ઉદ્‌ભવ્યા છે.

ઋગ્વેદમાં અગ્નિદેવને રુદ્ર કહ્યો છે, અને મરુતોને એના પુત્રો તરીકે વર્ણવ્યા છે. એ વેદમાં એવા બે મંત્રો છે કે જે ઉપરથી જણાય છે કે અગ્નિ એ જુનો દેવ મનાતો હોય. એને ગીતો-ગાનનો અને યજ્ઞનો અધિપતિ, રોગશામક, સૂર્ય સમાન તેજસ્વી, સુન્દરમાં સુન્દર અને વરપ્રદાન કરનારા દેવ તરીકે કહ્યો છે. પશુ, ગાયો અને સ્ત્રીઓને એ દેવ સુખનો દાતા, સર્વવ્યાધિવિનાશક, પ્રાણી માત્રનો પાળક, જગતમાં રોગનાશક તત્વનો ફેલાવો કરનાર અને પાપને પ્રજાળી નાંખનાર ગણ્યો છે. એ બળવાન હોઇ વજ્ર ફેંકી શકે છે; ધનુષ્ય વાપરી શકે છે; રથારુઢ થાય છે અને જે કાળે સંહારક દેવનું રુપ ધારણ કરે છે, ત્યારે ઉગ્ર હિંસક પ્રાણીયોના જેવો જ ભયંકર અને હિંસક વરણવ્યો છે.

યજુર્વેદમાં શતરુદ્રિય નામે એ દેવનું લાંબુ સ્તવન છે. એ સ્તવનમાં એનાં ઘણાં નામો ગણાવ્યાં છે. ત્યાં ભયંકર નહિ, પણ દયાવાન દેવ, વરપ્રદાન કરનાર, મૂખ્ય સ્વર્ગીય વૈદ્ય, મનુષ્યો, ગાયો, અશ્વો અને ઘેટાં વગેરેની પુષ્કળતા આપનાર દેવ તરીકે એનું વર્ણન છે. એનો વર્ણ રકત અને કંઠ નીલ છે. એને હજાર હાથ છે, હજાર નેત્ર છે, હજાર ભાથાથી સજ્જ થએલો છે. વળી કોઇ મંત્રમાં એને ત્ર્યંબક એટલે ત્રિનયન અને પશુઓનો પાળક કહ્યો છે. અથર્વવેદમાં પશુઓનો પાળક છતાં એને ઉગ્ર પણ કહ્યો છે. એક સ્તવનમાં એને વિનવ્યો છે કે મનુષ્યોમાં ક્ષય, ઝેર અને અગ્નિ ન ફેલાવતાં આપ બીજે પધારો.

બ્રાહ્મણ ગ્રંથોમાં કહ્યું છે કે જયારે રુદ્ર જન્મ્યો, ત્યારે એ રડયો. સંસ્કૃતમાં રુદ્‌ ધાતુ રોવાના અર્થમાં વપરાય છે. રડવાના સબબથી પ્રજાપતિયે એવું નામ રુદ્ર પાડયું. એણે પોતાના પિતાને પોતાનું નામ પાડવાને આઠ વાર વિનતિ કરી એથી ભવ, સર્વ, પશુપતિ, ઉગ્રદેવ, મહાદેવ, રુદ્ર, ઇશાન અને અસની એવાં એનાં આઠ નામ પાડ્યાં છે. એ ગ્રંથોમાં દેવોની યાચના ઉપરથી રુદ્રે પ્રજાપતિ જે પોતાની પુત્રી સાથે નઠારો સંબંધ રાખતો હતો, એને વિંધી નાંખ્યો હતો એમ કહ્યું છે.

ઉપનિષદોમાં વળી રુદ્રનું સ્વરુપ જુદું જ કલ્પાયું છે. તથા દેવોના પુછવાથી એણે કહ્યું કે 'હું સર્વ વસ્તુઓની પૂર્વે હતો; હું હાલ પણ છઉં અને હવે પછી ભવિષ્યમાં પણ હોઇશ'. 'મારી પછી કોઇ નહિ હોય. હું શાશ્વત છઉં, તેમ હું અશાશ્વત છઉં; હું જ્ઞેય છઉં અને હું અજ્ઞેય છઉં; હું બ્રહ્મ છઉં અને હું બ્રહ્મ નથી.' વળી એક જગાએ કહ્યું છે કે 'એ જ રુદ્ર છે, એ જ ઈશાન, એ જ સ્વર્ગીય, એ જ મહાદેવ અને એ જ મહેશ્વર' છે. 'રુદ્ર એક જ છે. બીજો હોઇ શકે જ નહિ; એ આ ચક્ષુઃ જગતને નિયમમાં રાખે છે, અને ઉત્પાદક છે. જીવવાન ભૂત માત્ર એનામાં અને એની સાથે જ રહે છે. એ રક્ષણ કર્તા છે. પ્રલયકાળે એ સઘળી વસ્તુ માત્રનો નાશ કરે છે'. 'એને આદિ, મધ્ય કે અન્ત નથી. એ એક સર્વવ્યાપ્ત વિસ્મય પમાડે એવો, દિવ્ય, સુખદ, સૌમ્ય ઉમાપતિ છે. શ્રેષ્ટદેવ, ત્રિલોચન, મહાન અને સ્વયંપ્રકાશિત, શાંત અને નીલકંઠ છે. એ જ બ્રહ્મા છે. એ જ શિવ છે. એ જ ઇન્દ્ર છે. એ અનાશવંત, મહાન અને પોતાના તેજ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વડે જ પ્રકાશિત છે. એ જ વિષ્ણુ છે; એ જ પ્રાણ છે, એ જ શ્વાસ છે. જે જે અનાશવંત હતું, છે અને હશે, તે બધું એનું જ રુપ છે. એને જાણ્યો એટલે મૃત્યુ જીત્યું. મોક્ષનો બીજો કોઇ રસ્તો એ વગર છે જ નહિ ".

રામાયણમાં શિવને મોટા દેવ કહ્યો છે, પણ તે વ્યકિત તરીકે. એ વિષ્ણુની સાથે કોઇ વખત લઢે છે અને બ્રહ્મા, વિષ્ણુ અને ઇન્દ્રની સાથે પૂજાય છે એમ કહ્યું છે. છતાં એ રામનું પ્રભુત્વ અને અંશાવતારીપણું સ્વીકારે છે. એ વિષ્ણુથી ઉતરતી પદ્વીનો દેવ હોય નહિ, એવું એનું વર્ણન છે.

મહાભારતમાં પણ સમગ્ર રીતે વિષ્ણુ–શ્રીકૃષ્ણને બધાના કરતાં વિશેષ માન મળે છે; છતાં કેટલીક જગાએ શિવને મોટા કહ્યો છે, અને વિષ્ણુએ અને કૃષ્ણે એની પૂજા કરી છે. એમાં કહ્યું છે કે મહાદેવ એ સર્વ વ્યાપક છતાં અગોચર છે. એ જ જગતનો સર્જનહાર છે અને એને બ્રહ્મા, વિષ્ણુ, ઇન્દ્ર વગેરે સઘળા દેવો, બ્રહ્માથી માંડીને પિશાચ ધરાધરી પૂજે છે. આમ છતાં પણ આ પુસ્તકમાં શિવ અને વિષ્ણુ સ્પર્ધા કરતા હોય એવો ભાસ થાય છે. એની શકિતયો સંબંધે જે ઇસારા અહીં કર્યા છે તે આગળ જતાં પુરાણોમાં વ્યકત થાય છે. શિવ અને કૃષ્ણ એમાં નાનું મોટું કોઇ નથી અને બન્ને એક જ રુપ છે એમ બતાવવાનો યત્ન દેખાઇ આવે છે. છેવટે હરિવંશમાં કહ્યું છે કે વિષ્ણુ શિવરુપ છે અને શિવ વિષ્ણુ રુપ છે, તેમાં તફાવત જ નથી.

પુરાણોમાં તો જે દેવ સંબંધી અમુક પુરાણ હોય તે દેવની જ મહત્તા દેખાડવાનો પ્રયત્ન થયા છે. જુની આખ્યાયિકાઓ અને મંતવ્યો ઉપરથી અનેક કલ્પિત વાતો ઉપજાવી કાઢી, જે દેવ સંબંધી એ ખાસ પુરાણ હોય તેની જ મહત્તા બઢાવીને તેને જ સૌથી મહોટો વર્ણવ્યો હોય છે. જેમકે ગણેશપુરાણમાં, ગણેશ, વાયુ પુરાણમાં વાયુ વગેરે વગેરે.*

કાળે કરીને વેદમાંના રુદ્રદેવે મહાન અને શકિતમાન શિવનું રુપ કર્યું છે અને એને ત્રિમૂર્તિમાં પદ પ્રાપ્ત થયું છે. આખરે એ સંહારક કરનાર દેવ મનાઇ એની શકિતયો ઘણી વિસ્તૃત બની ગઇ છે. સંહાર પછી સર્જન હોય છે જ; એટલે શિવ શંકર રુપે પાછું પુનઃ સર્જન પણ કરે છે. આ પ્રમાણે શિવ સંહારક અને સર્જનહાર દેવ–ઇશ્વર કહેવાવા માંડ્યા, અને એને મહાદેવ–સૌથી શ્રેષ્ટ દેવ એ ઉપાધિ પ્રાપ્ત થઇ.

ઘણાખરા ધર્મોમાં હોય છે એમ સર્જનહાર તરીકે ઉત્પાદક શકિતના ચિન્હ તરીકે એ લિંગરુપે પૂજાય છે. એ રુપે જ અગર ઉત્પાદક શકિતના બીજા સ્ત્રીશકિતના રુપ તરીકે યોનિના ચિન્હ તરીકે એની પૂજા સર્વત્ર થાય છે. પ્રજોપત્તિ એ ગૂઢ–ખ્યાલમાં ન આવે એવી–બાબત હોઈ, જ્યાં જ્યાં સર્જન સંબંધી વાત આવે ત્યાં ત્યાં એનાં જ રુપક અપાયાં છે. પૂજા કરનારના જ્ઞાનની ભૂમિને લઇને જુદી જુદી ભાવનાઓને

---

કુટનોટ—પુરાણોની અમુક દેવની સરાહગતની વાત લખતાં એક રમુજી વાત લખવાનું મન થાય છે. સ્વ. ગોપાળરાવ હરિ દેશમુખ અહીં–અમદાવાદમાં સ્મોલ કોઝ કોર્ટના જજ્જ હતા. તેઓ સંસાર સુધારામાં અગ્રગણ્ય ભાગ લેતા. અમારા સંસ્કૃત અધ્યાપક સ્વ. વિદ્વાન શાસ્ત્રીજી......પાસે કાંઇ સંસાર સુધારાનું પુસ્તક લખાવતા હતા. શાસ્ત્રીજી વર્ગમાં નવરા થાય કે થોડું લખે. એક દિવસ એમ લખતા જોઇને પુછ્યું કે આપ શું લખો છો ? એઓશ્રીએ કહ્યું કે રા, બા. સંસાર સુધારાનું પુસ્તક લખાવે છે. મેં કહ્યું મહારાજ ! આપ આવું પુસ્તક લખો આપશો ? શાસ્ત્રીજી કહે " અમારે શા છે ? અમને તો કહે તો ખૂટપુરાણ લખી આપીએ, કે ખૂટ મહારાજ બધો સંસાર તારા વડે જ છે ! અમારે શા ? દક્ષણા આપે કે બસ !"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્થાન મળ્યાં છે. વસ્તુતઃ લિંગ અને યોનિ એવો ખ્યાલ ધરાધરી ઉપાસકને આવતો નથી.

શિવનું ત્રિજું સ્વરુપ મહાયોગી તરીકે છે. યોગી રુપે એ સદા ધ્યાનમગ્ન જ રહે છે. સદા ઉગ્ર તપ કરનાર મહા તપસ્વી છે. એમના ચમત્કાર અને શક્તિયો અગાધ હોઇ, શુદ્ધ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી એઓ બ્રહ્મ સ્વરુપ જ બન્યા છે. આ સ્વરુપે એ દિગંબર છે. ધૂર્જટી છે. એમની સંહારક શકિતને અંગે એ ભૈરવ છે. ભૂત, પિશાચ વગેરે યોનિયોના અધ્યક્ષ તરીકે એ ભૂતપતિ કહેવાય છે. એમનો વાસ બહુધા સ્મશાનમાં હોય છે. સર્પો એ એમનાં આભૂષણો છે. એ રુંડમાળા ધારણ કરે છે. ભૂતગણો એમની હજૂરમાં હમેશ રહે છે. કેટલીક વખત ભાંગ, ધંતુરો, આકડો વગેરે માદક પદાર્થોથી ઉન્મત્ત બની પોતાની દેવી–શકિતની સાથે નૃત્ય કરે છે. એમનું નૃત લાસ્ય નહોતાં તાંડવ છે–એમનાં વાદ્યો પણ શૃંગી, ડમરુ, રણશિંગુ વગેરે છે. પોઠીઓ-નંદી એ એમનું વાહન છે. ત્રિશળ, શળ, ધનુષ્ય એ એમનાં આયુધો છે. એમના ધનુષ્યનું નામ પિનાક છે. શિવ સર્વાંગે સુંદર, અને એક રુપે ઘણા જ સૌમ્ય છે. સર્વાંગે સુંદર હોઇ એ વર્ણે કર્પુરગૌર છે. સ્વભાવે બહુ ભોળા અને દયાળુ છે. એમના ભાલમાં ભમરોની વચ્ચે ત્રિજું નયન છે. એમાંથી નિકળતો અગ્નિ ઘણો પ્રચંડ છે. પોતાના જટાજૂથ ઉપર અર્ધચંદ્ર ધારણ કરે છે. પોતે ધ્યાનસ્થ હતા તે વખત દેવોનું હિત કરવાના હેતુથી કામદેવે એમના મનમાં પ્રવેશી વ્યથા કરી પાર્વતી સંભારાવ્યાં. આ ઉપરથી ક્રોધ કરી કામદેવ–મદનને એમણે પોતાના ત્રિજા નયનના અગ્નિ વડે જ બાળીને ભસ્મીભૂત કર્યો હતો. એમને પૂજવામાં ઘણી સામગ્રીઓનો ખપ પડતો નથી. પાણી, ચંદન અને બીલીપત્ર એટલાથી જ એ પ્રસન્ન થાય છે. સહજ પ્રાર્થનાથી પણ રાજી રાજી થઈ જાય એવા સહજસંતોષી છે. આ ઉપરથી એમનું નામ આસુતોષ પડ્યું છે. એટલા ભોળા છે કે વરપ્રદાન કરવામાં આઘું પાછું જોતા જ નથી.

પ્રલય કાળે પણ એ જ ત્રિજા નયનમાંથી નિકળતો અગ્નિ જ, દેવોથી માંડીને સર્વભૂત માત્રનો નાશ કરશે. પૂર્વે બ્રહ્માને પાંચ મુખ હતાં. શિવની સાથે અમર્યાદિત સંભાષણ કરવાને લીધે એમણે એનું એક મસ્તક કાપી નાંખ્યું હતું. ત્યારથી બ્રહ્મા ચતુર્મુખ જ છે. કાશીમાં વિશ્વેશ્વર નામની એમની વિભૂતિ ઘણી જ પવિત્ર અને પૂજનિય મનાય છે. એમનો ચિરવાસ હિમાલયના કૈલાસ શિખર ઉપર છે.

સ્વરુપ, પરાક્રમ, અને ટેવ વગેરેને લઇને શિવનાં ઘણાં નામ છે. અઘોર, આસુતોષ, ઈશ્વર, ગિરીશ, ગિરિજાધર, ગિરિજાપતિ, ગંગાધર, જટાધર, જલમૂર્તિ, ત્રિલોચન, ત્રિનયન, ત્ર્યંબક, ત્રિશૂલી, ત્રિપુરારી, ધૂર્જટી નંદીશ, નંદીશ્વર, નંદીવાહન, નીલકંઠ, પંચાનન, પિનાકી, બભ્રુ, ભૈરવ, ભૂતપતિ, ભૂતનાથ. ભગવત, મદનાંતક, મહાદેવ, વિરુપાક્ષ, વિશ્વનાથ, વિશ્વેશ્વર, વૃષભધ્વજ, વ્યાઘ્રાંબરધારી, વ્યોમકેશ, શંકર, શંભુ, શૂલપાણી, શિવ, સર્પભૂષણ, સ્મરહર, સદાશિવ, સ્થાણુ, હર વગેરે વગેરે.

**શિવ (૨).** વિતસ્તનો પુત્ર એક બ્રાહ્મણ. એનો પુત્ર શ્રવા. ( ભાર૦ અનુ૦ ૮–૬૨ ).

**શિવ (૩).** પ્રિયવ્રતના પુત્ર ઇધ્મજિહ્વના સાત પુત્રો પૈકી મોટો પુત્ર. એનો દેશ એને નામે જ પ્રસિદ્ધ છે.

**શિવ (૪).** પ્લક્ષદ્વીપમાંનો છઠ્ઠો દેશ.

**શિવ (૫).** ઉત્તમ મન્વંતરમાંના સપ્તર્ષિયોમાંનો એક.

**શિવ (૬).** કોઈપણ રુદ્રનું સામાન્ય નામ.

**શિવ (૭).** ત્રણની સંજ્ઞાવાળા અંગિરા કુળનો એક ઋષિ.

**શિવ (૮).** નિત્યમુકત શિવની સઘળી વિભૂતિઓનું–મૂર્તિયોનું સામાન્ય નામ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**શિવકર્ણ.** ત્રણની સંજ્ઞાવાળા વસિષ્ટ કુળનો એક ઋષિ.

**શિવકારિણી.** અચ્છોદ ક્ષેત્રમાંની સતીની મૂર્તિ–વિભૂતી.

**શિવકુંડ.** ભારતવર્ષીય તીર્થ વિશેષ.

**શિવદૂતી.** પાર્વતીની એક શકિત.

**શિવધારા.** ભારતવર્ષીય તીર્થ વિશેષ.

**શિવમતી.** ત્રણની સંજ્ઞાવાળા અંગિરા કુળનો એક ઋષિ.

**શિવલિંગ.** ભારતવર્ષીય દેશ વિશેષ.

**શિવલિંગ (૨).** ભૂમિ ઉપર શિવની વિભૂતી–મૂર્તિ.

**શિવલોક.** નિત્યમુકત શિવ જ્યાં સાકાર રહે છે તે લોક. કૈલાસ શબ્દ આ અર્થમાં કેટલાક વાપરે છે પણ તે બરાબર નથી.

**શિવા.** શિવની શકિત.

**શિવા (૨).** અનલ વસુની સ્ત્રી. ( ભાર૦ આ૦ ૬૭–૨૫ ).

**શિવા (૩).** ભારતવર્ષીય એક નદી. ( ભાર૦ ભી૦ ૯–૨૫ ).

**શિવા (૪).** અંગિરસ ઋષિની ભાર્યા. (ભાર૦ વન૦ ૨૨૭–૧ ).

**શિવાઓ.** એ નામના વેદપારગ સિદ્ધ બ્રાહ્મણો, જેઓ દક્ષિણ દિશામાં રહેતા અને પરમપદને પામ્યા હતા તે. (ભાર૦ ઉદ્યો૦ ૧૦૯–૧૮).

**શિવોદ્ભેદ.** ભારતવર્ષીય તીર્થ વિશેષ.

**શિશિર.** મેરુ પર્વતની તળેટી આગળના પર્વતોમાંનો એક.

**શિશિર (૨).** ધર નામના વસુના પુત્રોમાંનો એક.

**શિશિર (૩).** વિશ્વામિત્ર કુળમાં થએલો એક ઋષિ.

**શિશિરગિરિ.** હિમાલય પર્વતનું એક નામ. (ભાર૦ દ્રો૦ અ૦ ૨૨ ).

**શિશુપાલ.** સોમવંશના યદુપુત્ર ક્રોષ્ટાના જ્યામઘના પુત્ર વિદર્ભરાજાના ત્રિજા, સૌથી નાના, પુત્ર રોમપાદના કુળમાં જન્મેલા દમઘોષ રાજાનો પુત્ર. વસુદેવની ભગિની શ્રુતશ્રવા એની મા થાય. ચેદિરાજાનો વંશજ હોવાથી એને ચૈદ્ય નામે પણ કહ્યો છે. એ હિરણ્યકશિપુના અંશે જન્મ્યો હતો. એને જન્મકાળે ત્રણ આંખો અને ચાર હાથ હતા. એણે જન્મતાં જ ગર્દભના જેવો સૂર કાઢયો હતો. એ સાંભળી ચેદિરાજને અને એની માને બહુ દુઃખ થયું હતું. એમણે એવો વિરુપ અને અસ્વભાવિક અયવયવાળો અને ભૂંકનાર પુત્ર નકામો જાણી એને ફેંકી દેવડાવવાનું ધાર્યું. ફેંકી દેવાની તૈયારી હતી એટલામાં આકાશવાણી થઇ કે "એનો ત્યાગ કરશો નહિ. એ પુત્ર શ્રીમાન અને બલવાન થશે." એ સાંભળીને રાજા રાણીએ આકાશવાણી તરફ નમસ્કાર કર્યા અને પુછ્યું કે એનું મૃત્યુ કોનાવડે થશે એ કૃપા કરીને કહો. તેથી આકાશવાણી ફરી થઇ કે 'જેના ખોળામાં આને બેસાડતાં એના બે હાથ અને ત્રિજું નેત્ર ખરી પડે એ આનો શત્રુ સમજવો અને તેને હાથે એનુ મૃત્યુ છે." ટુંકામાં ચેદિરાજને આવો ચમત્કારી પુત્ર થયો છે એ હકીકત સાંભળીને દેશદેશના રાજાઓ દમઘોષ રાજાને મળવા આવતા; અને જે જે આવે, તેના ખોળામાં શિશુપાલને આપતા.

આ બનાવની દ્વારકામા કૃષ્ણબલરામને જાણ થઈ. શિશુપાળની મા, વાસુદેવની બહેન એટલે કૃષ્ણબળદેવની ફોઇ થાય. તેથી ફોઇને મળવાના અને છોકરાને જોવાના ઇરાદાથી કૃષ્ણબળરામ શુકિતમતી નગરીમાં આવ્યા. એઓ રાજાને અને પોતાની ફોઇને મળ્યા, તે વખત ફોઈએ પોતાના પુત્રને પહેલો બળરામ અને પછી કૃષ્ણના ખોળામાં આપ્યો. જેવો એને કૃષ્ણના ખોળામાં મૂકયો કે એની ત્રીજી આંખ અને બે હાથ ખરી પડયાં ! શ્રુતશ્રવા આ જોઇને ભયભીત થઇને કૃષ્ણને કહેવા લાગી કે દેવવાણી પ્રમાણે આ પુત્રનું મૃત્યુ તારે હાથે છે. માટે તું મને વચન આપ કે "હું એને મારીશ નહિ." કૃષ્ણે કહ્યું



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે દેવની આકાશવાણી ખોટી પડે નહિ પણ ફોઈ, તમારા માનની ખાતર હું એના સો અપરાધ ક્ષમા કરીશ. ફોઇને આથી શાતા થઇ. એણે કૃષ્ણબળદેવને કાંઇ દિવસો સુધી પરોણા રાખ્યા. છેવટે ફોઇની આજ્ઞા લઇ બન્ને ભાઈઓ દ્વારકા ગયા.

શિશુપાળ દિવસે દિવસે મોટો થયો તેમ તેમ પરાક્રમી પણ થયો. એ જોઇને વિદર્ભના ભીષ્મક (ભીમક) રાજાના મોટા પુત્ર રુકૂમીએ પોતાની બહેન રુક્મણીને એને પરણાવવાનો નિશ્ચય કર્યો. દમઘોષ રાજા સપરિવાર કુંડિનપુર આવ્યો. લગ્ન અગાઉ કરવાનાં બધાં કર્મ કર્યાં. પરંતુ આ વિવાહ સરેતોરે થયો નહિ. રુક્મિણીની પોતાની ઇચ્છા કૃષ્ણને વરવાની હોવાથી, તેણે મુદ્દામ માણસ મોકલી કૃષ્ણને કહાવ્યું. કૃષ્ણ તરત જ એની વહારે ધાયા. એમણે રુક્મિણીનું હરણ કર્યું, અને અપમાન પામી શિશુપાળને પાછું શુક્તિમતી જવું પડયું.

ત્યારપછી કેટલેક કાળે ઇંદ્રપ્રસ્થમાં યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞનો આરંભ કર્યો. એ સમારંભમાં દેશદેશના રાજાઓ એકઠા થયા હતા. શિશુપાલ પણ ત્યાં આવ્યો હતો. તે સમયે બધામાંથી અગ્રસ્થાને પ્રથમ પૂજા કોની કરવી યોગ્ય છે, એ સંબંધે ઉહાપોહ થયો. ભીષ્મે મત આપ્યો કે અગ્રપૂજા કૃષ્ણને ઘટે છે. આ ઉપરથી યુધિષ્ઠિર કૃષ્ણને ગંધ સમર્પવા ઉઠયા. શિશુપાલથી આ દીઠું ખમાયું નહિ. એણે ભીષ્મની અને કૃષ્ણની નિંદા કરવા માંડી. પણ કોઇએ એના બોલવા ઉપર લક્ષ જ આપ્યું નહિ. એ જોઇને એ એવો તો ગુસ્સે થયો કે સભામાં ઉભા થઇને ઘાંટો પાડીને કહેવા લાગ્યો કેઃ—અરે, અહીં મોટા મોટા દેવર્ષિ, બ્રહ્મર્ષિ અને રાજર્ષિયો વિદ્યમાન છતાં, એક ગોવાળના પુત્રની પૂજા થાય છે, એ સારું દેખાતું નથી. આમ કહીને એણે ભીષ્મને અનેક અપશબ્દો સંભળાવ્યા. એ સાંભળીને ભીષ્મના પક્ષના રાજાઓ લડવાને તત્પર થઇ ઉભા થઇ ગયા. આ જોઇને ભીમને ઘણો ક્રોધ આવ્યો અને શિશુપાળ પર ધાયો. પણ દ્રોણાચાર્યે એને પકડીને બેસાડયો. ભીષ્મે ભીમને શાંત પાડયો. એમણે શિશુપાળના જન્મકાળની હકીકત સંભળાવીને કહ્યું કે તારે એ શું બોલે છે તે તરફ ધ્યાન જ આપવું નહિ. એનો મરણ સમય પાસે આવ્યો છે. માટે જ એ આવી બડબડ કરે છે. એ સાંભળીને ભીમ શાંત થઇને બેઠો.

ભીમને શાંત થઇને મુંગો બેઠેલો જોઇને શિશુપાળને વધારે આવેશ આવ્યો. એણે ભીષ્મને કહ્યું અરે, તમે ભીમને વારો છો શું કરવા ? એને મારા પર ધસી આવવા તો દો ! પછી જુવો કે હું એના પ્રાણ લઇ લઉં છું કે નહિ ? પુનઃ ભીષ્મને સંબોધીને કહ્યું કે હે મૂર્ખ, ડોકરા, નપુંસક ભીષ્મ ! આ સભામાં અનેક મહાન મહાન વ્યક્તિઓ–રાજા છતાં તું આ ગોવાળીઆના પુત્રની પૂજા અને સ્તુતિ કરીને બીજાઓનું અપમાન કરે છે ? તારી આ કરણી બદલ શું કહીએ ? પછી કૃષ્ણને અનેક દુર્ભાષણથી વધાવી લઇ કહેવા લાગ્યો કે અરે તું તો કેવળ નીચ દાસ છે. તને જે રાજા કહેતું હોય તે ભલે કહે. પરંતુ મારા મનથી તો તું મૂળે રાજા જ નથી. જે મૂર્ખ તારી પૂજા કરવાનું કહે છે, તેને જો, અમણાં જ મારી નાખું છઉં. શું વધારે કહું ? તારી મરજી હોય તો તું પણ મારા સામો લઢવા આવી જા. જો કે હું તારો વધ કરું છું કે નહિ ! આ પ્રમણે જરાસંધનો વધ વગેરે અનેક વાતો કાઢી કાઢીને એણે કૃષ્ણની પાર વિનાની નિંદા કરી.

અત્યાર સુધીના બનાવ બનતાં કૃષ્ણ છાનામાના બેશી રહ્યા. પણ જ્યારે ઉપર કહેલાં છેલ્લાં વાકયો કહીને શિશુપાળ છાનો રહ્યો એટલે કૃષ્ણે મંદ અને મૃદુ વાણીએ બોલવાનો આરંભ કર્યો.

તેઓ શ્રી બોલ્યા કેઃ–અહો સઘળા ઋષિયો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને રાજાઓ ! આ શિશુપાલ મારી ફોઇનો પુત્ર છે. એણે અમારા સાત્વત કુળ ઉપર દ્વેષ લાવીને અમને ઘણા પ્રકારે પીડા કરી છે. એણે મારી દ્વારકાપુરીને આગ લગાડી; ભોજ-રાજા રૈવતક પર્વતપર ક્રીડા સારૂ ગયા હતા ત્યારે એમને એકલા જોઇને બાંધીને લઇ ગયો; મારા પિતા વસુદેવ યજ્ઞ કરતા હતા ત્યારે યજ્ઞના અશ્વને મારીને એણે યજ્ઞમાં વિઘ્ન કર્યું; બભ્રુ નામના યાદવની સ્ત્રીનું, તેમ જ ભરાનું અનીતીભર્યું હરણ કર્યું; ( ભાર૦ સ૦ ૬૮-૧૮ ). આ શિવાય પણ એણે મારી પૂંઠ પાછળ મારા ઘણા અપરાધ કર્યા; મારી ફોઇને મેં વચન આપ્યું હતું, તદનુસાર એનાં કૃત્યો સામું ન જોતાં એને ક્ષમા કરી છે. હાલ પણ તમારા બધાની સાનિધ્ય ભીષ્માદિ શ્રેષ્ઠ પુરુષોનું, તેમ જ મારું અપમાન કર્યું છે. એના અપરાધો સો ઉપર થઇ ગયા છે. માટે હવે હું એના અપરાધ સહન નહિ કરું. આમ બોલીને એમણે પોતાનું દિવ્ય ચક્ર શિશુપાલ તરફ ફેંકયું ! ચક્રવડે એનું મસ્તક ધડથી છૂટું પડી એ સભામાં જ તત્કાળ મરણ પામ્યો. ( ભાર૦ સ૦ અ૦ ૪૫, અને ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૭૪ ).

શિશુપાળને ધૃષ્ટકેતુ, સુકેતુ, કરકષ, શરભ વગેરે પુત્રો અને રેણુમતી નામે એક કન્યા હતી. શિશુપાલના મરણ બાદ ધૃષ્ટકેતુ રાજ્ય-ગાદી પર બેઠો. એણે રેણુમતી યુધિષ્ઠિરના ભાઇ નકુળને વરાવી. એના પુત્રો સુકેતુ અને ધૃષ્ટકેતુ દ્રોણાચાર્યને હાથે માર્યા ગયા હતા. ( ભાર૦ ક૦ ૩-૩૨, દ્રોણ૦ ૧૨૫-૩૯; આ૦ ૬૩-૧૮ ).

ઉપર કહેલી શિશુપાલે હરણ કરેલી ભરા એની ઓરમાન માના ભાઇની એટલે પોતાના ઓરમાન મામાની દિકરી હતી. એ વિશા-લપુરીના રાજાની કન્યા હોઇ એના પિતાએ એને કરુષ દેશાધિપતિના પુત્રને આપી હતી. છતાં શિશુપાલ એના પતિનું રુપ ધારણ કરીને એને છલ કરીને હરી ગયો હતો.

**શિશુમાર.** સ્વાયંભુ મન્વંતરનો એક પ્રજાપતિ. એણે પોતાની કન્યા ભ્રમી ધ્રુવને પરણાવી હતી.

**શિશુરોમા.** એક સર્પ વિશેષ. ( ભાર૦ આ૦ ૫૭-૧૦ ).

**શિષ્ટ.** ઉત્તાનપાદ પુત્ર ધ્રુવને એની બીજી સ્ત્રી ધન્યાને પેટે થએલો પુત્ર-એની સ્ત્રીનું નામ સુચ્છયા હતું. એને રિપુંજય, વૃત્ત, કૃપ અને વૃક નામના ચાર પુત્રો હતા. ( મત્સ્ય૦ અ૦ ૪ ).

**શિક્ષ.** ઋષભ પર્વત પર રહેનારા ગાંધર્વો માંહેનો એક.

**શીઘ્ર.** સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના ધ્રુવસંધિ રાજાના પુત્ર સુદર્શનનો પૌત્ર, અને અગ્નિવર્ણ રાજાનો પુત્ર, મરુ રાજા એનો પુત્ર થાય.

**શીઘ્રગ.** સંપાતીના પુત્રો પૈકી એક.

**શીઘ્રા.** ભારતવર્ષીય નદી વિશેષ. (ભાર૦ ભી૦ ૯-૨૯)

**શીતતોયા.** પુત્રાર્થે વરુણની સ્ત્રી બનેલી, ભૂમિ ઉપરની એ જ નામની નદીની મૂર્તિમાન દેવતા. એના પુત્રનું નામ શ્રુતયુધ. એ ભારત યુદ્ધમાં મરણ પામ્યો હતો. ( શ્રુતાયુધ શબ્દ જુઓ ).

**શીતતોયવહા.** ભારતવર્ષીય નદી વિશેષ. (ભાર૦ વન૦ ૮૮-૨૫).

**શીતપૂતના.** સ્કન્દ માતૃગણમાંની એક. ( ભાર૦ વન૦ સ૦ ૨૩૦-૨૮ )

**શીતવન.** એક ક્ષેત્ર વિશેષ. ( ભાર૦ વન૦ ૮૧-૫૯ )

**શીતવૃત.** એક બ્રહ્મર્ષિ. (૩ વસિષ્ઠ શબ્દ જુઓ).

**શીલા.** વિંધ્યાચળમાંથી નિકળનારી એક નદી.

**શુક.** ઋષભપર્વત ઉપરનો એક ગંધર્વ.

**શુક (૨).** કૃષ્ણદ્વૈપાયન વ્યાસનો પુત્ર. ઘૃતાચી નામની અપ્સરા શુકી-પોપટીનું રુપ લઇને ભૂમિપર ફરતી હતી. તે દિવ્ય રુપ ધારણ કરેલી એક વખત વ્યાસની દૃષ્ટિએ પડી. એને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જોઇને વ્યાસનું વીર્ય પડયું. તેમાંથી થએલા પુત્રનું નામ શુક પડયું. વ્યાસને આ પુત્ર શિવના પ્રસાદથી થયો હતો. એ જન્મથી જ જ્ઞાની હતો. પરંતુ એનામાં પોતાના જ્ઞાનનું સ્હેજ ઘમંડ હતું. તેથી વ્યાસે એને આજ્ઞા કરી કે તું પ્રથમ જનક રાજા પાસે જઇને પછી તારે જવું હોય ત્યાં જજે. તે પરથી એ બહુલાશ્વ જનકની પાસે ગયો. ત્યાં જતાં એને પોતાના જ્ઞાનનું ઘમંડ ઉતરી જઇ એ અભિમાન રહિત થયો. ( ભાર૦ શાંતિ૦ અ૦ ૩૨૪-૩૨૫ ). અને ( દેવીભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૧૪ ).

કૃષ્ણદ્વૈપાયને કૃષ્ણચરિત્ર વર્ણનવાળું ભાગવત રચ્યું હતું, તે આને ભણાવ્યું હતું. શુકે કહ્યું છે કે:—

इदं भागवतं नाम पुराणं वेदसंमितं ॥
अधित्वान् द्वापरेऽस्मिन् पितुर्द्वैपायनादहम् ॥

આ જ ભાગવત એણે આગળ ઉપર પરીક્ષિત રાજાને સંભળાવ્યું હતું. ( ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૧૯ ).

શુક બર્હિષદ નામના પિતરની કન્યા પીવરી અથવા વીરિણીને પરણ્યો હતો. એને કૃષ્ણ, ગૌરપ્રભ, શંભુ, ભૂરિસુત, અને જય નામે પાંચ પુત્રો અને કૃત્વી અથવા કીર્તિમતિ નામે એક કન્યા હતી. આ કન્યા સોમવંશી પૂરુકુળના પાર અથવા વિભ્રાજ રાજાના પુત્ર નીપ કિંવા અણુહ રાજાને વરાવી હતી. (ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૧૧), ( દેવી ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૧૯ ), ( મત્સ્ય૦ અ૦ ૧૫ ) અને ( હરિવંશ૦ અ૦ ૧ ).

**શુક (૩).** ઇરાવાને મારેલા શકુનીના ભાઇઓમાંનો એક. ( ભાર૦ ભી૦ અ૦ ૯૦ )

**શુક (૪).** રાવણ પક્ષનો એક રાક્ષસ. એ રાવણનો હેર-દૂત હતો.

**શુક (૫).** રાવણપક્ષનો એક રાક્ષસ. એ રાવણનો અમાત્ય હતો. ( ભાર૦ વન૦ ૨૮૪ ).

**શુક (૬).** એ નામનો એક યાદવ.

**શુક (૭).** એક પક્ષી. એને સહેન્દ્રની સાથે સંવાદ થયો હતો. ( ભાર૦ અનુ. ૧૧ ).

**શુકનાભ.** રાવણ પક્ષનો એક રાક્ષસ (વા૦ રા૦ સું૦ સ૦ ૬ ).

**શુકરહસ્ય.** યજુર્વેદનું મુખ્ય ઉપનિષદ.

**શુકી.** કશ્યપ વડે તામ્રાને થએલી કન્યામાંની એક. ભૂમિપર શુક પક્ષીઓની માતા. (ભાર૦ આ૦ ૬૭-૫૯ ).

**શુકી. (૨).** એકની અંકસંજ્ઞાવાળા અનલાની કન્યા.

**શુક્તિમતી.** ઋષ્યમાન પર્વતમાંથી નિકળેલી નદી વિશેષ.

काशिका सुकुमारी च मन्दगा मन्दवाहिनी।
कृपा च पाशिनी चैव शुक्तिमन्तात्मजास्तु
ताः ॥ ३२ ॥
(मत्स्य-११४.)

विमला चञ्चला चैव तथा च धूतवाहिनी।
शुक्तिमन्ती शुनी लज्जा मुकुटा ह्रादिकाऽ
पि च ॥ २६ ॥
(मत्स्य-११४.)

**શુક્તિમતી (૨).** સુકિતમાન પર્વતમાંથી નીકળેલી એ નામની એક નદી. ( ભાર૦ આ૦ ૬૪-૪૮, ભાર૦ ભી૦ ૯-૩૫ ).

**શુક્તિમતી (૩).** શુકિતમતીને તિરે આવેલી ચેદિ દેશની રાજધાની. ધ્રુષ્ટકેતુની નગરી ( ભાર૦ વન૦ ૨-૫૭ ). એના કોલાહળ નામના પર્વતપરથી ઉપરિચર વસુની ભાર્યા ગિરિકાની ઉત્પત્તિ થઇ હતી. (ભાર૦ આ૦ ૬૪-૫૧).

**શુક્તિમાન.** ઉજ્જણ પાસે આવેલો વિંધ્યગિરિમાળાનો પશ્ચિમ ભાગ, એક ઉપપર્વત. (ભાર૦ સ૦ ૩૧-૫, ભાર૦ ભી૦ ૯-૧૧). એ ભલ્લાટ દેશની પૂર્વે આવેલ છે. એમાંથી કાશિકા, સુકુમારી, મંદગા, મંદવાહિની, કૃપા અને પાશિની નામે નદીઓ નિકળે છે.

**શુક્ર.** ઉત્તમ મનુના પુત્રમાંનો એક.

**શુક્ર (૨).** વારુણિભૃગુના પુલોમાને પેટે થએલા

સાત પુત્રોમાંનો પાંચમો પુત્ર. એના ભાઇનું નામ ચ્યવન. એને શતપર્વા નામની સ્ત્રી હતી. ( ભાર૰ ઉ૦ ૧૧૭-૧૩). એની કુખે ત્વષ્ટાધર, અત્રિ, રૌદ્ર અને કર્મી એમ ચાર પુત્રો થયા હતા. એ અસુરોનો પુરોહિત હતો તેથી પ્રસ્તુત પુરંદર્ ઇન્દ્રે પોતાની જયંતી નામની કન્યા એને બુદ્ધિપૂર્વક પરણાવી હતી. એને પેટે એને પ્રસિદ્ધ દેવયાની નામે કન્યા હતી. (મત્સ્ય૰ અ૦ ૪૭). પ્રિયવ્રતની પુત્રી ઉર્જસ્વતી પણ એની સ્ત્રી હતી, અને એને પેટે પણ એને દેવયાની નામે પુત્રી હતી. ( ભાગ૦ ૫. સ્કં૰ અ૦ ૧ ). એની દેવી નામે પુત્રી વરુણની ભાર્યા હતી. (ભાર૦ આ૦ ૬૭-૫૨). અસુરો દેવોને પીડા કરીને નાશીને ભૃગુની સ્ત્રીના અંતઃપુરમાં ભરાઇ બેસતા. એ બાઇના તપોબળે કોઇથી ત્યાં જવાતું ન્હોતું. તેથી અસુરોનું આશ્રયસ્થાન નાશ કરવાના હેતુથી એની માને વિષ્ણુએ મારી નાંખી હતી. (વાયુ૦ ૯૭; દેવી ભાગ૦ ૪-૧૧; મત્સ્ય૦ અ૦ ૪૭). શુક્ર જબરો યોગ જાણનારો હતો. પોતાના યોગબળે એણે કુબેરના શરીરમાં પ્રવેશ કરીને કુબેરનું ઘણું દ્રવ્ય લઈ લીધું. ( ભાર૦ શાં૦ ૨૯૫-૯). આથી કુબેર શંકર ભગવાનને શરણ ગયો. શુક્ર કુબેરના શરીરમાંથી નિકળી શંકર ભગવાનની સામે આવી ઉભા અને મનમાં વિચાર કર્યો કે મારે તે અહીં ઉભાં રહેવું, બીજે નાશી છૂટવું કે શંકરને શરણે જવું. શંકરે એને મારવાને ત્રિશૂળ લીધું એટલે શુક્ર ત્રિશૂળની અણીપર બેસી ગયો. શંકરે ત્રિશૂળને વાળી એનું ધનુષ્ય બનાવી દીધું. એમ વાળી દીધેલા ધનુષ્યનું નામ પિનાક પડયું. શુક્ર શંકર ભગવાનના હાથ ઉપર બેશી ગયો. છેવટે શંકરે એને પકડીને મોમાં મૂકી દીધો. ત્યાં ગયા છતાં પણ મુવો નહિ. આથી શંકરે દેહનાં બધાં દ્વાર બંધ કરી દીધાં જેથી એ જઠરાગ્નિમાં બળવા લાગ્યો. એણે પેટમાં રહ્યે રહ્યે શંકરની ઘણી સ્તુતી કરી. શંકરે કહ્યું મારા લિંગને રસ્તે નિકળ. પણ એ એવો ધભરાઇ ગયો હતો કે એને લિંગનું દ્વાર સમજાય નહિ. પણ આખરે એ રસ્તે બહાર પડયો. અને પાર્વતીની પ્રાર્થના કરી હું આપનો પુત્ર છું. શંકર ભગવાન એને મારવા ઉદ્યુક્ત થયા એટલે પાર્વતી વચ્ચે પડયાં અને કહ્યું કે એ જેવી રીતે બહાર આવ્યો તે પરથી એ મારો પુત્ર થયો. એને મરાય નહિ. આ રસ્તે પેટમાંથી બહાર આવવાને લીધે એનું શુક્ર નામ પડયું. (ભાર૦ શાં૦ ૨૯૫-૩૨). ઘણા ગ્રંથોમાં આ શુક્રને ભાર્ગવ કહ્યો છે.

**શુક્ર (૩).** શર્યાતિનો પુત્ર. એણે પાંડવોને ધનુર્વિદ્યાનો ઉપદેશ કર્યો હતો. (ભાર૦ આ૦ ૧૩૩-૫૧).

**શુક્ર (૪).** એ નામનો એક પાઞ્ચાલ ક્ષત્રિ. એ પાંડવના પક્ષનો હતો અને એને કર્ણે માર્યો હતો. (ભાર૦ ક૦ ૫૧-૪૬-૪૭).

**શુક્ર (૫).** વૈશ્રવણનો એક ધનાધ્યક્ષ.

**શુક્ર (૬).** વારુણિ કવિના આઠ પુત્રોમાંના ચોથા ઉશનાનું બીજું નામ.

**શુક્ર (૭).** વર્ષના ક્રમમાં ત્રિજો મહિનો. એની પૂર્ણિમા જયેષ્ઠા નક્ષત્રમાં આવે છે જેથી એને જયેષ્ઠ-જેઠ મહિનો કહે છે. એ મહિનામાં મિત્ર નામનો આદિત્ય સૂર્ય-મંડળનો અધિપતિ હોઇ, એની સાથે અત્રિ ઋષિ, મેનકા અપ્સરા, હાહા ગંધર્વ, તક્ષક નાગ, રથસ્વન યક્ષ, અને પૌરુષય રાક્ષસ એ સંચાર કરે છે. ( ભાગ૦ ૧૨ સ્કં૦ ૧૧ અ૦ ).

**શુક્ર (૮).** વિષ્ણુપદ પર્વતપર બેસીને ધર્મરથ રાજાની સાથે યજ્ઞસંબંધી સોમપાન કરનાર એ નામનો એક રાજા (મત્સ્ય૦ અ૦ ૪૮).

**શુક્ર (૯).** હવે પછી થનારા સાવર્ણિ મનુના પુત્રોમાંનો એક.

**શુક્ર (૧૦).** એ નામનો એક નાગ. એ અશાડ માસના આદિત્યના સમાગમમાં સંચાર કરે છે. (ભાગ૦ ૧૨ સ્કં૦ અ૦ ૧૧). ૧૩ મો શુચિ શબ્દ જુઓ.

**શુક્રાચાર્ય.** બગડાની સંજ્ઞાવાળો શુક્ર તે જ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**શુક્લ.** ઉત્તાનપાદ વંશના હવિર્ધાન રાજાને હવિર્ધાનીની કૂખે થએલા છ પુત્રોમાંનો ત્રિજો પુત્ર.

**શુક્લ (૨).** ભારતના યુદ્ધમાં કર્ણે મારેલો પાંડવ પક્ષનો એ નામનો એક રાજા. (ભાર૦ ક૦ અ૦ ૫૬).

**શુક્લ (૩).** ક્રૌંચદ્વીપનો એક પર્વત.

**શુક્લા.** ક્રૌંચ દ્વીપની એક નદી.

**શુંગ.** ભરદ્વાજાંગિરસ કુલમાં થએલો એક ઋષિ.

**શુચિ.** પ્રાયશ્ચિતને સારુ કરેલો અગ્નિ. (ભાર૦ વન૦ ૨૨૩–૨૪).

**શુચિ (૨).** વિશ્વામિત્ર ઋષિનો પુત્ર. (ભાર૦ અનુ૦ ૭–૫૪).

**શુચિ (૩).** સુબાહુ નામના ચેદિરાજનો એક વેપારી વણઝારનો નાયક. ભાર૦ વ૦ ૬૪).

**શુચિ (૪).** અગ્નિને સ્વાહાને પેટે થએલા ચાર પુત્રોમાંનો ત્રિજો પુત્ર. સૂર્યને ઉદ્દેશીને કરવાનો હવન આ અગ્નિમાં થાય છે તે ઉપરથી એને સૌર પણ કહ્યો છે. આ અગ્નિ વાનપ્રસ્થોને પૂજ્ય છે.

**શુચિ (૫).** ઉત્તાનપાદ વંશના વિજિતાશ્વરાજાના ત્રણ પુત્રોમાંનો કનિષ્ઠ પુત્ર. એ પૂર્વે અગ્નિ પુત્ર હતો.

**શુચિ (૬).** ઉત્તમ મનુના પુત્રોમાંનો એક.

**શુચિ (૭).** વારુણિભૃગુના સાતપુત્રોમાંનો એક. ત્રિજો પુત્ર તે.

**શુચિ (૮).** બાર ભાર્ગવ દેવોમાંનો ભાર્ગવદેવ.

**શુચિ (૯).** વિશ્વામિત્ર ઋષિના પુત્રોમાંનો એક.

**શુચિ (૧૦).** વિદેહ વંશના શતદ્યુમ્ન જનકનો પુત્ર. એના પુત્રનુ નામ સનદ્વાજનક હતું.

**શુચિ (૧૧).** સોમવંશી આયુપુત્ર અનેનાનો પૌત્ર અને શુદ્ધ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ ત્રિકકુત્.

**શુચિ (૧૨).** પૂરુકળના અજમીઢવંશના કુરુપુત્ર સુધનુના જરાસંધ વંશના વિપ્ર નામના રાજાનો પુત્ર. ક્ષેમરાજા એનો પુત્ર થાય.

**શુચિ (૧૩).** સોમવંશી યદુકુળના સાત્વતના પુત્ર અંધકના ચાર પુત્રોમાંનો ત્રિજો પુત્ર.

**શુચિ (૧૪).** ઈન્દ્રસાવર્ણિ મન્વંતરમાં સ્વર્ગમાં થનારો ઇન્દ્ર.

**શુચિ (૧૫).** ઇન્દ્રસાવર્ણિ મન્વંતરમાં થનારા સપ્તઋષિયોમાંનો એક.

**શુચિ (૧૬).** મહિનાઓના અનુક્રમમાં ચોથો મહિનો ( ચૈત્રી વર્ષ પ્રમાણે ). એ મહિનાની પૂર્ણિમા પૂર્વાષાઢા નક્ષત્રમાં હોવાથી એનું નામ અશાડ પડયું છે. આ મહિનામાં સૂર્યમંડળનો અધિપતિ વરુણ નામનો આદિત્ય હોય છે. અને વસિષ્ઠ ઋષિ, સહજન્યા અપ્સરા, હૂહૂ ગંધર્વ, સહજન્ય યક્ષ, ચિત્રસ્વન રાક્ષસ અને શુક્ર નાગ એ બધાં આદિત્યની સાથે સંચાર કરનાર હોય છે. (ભા૦ ૧૨ સ્કં૦ અ૦ ૧૧).

**શુચિકા.** એક અપ્સરા.(ભાર૦ આ૦ ૧૩૨–૬૪).

**શુચિશ્રવા.** શ્રીમન્નારાયણ. (ભાર૦શાં૦ ૩૫૨ –૨૬).

**શુચિસ્મિતા.** પ્રાધાની કન્યાઓ અપ્સરામાંની એક. (ભાર૦ સ૦ ૧૦–૧૧).

**શુચી.** તામ્રાને પેટે કશ્યપથી થએલી કન્યાઓમાંની એક.

**શુંડિક.** કર્ણે પોતાના દિગ્વિજયમાં જીતેલો દેશ વિશેષ.(ભાર૦ વ૦ અ૦ ૨૫૪).આ દેશ કેઇ બાજુએ અને કયાં હતો તે ઉપલબ્ધ નથી.

**શુદ્ધ.** સોમવંશી આયુપુત્ર અનેના રાજાનો પુત્ર. શુચિ નામનો રાજા એનો પુત્ર થાય.

**શુદ્ધ (૨).** ઇન્દ્રસાવર્ણિ મન્વંતરમાં થનારા સપ્તર્ષિયોમાંનો એક.

**શુદ્ધાસ્પદ.** તીર્થ વિશેષ. (ભાર૦વ૦ ૮૧–૭૭).

**શુદ્ધોદ.** પુષ્કર દ્વીપની આસપાસનો મીઠા પાણીનો મહાસમુદ્ર, એ ચોસઠ લાખ યોજન પહોળો હોઇ એની આજુબાજુ દસ કરોડ યોજન પહોળી સ્વર્ણમય ભૂમિ આવેલી છે.

**શુદ્ધોદ (૨).** સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના અંતરિક્ષ વંશના શાકય રાજાનો પુત્ર. એના પુત્રનું નામ લાંગલ અથવા પુષ્કલ રાજા હતું.

**શુનક.** ધૃતાચી અને ચ્યવનના પુત્ર પ્રમતિના પુત્ર રુરુનો પુત્ર. મેનકાને પેટે વિશ્વાવસુથી ઉત્પન્ન થએલી પ્રમદ્વરા એની સ્ત્રી થાય. પ્રમદ્વરાને મેનકાએ નદી તીરે નાંખી દીધી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતી. ત્યાંથી દયાલુ સ્થૂલકેશ ઋષિએ પાળીને મોટી કરી આ નામ પાડયું. સ્થૂલકેશના આશ્રમમાં એકદા રુરુ આવ્યો હતો. એ પ્રમદ્વરાને જોઇ મોહિત થયો અને ઋષિએ એ કન્યા એને આપી. રુરુ અને પ્રમદ્વરાનો પુત્ર તે આ શુનક શાનકનો પિતા. (ભાર૦આ૦ ૮; ભાર૦ સ૦ ૪; ભાર૦ અનુ૦ ૮).

**શુનક (૨).** સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના ગૃત્સમદ નામના પુત્રનો પુત્ર. એનો પુત્ર તે શૌનક રાજા. (ભાર૦ આ૦ ૬૮–૩૮).

**શુનક (૩).** વિદેહવંશી ઋત સંજ્ઞાવાળો જનકનો પુત્ર. વીતિહવ્ય જનક તે આનો પુત્ર થાય.

**શુનક (૪).** રિપુંજય રાજાનો દુષ્ટ અમાત્ય એણે રિપુંજય રાજાને મારીને પોતાના પુત્ર પ્રદ્યોતને ગાદીએ બેસાડયો હતો. (૩ રિપુંજય શબ્દ જુઓ).

**શુનઃપુચ્છ.** ભૃગુકુલોત્પન્ન અજીગર્ત નામના બ્રાહ્મણનો પુત્ર. ત્રણ ભાઇઓમાં આ જ્યેષ્ઠ હતો.

**શુનઃશેપ.** ભૃગુકુલોત્પન્ન અજીગર્ત નામના બ્રાહ્મણનો વચેટ દિકરો એના સંબંધી હકીકત મળે છે કેઃ–સૂર્યવંશી પ્રસિદ્ધ હરિશ્ચન્દ્ર રાજાને બહુ કાળ પર્યંત સંતતિ નહોતી. આથી એણે વસિષ્ઠની પ્રાર્થના કરી કે મારે સંતતિ થાય એવું કરો. વસિષ્ઠે એને વરુણનું આરાધન કરવાનું સૂચવ્યું. હરિશ્ચન્દ્રે લાગલું જ આરાધન કરવાનું શરુ કર્યું. કેટલેક કાળ એની ભક્તિ વડે વરુણ પ્રસન્ન થયો અને વરદાન આપ્યું કે તને પુત્ર થશે, પણ તે થાય એટલે તું મને એનો ભોગ આપજે. આ બોલી હરિશ્ચન્દ્રને બહુ દુષ્કર તો લાગી પણ એને કબૂલ કર્યું. વરુણ તથાસ્તુ કહીને સ્વસ્થાન ગયા પછી કેટલેક કાળે હરિશ્ચન્દ્રને ત્યાં પુત્ર પ્રસવ્યો. એણે એનું નામ રોહિત પાડયું.

હરિશ્ચન્દ્રને ત્યાં પુત્ર થતાં જ વરુણે આવીને એણે કહ્યું રાજા તને પુત્ર થયો, હવે એ પુત્રનો તું મને યજ્ઞ કરીને ભોગ આપ. રાજા કહે હજુ એને દસ દિવસ તો થયા નથી. એને દસ દિવસનો થવા દ્યો. દસ દિવસ પછી વરુણની માગણીના જવાબમાં એણે મહિનાની મહેતલ માગી. પછી વળી કહ્યું એને દાંત આવ્યા પછી આપીશ. આ પ્રમાણે ચૂડાકર્મ (હજામત કરાવીને શિખા રાખવાનો સંસ્કાર, ઉપનયન સંસ્કાર, સમાવર્તન વગેરે થયા પછી આપીશ, એમ બહાનાં કાઢયાં. આમ એણે વરુણની માગણી પાછી ઠેલ્યા કરી. આ વાતની રોહિતને ખબર પડવાથી એના મનમાં આવ્યું કે જરુર પિતા મારો ભોગ વરુણને આપશે, માટે અહીંથી નાશી છૂટયા હોઇએ તો ઠીક. એમ ધારી એ અરણ્યમાં ચાલ્યો ગયો.

વરુણ આમ ઘણીવાર આશા ભંગ થયો હતો. પણ જ્યારે રોહિત જતો રહ્યો ત્યારે તો એ કોપાયમાન થયો, અને હરિશ્ચન્દ્રને જળંદરનો વ્યાધિ થયો. રોહિતે અરણ્યમાં આ વાત જાણી એટલે એના મનમાં આવ્યું કે પિતાને વ્યાધિ મુક્ત કરવો જોઇએ. આમ ધારીને એ ઘેર આવવા નિકળ્યો. પણ પ્રાણ કોને વહાલા ન હોય? જવું કે ન જવું એવી મનમાં ધડભાંગ કરતો હતો, તેવામાં અજીગર્ત નામનો અતિશય દ્રવ્ય લોભી બ્રાહ્મણ એને મળ્યો. રોહિતે એને સહેજ જ પુછ્યું કે તારે કેટલા પુત્ર છે? પોતાને ત્રણ પુત્રો છે એવું અજીગર્તે કહેતાં રોહિતે પુછ્યું કે તું દ્રવ્ય લેઇને તારો એકાદ પુત્ર વરુણને ભોગ આપવા આપીશ? લોભી અજીગર્તે લોભના માર્યા તરત જ હા કહી. રોહિતે એને પોતાની સાથે નગરમાં આણ્યો અને એને એની ઇચ્છામાં આવે એટલું દ્રવ્ય આપ્યું. અજીગર્તે આપેલા વચેટ પુત્રને હરિશ્ચન્દ્ર પાસે લઇ જઇને રોહિતે બધી હકીકત કહી. કહ્યું કે આ બ્રાહ્મણપુત્રનો ભોગ આપીને આપ વ્યાધિ મુકત થાઓ.

પછી હરિશ્ચન્દ્રે લાગલી જ યજ્ઞની તૈયારી કરી. ઋત્વિજોની નિમણુક કરી. એણે વિશ્વા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મિત્રને હોતા નામના ઋત્વિ જ ઠરાવ્યા. જમદગ્નિને અધ્વર્યુ, અને અયાસ્ય ઋષિને ઉદ્‌ગાતા ઠરાવ્યા. તેમ જ વસિષ્ઠને બ્રહ્માને પદે સ્થાપીને યજ્ઞનો આરંભ કર્યો. ઇન્દ્રે પ્રસન્ન થઇને હરિશ્ચન્દ્રને સુવર્ણનો રથ આપ્યો. (ભાર૦ સ૦ અ૦ ૧૨). ટુંકામાં શુનઃશેપને પશુ કલ્પીને યજ્ઞમાં ભોગ આપવાના પશુને બાંધે છે તે યજ્ઞ સ્તંભની સાથે બાંધ્યો. યજ્ઞનું કાર્ય ચાલ્યું અને પશુનો વધ કરવાનો સમય આવી પહોંચ્યો. એ જોઇને શુનઃશેપે મોટેથી રડવા માંડયું. આ જોઇને શામિત્ર કર્મ કરનાર–યજ્ઞમાં પશુને મારનાર ઉપઋત્વિજ–શામિતાએ એનો વધ કરવાની ના કહી. લોભીઓ અજીગર્ત યજ્ઞ જોવાને ત્યાં જ રહ્યો હતો, એણે આગળ આવીને કહ્યું કે હું વધ કરવાને તૈયાર છું. બધાંએ એને વાર્યો. આ જોઇને વિશ્વામિત્રને શુનઃશેપની ઘણી દયા આવી. વિશ્વામિત્રે એને વરુણનો મંત્ર આપીને એની પાસે એનો જપ કરાવ્યો. જપ કરતાં જ વરુણ ત્યાં પ્રત્યક્ષ થયા અને હરિશ્ચન્દ્રને કહ્યું કે તારો બલિ-ભોગ મને પહોંચી ચૂકયો. આમ કહીને હરિશ્ચન્દ્રને વ્યાધિમુકત કરી, યજ્ઞ સમાપ્ત કરાવી, પોતે અંતર્ધાન થયા. શુનઃશેપને દેવે બચાવ્યો તે ઉપરથી એનું દેવરાત એવું નામ પડયું.

વરુણના ગયા પછી શુનઃશેપે વિચાર કર્યો કે હવે મારે આવા નિર્દય પિતાને ત્યાં જવું ઉચિત નથી; પણ સભાસદો કહે તેમ કરું. આવો વિચાર કરી એણે બધાને પુછ્યું કે હું હવે આપનામાંથી કોનો પુત્ર કહેવાઉં તે કૃપા કરીને કહો. સભામાં આથી ઉહાપોહ થઇને વસિષ્ઠે કહ્યું કે વિશ્વામિત્રના મંત્રોપદેશથી એ ઉગર્યો છે, સબબ એ વિશ્વામિત્રનો પુત્ર થઇ ચૂકયો. આ સાંભળતાં જ એ વિશ્વામિત્રની સાથે ચાલ્યો ગયો. પોતે ભૃગુ ગોત્રનો હતો તે બદલીને કૌશિક ગોત્રી થયો. વિશ્વામિત્રે એને પોતાના પુત્રોમાં જ્યેષ્ઠત્વ આપી મુખ્ય ઠેરવ્યો. વિશ્વામિત્ર કુળમાં એ પ્રખ્યાત મંત્રદ્રષ્ટા થઇ ગયો છે. (ભાર૦ અનુ૦ અ૦ ૩ અને દેવી ભાગ૦ સપ્તમ સ્કં૦ અ૦ ૧૪–૧૭).

**શુનસ્સખ.** ત્રિદણ્ડી સંન્યાસીનું રૂપ ધારણ કરેલો ઇન્દ્ર. (ભાર૦ અનુ૦ ૧૪૨–૪૫).

**શુની.** ઋષ્યમાન પર્વતમાંથી નિકળતી એક નદી.

**શુનોલાંગુલ.** અજીગર્તના ત્રણ પુત્રોમાંનો કનિષ્ટ પુત્ર.

**શુભ.** સ્વાયંભુ મન્વંતરમાંના ધર્મઋષિને શ્રદ્ધાને પેટે થએલા પુત્રોમાંનો એક.

**શુભા.** સુબળ નામના ગાંધાર રાજની પુત્રી. (ભાર૦ આ૦ ૧૧૯–૧૦).

**શુભા (૨).** બૃહસ્પતિની બે સ્ત્રીઓમાંની એક.

**શુભાઙ્ગદ** દ્રૌપદીના સ્વયંવરમાં આવેલો કોઇ ક્ષત્રિ. (ભાર૦ આ૦ ૨૦૧–૨૨).

**શુભાઙ્ગી.** સોમવંશો કુરુરાજની સ્ત્રી. એના પુત્રનું નામ વિદુરથ હતું. (ભાર૦ આ૦ ૬૩–૪૨).

**શુભાનન.** કદ્રુપુત્ર નાગમાંનો એક.

**શુંભ.** નિશુંભનો મોટો ભાઇ. (શુંભ નિશુંભ શબ્દ જુઓ.

**શુંભ (૨).** તારકાસુરનો સેનાપતિ. (મત્સ્ય૦ અ૦ ૧૫૧).

**શુંભ (૩).** રામની સેનાનો એક વાનર (વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૪૦).

**શુંભનિશુંભ.** શુંભ અને નિશુંભ આ બે અસુરો ભાઇઓ થતા હતા. એમણે પુષ્કર તીર્થમાં અયુત વર્ષ તપ કરીને બ્રહ્મદેવને પ્રસન્ન કર્યા હતા. એમણે વર માગ્યો કે અમે અમર થઇએ. પણ બ્રહ્મદેવે તે કબૂલ ન રાખતાં બીજું કોઇ માગવાનું કહ્યું: એટલે એમણે માગ્યું કે અમે પુરુષ વ્યક્તિથી મરીએ નહિ. બ્રહ્મદેવ તથાસ્તુ કહીને અંતર્ધાન થયા, એટલે એમણે ત્રિલોકને પીડા કરવાનો આરંભ કર્યો. ચંડ, મુંડ, રકતબીજ, ધૂમ્રલોચન વગેરે અનેક અસુરો એમને આવી મળ્યા. પછી એ બધાએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જીને શુંભને રાજા બનાવ્યો અને પોતે એની આજ્ઞાનુસાર વર્ત્તવા લાગ્યા. થોડા જ સમયમાં શુંભે ભૂમિ માત્ર જીતી લેઈ ઇન્દ્રલોકમાં જવા માંડયું. ઇન્દ્રનું પદ ખૂંચી લઇ લોકપાલોનો અધિકાર પણ લઇ લીધો. આથી દેવો નાશીને પર્વતની કંદરાઓમાં રહેવા લાગ્યા. (દેવી૦ ભાગ૦ સ્કં૦૫ અ૦ ૨૧).

આ પ્રમાણે શુંભના ત્રાસને લઇને દેવો ઘણા કાળ સુધી અરણ્યમાં રહ્યા. પછી બૃહસ્પતિની સલાહથી હિમાલય પર્વત પર લાંબા કાળ પર્યંત દેવીનું સ્તવન કર્યું. દેવીએ પ્રસન્ન થઇને દેવોને અભય આપ્યું. દેવીએ તરત જ કાલરાત્રિ અથવા કાલિ નામે શકિત ઉત્પન્ન કરી. એ શકિતને સિંહારુઢ કરીને શુંભનિશુંભના નગર તરફ મોકલી. શક્તિયે એમના નગરની સમીપ જઈ પ્રથમ તો મધુર અને સુસ્વરથી ગાયન કરવાનો આરંભ કર્યો. તેમ જ એણે પોતાનું રૂપ પણ એવું તો મનોહર બનાવ્યું કે અસુરો એને જોતાંવાંત મોહ વડે આંધળા ભીંત જ બની જાય. એટલામાં એ શકિત ચંડ મુંડની દષ્ટે પડી. એમણે તરત જ જઇને શુંભનિશુંભને આ વર્ત્તમાન કહ્યા. તે ઉપરથી એણે પોતાના સુગ્રીવ નામના દૂતને શકિતને પોતાની પાસે લઇ આવવા સારુ મોકલ્યો. સુગ્રીવ શકિતની સાથે કાંઇ વાતચીત કરીને પાછો ગયો. એણે જઇને શુંભનિશુંભને કહ્યું કેઃ–એ સ્ત્રી ઘણી ઉત્તમ છે, પણ કહે છે કે જે મને યુદ્ધમાં જીતશે તેને હું વરીશ. (દેવી ભાગ૦ ૫ સ્કં૦ અ૦ ૨૨–૨૩). તે ઉપરથી તેમણે ધૂમ્રલોચનને શકિતને પોતાની પાસે પકડી લાવવા મોકલ્યો. એણે શકિતની જોડે બહુ શૃંગારરસભર્યું ભાષણ કરી કહ્યું બેઉ ભાઇઓમાંથી તારી ઈચ્છામાં આવે તેને તું પરણ. આ સાંભળી દેવીએ એને ધિક્કારી કાઢ્યો અને પરિણામે એની સાથે યુદ્ધ કર્યું, જેમાં ધુમ્રલોચન શકિતને હાથે મરણ પામ્યો. ત્યાર પછી ચંડ અને મુંડ આવ્યા, એમની પણ એ જ વલેહ થઇ. (દેવી ભા૦ ૫ સ્કં૦ અ૦ ૨૪–૨૬). પછી શકિતને રકતબીજની સાથે યુદ્ધ થયું. અને એના મરણ પામ્યા ઉપરથી શુંભ અને નિશુંભ જાતે આવ્યા. (રકતબીજ શબ્દ જુઓ). પરિણામે નિશુંભ અને શુંભ બન્ને મરણ પામ્યા (દેવી ભાગ૦ સ્કં૦ ૫ અ૦ ૩૦–૩૧).

**શુભાનન.** કદ્રુપુત્ર નાગમાંનો એક.

**શુભ્ર.** રૈવત મન્વંતરના વિષ્ણુના અવતારનો પિતા

**શુલ્વ.** ઉદક ઋષિનો પિતા.

**શુષ્કરેવતી.** એક દેવતા વિશેષ. (૧ અંધક શબ્દ જુઓ).

**શૂન્યબંધુ.** સૂર્યવંશી દિષ્ટકુલોત્પન્ન તૃણબિંદુ રાજર્ષિનો મધ્યમ પુત્ર.

**શૂર.** મગધ દેશનો પ્રાચીન રાજા. સૂર્યવંશી દશરથ રાજાની સ્ત્રી સુમિત્રાનો પિતા, અને લક્ષ્મણનો આજો.

**શૂર (૨).** સોમવંશી યદુકુલોત્પન્ન કાર્તવીર્ય રાજાના પુત્રોમાંનો એક. એનું બીજું નામ શૂરસેન પણ હતું.

**શૂર (૩).** ચંદ્રવંશી યદુકુળના સાત્વતના પુત્ર વૃષ્ણિના વંશના બીજા વૃષ્ણિના પૌત્ર વિદૂરથના પુત્ર ચિત્રરથનો પુત્ર. એના પુત્રનું નામ ભજમાન.

**શૂર (૪).** સોમવંશી યદુકુળના સાત્વત અન્વયમાં જન્મેલા અનમિત્ર રાજાના વૃષ્ણિ નામના પુત્રના વંશના હૃદિકના પુત્ર દેવમીઢ રાજાનો પુત્ર. એ આર્યક નાગની કન્યા ભોજાને પરણ્યો હતો. ભોજાનું બીજું નામ પારિષા હતું. ભોજાને પેટે એને વસુદેવ અથવા આનકદુંદુભિ, દેવભાગ, દેવશ્રવસ, આનક, સંજય, શ્યામક, કંક, શમીક, વત્સક, વૃક એમ દસ પુત્ર અને પૃથા, શ્રુતદેવા, શ્રુતકીર્તિ, શ્રુતશ્રવા અને રાજાધિદેવી એમ પાંચ કન્યા હતી, આમાંથી પૃથાને કુંતિભોજે દત્ત લીધી હતી. અને પાંડુ રાજાને પરણાવી હતી, શ્રુતદેવાને કરૂષ દેશના વૃદ્ધશર્માને, શ્રુતકીર્તિ કેકય દેશના ધૃષ્ટકેતુને, શ્રુતશ્રવા ચેદિદેશના દમઘોષ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજાને અને રાજાધિદેવી અવંતીના રાજા જયસેનને દીધી હતી. આ શૂર રાજાના કુળમાં કૃષ્ણને લઇને યાદવો શૌરિ સંજ્ઞા વડે પ્રસિદ્ધ થયા હતા, (ભાર૦ આ૦ ૬૮-૧૨૯).

**શૂર (૫).** જયદ્રથનો મિત્ર એક રાજા. ( ૩ જયદ્રથ શબ્દ જુઓ ).

**શૂર (૬).** વસુદેવને મદિરા નામની સ્ત્રીથી થએલા પુત્રોમાંનો એક.

**શૂર (૭).** કૃષ્ણને ભદ્રાને પેટે થએલા પુત્રોમાંનો એક.

**શૂરતર.** એક રાજા. આ રાજા ઘણો બળવાન હોઇ એણે પટચ્ચર નામના રાક્ષસને માર્યો હતો. એ પોતાના રથને લીલા રંગના અશ્વો જોડાવતો. ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષે લઢયો હતો. ( ભાર૦ દ્રો૦ અ૦ ૨૩ ).

**શૂરભૂ.** ઉગ્રસેન રાજાની દિકરીઓમાંની એક. એ વસુદેવના ભાઇ શ્યામકની સ્ત્રી હતી.

**શૂરભૂમિ.** શૂરભૂનું બીજું નામ.

**શૂરસેન.** દેશ વિશેષ. દક્ષિણ અને પશ્ચિમ એ બે દિશાએ આવવાને સબબે એના બે ભાગ થાય છે. વધારે હકીકત સારુ એ અક્ષરોના ક્રમમાં યોગ્ય સ્થળે જોવું.

**શૂરસેન (૨).** કાર્તવીર્ય રાજાના પુત્ર શૂરનું નામાન્તર.

**શૂરસેન (૩).** પાંડવ પક્ષનો પાંચાલનો ક્ષત્રિય વિશેષ. ભારતના યુદ્ધમાં એને કર્ણે માર્યો હતો. ( ભાર૦ કર્ણ૦ અ૦ ૪૩-૧૫ ).

**શૂરસેના.** આ દેશની રાજધાની મથુરામાં હતી. ( ભાર૦ ભીૢ૦ ૯-૩૯ ).

**શૂરસેના.** સોમવંશી પૂરુના પુત્ર પ્રવીરની ભાર્યા. એનો પુત્ર તે મનસ્યુ.

**શૂર્પણખા.** વિશ્રવા ઋષિને કૈકસીને પેટે થએલી પુત્રી. દશગ્રીવ, કુંભકર્ણ અને વિભીષણ એમની બ્હેન. એ પરણવા જેવડી થઇ એટલે રાવણે એને કાલકેય અસુરોના અધિપતિ વિદ્યુજ્જિવ્હને પરણાવી હતી. પરન્તુ આ વિદ્યુજ્જિવ્હ એક યુદ્ધ પ્રસંગે રાવણને હાથે જ મરણ પામ્યાથી એને સંતોખવા રાવણે એને દંડકારણ્યનું રાજ આપ્યું હતું. તેમ જ ચૌદ હજાર રાક્ષસોની સેના સહિત ખર રાક્ષસને એની સાહ્યતા સારુ આપ્યો હતો. ( વા૦ રા૦ સ૦-૨૩-૨૪ ). વિશ્રવા ઋષિને ભરદ્વાજની કન્યા દેવવર્ણિની, કૈકસી, પુષ્પોત્કટા, રાકા અને બળાકા એમ પાંચ સ્ત્રીઓ હતી. દેવવર્ણિને પેટે વૈશ્રવણ, કૈકસીને પેટે રાવણ, કુંભકર્ણ, શૂર્પણખા અને વિભીષણ, રાકાને પેટે ખર અને બળાકાને પેટે ત્રિશિરા, દૂષણ અને વિદ્યુજ્જીવ્હ એ પ્રમાણે સંતાનો હતાં. ( વિશ્રવા શબ્દ જુઓ ).

દંડકારણ્યનું રાજ્ય મળ્યા પછી શૂર્પણખા ત્યાં રહેવા લાગી, અને ઋષિયોને અનેક પ્રકારના ઉપદ્રવ આરંભ્યા. વખતે ઋષિયોને ખાઇ પણ જતી. આ પ્રમાણે ઘણો કાળ પર્યંત દુઃખ ભોગવતા હતા તેવામાં સીતા અને લક્ષ્મણ સહિત રામ ત્યાં આવ્યા. તેમણે ગોદાવરી ગંગાના ઉત્તર તીરે પંચવટીમાં નિવાસ કર્યો હતો. એક સમયે શૂર્પણખાએ રામને દીઠા. રામનું અપ્રતિમ સૌંદર્ય નિહાળીને એ રામ ઉપર મોહિત થઇ ગઇ. તેથી પોતે સુંદર રુપ ધારણ કરીને રામ સમીપ આવી અને રામને પૂછ્યું કે તું કોણ છે અને સ્ત્રી સહવર્ત્તમાન તાપસવેષ ધારણ કરીને અરણ્યમાં કેમ રહે છે ? રામે સંક્ષેપમાં ઉત્તર દઇને પૂછ્યું કે તું કોણ છે ? હું રાવણની બ્હેન છું વગેરે કહીને એણે રામની પ્રાર્થના કરી કે મને ભાર્યા તરીકે સ્વીકારો, કાંકે તમારું સ્વરુપ સૌંદર્ય જોઇને હું ઘણી મોહિત થઇ છું. ( વા૦ રા૦ અરણ્ય૦ સ૦ ૧૭ ).

શૂર્પણખાનું કહેવું સાંભળીને રામે કહ્યું હું તો ભાર્યાવાળો છું, માટે તું નિરર્થક દુઃખી થઇશ. મારો નાનો ભાઈ લક્ષ્મણ પણ સ્વરુપવાન છે, અને વળી એની સ્ત્રી અહીં નથી, માટે તું એને પરણ. આ સાંભ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સીને એ લક્ષ્મણ પાસે ગઈ અને પોતાને એ પરણે એવી પ્રાર્થના કરી. લક્ષ્મણે કહ્યું હું તો રામનો દાસ છું, માટે તું દાસી થઇને દુઃખી થાય એ વાસ્તવિક નથી. સારું તો એ જ છે કે તું રામને જ પરણ. આવું સાંભળીને શૂર્પણખા પાછી રામ પાસે આવી અને કહેવા લાગી કે આ તારી સ્ત્રી રુપાળી નથી, માટે લાવને હું એને ખાઇ જ જાઉં. પછી તું મને પરણે તો ઠીક પડે. આ ઉપરથી રામે લક્ષ્મણને સાન કરતાં એણે ખડ્ગ કાઢીને એનાં નાક કાન કાપી નાંખી એને વિરુપ કરી. એની વેદનાથી વ્યાકુળ બનીને એ ખરની પાસે ગઇ અને પોતાનું વિરુપ બતાવીને ખૂબ રુદન કર્યું. ( વા૦ રા૦ અ૦ સ૦ ૧૮ ).

શૂર્પણખાના વિતક્ની વાત સાંભળીને ખર રાક્ષસે પોતાના ચૌદ હજાર રાક્ષસોના સૈન્યને રામને મારવા મોકલ્યું. પરન્તુ રામે આ ચૌદહજારને મરણ પમાડ્યાથી ખર પોતે પોતાના અમાત્યોને લઇને રામ પર ચઢ્યો અને માર્યો ગયો. ( ૧ ખર શબ્દ જુઓ ). ખર મુઓ એટલે શૂર્પણખા જનસ્થાનમાંથી નિકળીને લંકા ગઇ. એણે જઇને રાવણને પોતાની વલેહ કેવી થઇ તે બતાવીને રાવણને બહુ ધિક્કાર્યો. તારા જેવા બલાઢ્ય વીર ભાઈ છતાં મારી આ વલે? આવું આવું કહી એણે રાવણને ઉશ્કેર્યો. વળી એણે રામની સ્ત્રી સીતા ઘણી જ સ્વરુપવાન છે માટે એનું હરણ કર એવો યે પ્રબોધ કર્યો. રાવણે શૂર્પણખાને મુખેથી બધી હકીકત સાંભળી લઇને એનું સાંત્વન કર્યું. શૂર્પણખા પછી લંકામાં રહી. ( વા૦ રા૦ અ૦ સ૦ ૩૪ ).

**શૂર્પણખી.** સીતાના સંરક્ષણ સારુ રાખેલી રાક્ષસીઓમાંની એક. ( વા૦ રા૦ સુંદર૦ સ૦ ૨૪ ).

**શૂર્પારક.** ભારતવર્ષીય દેશ વિશેષ. આ દેશ ઇંદ્રપ્રસ્થથી દૂર દક્ષિણમાં આવેલા વિદર્ભ દેશની પશ્ચિમે હોવો જોઇએ. અશ્વમેધ વખતે સહદેવે કરેલા દિગ્વિજયમાં આ દેશનું નામ છે, પરંતુ એ દેશ ક્યાં આવેલો એ નિશ્ચિત થતું નથી. જમદગ્નીના પુત્ર પરશુરામે ભૂમિને નક્ષત્રી કરીને કશ્યપને દાનમાં આપી હતી. છતાં પરશુરામે પોતે ત્યાં રહીને ફલાણી જગાએ ક્ષત્રિ છે એમ સાંભળે એટલે ત્યાં જઇને એનો વધ કરે, એવો વ્યવહાર રાખ્યો હતો. આમ હોવાથી કશ્યપે પરશુરામને કહ્યું કે મને દાનમાં આપેલા દેશોમાં રહેવું તમને ઉચિત નથી. તેમ જ મારા દેશમાં ક્ષત્રિયોને મારવા એ પણ યોગ્ય નથી. માટે તમે મારા દેશની બહાર રહો. પરશુરામની બીજે રહેવાની ઇચ્છા થતાં સમુદ્રે આ દેશ ઉપરથી ખશી જઇ તેમને સારુ ખુલ્લો કરી આપ્યો; પછી પરશુરામ પોતે આવીને આ દેશમાં રહ્યા.

ततः शूर्पारकं देशं सागरस्तस्य निर्ममे ।
सहसा जामदग्न्यस्य सोपरांत महीतलम्॥६७॥

( ભાર૦ શાં૦ અ૦ ૪૯ ).

ભારતમાં કોંકણનું નામ છે, પરંતુ આને ખાસ કોંકણ કહ્યું નથી; છતાં આ દેશ તે ખાસ કોંકણ જ હશે. મુંબાઇ ઇલ્લાકાના બિજાપૂર જીલ્લામાં જામખંડીની પાસેનું શુર્પલ્ય તે જ શૂર્પારક, એમ કુમ્ભકોનમના ટી૦ આ૦ કૃષ્ણાચાર્ય જેમણે મહાભારત છપાવ્યું છે તેમનું કહેવું છે.

પરંતુ "ઇમ્પિરિયલ ગેઝેટ ઓફ ઇન્ડિયાના ત્રેવીસમા પુસ્તકમાં હકીકત આપી છે કે "મુંબાઇ ઇલાકાના થાણા જીલ્લામાં વસાઇ તાલુકામાં ૧૯°૨૫' ઉત્તર અક્ષાંસ અને પૂર્વ રેખાંશ ૭૨°૪૮' ઉપર વસાઇ રોડથી વાયવ્ય દિશાએ અને મુંબાઇ બરોડા અને મધ્ય હિંદુસ્થાન રેલ્વેના વિરાર સ્ટેશનથી પશ્ચિમે એટલે જ છેટે ચારસેં અને છયાસી માણસની વસ્તીવાળું સોપારા નામનું ગામ આવેલું છે. છેક ઇ. સ. પૂર્વે ૫૦૦ થી તે ઈ. સ. ૧૩૦૦ સુધી આ ગામ કોંક-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ણની રાજધાની હતું. મહાભારતમાં એને શૂર્પારક નામે વર્ણવ્યું છે અને પ્રભાસ જતાં પાંચે પાડવો ત્યાં રહ્યા હતા. બૌદ્ધ ધર્મના ગ્રંથોમાં કહ્યું છે કે પોતાના એક પૂર્વ જન્મમાં ગૌતમ બોધિસત્વ પોતે સોપારામાં જન્મ્યો હતો. સોલોમનને કહેલું છે કે ઓફર તે આ જ. જૈનગ્રંથોમાં પણ ઘણી જગાએ એનો નિર્દેશ કર્યો છે. ઇ. સ. પૂર્વે સોપારક, સોપારય, સોરપારગ એવે નામે જૂના શિલાલેખોમાં એ ગામનો નિર્દેશ છે. ઇ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં પેરિપ્લસે લખ્યું છે કે ઓરિર ભરુચ અને કલ્યાણીની વચ્ચમાં સમુદ્ર કિનારે આવેલું વેપારનું મથક છે. ( ઇમ્પિરિયલ ગેઝેટ વો. ૨૩ પા. ૮૭ ).

**શૂલપાણિ.** શૂલ ધારણ કરવાના સબબે મહાદેવનું નામ.

**શૂલપાણેશ્વર.** હરણફાળ અને મોખડીઘાટ મુકીને નર્મદાના ઉપલાણમાં નાંદોદના રાજ્યમાં આવેલી મહાદેવની વિભૂતિ.

**શૂલપાણેશ્વર (૨).** શૂલપાણેશ્વર મહાદેવ આગળનું નર્મદા કિનારાનું તીર્થ વિશેષ.

**શૂલાપ્રોત.** એક નરક વિશેષ.

**શૃંગવાન.** કુરુ અથવા ઐરાવત વર્ષની ઉત્તરે આવેલો એક પર્વત. એ બન્ને છેડે પૂર્વ પશ્ચિમ સમુદ્રને લાગીને રહ્યો છે.

**શૃંગવાન (૨).** એ નામનો બીજો એક પર્વત. જેની તળેટીએ શૈલોદ નામનું સરોવર આવેલું છે.

**શૃંગવાન (૩).** ગાલવ ઋષિનો પુત્ર. એની ભાર્યાનું નામ વૃદ્ધકન્યા હતું. (ભાર૦ શલ્ય૦ અ૦ ૫૩-૧૫ ).

**શૃંગવેર.** એક સર્પ વિશેષ. ( ભાર૦ આ૦ ૫૯-૧૩ ).

**શૃંગવેરપુર.** ભાગીરથી ગંગાને તીરે આવેલું ગુહ નામના નિષાધિપતિનું શહેર. ( ભાર૦ વ૦ ૮૩-૬૫ ).

**શૃંગી.** આંગિરસ કુળમાં ઉત્પન્ન થએલા શમીક ઋષિનો ગાયને પેટે જન્મેલો પુત્ર.

**શૃંજય.** શૈબ્ય રાજાનો પુત્ર. નારદ અને પર્વત ઋષિ બન્ને એક સમયે આ રાજાને ત્યાં ગયા હતા. રાજાનું આતિથ્ય લેતા બેઠા હતા, તેવામાં રાજાની કન્યા ત્યાં આવી. આ રુપવાન કન્યાને જોઇ પર્વતઋષિ મોહિત થઇ ગયા. નારદના મનમાં પણ એવો ભાવ ઉત્પન્ન થયો. એમણે રાજાને પૂછતાં એ પોતાની કન્યા છે અને પરણાવવા યોગ્ય થઇ છે કહેતાં, નારદે માગણી કરી અને રાજાએ હા કહી. તે સાંભળી પર્વતે ક્રોધે ભરાઇ નારદને પોતે મનથી પરણી ચૂકયા છે એવું કહ્યું. અને મારી સ્ત્રીનું તેં માગણું કર્યું માટે તું સ્વર્ગમાં નહિ જઇ શકે એવો શાપ આપ્યો. નારદે પણ પર્વતને શાપ્યા કે હજુ વિવાહસિદ્ધિનાં લક્ષણો મનાય છે તે થયા પૂર્વે તારી સ્ત્રી થઇ ગણાય નહિ, છતાં તેં શાપ આપ્યો, માટે તું પણ મારી પેઠે જ સ્વર્ગમાં જઈ શકીશ નહિ. ( ૨ શૈબ્ય શબ્દ જુઓ ).

**શૃંજય (૨).** પરિક્ષક રાજાને શાપ દીધો હતો તે. ( ૨ શમીક શબ્દ જુઓ ).

**શેષ.** કદ્રૂને પેટે કશ્યપથી જન્મેલા નાગોમાંનો પ્રમુખ નાગ. એને અનંત એવું નામ પણ છે. એને સહસ્રફણા છે. એ નિરંતર પાતાળમાં રહે છે અને એની એક કલા-એક રુપ-ક્ષીરસાગરમાં હોઇ વિષ્ણુ ભગવાન પોતે પણ એક કલારુપ અવતારથી એના ઉપર સર્વદા શયન જ કરી રહ્યા છે. નાગ માત્રને પોતાની ઇચ્છામાં આવે તે રુપ ધારણ કરવાની શક્તિ હોય છે તેમ આનામાં પણ સ્વાભાવિકી એ શક્તિ છે. એની ફણા ઉપર એ પૃથિવીને ધારણ કરી રહ્યો છે. ( ભાર૦ આ૦ અ૦ ૩૫-૩૬-૬૬ ).

**શૈખાવત્ય.** ભીષ્મ અને શાલ્વ બેમાંથી કોઇએ સંઘરી નહિ તેથી પાછી આવતાં અંબાએ જે ઋષિના આશ્રમમાં રહી તપ કર્યું હતું તે ઋષિ. ( ભાર૦ ઉ૦ ૧૭૫-૩૯-૪૬ ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**શૈનેય.** શિનિ રાજાના પૌત્ર અને સત્યકના પુત્ર સાત્યકિને બહુધા આ નામ લગાડાય છે.

**શૈબ્ય.** શિબિ દેશના રાજાઓ.

**શૈબ્ય (૨).** શિબિ દેશના રહેવાસીઓને આ નામ લગાડાય છે.

**શૈબ્ય (૩).** શૈબ્ય રાજાનો પુત્ર સૃંજય. સૃંજય શબ્દ જુઓ. (ભાર૦ દ્રો૦ અ૦ ૫૫ ).

**શૈબ્ય (૪).** વૃષ્ણિવંશનો એક એ નામનો ક્ષત્રિ. યુધિષ્ઠિરની સભામાં હતો. (ભાર૦ સ૦ ૪–૩૧ ).

**શૈબ્ય (૫).** ગોવાસન નામનો શિબિ દેશનો એક ક્ષત્રિ. મહાભારતના યુદ્ધમાં હતો. ( ભાર૦ દ્રો૦ ૯૫–૩૯ ).

**શૈબ્ય (૬).** શ્રી કૃષ્ણના ચાર અશ્વો પૈકી બે અશ્વોનાં નામ. ( ભાર૦ વ૦ ૨૦–૧૩, અશ્વ૦ ૧૧૮–૫૬ ).

**શૈબ્ય (૭).** પાંડવો વનવાસમાં હતા ત્યારે એક સમય દ્રોપદી આશ્રમમાં એકલી જ હતી. તે વખત જયદ્રથ કોઇ સ્વયંવરમાં જતો હતો તેણે દીઠી; અને મોહાંધ થઇને એ કોણ છે વગેરે ખબર કાઢવા જેને મોકલ્યો હતો તે, કોટિકાશ્ય. ( ભાર૦ વ૦ ૨૬૮–૨ ).

**શૈબ્ય (૮).** વૃષાદર્ભિ નામનો રાજપુત્ર. એને સપ્તર્ષિયો સાથે સંવાદ થયો હતો. (ભાર૦ અનુ૦ ૧૪૧–૧૨ ).

**શૈબ્ય (૯).** કૃષ્ણે હરાવેલો એક ક્ષત્રિ. (ભાર૦ વ૦ ૧૨–૩૧ ).

**શૈબ્યા.** શિબિ દેશના રાજાઓની કન્યાઓનું સામાન્ય નામ.

**શૈબ્યા (૨).** પ્રતીપની ભાર્યા સનન્દી. દેવાપિ વગેરેની મા. ( ભાર૦ આ૦ ૬૩–૪૪ ).

**શૈબ્યા (૩).** શ્રીકૃષ્ણની ભાર્યા મિત્રવિન્દા. (ભાર૦ મૌ૦ ૮–૭૪ ).

**શૈબ્યા (૪).** સૂર્યવંશી સગર રાજાની પત્ની સુમતિ. અસમંજસઓની મા. ( ભાર૦ વ૦ ૧૦૫–૧૦ ).

**શૈબ્યા (૫).** દ્યુમત્સેન રાજાની ભાર્યા. સત્યવાનની મા. ( ભાર૦ વ૦ ૨૯૯–૨ ).

**શૈબ્યા (૬).** હરિશ્ચન્દ્રની સ્ત્રી તારામતી.

**શૈબ્યા (૭).** જ્યામઘ રાજાની સ્ત્રી અને વિદર્ભ રાજાની માતા. ( ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૮૩ ).

**શૈબ્યા (૮).** ભારતવર્ષીય નદી વિશેષ. ( ભાર૦ ભી૦ ૯–૨૪ ).

**શૈરીષક.** નકુળ જે દેશોમાં દિગ્વિજય કરવા ગયો તેઓ પૈકી એ નામનો એક દેશ વિશેષ. ( ભાર૦ સ૦ અ૦ ૩૨ ).

**શૈલાભ.** સનાતન વિશ્વદેવાઓમાંનો એક. મહાભારતમાં તેમનાં નામ નીચે પ્રમાણે આપ્યાં છે.

विश्वे चाग्निमुखा देवाः संख्याक्तः पूर्वमेव ते ।
तेषां नामानि वक्ष्यामि भागार्हाणां महात्मनाम् ॥ २९ ॥
सहः कृतिर्विपाप्मा च पुण्य कृत्पावनस्तथा ।
ग्राम्यः क्षेम्यः समूहश्च दिव्यसानुस्तथैव च॥३०॥
विवस्वान्वीर्यवाञ्श्रीमान्कीर्तिमान्कृत एव च ।
जितात्मा मुनिवीर्यश्च दीप्तरोमा भयंकरः ॥३१॥
अनुकर्मा प्रतीतश्च प्रदाताऽप्यंशुमांस्तथा ।
शैलाभः परमक्रोधी धीरोष्णी भूपतिस्तथा॥३२॥
स्रजो वज्रीवरी चैव विश्वेदेवाः सनातनाः ।
विद्युद्वर्चाः सोमवर्चाः सूर्यश्रीश्चेति नामतः॥३३॥
सोमपः सूर्यसावित्रो दत्तात्मा पुण्डरीयकः ।
उष्णीनाभो नभोदश्च विश्वायुर्दीप्तिरेव च॥३४॥
चमूहरः सुरेशश्च व्योमारिः शंकरो भवः ।
ईशः कर्ता कृतिर्दक्षो भुवनो दिव्य कर्मकृत्॥३५॥
गणितः पञ्चवीर्यश्च आदित्यो रश्मिवांस्तथा ।
सप्तकृत्सोमवर्चाश्च विश्वकृत्कविरेव च ॥३६॥
अनुगोप्ता सुगोप्ता च नप्ता चेश्वर एव च ।
कीर्तितास्ते महाभागाः कालस्य गति गोचराः ॥ ३७ ॥

( ભાર૦ અનુ૦ ૧૩૮–૨૯–૩૭ ) (વિશ્વદેવા શબ્દ જુઓ ).

**શૈલાલય.** એક બ્રહ્મર્ષિ. ( ૩ વસિષ્ટ શબ્દ જુઓ ).

**શૈલાલય (૨).** ભગદત્ત રાજાનો પિતામહ, એક ક્ષત્રિ. ( ભાર૦ આશ્રમ૦ અ૦ ૨૧–૧૦ ).

**શૈલિન.** શિલિન ઋષિનો પુત્ર, જિત્વા ઋષિ તે.

**શૈલૂષ.** વિભીષણની સ્ત્રી સરમાનો પિતા. એ ઋષભપર્વત ઉપર રહેતો હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**શૈલૂષ (૨).** કુબેરની સભામાંનો એક ગંધર્વ.

गन्धर्वाणां च पतयो विश्वावसुर्हहा हुहू: ॥२६॥
तुम्बुरुः पर्वतश्चैव शैलूषश्च तथाऽपरः ।
चित्रसेनश्च गीतज्ञस्तथा चित्ररथोपि च ॥२७॥
एते चान्ये च गंधर्वा धनेश्वरमुपासते ।

( ભાર૦ સ૦ અ૦ ૧૦ ).

**શૈલોદ.** શૃંગવાન પર્વતની તળેટીમાં આવેલું સરોવર.

**શૈલોદકા.** નદી વિશેષ. એ શૈલોદ સરોવરમાંથી નિકળે છે. ( ભાર૦ સ૦ ૨૯-૪૨ )

**શૈલોદા.** ઉપર કહેલી શૈલોદકા નદીનું બીજું નામ.

**શૈવલ.** દંડકારણ્યની દક્ષિણ શીમારુપ પર્વત. ( વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૭૫ )

**શૈવલ (૨).** દેશ વિશેષ. ( ભાર૦ ભી૦ ૯-૫૪ ).

**શૈશિર.** એક બ્રહ્મર્ષિ. ( ૩ અંગિરા શબ્દ જુઓ ).

**શૈશિર (૨)** એક બ્રહ્મર્ષિ. ( ૨ કશ્યપ શબ્દ જુઓ ).

**શૈશિર (૩).** એક બ્રહ્મર્ષિ. ( ૧ વિશ્વામિત્ર શબ્દ જુઓ ).

**શૈશુપાલી.** શિશુપાલની નગરી શુક્તિમતી નામની તે જ. ( ભાર૦ વ૦ ૨૫૪-૧૬ ).

**શોણ.** પ્રલયમેઘોમાંનો સાતમો મેઘ.

**શોણ (૨).** એક બ્રહ્મર્ષિ. ( ૨ અત્રિ શબ્દ જુઓ ).

**શોણ (૩).** ભારતવર્ષીય મોટો નદ. એનું હિરણ્યવાહ એવું બીજું નામ પણ છે.

**શોણસંગમ.** શોણનદ જે સ્થળે સમુદ્રને મળે છે તે સ્થાન.

**શોણા.** ભારતવર્ષીય નદી વિશેષ. આ નદી અયોધ્યાથી મિથિલા જતાં રસ્તામાં આવે છે. હાલની શોણ નદી તે જ. એ મગધની પશ્ચિમ સીમા હતી. (ભાર૦ ભી૦ ૯-૨૯).

**શોણાશ્વ.** કુરુકુળમાં ઉત્પન્ન થએલો એક રાજા. એનું નામ વંશાવળીમાં નથી.

**શોણાશ્વ (૨).** એક યાદવ વિશેષ.

**શોણાશ્વ (૩).** દ્રોણાચાર્ય તે જ. ( ભાર૦ વિ૦ ૫૬-૬; દ્રો૦ ૧૨૫-૨ ).

**શોણિતપુર.** બાણાસુરની નગરી. એ ક્યાં હતી અને કિયા દેશની રાજધાની હતી એ જણાતું નથી. ( ભાગ૦ ૧. સ્કં૦ અ૦ ૬૨).

**શોણિતાક્ષ.** રાવણ પક્ષનો એ નામનો એક રાક્ષસ. ( વા૦ રા૦ સુંદર૦ સ૦ ૬ ).

**શોણિતોદ.** એક ગંધર્વ.

**શોણિતોદ (૨).** એક યક્ષ. ( ભાર૦ સ૦ ૧૦-૧૮ ).

**શૌકતુ.** એક બ્રહ્મર્ષિ. ( ૨ અત્રિ શબ્દ જુઓ ).

**શૌંગ.** ભરદ્વાજાંગિરસ કુળના શૃંગ ઋષિનો પુત્ર. એને વિશ્વામિત્ર કુલના શૈશિર ઋષિયે પોતાનો પુત્ર કરી લીધેલો હોવાથી એ દ્વામુષ્યાયણ એટલે દ્વિગોત્રી હતો.

**શૌનક.** ભૃગુવંશીય સસ ઋષિનો પૌત્ર અને શુનક ઋષિનો પુત્ર. નૈમિશારણ્યવાસી એક કુલપતિ. પોતાના બાર વર્ષના સત્રમાં સૂતકાળના લોમહર્ષણના પુત્ર, સૌતિ ઉપનામ ઉગ્રશ્રવાને મોંએ ભારત, ઇતિહાસ વગેરે સાંભળનાર. ( ભાર૦ આ૦ ૧-૫, ૪-૧. શાં૦ ૩૪૮-૯૧ ). એને બહ્વૃચ એટલે આશ્વલાયન કહ્યો છે. ( ભાગ૦ ૧ સ્કં૦ અ૦ ૪ ).

**શૌનક (૨).** ઇંદ્રોત નામનો શૌનક કુળનો સમર્થ બ્રાહ્મણ. જેણે પુરુના પુત્ર જનમેજયને થએલી બ્રહ્મહત્યાને અંગે ઉપદેશ કર્યો હતો. જેને લીધે એની બ્રહ્મહત્યા છૂટી હતી તે. ( ભાર૦ શાં૦ અ૦ ૧૫૧ ).

**શૌનક (૩).** યુધિષ્ઠિરની સાથે વનમાં રહેલો એક બ્રાહ્મણ. ( ભાર૦ વ૦ ૨-૧૪, ૨૬-૨૩ ).

**શૌનક (૪).** સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના ગૃત્સમદ નામના પુત્રનો પૌત્ર, અને શુનક રાજાનો પુત્ર.

**શૌનકાયન.** એક બ્રહ્મર્ષિ. ( ૩ ભૃગુ° શબ્દ જુઓ ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શૌરિ. શૂરકુળમાં ઉત્પન્ન થયાના સબબે કૃષ્ણનું નામ. કેટલાક વિષ્ણુને આ નામ લગાડે છે તે અયથાર્થ છે.

શ્મશાનવૃક્ષ. વિરાટ રાજાને ત્યાં જતાં પાંડવોએ શ્મશાનના જે ઝાડપર પોતાનાં આયુધો બાંધીને મૂકયાં હતાં તે. ( ભાર૦ વિ૦ અ૦ ૭ ).

શ્યાકાર. એક બ્રહ્મર્ષિ. (૩ કશ્યપ શબ્દ જુઓ.)

શ્યામ. એ નામનો એક પર્વત. ( ભાર૦ ભી૦ અ૦ ૧૧-૧૯ ).

શ્યામક. સોમવંશી યદુકુળોત્પન્ન સાત્વત વંશના શૂર રાજાના દસ પુત્રો પૈકી એક. એની સ્ત્રીનું નામ શૂરભૂ અથવા શૂરભૂમિ હતું એને પેટે હિરણાક્ષ અને હરિકેશ નામે બે પુત્ર હતા.

શ્યામપરાશર. વસિષ્ટ કુળના પરાશર ઋષિના વંશજો, અને તેનું કુળ. એ કુળમાં પાટિક, નાદરિ, સ્તંબ, ક્રોધનયન અને ક્ષેમિ એ પ્રસિદ્ધ ઋષિયો થઇ ગયા છે.

શ્યામપરાશર (૨). વસિષ્ટ કુળના પરાશરનું કુળ.

શ્યામવય. ત્રિજા વસિષ્ઠ કુળમાં થએલો એ નામનો એક ઋષિ.

શ્યામા. મેરુની નવ કન્યાઓમાંની છટ્ઠી. એ આગ્નિધ્ર રાજાના પુત્ર હિરણ્યમયની સ્ત્રી થઇ હતી.

શ્યામા (૨). પાર્વતીનું બીજું નામ.

શ્યામાયન. વિશ્વામિત્ર ઋષિનો એક પુત્ર. (ભાર૦ અનુ૦ અ૦ ૭-૫૫ ).

શ્યામાયનિ. ત્રિજા અંગિરા કુલોત્પન્ન એક ઋષિ.

શ્યામોદર. બીજા કશ્યપ કુળમાં થએલો એક ઋષિ.

શ્યાવાશ્વ. દ્વિતીય કશ્યપ કુળમાં થએલો એક ઋષિ.

શ્યાવાસ્ય. ઉપર કહેલો શ્યાવાશ્વ તે જ.

શ્યેન. એ નામનો એક ઋષિ. એ કિયા કુળનો હતો તે જણાતું નથી.

શ્યેનગામિ. ખર રાક્ષસના બાર અમાત્યો પૈકી એક.

શ્યેનચિત્ર. એક ક્ષત્રિય. ( ભાર૦ અનુ૦ અ૦ ૧૭૭-૭૦ ).

શ્યેનજિત્. ઇક્ષ્વાકુકુળના પરીક્ષિતના પુત્ર દલ રાજાનો પુત્ર. ( ૧ શલ શબ્દ જુઓ ). ( ભાર૦ વ૦ અ૦ ૧૯૫-૬૩ ).

શ્યેનજિત્ (૨). સૂર્યવંશના પ્રસન્ન રાજાનું બીજું નામ.

શ્યેનજિત્ (૩). પાંડવ પક્ષનો એક ક્ષત્રિય. ( ભાર૦ ઉ૦ અ૦ ૧૪૧-૨૭ ).

શ્યેની. કશ્યપની સ્ત્રી તામ્રાની પુત્રીઓમાંની એક. એ વિનતાના પુત્ર અરુણની સ્ત્રી હોઇ એને સંપાતિ અને જટાયુ નામે બે પુત્ર હતા. ( ભાર૦ આ૦ અ૦ ૬૭-૫૭ ).

શ્યેની (૨). ઋષ્યમાન પર્વતમાંથી નિકળેલી નદી વિશેષ.

શ્રદ્ધા. સ્વાયંભુવ મન્વંતરના દક્ષની સોળ કન્યામાંની પહેલી. એ ધર્મઋષિની તેર સ્ત્રીઓ પૈકી એક હતી. એને શુભ નામે પુત્ર હતો. ( ભાર૦ આ૦ અ૦ ૬૭-૧૪ ).

શ્રદ્ધા (૨). સ્વાયંભુવ મન્વંતરમાંના કર્દમ પ્રજાપતિની નવ કન્યાઓમાંની ત્રિજી. એ દેવહૂતીને પેટે જન્મી હતી અને એ મન્વંતરના અંગિરા ઋષિની સ્ત્રી હતી.

શ્રદ્ધા (૩). વૈવસ્વત મનુની સ્ત્રી.

શ્રદ્ધા (૪). સૂર્યની પુત્રી. ( ભાર૦ શાં૦ અ૦ ૨૭૦-૮ ).

શ્રદ્ધાદેવી. વસુદેવની સ્ત્રીઓ પૈકી એક.

શ્રદ્ધાલુ. હંસધ્વજ રાજાના પ્રધાનોમાંનો એક.

શ્રમ. વસુદેવને શાંતિદેવાની કુખે થએલા પુત્રોમાંનો એક.

શ્રમદાગેયિ. ત્રિજા ભૃગુ કુલોત્પન્ન ઋષિ.

શ્રમિષ્ટ. અક્રૂર યાદવના પુત્રોમાંનો એક.

શ્રવણ. અક્રૂર યાદવના પુત્રો પૈકી એક.

શ્રવણ (૨). સોમની સત્તાવીસ સ્ત્રીઓમાની એક.

શ્રવણ (૩). એ નામનું એક નક્ષત્ર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**શ્રવણ (૪).** મુર દૈત્યના સાત પુત્રોમાંનો એક. એને કૃષ્ણે માર્યો હતો.

**શ્રવસ.** ત્રિજા વસિષ્ઠ કુળમાં થએલો એક ઋષિ.

**શ્રવા .** શિવ નામના બ્રાહ્મણનો પુત્ર. અર્ષિ અને તમ એ નામના બે પુત્રો હતા, (ભાર૦ અનુ૦ અ૦ ૮-૩ ).

**શ્રાદ્ધદેવ.** વિવસ્વાન આદિત્યના પુત્ર વૈવસ્વત મનુનું બીજું નામ.

**શ્રાવસ્ત.** સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના ઇંદુ રાજાનો પૌત્ર અને યુવનાશ્વ રાજાનો પુત્ર. એણે શ્રાવસ્તી નગરી વસાવી હતી. એને વત્સક અથવા વંશક અને વૃહદશ્વ એમ બે પુત્ર હતા. ( ભાર૦ વ૦ અ૦ ૨૦૫-૪ અને ભાગ૦ ૯ સ્કં૦ અ૦ ૬ ).

**શ્રાવસ્તી.** શ્રાવસ્ત રાજાએ વસાવેલી નગરી. એ ઇશાન કોસલ દેશની રાજધાની હતી. દાશરથિ રામ સ્વધામ ગયા પછી તેમનો નાનો પુત્ર લવ એ નગરીમાં રાજ કરતો હતો. ( વા૦ રા૦ ઉત્ત૦ સ૦ ૧૦૭ ).

**શ્રાવણ.** દશરથે હાથી ધારીને રાત્રે મારેલો વૈશ્ય જાતિનો તપસ્વી. વાલ્મીકિ રામાયણમાં આનું નામ છે નહિ.

**શ્રી.** મહાલક્ષ્મી પોતે જ. શ્રીમન્નારાયણની ભાર્યા. એની ઉત્પત્તિ ક્ષીરસાગરમાંથી થઇ હતી. એણે પોતે જ ભૃગુ ઋષિને ત્યાં અવતાર લીધો હતો. ( ભાર૦ આ૦ ૧૮-૧૯ અને ભાગ૦ ૮ સ્કં૦ અ૦ ૮ ).

**શ્રી (૨).** સ્વાયંભુવ મન્વંતરમાંના ભૃગુ ઋષિની ખ્યાતિ નામની ભાર્યાને પેટે જન્મેલી કન્યા. એને ધાતા અને વિધાતા નામે બે બહેનો હતી. શ્રીને જન્મકાળથી જ ભૃગુએ વિષ્ણુને આપી હતી (૧ ભૃગુ શબ્દ જુઓ). ( ભાર૦ આ૦ ૬૭-૫૧ અને ( ભાગ૦ સ્કં૦ અ૦ ૧ ).

**શ્રી (૩).** પાર્વતીનું એક નામ.

**શ્રી (૪).** સરસ્વતી.

**શ્રીકંઠ.** મહાદેવ.

**શ્રીકુંજ.** ભારતવર્ષીય તીર્થ વિશેષ. (ભાર૦ વ૦ ૮૧-૧૦૮).

**શ્રીદામા.** બલરામ અને કૃષ્ણના ગોપ જાતિના ગોકુલના સખા.

> श्रीदामा नाम गोपालो राम केशवयोः सखा ।
> सुबलस्तोक कृष्णाद्या गोपाः प्रेम्णेदमब्रुवन् ॥२०॥
> (ભાગ. સ્કં૦ ૧૦ અ૦ ૧૫.)

**શ્રીદેવા.** વસુદેવની સ્ત્રીઓ પૈકી એક.

**શ્રીતીર્થ.** એક તીર્થ વિશેષ. ( ભાર૦ વ૦ ૮૧-૪૬)

**શ્રીનગર.** દેવીનું સ્થાન વિશેષ. (દેવી ભાગ૦ સપ્તમ સ્કં૦ અ૦ ૩૮) આ નગર તે પ્રસ્તુત મારવાડમાં છે તે, કિંવા બીજું તે કહેવાતું નથી.

**શ્રીપર્વત.** શ્રી શૈલ પર્વતનું જ બીજું નામ. કૃષ્ણા જીલ્લામાં કૃષ્ણા નદીને તીરે આવેલો છે. તેના ઉપર મલિકાર્જુન નામે શિવના જ્યોતિર્લિંગનું સ્થાન છે. ( ભાર૦ વ૦ ૮૩-૧૯ )

**શ્રીપતિ.** વિષ્ણુ.

**શ્રીપર્ણી.** ભારતવર્ષીય નદી વિશેષ.

**શ્રીભાનુ.** સત્યભામાની કુખે થએલો કૃષ્ણનો પુત્ર.

**શ્રીમતી.** અંબરીષ રાજાની કન્યા. નારદ અને પર્વત બન્ને એને પરણવાને ઉત્સુક હતા, પરંતુ એ બન્નેને મૂકીને વિષ્ણુને જ પરણી. આ વિષ્ણુ તે વૈકુંઠવાસી વિષ્ણુ સમજવા નહિ.

**શ્રીમાન્.** આપ નામના વસુનો પુત્ર.

**શ્રીમાન્ (૨).** સોમવંશી પૂરુકુળના નીપ અથવા અણુહ રાજાની બીજી સ્ત્રીથી થએલા સો પુત્રો પૈકી મોટો પુત્ર.

**શ્રીમાન્ (૩).** દત્તાત્રેયના પુત્ર નિમિઋષિનો પુત્ર (ભાર૦ અનુ૦ ૧૩૮-૫).

**શ્રીરહ.** ભારતવર્ષીય તીર્થ વિશેષ.

**શ્રીવત્સ.** વિષ્ણુ અને કૃષ્ણના વક્ષસ્થળ ઉપરનું ચિન્હ.

વાળના ગુચ્છા જેવું અગર લાખા જેવું ચિન્હ. (ડાઉસન પા. ૩૦૫)

**શ્રીવહ.** સર્પ વિશેષ. (ભાર૦ આ૦ ૩૫-૧૩).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રીશૈલ. શ્રી પર્વતનું જ બીજું નામ. પૂર્વે શિશુપાલની શુકિતમતી નગરી આ સ્થાનની સમીપ જ હશે.

શ્રુત. પાંચાલના દ્રુપદ રાજાનો એક પુત્ર. એ ભારતના યુદ્ધમાં રાત્રિયુદ્ધમાં અશ્વત્થામાને હાથે મરણ પામ્યો હતો. (ભાર૦ દ્રો૦ અ૦ ૧૫૬-૧૮૨).

શ્રુત (૨). સૂર્યવંશીય ઈક્ષ્વાકુ કુળના ભગીરથ રાજાના બે પુત્રમાંનો એક.

શ્રુત (૩). વિદેહવંશીય સુભાષણ નામના જનકનો પુત્ર. જયનામા નામના જનકનો પિતા.

શ્રુત (૪). કૃષ્ણના કાલિંદીને પેટે જન્મેલા પુત્રોમાંનો એક.

શ્રુતકર્મા. ધૃતરાષ્ટ્રના સો પુત્રોમાંનો એક.

શ્રુતકર્મા (૨). પાંડુપુત્ર સહદેવનો દ્રૌપદીની કુખે જન્મેલો પુત્ર. એ મહારથી હતો. એનું બીજું નામ શ્રુતસેન હતું. (ભાર૦ ભી૦ ૪૫-૬૬, દ્રોણ૦ ૨૩-૩૨)

શ્રુતકર્મા (૩). પાંડુપુત્ર અર્જુનનો દ્રૌપદીની કુખે થએલો પુત્ર. એનું બીજું નામ શ્રુતકીર્ત્તિ. (ભાર૦ આ૦ ૨૪૭-૭૫) એણે સુદક્ષિણ નામના કામ્બોજ રાજાની સાથે યુદ્ધ કર્યું હતું. (ભાર૦ ભી૦ ૪૫-૬૬). રાત્રે તંબુમાં ઉંઘતો હતો તે વખતે અશ્વત્થામાએ એને માર્યો હતો. (ભાર૦ સૌ૦ ૮-૬૬)

શ્રુતકીર્ત્તિ. વિદેહવંશીય કુશધ્વજ રાજાની કન્યા. દશરથના પુત્ર શત્રુઘ્નની સ્ત્રી. (વા૦ રા૦ બા૦ સ૦ ૭૩)

શ્રુતકીર્ત્તિ (૨). યદુકુળના શૂરરાજાની કન્યા વસુદેવની બહેન, કૃષ્ણની ફોઇ, અને કેકય રાજા ધૃષ્ટકેતુની સ્ત્રી.

શ્રુતકીર્ત્તિ (૩). પાંડુપુત્ર અર્જુનને દ્રૌપદીને પેટે થએલો પુત્ર. (શ્રુતકર્મા શબ્દ જુઓ). એનું બીજું નામ શ્રુતકર્મા હતું. (ભાર૦ આ૦ ૬૩-૭૪; ૬૪-૧૬૫; ૨૪૯-૭૫ દ્રોણ૦ ૨૩-૩૩). શલ્યે એને હરાવ્યો હતો. (ભાર૦ ક૦ અ૦ ૧૩).

શ્રુતંજય. સોમવંશી પૂરુરવા રાજાના પુત્ર સત્યાયુનો પુત્ર.

શ્રુતંજય (૨). ત્રિગર્તનો ક્ષત્રિય એને અર્જુને માર્યો હતો. (ભાર૦ ક૦ ૧૮-૧૧).

શ્રુતદેવ. મિથિલા નગરીમાં બહુલાશ્વ જનક રાજ્ય કરતો હતો તે સમયમાં આ શ્રુતદેવ ત્યાં રહેતો હતો. એ જબરો જીતેંદ્રિય, સદ્ગુણ સંપન્ન અને પરમ સમાધાની હતો. પરંતુ પોતાની નગરીમાં આવો ગુણી પુરુષ રહે છે એવી બહુલાશ્વને ખબર જ નહોતી. એક સમયે કૃષ્ણના મનમાં ઇચ્છા થઇ કે આપણે એ બ્રાહ્મણના દર્શણે જઇએ; કેમકે શ્રુતદેવ મોટો બ્રહ્મનિષ્ટ હતો એ કૃષ્ણને ખબર હતી. પોતે દ્વારકાથી મિથિલા નગરીમાં આવી શ્રુતદેવને ત્યાં ગયા. એણે કૃષ્ણનું બહુ ઉત્તમ પ્રકારે આતિથ્ય કર્યું, અને કેટલાક દિવસ મહેમાન તરીકે રાખ્યા. આ વાતની બહુલાશ્વને ખબર પડતાં જ એ પોતે શ્રુતદેવને ત્યાં આવ્યો અને એને જાણ થઇ કે પોતાની નગરીમાં આવો મહાન બ્રહ્મવેત્તા રહે છે. અત્યાર સુધી આવા બ્રાહ્મણની એને ખબર જ ન પડી એથી એને ઘણો ખેદ થયો. પણ કૃષ્ણે એના મનનું સમાધાન કર્યું. પછી બહુલાશ્વે શ્રુતદેવ સહિત પોતાને ત્યાં પધારવાને વિનતિ કરી. કૃષ્ણે પોતાના યોગબળે પોતાનું બીજું સ્વરૂપ કરીને એ ઋષિ સહિત બહુલાશ્વ રાજાને ત્યાં પધાર્યા અને રાજાએ બન્નેને કેટલાક દિવસ પોતાને ઘેર રાખી તેમનું આતિથ્ય કર્યું.

અહીં બહુલાશ્વના રાજમંદિરમાં કૃષ્ણ, શ્રુતદેવ અને બહુલાશ્વ ત્રણે સુખે વાતચીત વગેરેમાં કાળ વ્યતિત કરતા હતા તે જ વખતે શ્રુતદેવને ત્યાં પણ કૃષ્ણ અને શ્રુતદેવ ધર્મ ચરચામાં સુખે કાળ ક્રમણ કરતા હતા. કૃષ્ણે કહ્યું કે મને બ્રાહ્મણો પ્રિય છે; છતાં બ્રાહ્મણોમાં જે તપ, વિદ્યા અને સંતોષવાળા હોય તે વધારે પ્રિય છે. તેમાંયે જે આત્મજ્ઞાન સંપન્ન હોય તે તો અધિકાધિક પ્રિય



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. મતલબ કે શ્રુતદેવ એવો જ તપસ્વી, વિદ્વાન અને સંતોષી હોવાથી જ પોતે છેક દ્વારકાથી એના દર્શને આવ્યા છે. એ બ્રાહ્મણની એવા પ્રકારે સ્તુતિ કરી, બહુલાશ્વની આજ્ઞા લઇ, પોતે દ્વારકા પાછા પધાર્યા. (ભાગ૦ ૧૦ સ્કં૦ અ૦ ૮૬).

**શ્રુતદેવ (૨).** કૃષ્ણના પૌત્રોમાંનો એક.

**શ્રુતદેવા.** શૂરરાજાની કન્યા, અને વસુદેવની બહેન. એ કરુષદેશના વૃદ્ધશર્મા નામના રાજાને પરણી હતી.

**શ્રુતદેવી.** શ્રુતદેવા તે જ.

**શ્રુતધ્વજ.** વિરાટના મત્સ્યરાજનો ભાઇ. (ભાર૦ દ્રો૦ ૧૫૮-૪૦)

**શ્રુતવર્મા.** ભારતના યુદ્ધમાં આવેલો દુર્યોધન પક્ષનો એક રાજા. (ભાર૦ ક૦ અ૦ ૪-૧૮).

**શ્રુતવર્મા (૨).** ધાર્તરાષ્ટ્રોના નામોની સાથે આનું નામ ભાર૦ ક૦ સં૦ ૪ ના શ્લોક ૧૮ મામાં ગણાવેલું છે, સબબ આ, વખતે ધૃતરાષ્ટ્રનો એક પુત્ર પણ હોય. પરંતુ ધૃતરાષ્ટ્ર-પુત્રોનાં નામો આપ્યાં છે તેમાં આ નામ નથી.

**શ્રુતર્વા.** ધૃતરાષ્ટ્ર પુત્ર. ભારત યુદ્ધમાં મરાયો હતો. (ભાર૦ શ૦ ૨૫-૪)

**શ્રુતર્વા (૨).** કોઇ એક ક્ષત્રિય એ કિયા કુળનો હતો અને કયાં રહેતો હતો એ સંબંધી કશી હકીકત ઉપલબ્ધ નથી. પણ એ એકદા અગસ્ત્ય ઋષિ પાસે દ્રવ્યની યાચના કરવા ગયો હતો. તે વખત અગસ્ત્યે એને પોતાની ઉપજ ખર્ચના આંકડા બતાવ્યા હતા. પછી અગસ્ત્યને જોડે તેડીને બ્ધ્નશ્વ રાજા પાસે યાચના કરવા ગયો હતો. (ભાર૦ વન૦ અ૦ ૯૮).

**શ્રુતવિંદા.** કુશદ્વીપની એક નદી.

**શ્રુતશ્રવા.** ગરુડે મારેલો એક અસુર.

**શ્રુતશ્રવા (૨).** શૂરરાજાની કન્યા અને વસુદેવની ભગિની. એ ચેદિરાજ દમઘોષને પરણી હતી. કૃષ્ણની ફોઇ અને શિશુપાલની માતા.

**શ્રુતશ્રવા (૩).** સોમવંશી પૂરુકુળના અજમીઢના વંશના કુરુના પુત્ર સુધનુના વંશના જરાસંધ વંશના માર્જારિ-નામના રાજાનો પુત્ર. એના પુત્રનું નામ અયુતાયુ.

**શ્રુતશ્રવા (૪).** જન્મેજયના સર્પસત્રનો એક સદસ્ય. સર્પિણીને પેટે ઉત્પન્ન થએલા સોમશ્રવાનો પિતા. (ભાર૦ આ૦ ૩-૧૩)

**શ્રુતશ્રવા (૫).** એક ક્ષત્રિય. (ભાર૦ સ૦ ૮-૯).

**શ્રુતશ્રી.** ગરુડે મારેલો એક અસુર.

**શ્રુતસેન.** શત્રુઘાતી રાજાનું બીજું નામ.

**શ્રુતસેન (૨).** ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષે આવેલો એક રાજા. (ભાર૦ ક૦ અ૦ ૨૭)

**શ્રુતસેન (૩).** પાંડુપુત્ર ભીમસેનથી દ્રૌપદીને થએલો પુત્ર. એ મહારથી હતો. (ભાર૦ દ્રો૦ અ૦ ૨૩). એને કર્ણની સાથે એકદા જબરું યુદ્ધ થયું હતું. (ભાર૦ ભી૦ અ૦ ૪૫). રાત્રે તંબુમાં સુતેલો હતો ત્યારે અશ્વત્થામાને હાથે એનું મરણ થયું હતું. એનું બીજું નામ સુતસોમ એવું હતું.

**શ્રુતસેન (૪).** સોમવંશીય પાંડવ કુળના પરીક્ષિત રાજાના ચાર પુત્રોમાંનો બીજો પુત્ર. એ જન્મેજયનો નાનો ભાઇ.

**શ્રુતસેન (૫).** સોમવંશી સહદેવનો દ્રૌપદીને પેટે થએલો પુત્ર. (ભાર૦ આ૦ ૬૩-૬૪, ૬૪-૧૬૬). એનું આ નામ પાડવાના કારણ સારુ જુઓ. (ભાર૦ આ૦૨૪૭-૮૧).

**શ્રુતસેન (૬).** તક્ષકનો પુત્ર, એક સર્પ. (ભાર૦ આ૦ ૩-૧૪૧) એના ભાઇનું નામ અશ્વસેન હતું. (ભાર૦ અ૦ ક૦ ૫૭-૧૨).

**શ્રુતસેના.** શારદણ્ડાયનીની ભાર્યા. (ભાર૦ આ૦ ૧૨૬-૩૭).

**શ્રુતાનીક.** વિરાટ રાજાના નાના ભાઇઓમાંનો એક. (ભાર૦ દ્રો૦ અ૦ ૧૫૮).

**શ્રુતાન્ત.** સોમવંશીય ધૃતરાષ્ટ્રનો એક પુત્ર. આને ભીમે માર્યો હતો (ભાર૦ શ૦ ૨૫-૯).

**શ્રુતાયુ.** સોમવંશી પૂરુરવા રાજાના છ પુત્રોમાંનો બીજો પુત્ર. એના પુત્રનું નામ વસુમાન રાજા.

**શ્રુતાયુ (૨).** સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના કુશવંશના સહસ્રાશ્વ રાજાના કુળના ચંદ્રરાજાનો પુત્ર.

**શ્રુતાયુ (૩).** વિદેહવંશી અરિષ્ટનેમિ જનકનો પુત્ર. એનો પુત્ર તે સુપાર્શ્વક જનક.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રુતાયુ (૪). અર્જુને મારેલો દુર્યોધન પક્ષનો એક રાજા. (ભાર૦ દ્રો૦ અ૦ ૯૩).

શ્રુતાયુ (૫). સોમવંશી ધૃતરાષ્ટ્રનો એક પુત્ર (ભાર૦ ક૦ સ૦ ૪૬-૯-૧૧).

શ્રુતાયુ (૬). દ્રૌપદીના સ્વયંવરમાં આવેલો એક ક્ષત્રિય. (ભાર૦ આ૦ ૨૦૧-૨૧, સ૦ ૪-૩૪)

શ્રુતાયુ (૭). કલિઙ્ગ દેશનો એક ક્ષત્રિય. એના ભાઇનું નામ અશ્રુતાયુ. (ભાર૦ ક૦ ૭૬-૧૪) એને ભીમની સાથે યુદ્ધ થયું હતું. (ભાર૦ ભી૦ ૫૪) એને અર્જુને માર્યો હતો. (ભાર૦ દ્રો૦ ૯૩-૨૪) એને દીર્ઘાયુ અને નિયુતાયુ નામે બે પુત્રો હતા. એઓ ભારતના યુદ્ધમાં મરાયા હતા. (ભાર૦ દ્રો૦ ૯૩-૨૭-૨૯).

શ્રુતાયુધ. દ્વિતીય વરુણ વડે શીતતોયા નામની નદીની મૂર્ત્તિમાન દેવતાને પેટે થએલો એક ક્ષત્રિય. વરુણે એને એક અભિમંત્રિત ગદા આપી હતી. વરુણે કહ્યું હતું કે આ ગદા વડે તું મરજીમાં આવે એને જીતીશ. પરંતુ જે પુરુષ યુદ્ધ કરતો નહોય તેના ઉપર તારે એનો પ્રહાર કરવો નહિ; જો યુદ્ધ ન કરનારના ઉપર ફેંકી તો તું જ મરીશ. જ્યારે મહાભારતનું યુદ્ધ થયું ત્યારે આ શ્રુતાયુધ એ યુદ્ધમાં દુર્યોધન પક્ષે લઢવા ગયો. એની માતા પૃથ્વી ઉપરની નદી હોવાથી એ અહીં જ રહેતો હતો. યુદ્ધમાં એણે કૃષ્ણ ઉપર ગદા ફેંકવાથી ગદા પાછી વળી અને એ જ મૃત્યુ પામ્યો. (ભાર૦ દ્રો૦ અ૦ ૯૨).

શ્રુતાવતી. બદરપાચન નામે તીર્થમાં ભારદ્વાજની શ્રુતાવતી નામની પુત્રી રહેતી હતી. એ અપ્રતિમ રુપવાન હોઇ બ્રહ્મચર્યાદિ નિયમો ધારણ કરીને તથા "દેવરાજ ઇન્દ્ર મારો સ્વામી થાય" આવો મનમાં નિશ્ચય કરીને ઉગ્ર તપ કરતી હતી. સ્ત્રીઓથી પાળી ન શકાય એવા અનેક નિયમો એ પાળતી. આમ તપશ્ચર્યા કરતાં ઘણાં વર્ષો વીતી ગયાં. ત્યારે ભગવાન ઇન્દ્ર એનું તપ, સદાચાર અને પરમ અનન્ય ભક્તિથી પ્રસન્ન થઈ બ્રહ્મર્ષિ મહાત્મા વસિષ્ટનું રુપ લઇને એના આશ્રમમાં આવ્યા. એમને જોઇને શ્રુતાવતીએ મુનિએ દર્શાવેલા આચારો પ્રમાણે એમની પૂજા કરી અને કહ્યું કેઃ-હે ભગવન્! હે મહામુનિ ? હે પ્રભુ! બોલો શી આજ્ઞા છે? હે પવિત્ર વ્રતધારી મુનિ! આપ જે કાંઇ માગશો તે સર્વ હું મારી શક્તિ પ્રમાણે આપને આપવા તૈયાર છું. માત્ર ઇન્દ્રપર મારી ભક્તિ હોવાથી હું મારો હાથ કોઇ પણ પ્રકારે આપને આપીશ નહિ. હે તપોધન ! મારો નિશ્ચય છે કે વ્રતો કરીને, નિયમો પાળીને અને તપો તપીને પણ ત્રિભુવનના ઇશ્વર ઇન્દ્રને મારે પ્રસન્ન કરવા. વસિષ્ઠ રુપ ધારી ઇન્દ્રે મ્હોં મલકાવીને એને કહ્યું કે હે શુભાનને ! દેવતાઓનાં દિવ્ય સ્થાનો તપથી જ પ્રાપ્ત થાય છે; અને જગતમાં તપ એ જ સર્વ સુખ મૂળક છે. તારા તપને પ્રભાવે ઇચ્છા ફળીભૂત થશે જ. પણ તું મારૂં એક વચન સાંભળ. હે સુંદર વ્રતોવાળી શ્રુતાવતી મારી પાસે આ પાંચ બોર છે તે તું રાંધી આપ. આમ શ્રુતાવતીને પાંચ બોર આપીને પોતે વિશ્રામ લેવાને બહાને આશ્રમથી થોડે દૂર ગયા અને જપ કરવા બેઠા. ઇંદ્ર જપ કરવા બેઠો હતો તે સ્થાન પવિત્ર તીર્થ રુપ મનાય છે. પોતાની પાસેનાં હતાં એટલાં બધાં લાકડાં બળી જતાં પણ બોર રંધાયાં નહિ એટલે શ્રુતાવતીએ પોતાના પગ ચુલામાં ઘાલ્યા. જેમ જેમ પગ બળે તેમ તેમ આગળ આગળ સંકોરતી જાય. એમ કરતાં કરતાં અગ્નિયે એના પગ બધા બાળી નાંખ્યા. ઇંદ્રના જપને પ્રભાવે જ બોર રંધાતાં નહોતાં. આમ પગ બળી ગયા છતાં પણ માત્ર બોર રાંધવામાં જ ચિત્તવૃત્તિવાળી શ્રુતાવતી આનંદથી એ કાર્યમાં મચી રહી હતી. એને પોતાના બળતા પગની લાગણી જ થતી નહોતી. માત્ર મુનિની આજ્ઞાનું પાલન કરવામાં જ નિમગ્ન હતી. સૂર્યાસ્ત થયો પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બોર રંધાયાં નહિ. એનું આ વર્તન જોઇ ઇન્દ્ર એના પર બહુ પ્રસન્ન થયો અને એને સાક્ષાત્ દર્શન આપીને કહ્યું કે હે સુંદરી તારા ઉપર હું પ્રસન્ન થયો છું અને તું આ તારો મનુષ્ય દેહ પડયા પછી સ્વર્ગમાં આવી મારી સ્ત્રી થઇ ઘણા કાળ પર્યંત સ્વર્ગ સુખ ભોગવીશ. દેહત્યાગ પછી શ્રુતાવતી હાલના ઇંદ્રિ પુરંદરની શચી નામની સ્ત્રી થઈ છે. (ભાર૦ શલ્ય અ૦ ૪૮ ).

**શ્રુતાહ્વ.** પાંડવ પક્ષનો એક ક્ષત્રિય. એ અશ્વત્થામાને હાથે મરાયો હતો. ( ભાર૦ દ્રો૦ ૧૫૭-૮૨ ).

**શ્રુતિ.** એક બ્રહ્મર્ષિ. ( ૨ કશ્યપ શબ્દ જુઓ ).

**શ્રુતિ (૨).** સાંગ વેદોને બ્રહ્મદેવને મુખે શ્રવણ કર્યાથી તેમના માનસપુત્રોને શ્રવણને લઇને થયેલા જ્ઞાનનું નામ.

**શ્રેણિમન્ત** ક્ષત્રિયો. ( ભાર૦ સ૦ ૭૮ ).

**શ્રેણિમાન.** ગોશૃંગ નામના પર્વત શિખરવાસી રાજા. ભારતયુદ્ધમાં એ પાંડવોના પક્ષમાં હતો ( ભાર૦ દ્રો૦ અ૦ ૨૩ ). અને એ યુદ્ધમાં જ કૌરવ પક્ષના વીરોને હાથે મરાયો.

**શ્રુણિમાન (૨).** ભીમસેને દિગ્વિજય સમયે હરાવેલો કુમાર દેશનો રાજા. ( ભાર૦ સ૦ અ૦ ૩૦ ).

**શ્રુતિશ્રુવસ.** શિશુપાલ તે જ. ( ભાર૦ વ૦ ૧૫-૨ ). શ્રુતશ્રવાનો પુત્ર હોવાથી પડેલું નામ.

**શ્રુતા.** શ્રાવણ માસના સૂર્યના સમાગમમાં આવનારો યક્ષ. ( ૫ નભ શબ્દ જુઓ )

**શ્લેષ્માતક.** વિશ્રવા ઋષિનું નર્મદા તીરે આવેલું તપોવન. અહીં દશગ્રીવ કાંઇ કાળ પર્યંત રહેતો હતો. અહીંથી જઇને લંકામાં રહ્યો હતો. (વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૧૦).

**શ્વફલ્ક.** અનમિત્ર નામના યાદવનો પૌત્ર, વૃષ્ણીનો પુત્ર અને ચિત્રરથનો ભાઇ.. એક સમય કાશીક્ષેત્રમાં અવર્ષણને લઇને દુષ્કાળ હતો. શ્વફલ્ક સહજ ત્યાં ગયો હતો. કોઇએ કાશીરાજને કહ્યું કે આ શ્વફલ્ક મહા પુણ્યવાન હોઇ એ જ્યાં હોય ત્યાં અવર્ષણ, દુષ્કાળ, રોગ, વગેરે રહે જ નહિ એમ છે. માટે તું એની પૂજા કર. તેથી રાજાએ એને બોલાવી એનું પૂજન કર્યું. રાજાએ પોતાની ગાંદિની નામે કન્યા એને પરણાવી. એના યોગથી ત્યાં વૃષ્ટિ થઇ અને દુર્ભિક્ષ ટળીને સુકાળ થયો. (ભા૦ ૧૦ સ્કં૦ અ૦ ૫૭). શ્વફલ્કને ગાંદિનીને પેટે અક્રૂર, આસંગ, સારમેય, મૃદુર, મૃદુવિત, ગિરિ, ધર્મવૃદ્ધ, સુકર્મા, ક્ષત્રોપેક્ષ, અરિમર્દન, શત્રુઘ્ન, ગંધમાદન, પ્રતિબાહુ, એમ તેર પુત્ર અને સુચીરા નામે પુત્રી એટલાં સંતાન થયાં હતાં.

**શ્વા.** એક કુતરો જે ઋષિની સેવામાં જ રહેતો હતો અને જેને ઋષિએ દીપડો, વાઘ, હાથી સિંહ અને શરભ બનાવ્યો હતો. પણ એ ઋષિને જ મારવાની ઈચ્છા એના મનમાં થવાથી ઋષિએ એને પુનઃ કુતરો બનાવી દીધો હતો તે. (ભાર૦ શાં૦ અ૦ ૧૧૬-૧૧૭).

**શ્વસન.** અમૃતરક્ષક એક દેવ. ગરુડની સાથે એને યુદ્ધ થયું હતું. (ભાર૦ આ. ૩૨-૧૯).

**શ્વસન (૨).** સર્પ વિશેષ. (ભાર૦ આ૦ ૫૭-૧૭).

**શ્વસ્હપ.** તેર સૈંહિકેયોમાંનો સાતમો.

**શ્વાનલોપામહ.** ભારતવર્ષીય એક તીર્થ વિશેષ. શ્વાવિલ્લોમપયન તીર્થ તે જ. (ભાર૦ વ૦ ૮૩).

**શ્વાફલ્કિ.** શ્વફલ્કના સર્વ પુત્રો. પરન્તુ વિશેષે અક્રૂરને એ નામ લગાડાય છે. (ભાગ૦ ૧૧ સ્કં૦ અ૦ ૧૨).

**શ્વાહિ.** સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના પૌત્ર અને વૃજિનિવાન રાજાનો પુત્ર. એના પુત્રનું નામ રુશેકુરુજા.

**શ્વાસા.** શ્વસનની માતા (ભાર૦ આ૦ ૬૬૨ ૧૯).

**શ્વાવિલ્લોમપયન.** શ્વાનલોપામહ શબ્દ જુઓ.

**શ્વેત.** વિરાટના મત્સ્યરાજનો એની પહેલી સ્ત્રી સુરથાને પેટે જન્મેલો પુત્ર, (ભાર૦ વિ૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૨૧-૧૮). એ ઉત્તરકુમારનો ભાઇ (ભાર૦ ભી૦ ૪૬-૪૪). અને શંખનો સહોદર ભાઇ હતો એને ભીષ્માચાર્યે માર્યો હતો. (ભા૦ ભી૦ ૪૮-૧૧). (ભાર૦ વિ૦ ૨૧-૧૮). ઉત્તરને શલ્યે મારી નાંખ્યો હતો માટે એની જોડે યુદ્ધ કરતો હતો.

શ્વેત (૨). એક ઋષિ. એનું કુળ અગર વિશેષ વૃત્તાંત મળતું નથી.

શ્વેત (૩). વિપ્રચિત્તિ દાનવનો પુત્ર. (મત્સ્ય૦ અ૦ ૧૦ ૧૭૬ શ્લાં૦ ૭).

શ્વેત (૪). પ્રાચીન કાળમાં વિદર્ભ દેશમાં સુદેવ નામે રાજા હતો. આ શ્વેત એનો પુત્ર થતો. પિતાના મરણ પછી એ રાજ્યનો અધિકારી થયો હતો. પછી એણે પોતાના ભાઇ સુરથને યુવરાજ બનાવ્યો અને બહુ સારી રીતે રાજ ચલાવ્યું. પછી અરણ્યમાં જઇ ત્રણ હજાર વર્ષ તપ કરી દેહ ત્યાગ કર્યો. એના સુધર્માચરણ વડે એને ઉત્તમ લોકની પ્રાપ્તિ થઇ. પણ એને મનુષ્ય દેહમાં હતો ત્યારે મારે અન્નદાન આપવું જોઇએ એ સુજ્યું નહોતું, સબબ એને ક્ષુધા ઘણી જ પીડવા લાગી. બ્રહ્મલોકમાં આમ ભૂખની પીડા શી, અને તેની શાન્તિ શી રીતે થાય, એ એણે બ્રહ્મદેવને પુછ્યું. એમણે કહ્યું કે તેં તપ જ કર્યું છે, દાન નહિ. પોતાના શરીરને જ પોષ્યું છે. માટે ભૂલોક પર જઇ તારા પોતાના શરીરનું જ ભોજન કર. પછી ભૂલોકમાં પોતાનું મૃત શરીર પડયું હતું તેનું ભોજન કરવા લાગ્યો. ખાતાં ખૂટે નહિ અને ક્ષુધા શાંત થાય નહિ. પછી ત્યાં અગત્સ્ય ઋષિ આવી ચઢયા તેમની વિનતિ કરી પોતાના અલંકારો વગેરેનું દાન કર્યું. એનો ઉદ્ધાર કરવા ઋષિયે દાનનો અંગિકાર કર્યો અને શ્વેત પુનઃ બ્રહ્મલોકમાં જઇને વસ્યો. (વા૦ રા૦ ઉત્તર૦ સ૦ ૭૮).

શ્વેત (૫). રામને સાહ્ય કરનાર એક વાનર. (વા૦ રા૦ યુદ્ધ૦ સ૦ ૩૦).

શ્વેત (૬). એક ઋષિ જે ગોગ્રહણ વખતે થતું યુદ્ધ જોવા આકાશમાં દેવો આવ્યા હતા ત્યારે ઇન્દ્રના વિમાનમાં જોડે આવ્યો હતો તે.

तत्र राजर्षयश्चैव समारुह्य दिवौकसः ।
श्वेतो राजा वसुमनास्तथा भद्रः प्रदर्शनः॥१३॥
(ભાર૦ વિ૦ સ૦ ૫૩).

શ્વેત (૭). એક પર્વત વિશેષ. (ભા૦ વન૦ ૨૨૭-૧૧; ભી૦ ૬-૪). રાજસૂય યજ્ઞ વખતે દિગ્વિજય યાત્રામાં અર્જુન ત્યાં ગયો હતો. (ભા૦ સ૦ ૨૮).

શ્વેત (૮). ક્રોધવશાની પુત્રી શ્વેતાનો પુત્ર. એક દિગ્ગજ. (ભાર૦ આ૦ ૬૭-૬૬).

શ્વેતકલ્પ. બ્રહ્મદેવના ચાલુ માસમાં થઇ ગએલો પ્રથમ દિવસ. (૪ કલ્પ શબ્દ જુઓ).

શ્વેતકિ. એક રાજા. એ કિયા વંશનો હતો એ જણાતું નથી. પણ એ નિરંતર યજ્ઞો કર્યા કરતો. એણે એટલા તો અપરિમિત યજ્ઞો કર્યા હતા કે જેથી બ્રાહ્મણોને તલમાત્ર ફુરસદ મળે નહિ. વળી યજ્ઞના ધૂમાડાથી એનાં નેત્રો પણ ઘણાં જ ત્રાસી ગયાં હતાં. આમ છતાં પણ એ બ્રાહ્મણો પાસે ગયો અને એમને વિનવવા લાગ્યો કે મારી શતસંવત્સર યજ્ઞ કરવાની ઇચ્છા છે, માટે આપ કૃપા કરીને એનો આરંભ કરો. એ જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાંથી બ્રાહ્મણોએ કહ્યું કે અમે તો થાકી ગયા છૈયે. પણ બ્રાહ્મણોએ એને સૂચવ્યું કે તું રુદ્રનું આરાધન કર, એટલે એઓ પોતે તારા યજ્ઞનું ઋત્વિજપણું સ્વીકારશે. ભલે, એમ કહીને એ પાછો આવ્યો અને છ માસ પર્યન્ત આરાધના કરીને રુદ્રને પ્રસન્ન કર્યા. પણ રુદ્રે કહ્યું કે જા તું બાર વર્ષ સુધી અગ્નિમાં સતત ધૃતધારા કર અને એ પૂરું થાય એટલે મારી પાસે આવજે. રુદ્રની આજ્ઞા પ્રમાણે બાર વર્ષ પર્યંત અગ્નિમાં સતત ધૃતધારા કર્યા બાદ એ પાછો રુદ્ર પાસે ગયો. આ ઉપરથી આશ્ચર્ય પામીને રુદ્રે એને કહ્યું કેઃ—

રાજા ! મારા કહ્યા પ્રમાણે તેં અનુષ્ટાન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરવાથી હું પ્રસન્ન અને સંતુષ્ટ થયો છું. પરંતુ મારી ગણના દેવોમાં થતી હોવાથી મને ઋત્વિજનું કામ કરવાનો અધિકાર નથી. માટે તું એમ કર કે મારા અંશથી ભૂમિ પર જન્મેલા દુર્વાસા ઋષિ છે તેમની પાસે જા અને વિનતિ કર. એ તારા ઋત્વિજ બની તારો શતસંવત્સરાત્મક યજ્ઞ સિદ્ધ કરશે. શ્વેતકિના અપરિમિત યજ્ઞોને પરિણામે અગ્નિદેવ બહુ જાડા થઇ માંદા થઇ જવાથી તેને અનેક પ્રકારની ઔષધિયોથી ભરપૂર ખાંડવવન બાળી ખાવું પડયું. અગ્નિને ખાંડવવન બાળી ખાવાનો યોગ કરી આપવાથી અગ્નિદેવ અર્જુન પર પ્રસન્ન થયો હતો. (૧ અગ્નિ અને ૩ અર્જુન શબ્દ જુઓ).

**શ્વેતકેતુ.** ગૌતમ કુલોત્પન્ન અરુણિ ઋષિનો પૌત્ર અને ઉદ્દાલક ઋષિનો પુત્ર. એને આરુણિ પણ કહેતા. એને નચિકેતા નામે ભાઇ અને સુજાતા નામે બહેન હતી. સુજાતા કહોડ ઋષિને પરણી હતી. દેવલ નામના બ્રાહ્મણની પુત્રી સુવર્ચલાની સાથે સંવાદ થયો હતો. (ભાર૦ શાં૦ ૨૨૪). પછી આ સુવર્ચલાની સાથે જ એનું લગ્ન થયું હતું. એ અષ્ટાવક્રનો મામો થાય. (ભા૦ વ૦ ૧૩૮-૧૨). અષ્ટાવક્રની સાથે એ જનકરાજના યજ્ઞમાં ગયો હતો. (ભાર૦ વ૦ ૧૩૫-૨૧-૨૨).

ઉદ્દાલક ઋષિના બે પુત્રમાં એ મોટો હતો. નાનપણમાં એ ઉન્માર્ગવર્તી હોવાથી એને બાર વર્ષની ઉમ્મર સુધી ઉપનયન સંસ્કાર કર્યો નહોતો. ધર્મશાસ્ત્ર પ્રમાણે એ વ્રાત્ય થયો હતો. આમ હોવાથી ઉદ્દાલક ઋષિને એની રાત દિવસ ચિંતા થતી.

એક દિવસ એ શાંત થઇને પોતાના પિતાની પાસે બેઠો હતો. એના ઉન્માર્ગ વર્તનથી થતી નિંદાને લીધે ખેદ પામીને ઉદ્દાલકને એને એકવાર ઉદદેશ કરવાની ઇચ્છા થઇ. આત્મપુરાણમાં કહેલી નીતિ ઉદ્દાલકે એને સંભળાવી:-

लालनाद्वहवो दोषाः शासनाद्वहवो गुणाः।
शिष्य स्त्री तनयादीना मिति यत्तन्मृपानहि ॥ १ ॥
वैरिणी सा च विज्ञेया माता या लालयेत्सुतं।
पितापि च यतः पुत्रो लालितो नरकं व्रजेत्॥२॥
आत्रि वर्षं सुतं माता शिक्षयेच्च ततः पिता।
तथापि साहितो नित्यमागर्भं जननाष्टमं ॥३॥
अत उर्ध्वं सदाचार्यैः शिक्षयेत्तं च कुत्राचित्।
आषोडशं ततः सर्वे निवर्तते हि यौवने॥४॥
युवानं मित्रवन्नित्यं शिष्यं वाथ सुतं च वा।
शिक्षयेन्नैवदंडेन नीतिरेषा सनातनी ॥ ५ ॥
मातु पितुश्च यः शिक्षा माचार्यस्य न चांधधीः।
गृण्हीयाद्यौवने प्राप्ते स क्लेशं याति दारुणम्॥
इह राजादिजा भीतिर्यमजा पर जन्मनि॥६॥

કોણ જાણે કેમ પણ શ્વેતકેતુના મનમાં આ બોધ ઠસી ગયો. આ ઉપરથી ઉદ્દાલકે એને ઉપનયન સંસ્કાર કર્યો. પછી એ ગુરુને ત્યાં જઇને રહ્યો. ત્યાં વેદ, વેદાંગમાં નિષ્ણાત થઇ પાછો આવ્યો. પરંતુ વિદ્યા આવવાથી એના મનમા ઘમંડ આવ્યો કે હું જબરો વિદ્વાન છઉં. એને આમ ઘમંડમાંને ઘમંડમાં બેશી રહેતો જોઇને એક દિવસ ઉદ્દાલકે પુછ્યું કે એક વિજ્ઞાન વડે સઘળી બાબતનું વિજ્ઞાન ઉપજે એવું તને કાંઇ તારા ગુરુએ શિખવ્યું છે? પિતાનો પ્રશ્ન એ સમજ્યો નહિ. એનું અભિમાન ઉતરી ગયું અને એ પિતાને શરણ આવ્યો. ઉદ્દાલકે એને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો. આથી એ જબરો બ્રહ્મનિષ્ટ અને ગલિત ગર્વી બની કૃતાર્થ થયો. (છાન્દોગ્ય ઉપનિષદ).

શ્વેતકેતુ મોટો થયો તે સમય સુધી સ્ત્રી પુરુષો પશુ પ્રમાણે મૈથુનાસક્ત હતાં. એક વખત એમ બન્યું કે એની મા અને ઉદ્દાલકની સાથે એ બેઠો હતો. તેવામાં એક બ્રાહ્મણ આવ્યો અને એણે એના બાપની પ્રાર્થના કરી કે એક પુત્ર ઉત્પન્ન કરવા સારુ તારી સ્ત્રી મને આપ. એણે શ્વેતકેતુની માનો હાથ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવ્યો અને "ચાલ આપણે જઈએ" એમ કહી એને લઈ જવા લાગ્યો. શ્વેતકેતુથી આ સહન થયું નહિ અને એ પેલા બ્રાહ્મણની સાથે તકરાર કરવા લાગ્યો. આ જોઈને ઉદ્દાલકે કહ્યું કે તું ગુસ્સે ન થા. એ સનાતન ધર્મ છે. પોતાની મરજીમાં આવે તેને રતિસુખ આપવાને સ્ત્રીઓ સ્વતંત્ર છે. પરંતુ શ્વેતકેતુનું મન માન્યું નહિ. અને એણે એ પશુઓ જેવા આચારની વિરુદ્ધ મર્યાદા બાંધી, જે અદ્યાપિ ચાલે છે.

શ્વેતકેતુના સમયમાં વસ્તુસ્થિતિ કેવી હતી અને શા ઉપરથી શ્વેતકેતુએ નવી અને કેવી વ્યવસ્થા કરી એ મહાભારતના આદિપર્વના ૧૨૮ માં અધ્યાયમાં જણાય છે. પાણ્ડુરાજા પોતાની સ્ત્રી કુંતીને એ જુનો ઇતિહાસ કહે છે:—

अथ त्विदं प्रवक्ष्यामि धर्मतत्त्वं निबोध मे ।
पुराणमृषिभिर्दृष्टं धर्मविद्भिर्महात्मभिः ॥३॥
अनावृताः किलपुरा स्त्रिय आसन्वरानने ।
कामचारविहारिण्य स्वतन्त्राश्चारुहासिनि ॥४॥
तासां व्युच्चरमाणानां कौमारात्सुभगे पतीन् ।
ना धर्मोऽभूद्वरारोहे स हि धर्मः पुराऽभवत्॥५॥
तं चैव धर्मं पौराणं तिर्यग्योनिगताः प्रजाः ।
अद्यापनुविधीयन्ते कामक्रोध विवर्जिताः ॥६॥
प्रमाण दृष्टो धर्मोऽयं पूज्यते च महर्षिभिः ।
उत्तरेषु च रम्भोरु कुरुष्वद्यापि पूज्यते ।
स्त्रीणामनुग्रहकरः स हि धर्मः सनातनः ॥७॥
"नाग्निस्तृप्यति काष्ठानां नापगानां महोदधिः ।
नान्तकः सर्वभूतानां न पुंसां वामलोचना ॥८॥
एवं तृष्णा तु नारीणां पुरुषं पुरुषं प्रति ।
अगम्यागमनं स्त्रीणां नास्ति नित्यं शुचि चिस्मिते
॥ ९ ॥

पुत्रं वा किल पौत्रं वा कासांचिद्भ्रातरं तथा ।
रहसीह नरं दृष्ट्वा योनिरुत्क्लिद्यते तदा॥१०॥
एतत्स्वाभाविकं स्त्रीणां न निमित्तकृतं शुभे ।
अस्मिंस्तु लोके न चिरान्मर्यादेयं शुचिस्मिते
॥ ११ ॥

स्थापिता येन यस्माच्च तन्मे विस्तरतः शृणु ।
बभूवोद्दालको नाम महर्षिरिति नः श्रुतम्॥१२॥
श्वेतकेतुरितिख्यातः पुत्रस्तस्या भवन्मुनिः ।
मर्यादेयं कृता तेन धर्म्या वै श्वेतकेतुना॥१३॥
कोपात्कमलपत्राक्षि यदर्थं तन्निबोध मे ॥१४॥
श्वेतकेतोः पिता देवि तप उग्रं समास्थितः ।
ग्रीष्मे पञ्चतपा भूत्वा वर्षास्वाकाशगोऽभवत्॥१५॥
शिशिरे सलिलस्थायी सह पत्न्या महातपाः ।
उद्दालकं तपस्यन्ते नियमने समाहितम् ॥१६॥
तस्य पुत्रः श्वेतकेतुः परिचर्यां चकार ह ।
अभ्यागच्छद्द्विजः कश्चिद्वृसी पलित संततः॥१७॥
तं दृष्ट्वैव मुनिः प्रीतः पूजयामास शाश्वतः ।
स्वागतेन च पाद्येन मृदुवाक्यैश्च भारत ॥१९॥
शाक मूल फलाद्यैश्च वन्यै रन्यैर पूजयत् ।
क्षुत्पिपासा श्रमेणार्तः पूजितश्च महर्षिणा॥१९॥
विश्रान्तो मुनिमासाद्य पर्यपृच्छद्द्विजस्तदा ।
उद्दालक महर्षे त्वं सत्यं मे ब्रूहिमाऽनृतम् ॥२०॥
ऋषि पुत्रः कुमारोऽयं दर्शनीयो विशेषतः ।
तव पुत्र मिमं मन्ये कृतकृत्योऽसि तद्वद ॥२१॥
उद्दालक उवाच ।

मम पत्नी महाप्राज्ञ कुशिकस्य सुता मता ।
मामेवानुगता पत्नी मम नित्यमनुव्रता ॥२२॥
अरुन्धतीव पत्नीनां तपसा कर्शितस्तनी ।
अस्यां जातः श्वेतकेतुर्मम पुत्रो महातपाः॥२३॥
वेद वेदाङ्ग विद्विप्र मच्छासन परायणः ।
लोकेज्ञः सर्वे लोकेषु विश्रुतः सत्यवाग्घृणी॥२४॥
ब्राह्मण उवाच ।

अपुत्री भार्ययाचार्थी वृद्धोऽहं मन्दचाक्षुषः ।
पित्र्यादृणादनिर्मुक्तः पूर्वमेवाकृतक्रियः ॥२५॥
प्रजारणिस्तु पत्नी ते कुलशील समन्विता ।
सदृशी मम गोत्रेण वहाम्येनां क्षमस्व मे॥२६॥
पाण्डुरुवाच ।

इत्युक्त्वा मृगशावाक्षीं चीरकृष्णां जिनाम्बराम् ।
यष्ट्याधारः स्रस्तगात्रो मन्दचक्षुरबुद्धिमान्॥२७॥
स्वव्यापाराक्षमां श्रेष्टामचित्ता मात्मनि द्विजः ।
श्वेतकेतोः किल पुरा समक्षं मातरं पितुः॥२८॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

अथाह ब्राह्मणः पाणौ गच्छाव इति चाब्रवीत् ।
ऋषिपुत्रस्तदा कोपं चकारामर्षितस्तदा ॥२९॥
मातरं तां तथा दृष्ट्वा नीयमानां बलादिव ।
तरसा दोसवीर्योहि श्वेतकेतुर्न चक्षमे ॥३०॥
संगृह्य मातरं हरते श्वेतकेतुर भाषत ।
दुर्ब्राह्मण विमुञ्चत्वं मातरं मे पतिव्रताम्॥३१॥
स्वयं पिता मे ब्रह्मर्षिः क्षमावान्ब्रह्मवित्तमः ।
शापानुग्रहयोः शक्तः तूर्णीभूतो महाव्रतः॥३२॥
तस्य पत्नी दमोपेता मम माता विशेषतः ।
पतिव्रतां तपोवृद्धां साध्वाचारैरलङ्कृताम् ॥३३॥
अप्रमादेन ते ब्रह्मन्मातृभूतां विमुञ्च वै॥३४॥
एवमुक्त्वा तु याचन्तं विमुञ्चेति मुहुर्मुहुः ।
प्रत्यवोचाद्विजो राजन्न प्रगल्भमिदं वचः ॥३५॥
ब्राह्मण उवाच ।
अपत्यार्थी श्वेतकेतो वृद्धोऽहं मन्दचाक्षुपः ।
पिता ते ऋण निर्मुक्तस्त्वया पुत्रेण काश्यप॥३६॥
ऋणादहमनिर्मुक्तो वृद्धोऽहं विगतस्पृहः ।
मम को दास्यति सुतां कन्यां संप्राप्त यौवनाम्
॥ ३७ ॥

प्रजारणिमिमां पत्नीं विमुञ्चत्वं महातपः ।
एकया प्रजया प्रीतो मातरं ते ददाम्यहम्॥३८॥
एव मुक्तः श्वेतकेतुर्लज्जया क्रोधमेयिवान् ।
क्रुद्धं तं तु पिता दृष्ट्वा श्वेतकेतुमुवाचह ॥३९॥
मा तात कोपं कार्षीस्त्वमेप धर्मः सनातनः ।
अनावृता हि सर्वेषां वर्णनामङ्गनाभुवि ॥४०॥
यथा गावः स्थिताः पुत्र स्वे स्वे वर्णे तथा प्रजाः ।
तथैव च कुटुम्बेषु न प्रमाद्यन्ति कर्हिचित्॥४१॥
ऋतुकालेतु संप्राप्ते भर्तारं न जहुस्तदा ।
ऋषि पुत्रोऽथ तं धर्मं श्वेतकेतुर्नचक्षमे ॥४२॥
चकार चैव मर्यादा मिमां स्त्रीपुंसयोर्भुवि ।
मानुपेषु महाभागे न त्वेवान्येषु जन्तुषु ॥४३॥
तदा प्रभृति मर्यादा स्थितेयमिति न श्रुतम् ।
व्युच्चरन्त्याः पतिं नार्या अद्य प्रभृति पातकम्
॥ ४४ ॥

भ्रूणहत्यासमं घोरं भविष्यत्य सुखावहम् ।
अद्याप्यनुविधीयन्ते कामक्रोधविवर्जिताः॥४५॥
उत्तरेषु महाभागे कुरुष्वेवं यशस्विनी ।
पुराणदृष्टो धर्मोऽयं पूज्यते च महर्षिभिः॥४६॥
भार्यां तथा व्युच्चरतः कौमारब्रह्मचारिणीम् ।
पतिव्रता मेतदेव भविता पातकं भुवि ॥४७॥
नियुक्ता पतिना भार्या यद्यपत्यस्य कारणात् ।
न कुर्याच्च तथा भीरु सैनः सुमहदाप्नुयात् ॥
इति तेन पुरा भीरु मर्यादा स्थापिता बलात्॥४८॥
उद्दालकस्य पुत्रेण धर्म्या वै श्वेतकेतुना ।

( भार० आ० १२८. )

**શ્વેતકેતુ (૨).** જનમેજયના સર્પસત્રમાંનો એક સદસ્ય.

**શ્વેતદ્વીપ.** ક્ષીર સમુદ્રમાં આવેલો દ્વીપ જેમાં શ્રીમન્નારાયણ પોતાના કલારુપ અવતારથી શેષનાગ ઉપર નિરંતર શયન કરે છે.

आसोकयन्नुत्तर पश्चिमेन
ददर्श चाप्यद्भुतमुक्त रूपम् ।
क्षीरो दधेर्योत्तरतोहि द्वीपः
श्वेतः स नाम्ना प्रथितो विशालः ॥८॥

( ભાર૦ શાં૦ અ૦ ૩૪૩ ).

ત્યાં રહેલા શ્રીમન્નારાયણના વર્ણન અને સ્તુતિ સારુ તેમ જ નારદ ત્યાં ગયા હતા તેમણે ત્યાંના કરેલા વર્ણનના સંબંધે જુઓ. ( ભાર૦ શાં૦ અ૦ ૩૪૩ ).

उद्दालकः प्रमतकः श्वेतकेतुश्च पिङ्गलः ॥६॥

( ભા૦ આ૦ ૫૩-૬ ).

**શ્વેતપરાશર.** પરાશર વંશનું એક કુળ. એ કુળમાં આવિષ્ઠાયન, વાલેય, સ્વાદષ્ટ, અને ઇષિકહસ્ત એ ઋષિયો પ્રસિદ્ધ હતા.

**શ્વેતપર્વત.** રમ્યક અને હિરણ્મય વર્ષની વચ્ચે આવેલો મોટો પર્વત. એ પૂર્વ પશ્ચિમ સમુદ્રને લાગેલો છે. બહુધા એના ઉપર દૈત્યો રહે છે.

**શ્વેતપર્વત (૨).** હિમાલયનું એક શિખર વિશેષ.

**શ્વેતભદ્ર.** એક યક્ષ.

**શ્વેતવરાહ.** હિરણ્યાક્ષ દૈત્યને મારવા સારુ વિષ્ણુએ ધરેલું રુપ. એ ધોળા વરાહ રુપે પ્રકટ થયા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

P. P. Ac. Gunratnasuri M.S.

Jin Gun Aaradhak Trust